આપણાં પાપે

લેખક

રાવત ખુમાણુ

કિંમત રૂા. ૩-૮-૦

પ્રકાશક :
રાવતભાઈ દેસાભાઈ ખુમાણ
Po. પાડરશીંગા, દામનગર થઈ

આવૃત્તિ પહેલી : જુલાઈ ૧૯૪૪

મુદ્રક :
નાથાલાલ મ. શાહ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર.

સપ્રેમ અર્પણ

મારા સ્વર્ગસ્થ બાપુ

દેસાભાઇને

પ્રવેશક

આ પુસ્તકનો આખો પ્રવાહ એવી રીતે વળે જાય છે કે તેને આપેલું નામ "આપણાં પાપે" તેના હાર્દમાં છુપાયેલું દર્દ સુગમ રીતે આપી રહે છે.

શહેરના ફુટપાથ ઉપર એકાદ ગુણિયા ભેર પડી રહેતા અસંખ્ય અસહાયો કે ભીખારીઓ, કે ગામડાંની પ્રજાનો પંચોતેર ટકા ભાગ જ્યારે લગભગ ભૂખ્યા કે અર્ધ ભૂખ્યા જેવી સ્થિતિમાં કાળ વીતાવતો હોય.

ત્યારે એ શહેરના શેઠીઆ–શાહુકારોને ત્રણ રૂપિયાની સાડી ઉપર કે આપણા રાજા મહારાજાઓ પોણાત્રણ રૂપિયાના ત્રણુસો છાતેરના માર્કાના મલમલના સાફા ઉપર રંગ છપામણના એંશી એંશી ને સવાસો સવાસો રૂપિયા મુંબઈ–અમદાવાદની બજારોમાં આપતા આપણે જોઈએ છીએ, તે વખતે પારકા પૈસે કે જનતાના પસીનાથી ને લોહીના ટીપાથી પેદા થએલી મૂડીને ઝડપી બેઠેલા આ બધા કેટલું ભયંકર પાપ કરે છે ? ને આ બધા આપણા જ માયલા નહીં તો બીજા કોણ ?

એક આપણો જ ભાઈ આપણા બીજા અસંખ્ય ભાઈઓની મુશ્કેલીનો બરોબર ઉપયોગ કરી લઈ તેમની પાસેથી દોઢા–બમણા, અઢીગણા વ્યાજ પડાવે, વ્યાજના વ્યાજ ચડાવે, ચક્રવૃદ્ધિ ને તેના ચક્રવૃદ્ધિ આંકડા ચડાવે, ધીરનાર ધણીને દેવાદાર મુદ્દલ ને વ્યાજ સુધાં પૈસા ભરી જાય છતાં વ્યાજે ધીરનાર ખાતામાં જમા જ

ન કરે, દિવસો જતાં નાણાં આવી ગયાં હોય છતાં ચોપડામાં ખાતું તો જમા કર્યું ન હોય એટલે ચોપડો લઈ કોર્ટમાં જાય, પેલા ઉપર હુકમનામું મેળવી લાવે, ને પછી ઘરનાં ગાભા વીંખાય, ઠામ ઠીંકરાની હરરાજી થાય ને દેવાદાર ધોયેલ મૂળા જેવો એકાકી અસહાય–અસમર્થ આંસુ સારતો ઊભો રહે એ કોના પાપે?

આપણા જ એક ભાંડું તરફથી એવા આપણા અસંખ્ય ભાઈઓ ઉપર આ ત્રાસ નથી થતો? એ આપણા જ પાપે કે બીજા કોઈના?

ગામડાંમાં પટેલીઆઓ–ચૌદશિયાઓની ટોળકીઓ ઊભી થાય. અમલદારી ઓથે ને દગેસગે તેઓ ગામડાંમાં ફાટયા ફરે. પોતાના કરી રાખેલા માણસોને હાથે ચોરીઓ કરાવે ને પછી બીજાઓ ઉપર તેનું આળ ચોટાડી પોલીસખાતાને તેડાવે. ફોજદાર ઊતારામાં આવે; આખું ગામ ગુનેગાર હોય તેમ ગામ ઉપર ધારણ ફરી વળે. ન કોઈ જોડે સાંતી, ન કોઈ બેસે વેપારે, જયાંસુધી સત્તાવાળાની હાજરી રહે ત્યાં સુધી બધા ઘરમાં ભરાઇ રહે.

ઘરની ત્રડોમાંથી મીટ માંડે, કાન સરવા કરી, પસાયતાઓ ગેંટે બોલાવી જવા કોના નામના સાદ પાડે છે તે ભયભરી દૃષ્ટિએ સાંભળી રહે. એકંદર આખા ગામનું વાતાવરણ એટલું તો ભયભિત બની રહે કે અસહાયતા–અકિંચનતા કે ફફડાટનો તાદૃસ્ય ખ્યાલ આવે. પોલીસ સત્તાવાળાના જવાના ખબરે છૂટકારાનો દમ ખેંચતા બહાર નીકળે, એક બીજાના કાનમાં ધુસપુસ ધુસપુસ કરે, ને આજે ઉતારામાં કોનો કોનો વારો પડી ગયો તેની વાતો દિવસો સુધી કર્યા કરે.

ફોજદારી મુલકી કે વહીવટી ખાતાના સાહેબોના મુકામો થાય, એક ઠેકાણેથી એક તો બીજે ઠેકાણેથી બીજી તો ત્રીજેથી વળી કાંઇક એવી ચીજો મેળવી પટેલીઆઓ સાહેબોને મિષ્ટાનો ખવરાવે

ને રીઝવે, ગામમાંથી લાગાઓ ઊઘરાવી આપે, જવા વખતે વેઠે ગાડાં કઢાવી આપે, ધારાધોરણુ પ્રમાણે વેઠના પૈસા આપવા તો દૂર રહ્યા પણ પાંચ–સાત કે દસ ગાઉ ખેડુત સાહેબને મુકી આવ્યા પછીએ, ખેડૂતનો બળદ ન પામે ખડ કે નીરણ ને ખેડુતને વેઠનું માઇલેજ તો મળેજ કયાંથી ? પણ સાહેબ ઘેરે પહોંચતાં જ તૈયાર જમવાના ભાણા ઉપર ત્રાપડ દેવા માંડે તો દુરના ગામડેથી સાહેબને તાણી લાવેલો ખેડૂત ગાંઠિયા ને ડુંગળીમાંથીએ જાય.

ગામડાંમાં આ ત્રાસની સામે થનારા બે પાંચ જણા નીકળે તો પેલા પટેલીઆઓ રાત્રે તેમની ગંજીઓ બળાવે, મોલાતો ગુડાવે, ઢોરને ઝેર અપાવે ને હરેક બદ રસ્તે તેનું નિકંદન કાઢવાના રસ્તા લે. આથી ગામડાંમાં પેલા ચૌદશીઆઓ સામે ચું કે ચાં કરનાર કોઈ રહે નહિ. એકંદર એકચક્રી રાજ્ય આખા ગામ ઉપર આ પાંચ સાત ખરાબ તત્વો ચલાવ્યા કરે.

આ પટેલીઆઓ કોણ ? ને તેમને હાથે સહન કરનારા કે ટૂંપાતા કોણ ? આપણાજ ભાઈઓ ત્યાં આપણાજ એવા બીજા ભાઇઓને હાથે નથી દંડાતા !

જરાક ઊંચા વાતાવરણમાં જઇએ તો જાહેર ફંડ–ફાળા કરનારા આપણા સેવકો કાંઈ બધા એ ફાળાને વેડરી નાખતા નથી પણ તેમાંથી કેટલાક તો અવશ્ય એવા હોય છે જેઓ જનતાને નામે ચરી ખાય છે. ફંડ–ફાળા કરી તેનો ગેરઉપયોગ કરે છે. હવે જનતાના ખ્યાલો એવા હોય છે કે એ ખ્યાલો મક્કમપણે બંધાઈ ગયા પછી તેને ભુંસ્યા ભૂંસી શકાતા નથી. એટલે ખરાબ રસ્તે કે રવેડે ચડી જનારા સેવકોના પાપે લોકો બીજા બધા જ સેવકો તરફ શંકાની નજરે જોતાં શીખી જાય છે. આ બને છે તે આપણા જ પાપે ને ?

સત્યાગ્રહો વખતે મને અનુભવે જાણવા મળ્યું છે ને ખાસ કરીને રાજકોટ રાજસ્થાની સત્યાગ્રહ વખતે ઘણા બધા સ્વયંસેવકોની પૂષ્કળ પ્રમાણમાં ગલતી માલૂમ પડેલી. ચોકીઓ ઉપર બેસારવામાં આવ્યા હોય ત્યાં નબળાઈનું પ્રદર્શન કરતા હોય તેમ, પાસે જ આંટા ફેરા મારતા પોલીસ પાસેથી, આવા સેવકો પોતાની તલપ છીપાવવા બીડીઓ માગતા મેં નજરો નજર જોયા છે.

કેટલાક તો રસોડાઓમાં પડયા પાથર્યા જ રહે. સત્યાગ્રહને ને તેમને કાંઈ લેવા દેવા જ ન હોય તેમ રોટલીઓનાં ભૂંગળાં ઉપર ભૂંગળાં ચડાવે. સવારમાં ચા નાસ્તા ઉડાવવામાં કે દૂર દૂર ગામડામાં દુઃખ સહન કરતા કે ટાઢ તડકો વેઠતા સેવકો માટે મોકલવાને એકાદ બરણી ઘી લાવ્યા હોય તેમાંથી નમૂનાને નામે ઘીના લોંદા ઉડાવતા હોય, તેવે વખતે ખ્યાલ આવે કે મહા પ્રયત્ને ઉભી કરેલી લડતો પડી ભાંગ્યાનાં ઘણાં કારણોમાં આવાં કારણો પણ હશે જ ને ?

મને બરોબર યાદ છે કે શરૂઆતના રાજકોટ સત્યાગ્રહે અને કાર્યકર્તાની કુશળતાએ સત્યાગ્રહ એટલો તો વ્યવસ્થિત અને ઉગ્ર સ્વરૂપે ચાલેલો કે તેનું સ્વરૂપ વીરાટ લાગે.

પણ લગભગ બધા આગેવાન કાર્યકરો જેલમાં ધકેલાઈ ગયા પછી આઝાદ ચોકમાં સભાઓ ભરાતી. એવી એક હું ન ભૂલતો હોઉં ત્યાંસુધી ત્રીશેક હજારની સભા જામી હતી. વીશેક લાઠીધારી પોલીસોનું ટોળું આવ્યું ને એક છેડેથી લાઠીમાર શરૂ થતાં ત્રીશે હજાર એક સામટા ઊઠી જ્યાં રસ્તો મળે ત્યાં માપવા મંડી ગયા. સામે જ એક હોટેલ હતી. તેમાં વધારેમાં વધારે સાઠથી એંશી માણસો સમાઈ શકે. લાઠી મારથી બચવા થયેલ ધસારો આગળ વધતાં તે હોટલમાં પાંચસોથી છસો માણસો ધુસી ગયાં.

હોટલ માલિકના કાચના પ્યાલા રકાબીના શોરૂમનું આખુંયે કબાટ ભાંગીને ભુક્કા થઈ ગયેલું.

આની સાથે સરખાવતાં ત્રીસ–એકત્રીસની લડત વખતે કોંગ્રેસ બીનકાયદેસર ઠરેલી તે છતાં તેનું વાર્ષિક અધિવેશન દિલ્હીમાં ભરવાનું નક્કી થયેલું. ચાંદની ચોકમાં પચાસ હજાર માણસો ગોઠવાઈ ગયાં હતાં. પ્રમુખપદને માટે આવતા માલવીઆજીને પકડયા, સરોજીની-દેવીની ધરપકડ થઈ પણ અમદાવાદવાળા મીલમાલિક શેઠ રણછોડ ભાઈના પ્રમુખપદે સભા તો ચાલુ રહી.

ચાંદની ચોકની ચારે બાજુની બજારોએથી બે હજાર પોલીસનું પાળું અને ઘોડેસ્વાર ધાડુ ઉપસી આવ્યું, ધડાધડ લાઠીઓ પડવા માંડી પણ તેટલી શાંતિ–તેટલી શિસ્ત ! ! કોઇકનાં માથાં ફુટયાં, કેટલાકના હાથ પગ ભાંગ્યા ને છતાં ન કોઇ ચસકયું. છાતીઓ પર લાઠીઓ પડતા થાકતા એટલે લોકો વાંસો ધરતા, માથું હોડમાં મૂકતા પણ માણસ ઊઠીને ઊભું તો ન થયું તે નજ થયું. પોલીસ મારી મારીને ધરાણી છતાં પંજાબીઓ માર ખાતા ન ધરાણા.

કહેવાનું એટલું જ કે આપણે ત્યાં લગભગ ઘણી વખત બને છે એવું કે, કરીએ છીએ તો જુજ પણ એની જાહેરાત એટલી વિશાળ પાયા ઉપર કરી નખાય છે–તેના બણગા ? એટલા ફુંકાય છે કે જ્યારે છેવટ તો પોલું નગારું નક્કર દાંડી પડતાં ફૂટી જાય છે તેમ આવડો મોટો જુવાળ જલદીથી તુટી જાય છે એવા હેવાલો દૂર દુરના લોકો જ્યારે સાંભળે છે ત્યારે તેમને નવાઈ લાગે છે કે બતાવવામાં તો આવતીતી ને વિરાટ શક્તિ ? પછી આ બધા વામણાં કાં નીકળ્યા ?

એટલે આપણી અશક્તિ હોવા છતાં આગળ વધતી આપણી

ખોટી આત્મપ્રતારણા કે અપૂર્ણતાજ આપણને પછડાટ નથી અનુભવાવતી ? એક નહિ પણ અનેક ક્ષેત્રમાં આપણા પાપે કેટલાક ઉત્પાત જગાવ્યા છે તે જુઓ.

શરૂઆતની માધ્યમિક ને પ્રાથમિક કેળવણી સુદૃઢ હતી. આજે પંચોતેર ટકા શિક્ષકો તો લગભગ આળસુ બની ગયા છે. વર્ષ ભરના નવ મહિના પગાર ખાતા હોય તેની કાંઈ જવાબદારી ન હોય તેમ ટાંગા ઉપર ટાંગા ચડાવીને કે નિશાળની પરશાળમાં એકઠા થઈ નકામી કુથલી કરવામાં વીતાવે છે. આથી વિદ્યાર્થીઓ સ્વાભાવિક છે કે અભ્યાસે નબળા રહે. બાકીના ત્રણ મહિના મહેનત કરે. પણ સતત ઉપવાસ પછીનો ભારે ખોરાક તો અપચો કરાવે ને? નવ મહિના મોઈ દાંડીઓ કુટતા કે શિક્ષકો માટે વાડીઓમાંથી શાક ઉઘરાવતા વિદ્યાર્થીઓને ત્રણજ મહિનામાં એક સામટો બાર મહિનાનો અભ્યાસ ઠસાવતા તેઓને બિચારાને અજંપોજ થઈ જાય ને?

પછી પરીક્ષા વખતે નવા નવા નુસકા ને અનેક પ્રકારની ચોરીઓ કરાવી આવા પંચોતેર ટકા શિક્ષકો વિદ્યાર્થીઓને પાસ કરવાના નિષ્ફળ પ્રયત્નો કરે છે. ઉપરાંત જો નોકરી ટકાવી રાખવા માટે દર વર્ષે પરિક્ષાઓનું ધોરણ સારા પાસ ટકા માગે છે, તેમાં ઊણપ રહે તો, શિક્ષકો પરિક્ષકોને રીઝવવાની કળામાં પાવરધા થઈ ગયા હોય છે, એટલે પરિણામ સારા ટકા મેળવતા તેમની મુશ્કેલી ટળે છે.

આથી બને તો એમ કે પહેલાંની પ્રાથમિક શાળાઓમાંથી પસાર થતા વિદ્યાર્થીઓ આગળ જતાં જે તેજસ્વીતા બતાવતા તે આજે રહ્યું નથી. પાયાનું ચણતરજ જ્યાં કાચું હોય ત્યાં માથા ભારે ઈમલો કરવા જતાં બધુંજ કડુડુ ભુસ કરતું હેઠે બેસે. આ બધું કોના પાપે ભલા ? આગળ વધો. રેલ્વેના ડબ્બાઓના પાયખાનાંઓને અપશબ્દોથી

 ૨૫૦૫૦

ચીતરી રાજી થનારા આપણા લોકો, આપણા જેવા બીજા ભાંડુઓને કેવી સંસ્કૃતિનું ભાન કરાવી રહ્યા છે? આળવીતરાઈની હદ છાંડતા હોય તેમ, આવે છે તો દેવ મંદિરે શાંતિ અનુભવવા કે દેવ મુર્તિને રીઝવવા, પણ સફેદ સ્ફટીક જેવા એ મંદિરોની દીવાલો ઉપર પોતાના મુક્ત વિચારોને ખરાબ સ્વરૂપ આપવા ખાતર દીવાલોની દીવાલો ચીતરી મારતા ધરાતા જ નથી.

શહેરમાં મ્યુનિસિપાલીટીઓ હોય, જ્યાં સુખાકારી જાળવવાને લોક તંદુરસ્તીના હરેક ઉપાયો લેવા સત્તાવાળાઓ સજાગ હોય, અહિંયા કોઈએ પેશાબ કરવો નહિ એવુ લખાણુ જાહેર સ્થળને ગંદુ બનતા અટકાવવા તેમણે પાટિયામાં લખાવી ઊભું કર્યું હોય, ત્યારે આપણે તો ટેવાએલા છીએ કે ત્યાં જ પેશાબ કરી જમીનને એટલી બધી ભીંજવી દઈએ કે તે સખત સુર્યના તાપમાં પણ સુકાય નહિ.

"અહીં કચરો ફેંકવો નહિ." તેવા જ સ્થળે કચરાના ઢગ કરનારા આપણા લોકો કેટલું હાસ્યાસ્પદ પગલું ભરે છે? એક પ્રજાકીય કે અર્ધ પ્રજાકીય સંસ્થા જન સુખાકારીને માટે રસ્તા લે તો ત્યાં જ કુછડો ફેરવનારા આપણા લોકો તૈયાર થાય એ કોના પાપે?

સામા ખરાબ તત્વોની ગેરરીતીઓનો સતત ચોકી પહેરો રાખનારા આપણે, પ્રજાકીય કે અર્ધ પ્રજાકીય સંસ્થાઓની, મ્યુની-સીપલ કે પ્રજા પ્રતિનિધિ સભાની ચૂંટણી વખતે કેવી ને કેટલી ગેરરીતીઓ ચલાવીએ છીએ? હરેક ઊમેદવારો સામસામા પોતે જીતવા પોતાનાં વખાણુ કરે, તો સામાને હરેક રીતે ઉતારી પાડવાના ધંધા ને ગલીચ આક્ષેપો કરે, ખોટાં મતપત્રકો ભરે, પોતાના જ બસો પાંચસો રૂપીઆ ખરચી સાચા ખોટા મતદારોનાં નામો નોંધે,

ઉંડેથી તાગ લેવામાં આવે તો ઘણીવાર ઘણા કિસ્સામાં મત આપનારાની યાદીમાં જે નામો નોંધાણાં હોય તેમાંના કેટલાકની હસ્તી જ દુનિયામાં ન હોય.

આમ છતાંય હારવા સુધી બાજી જતી દેખે તો હરીફ ઉમેદવારને વધુ મત પડયા હોઈ તે મતપેટીજ ગુમ કરવાનાં કાવત્રાં થાય. આમ એક બીજાને, બીજાથી ત્રીજો અને ત્રીજો ચોથાને ઠગવાની કળા સાધ્યા કરે અને એ બધી ગેરરીતીઓ ચાલવા દેનાર ને ચલાવનાર આપણે ને આપણા માયલા જ કે બીજા કોઈ?

વીમા ઉતરાવેલી વખારો કે માલ ભરેલાં ગોદામો એકદમ સળગી ઊઠે ત્યારે લોકો વાતે વળગ્યા હોય કે ભાઈ વખારનો માલ ધરધણીએ રાતોરાત નોકરો મારફત ધર ભેગો કરેલો ને પછી થોડાંક ડબલાં ડુબલી રહેવા દઈ માલિકે તાંડી મુકાવેલી. અલબત્ત કેટલાક કિસાઓમાં આમ બનતુંજ હશે ને વીમા કંપનીઓ પાસેથી ઉતરાવેલા વીમાના પૈસા મેળવી તેને ઠગવામાં આવતી હશે. પણ તેની ખરાબ અસર એટલી બધી પડે છે કે લગભગ એંશી ટકા આવા અકસ્માતોમાં કુનેહ વપરાણી હશે એમ લોકો અટકળ કરતા થઈ જાય છે. એક તો વેપારીઓની મથરાવટી મેલી છે. આ વર્ગનાં લગભગ પંચાસી ટકાએ અપ્રમાણિકતાને પોતાની કરી લીધી છે. તેના ઝેરીલા છાંટા બાકીના પંદર ટકાને ભોગવવા પડે છે, આને એક ભાઈના પાપે બીજો દંડાય એમ કહી શકાય.

પણ આખી કથાનો અતિ કરૂણામય ને દર્દ ભરેલો ભાગ તો દોલુભાના આપઘાતનો પ્રસંગ છે. કથાનો નાયક જાહેર ચળવળમાં આગેવાની ભરેલો ભાગ લે, અમલદારોની પ્રજા ઉપરની કઠણાઈ ઓને મીટાવવા પ્રયત્નો કરે તેની સામે અમલદારોની લાલ આંખ થઈ. તેને

દબાવવાને બદલે તેના કુટુંબના મોવડી દોલુભા જે વિભાગની સુબેદાર ઓફિસમાં મુખ્ય શિરસ્તેદાર હતા તેમની ઉપર દબાણ લાવી નાયકને ઠેકાણે લાવવાની સુબેદાર વેતરણ કર્યાજ કરે છે પણ દોલુભાના સ્વમાની સ્વભાવે એ કામમાં તેઓ સફળતા પામતા નથી.

આથી દરેક સરકારી કામમાં સુબેદાર દોલુભાને મૂંઝવણમાં મૂકે છે, વાત એટલી બધી આગળ વધી જાય છે કે જાજરમાન દોલુભાને લાગે છે કે સુબેદાર પોદાર ક્યારેકય કોઈ ગંભીર આક્ષેપ મૂકીને આબરૂના કાંકરા કરી નાખશે. કિન્નાખોરની મૂર્તિ સમાન અને આઠ આઠ વરસથી અમૃતવેલ વિભાગની પ્રજાને ધમરોળી નાખનાર ને ધાનધાન કરી દેનાર પોદારે દોલુભાને સપડાવ્યા. જતી આબરૂને બચાવવા દોલુભાએ જે કરુણ સંજોગોમાં આપઘાત કર્યો તેની સચ્ચાઈ તો વાચકોને વાર્તાનો ચાલુ પ્રવાહ કહી રહેશે.

દોલુભાનો આપઘાત એ તો આપણી કથાના નાયક રામને મન પોદારે દોલુભાનું કરેલું ખૂન હતું અને એ ખૂનની પ્યાસ તેને એટલી બધી વધી ગઈ કે પોદારને ભયંકર એવા હથિયારથી મારી તેની છાતી ઉપર ચડી બેસી ધરાય એટલું લોહી પીને ખૂનની પ્યાસ બુઝાવવાની હતી. પણ ખૂબ મનોમંથને ને ઊંડા વિચારે રામને સમજાયું: આખો સમાજ ઉપરથી તળિયા સુધી સડેલો છે, તેમજ આજની રાજવ્યવસ્થાનું. જ્યાં જુઓ ત્યાં પોદારજ ઊભા થયા છે. અત્યારની નીરંકુશ સત્તાઓ પોદાર નથી તો બીજું શું છે?

એક પોદારનો નાશ કર્યે આ બધાનો નાશ ક્યાં થવાનો હતો. ને નાશ થવાનો નથી જ તો એ પોદારને ખલાસ કર્યે શું વળવાનું હતું? આપણે ત્યાં અસંખ્ય પોદારો પડયા છે તેનું શું?

એક દોલુભાના બલીદાને આપણે માગીએ છીએ તે ક્યાં મળ-

વાનું હતું ? અસંખ્ય દોલુભાઓ વધેરાશે ત્યારે પોદારેય નહીં હોય, ને નહીં હોય આજની રાજવ્યવસ્થા.

એ ત્રણનાં માથાં ફુટ્યે કે પાંચદશ લાકડીઓ પડયે ફુલાઈ જનારા આપણે ભૂલીએ છીએ કે આજની રાજવ્યવસ્થા આપણાથી કયાંય રીઢી છે. એમ સત્તા છોડયે એને કયાં પાલવવાનું હતું ?

આપણા ખિસ્સામાંથી રૂપિયો ઝુટવનારને સામે આપણે લડીશું, જગડીશું, બળ નહીં હોય તો બાખોડીઆ ભરીશું પણ રૂપીઓ તો સાચવશું. કાં તો આપણને એ થકવીને લઈ જશે, ને કાં તો અસહાય કરીને.

ત્યારે આ તો પ્રબળ સત્તા છે. એવી સત્તાને રાજછોડી દેવું ગમે ખરું ? ન ગમે તો તેને સાચવવા તે દરેક રસ્તા લ્યે. કાળાયે કામા કરે ને ધોળાય કરે, આમ કરતાં પોતે પોતાને પ્રમાણિક ગણે. કારણ એ તો એની પાસે છે તે સાચવવાને કરે છે ને ?

ત્યારે આપણે એક હુંબેલો મારીએ છીએ ને પાછા પછડાટ ખાઇએ છીએ. પછડાટ ખાધા પછી દસ વરસ બેસી રહીએ છીએ. એમ કાંઇ સ્વરાજ આવતું હશે ?

હજારો ને લાખો કપાશે, સત્ય ને અહીંસાથી લડતાં માથાં ભંગાશે, શબના ઢગલા થશે ત્યારે એ મળશે. ત્યારે એકાદ બેનાં મરણે આપણી વાતોડીઆ પ્રવૃતિ વધી જાય છે, જુઓને ગાંધીએ તો ઘણા કઢાવી નાખ્યો. સ્વરાજ મળવાનું હોય ત્યારે મળે પણ જુઓ તો ખરા બચારો છગનભાઇ મરતાં તેમનું કુટુંબ રજળી પડયું.

અરે આવા અસંખ્ય છગનભાઇ મરશે ને લાખો કુંટુબ રઝળશે, ત્યારે ધાર્યું થશે. આપણે માગીએ છીએ તેની કિંમત ઓછી આંકીએ છીએ એજ તો દુઃખ છે ને ?

આ બધાના મૂળમાં આપણુંજ પાપ છે. આપણા અંદરો અંદરના ઝગડા, દાંતવડકીયાં ને નાની મોટી તકરારોજ આપણને નડે છે. સત્તા વાળાઓ તો જ્યાં ધારું ભાળે ત્યાંજ આંગળી મારે છે, આપણી પોલનો લાભ લે છે. નબળાઇ ખંખેર્યા સિવાય આપણે છુટકો નથી.

કુહાડો ગજવેલનો હોય, હુશિયાર લુહારે તેજદાર ધાર કાઢી કડક પાણી પાયું હોય છતાં તેમાં હાથો નાખવામાં ન આવે ત્યાં સુધી તે નકામો ને નિર્જીવ પડી રહેવાનો. પણ આપણામાંથીજ હાથા બને ને અમલદાર રૂપી કુહાડો કુદી પડે પછી આપણાજ બીજા ભાઇઓનો ભોગ લ્યે.

આપણા માથામાં જામેલો ખોડો ને પડેલા ટોલા, લીખો ને જુઓ તો આપણું જ લોહી ચુસે છે. એ લીખો ને જુઓ, ટોલા ને ખોડો તો આપણાજ માથાનો મેલ છે ને ?

આપણા મેલને આપણે જ્યાં સુધી ધોઇ ધફોઇ દૂર ન કરીએ ત્યાં સુધી તે આપણું લોહી ચુસવાનું તેમજ આપણી પ્રગતીને રૂંધતા આપણામાંથી જ ઊભા થએલા ખરાબ તત્વો ને બળો જેને મેં આ કથામાં આપણા પાપે તરીકે ઓળખાવ્યાં છે તેને સાફ નહીં કરીએ ત્યાં સુધીનાં આપણાં બધા જ પ્રયત્નો નકામા ને નિષ્ફળ જવાના.—

પાડરશીંગા
૨૦૦૦ની સાલ

રાવત ખુમાણ

અ નુ ક્ર મ

ખંડ પહેલો

થૂંકના સાંધા

પ્રકરણ પહેલું.

શરૂઆત

લગભગ બધા ખરાબ તત્વો તેની આસપાસ કુંડાળું વળ્યાં હતાં. શેરીઓમાં રમતા, રખડતા, ઝઘડતા કે આખડતા દરેક છોકરાઓમાં તે મોખરે જ હોય. તેનું નાનપણ જ કહાય એવા રંગોએ રંગાયલું હતું જે તેને ભવિષ્યના સર્વોચ્ચ નહિ તો સારા માણસ તરફ બહાર લાવવાને પૂરતું હતું.

તેના જન્મ વખતે રામના બાપુ, ગાવેક દૂર આવેલા તળાવે પાળ બંધાવતા હતા. અડસઠીઆ દુષ્કાળમાં ગરીબોને રાહત આપવા શ્રી સરકારે એ ખાતું ખોલેલું. રામના બાપુ, મજૂરોની દેખરેખ રાખતા, ત્યાં તેમને પૂત્ર જન્મના સમાચાર મળ્યા. સાથીદારોયે ચા-નાસ્તો માંગ્યા. નારૂભાને ત્યાં ચાળીશ વર્ષે પુત્ર જન્મની વધાઇમાં, ભાઈબંધોની આ માંગણી હતી.

મહાલના બધા ગામડાંમાં ત્યારે નારૂભા ડાહ્યા ગણાતા. તેમની સલાહે નાના-મોટા લગભગ બધાજ આવતા. આશ્વાસન મેળવતા. સુખ-દુઃખનો રસ્તો મેળવી લેતા. એવા નારૂભા ને પુત્ર જન્મે કાંઈ વધારે પડતું ન લાગ્યું. 'દુકાળિયા રોજનું પેટીયું પુરું કરવા માટે તનતોડ મહેનત કરતા હોય, સાંજ સુધીનું રળતર તેમને એકાદ

ટંકની ખોરાકી પૂરી પાડતું ન હોય, બાયડીઓ દૂધના બે પૈસા મેળવવા માટે, પોતાના હોય તે અને બીજાના બાળકોની જેની મા મજૂરીએ આવતી જ ન હોય છતાં તેમની પાસેથી, હાજરી નોંધાવવા વખતે હારમાં ઊભા રાખવા માંગી લાવતી હોય, એવા મુશ્કેલ સમયમાં ચા–નાસ્તા શા !' એવા નારૂભાના જવાબે સાથીદારોને સજ્જડ થપાટ પડી. મજા માણવાનો એકાદો અવસર ઊડી જતા તેઓ નીરાશ બનેલા.

ગામડાંમાં સદાય બનતું આવ્યું છે તેમ કશી ધમાલ, ધાંધલ કે નવું વાતાવરણ પેદા કર્યા વગર રામનો જન્મ દિવસ પસાર થઈ ગયો. હા, પટેલની ડાયરીમાં તેના જન્મની નોંધ લેવાણી તે વખતે પટેલ જરા કામમાં હતા, તેજ વખતે નોંધાવનારો જતાં તેઓ ઉશ્કેરાઈ ગયેલા, ન બોલવાના વેણ બોલી નાખેલાં. તેમનો આખો દીવસ બગડી ગયેલો તેમને લાગેલો. એટલા એકજ હલનચલન સિવાય ગામમાં કોઈના પેટના પાણી સુદ્ધાં હલેલાં નહિ.

બજારમાં રખડતાં શીખ્યો ત્યારે તો રામ તેના જેવડા કે એકાદ બે વર્ષ મોટાં છોકરાંની ટોળીયો જમાવતો. મીણા કુંડા રમવા, મોઇડાંડિયો કે ગેડીદડાની રમતમાં એ પાવરધો બન્યો. કયારેક મહેનતથી, કયારેક કુનેહથી કે કયારે મારપીટ કરીનેય હારેલી બાજી રામ જીતતો. રમત રમાતી વખતે વડીલોની હાજરીમાં કયારેકય સામો પક્ષ જીતી જતો ત્યારે રામને વસવસો રહી જતો.

વાળુટાણે બધા છોકરાં પાછા ફરતાં ત્યારે રાડ પડીજ હોય. હારેલો રામ જીતનાર ટોળીના એકાદ બે આગળ પડતા છોકરાઓને ઠોંસા લગાવતો જાય ને કહેતો જાય 'કયારેય આવી બાજી રમ્યા છો કે મને ભૂંડો લગાડયો છે તો તમારા ચામડાં ઊતરડી નાખીશ.' બધા તેની ઉમરના તેનાથી બીતા. પોતે જીતવા સુધી જતાં છતાં રામની ધાકે બીજા છોકરાં હારી જવાનો ડોળ કરતા !

ગામને પાદર જાનો આવી હોય ત્યારે છોકરાંના ટોળાં ભેગા કરી રામ ધૂળની ધાબળીઓ ઉડાડતો હોય. જાનૈયા, જાનડિયું કે વરરાજાના લૂગડાં બગાડયે જ છૂટકો. એવો આ ટોળકીનો નીયમ થઈ પડેલો.

ઘોડેસ્વારી કરવામાં કુંભારના ગધેડાં હાથ કરવાં, વારા ફરતી તેમના ઉપર ચડવું, ઊતરવું, કયારેક એકાદને તેમના ઉપર ચડાવી ગામમાં ફેરવવો. 'ફૂલેકું આવ્યું છે વધાવો' એવા પોકાર પાડતા જવા એ આ નાનકડી ટોળીનો ધંધો થઈ પડતો.

મોસમે ખેતરોમાંથી ચીભડાં ચોરી લાવી સાથે બેસી જ્યાફત ઉડાવવી, ગામડાંને લગતાં જ ખેતરોમાંથી કપાસ ચોરી છૂપીથી લાવી ખજૂર ખાવો, શેત્રુંજી કે ગાગડિયાનાં તળિયાં ચીભડાં લઈને વેચવા આવનાર કોળી-વાઘરીના સૂંડાઓ ઉપર ભર બજારે ત્રાપડ મારી ઉપાડી જવાં, એ તો રામને સહજ વાત બની ગઈ હતી

ગાયકવાડી ગામોમાં ફરજિયાત કેળવણી અપાતી. છોકરા-છોકરીને સાત વર્ષે નિશાળમાં દાખલ કરવા પડતાં પણ ત્યારે આ નિયમ કાંઈ જળવાતો નહિં. ખાસ કરીને કાંટિયા વરણના છોકરાઓની બાબતમાં તો નહિં જ. એટલે દસ વર્ષે રામને નીશાળે બેસાડવામાં આવેલો.

બાળપોથી અને પહેલા ધોરણનો એક જ માસ્તર. બપોરના નીરસ સમયે પછીતે પડેલી ખુરશીને સલામત બાજુએ વધારે નમાવી, ટાંગા ટેબલ ઉપર ત્રીકોણકારે ગોઠવી તેઓ ઘોરતા ત્યારે છોકરાઓ ખાધેલા બોરનાં ઠળિયાનું નીશાન તેમને બનાવતા, સફાળા જાગી ઊઠેલા માસ્તર આ કૃત્ય રામનું જ હોય એમ ધારી તેને ધમકાવતા, મારતા તો કયારેક કાઢી મૂકતા.

ભણવામાં રામ હુશિયાર હતો. કેટલીક વખત એવું બને છે કે

તોફાની છોકરાઓ આગળ જતા નામ કાઢે છે. તેમનામાં રહેલી શક્તિ વળાય નહિ ત્યાં સુધી તો માર્ગ માગતી જ હોય છે.

સારે રસ્તે ન વળાય તો ખરાબ રસ્તે તો તે ખીલી જ ઊઠે છે. મોઢે લાળ, લીંટ કે શેડાવાળું બાળક માયકાંગલું જ બને. કુદરતી ઘૂઘવાટ, ધમપછાડા કે ઊથલપાથલ કરી નાખનારાં બાળકો તો તેની શક્તિનું ભાન કરાવે છે. નાની ઉમરે એકાદ જ ઘોડિયું તોડનારના કરતાં ખોળો ખૂંદી પાંચ–સાત ઘોડિયાને ફાડનારા વય વધ્યે શક્તિશાળી જ નીવડે.

ત્રીજા ધોરણના તેમના માસ્તર ચાના શોખીન. નિશાળે આવવામાં તેમને કોઇ નિયમ જ નહિ. વખત બે વખત ચાલ્યા આવે. મોટા માસ્તર તેમની આ ગલતી ચલાવ્યે જ રાખતા. કયારેક ફેંટો ટેબલ ઉપર પડયો હોય અને ભાઈ બાજુના ગાવેક દૂરના કસ્બે હોટેલમાં મળતો તૈયાર ચા પીવા ઊપડી ગયા હોય. મુખ્ય માસ્તરને લાગે કે ફેંટો અને ચંપલ તો મૂળ જગ્યાએ જ પડયાં છે, એટલે ભાઈ સાહેબ લઘુશંકાયે ગયા હશે. વાટ જોયાની અવધી પછી છોકરાની છૂટી વખતે ય ધોરણ માસ્તર ન આવ્યા હોય. ફેંટો વગેરે છોકરાઓ સાથે ઘરે પહોંચતા કરવા પડે.

ત્રીજા ધોરણમાં રામ પ્રથમ નંબરે આવ્યો. પરીક્ષા વખતે માસ્તર સાહેબોની કુનેહ કળાઈ આવતી. વર્ષભર ભેગા બેસી તડાકા માર્યા હોય એટલે પરિણામ વખતે આ બધા સજાગ બની જતા. નિશાળિયાઓને પહેલેથી જ શીખવાડી રાખે. પરિક્ષક સાહેબ દાખલો લખાવી રહે કે અમારી સામે જુઓ–ત્રણ આંગળી ઊંચી કરીએ તો સમજજો કે ત્રીરાશી, બે કરીએ તો બાદબાકી, એક આંગળી ઊંચી ભાળો તો સરવાળો સમજી ગણવા મંડી પડજો.

સમસ્યા યે સમજી જતા છોકરાઓ તાબડતોબ દાખલા ગણી

કાઢતા. લેખાં વખતે પરીક્ષકને એવા સ્થળે બેસાડી દે કે તેની પાછળ પડતાં ખૂણામાં આબાદ રીતે પાટિયું ગોઠવી દેવામાં આવે. પરીક્ષકને ગંધ ન આવે તેવી રીતે પાટિયાં ઉપર લેખાંનો ઉતર મોટા અક્ષરથી લખી નાખવામાં આવે. પહેલાંથીજ પઢાવી રાખ્યા હોય તેમ બધા છોકરા, આંખો મટમટાવે, હોઠ ફફડાવે, લેખું મોઢે ગણવાનો ડોળા કરે ને પછી પાટિયામાં જોઈ આંકડો લખી નાખે.

પરિણામ જોઈ ખુશ થતો પરીક્ષક થોડી ઘણી નારાજી માસ્તરોનું આગતા સ્વાગતાનું ધોરણ ઊંચું જોઈ ભૂલી જતો. સારા માર્ક અને સારો રીમાર્ક મૂકી એનું એજ પૂનરાવર્તન કરવા બીજે ગામ જાય.

છઠ્ઠા ધોરણ સુધી જતાં જતાં તો રામની આબરૂ એક હુશિયાર વિદ્યાર્થી તરીકે આખા ગામમાં બંધાઈ ગઈ. દાખલા, વાંચન, ઇતીહાસ કે ભૂગોળનું તેનું જ્ઞાન ઉમરના પ્રમાણમાં વધારે ખીલી નીકળેલું. તેના હાજર જવાબે અને અભ્યાસ તરફ ઢળવાની લઢણે શીક્ષકો તેના તરફ મમતા રાખતા.

છઠ્ઠા ધોરણના શિક્ષક બહારગામના હતા. મારવાનો તેમને વિશેષ શોખ. ઠોઠ અને નિશાળે આવતા અનિયમીત વિદ્યાર્થીઓ મુખ્ય શીક્ષકની રીસના ભોગ બનતા, પાટીનાં જલોયાંથી મારવાની શરૂઆત કરતા ન ધરાતા તે ધારદાર પાટીથીયે ટીપવા માંડતા. ટેબલ ઉપર મૂઠી વળાવી મૂકે અને ઉપર ઉપસી આવેલા ઢાંસા ઉપર આંકણીઓ મારે. મોટા મેજ ઉપર ઊભા રાખી છોકરાને એકધ્યાન રહેવાનું કહી પાછળથી સમૂળગું ટેબલજ ગબડાવી પાડી મોભર પાડી દેવાનો અખતરો, એતો તેમના મારવાની કળાને ખીલવનાર ઘણા પ્રકાર માહેલા જૂજ જ કહી શકાય.

નિશાળિયાઓ પાસે છાણાં ઊઘરાવવા, હટાણાના ગામેથી જોઈતી ચીજ વસ્તુઓ મંગાવવામાં તેમનો ઉપયોગ કરવો, ઘર આંગણે

વાશીદું વળાવવું કે પાણી ભરાવવું, પોતાના–પત્નીના કે બાળકોના લુગડાં ધોવરાવવાં, વાઘરી પાસેથી દાતણ લેતા તેને રોટલો કે દાણા આપવા પડે તેથી બબ્બે છોકરાના વારા કાઢી દાંતણ મંગાવી લેવા–ખેડુતના પોરીઆઓ પાસેથી મોસમી ઓળા શીંગ, શેરડી કે શાક મંગાવી લેવાના તેઓ રસીઆ હતા.

આ બધા કામો જ્યારે જ્યારે રામને ભાગે આવતા ત્યારે તેનો જૂનો તોફાની સ્વભાવ દેખાઈ આવતો. દાતણ લેવા જવાના વારા વખતે પરબારા વાઘરીને ત્યાંથીજ દાતણ લાવી, તે વાઘરી વાડેથી લવાણા છે એમ માસ્તર જાણે નહિં તેથી દાતરડીથી કાપેલા દાતણના શીંગા. પીંછાના આડા વાઢ કાપને રામ સુડીથી બન્ને બાજૂથી કાપી નાખતો. પાણી ભરવા જવા વખતે બે છોકરા ટીંગા ટોળી કરીને માટલું કૂવેથી માસ્તરના ઘર સુધી લાવે. રામ સીફતથી તળિયે કાણું પાડી દેતો. આવતા સુધીમાં ભરેલું બધું પાણી ખલાસ થઈ જતું. નવું માટલું કુંભારને ઘરેથી લાવતા વખત જતો. તે દરમિયાન રામનો વારો ખલાસ થઈ જતો.

લુગડા ધોવામાંયે ટીખળ કરતો. ધોતી વખતે અનિયમિત ધોકા મારવા કે પછીથી ચાકુનો ઉપયોગ કરી લૂગડાંને એવાતો કેકાણે વાઢ દેતો કે માસ્તર કે તેના ઘરના ફરીથી તે પહેરીજ શકે નહિ. લાંબે ટાઈમે લગભગ બધા છોકરાને તેણે પોતાના રસ્તે દોરેલા. એમાં ઘણી વખત તેને માસ્તરના ગડદા પાટુ ખાવા પડેલાં.

માસ્તરને શિયાળામાં પાકો ખાવાનો મહાવરો પડી ગયેલો. હટાણા વાળા શહેરમાં સુખડિયાને ઘરે મગજ અડદીઓ કે પેંડા વળાવવા તેઓ વિદ્યાર્થીને મોકલતા. સુખડીયો મોકલતી વખતે બધા નંગ પેક કરીનેજ મોકલે. નંગની વિગતવાર ચિઠ્ઠી લખે–એવી શીખામણ તેઓ સુખડીઆને આપતા. રામ શીખવ્યા વિદ્યાર્થીઓ વચ્ચેથી

જવા આવવાના મહેનતાણા તરીકે નાસ્તો ઉડાવતા. વધેલા નંગ માસ્તરની પત્નીને સોંપી ચિઠ્ઠી માસ્તરને આપતા.

નીશાળેથી ઘરે જતાં નંગ ગણાતા તે તૂટેલા માલૂમ પડતાં. માસ્તર પત્નીને ધમકાવતા. તેમને ઘણી વખત પત્ની ઉપર શક પડવાનું કારણુ ઊભું થયેલું. માસ્તર ઘર વહેવારમાં લોભી હતાં. દરેક બાબતમાં કર-કસર કરતા. પાઇએ પાઈનો હિસાબ ચીવટથી રાખતા. વધેલી ખાધાની ચીજને પોતાની નજર સામે જ ગણ્યા પછી નિશાળે જતા.

એક વખત ભજીયાં કરેલાં. ખાતા વધેલાં તે ગણી કરી મૂકી છાંડી માસ્તર બહાર ગયા. ઉપલા કારણોથી સદાય ખાવાની બાબ-તમાં તાણ ભોગવતા કે અસંતુષ્ટ રહેલા માસ્તર-પત્ની યે બે પાંચ ભજીયાં પોતે ખાધાં, બાકીનામાંથી થોડાક છોકરાને ખવરાવ્યાં.

સાંજે માસ્તરે ભજીયાનો સરવાળો મેળવતા મેળ મળ્યો નહિ. સ્ત્રીને ધમકાવતા મારની બીકે તે માની ગઈ. એટલે આવા દરેક તોટા વખતે પછીથી માસ્તરને પત્નીના ઉપર જ વહેમ જતો. ઘણી વખત તેમને તે મારતા. એક વખત તો સાણસીથી રમહો લેવા માંડેલા. રામ અને એકાદ બે બીજા વિદ્યાર્થીઓના પ્રયત્ને માસ્તર અટકેલા. પણ તે દિવસે ફળીમાં આખું ગામ ભેગું થયેલું. દિવસો સુધી પછી માસ્તર બહાર મોઢું બતાવી શકેલા નહિ.

પ્રકરણ બીજું

બાપુનું મૃત્યુ

રામના બાપુ નારૂભા સ્વભાવે જરા કડક હતા. શરૂઆતના કૌટુંબીક ઝઘડા યે કદાચ આ સ્વભાવ તેમણે કેળવેલો. ગરાસીઆ વર્ગના કેટલાંક વારસા ગુણો તેમનામાં ઊતરી આવેલા તેથી પણ તેઓ વધારે સખત રહેતા.

નારૂભાના બાપુ બે વખત પરણેલા. પહેલી પત્નીથી નારૂભા અને દોલુભા અને બીજીથી ચાર દીકરા તેમને થયેલા. નારૂભા દોલુભાના બા ગુજરી ગયે તેમના તરફ બાપુ ઉદાસીનતા સેવતા શીખેલા.

નવી વહુ, ઓરમાન ભાઈઓ અને આજુબાજુનાની શીખવણીયે તેમણે નારૂ, દોલુને તેમને ભાગ આવતી અઢાર વીઘા જમીન આપી છૂટા કર્યા. ઘર ખાનગી મિલ્કત આપવાનો તેમણે પ્રયત્ન સુદ્ધાં કર્યો નહિ. નારૂભા દોલુભાયે તે માગ્યો નહિ.

ખુબ કચવાટને અન્તે છૂટા થયેલા આ બન્ને ભાઇઓ પ્રાથમિક કેળવણીમાં છઠ્ઠા ધોરણ સુધી ગયેલા. નારૂભાએ વટાંદર સરકારમાં માસ્તર ગીરી સ્વીકારી, દોલુભા તલાટી થયા.

કરકસરીઆ વહેવારમાં થોડું ઘણું બચાવી બન્ને ભાઈ પરણ્યા. વધારે રહ્યું તેમાંથી સરકારી ફારમી જમીન ખરીદવા માંડયા. દસ વર-

સની કુનેહે, લીધેલી જમીનમાં સારી મહેનત કરવાથી ઊત્પન્ન વધુ લઈ શકતા, તેથી સો વીઘા ફારમી-વેચાણુ હક્કની જમીન લઇ લીધી.

નારૂભા માસ્તરગીરી છોડી ઘર ખેડમાં પડયા. દોલુભા તલાટીમાં કાયમ રહી સરકાર–દરબારી વગે મુશ્કેલ પ્રસંગો વટાવી કુટુંબની સદ્ધરતા વધારતા ગયા.

નારૂભાની આવડતે તેમની ખેતી ઉત્તરોત્તર સુધરતી ગઈ. એ એટલી બધી વખાણુતી કે ગામતળના અને આજુબાજુના ખેડૂતો તે ખેતીના અખતરા જોવા આવતા. ત્રણ ખેતરોમાં કૂવા ગળાવી વાડ કરાવી વાર્ષિક સારૂં ઉત્પન નારૂભા લેતા. પંચોતેરથી માંડી છયાસી સુધીના બાર વરસમાં તેમણે બધી જમીન વાડ વાયા કરી નાખી.

પછી તો સારું એવું ભંડોળ થવા માંડયું. વ્યાજ વટાવને ધંધે નારૂભા વળગ્યા. દીકરા—દીકરીના લગ્ન કરવા, આણા પરિયાણુામાં, બહેનો–દીકરીઓને કરિયાવર કરવામાં કે મોળું વરસ ઉતારવામાં લોકો સવાયા દોઢા વ્યાજે નારુભા પાસેથી નાણુા લેતા.

આ ધીકતો ધંધો એટલો બધો ચાલ્યો કે તળપદ ગામમાં એકાદ બે ખેડૂતો સિવાય દરેકનાં ખાતા નારુભાના ચોપડે પડયાં. આજુબાજુના લોકોમાં પણુ આ ધંધો પ્રસર્યો

જુવાન રામ ત્યારે છઠ્ઠા ધોરણુમાં અભ્યાસ કરતો. દેઢ-ભંગી ભાંગ્યા તૂટયા ઘરેણુા લાવી, મૂકી જઇ પૈસા લઇ જતા તે, તે જોતો. મુદત પૂરી થયે બાપુને પૈસા આપવા આવનાર માણુસ ઓછું વ્યાજ લેવા માટે કરગરતા તે તેના ખ્યાલ બહાર ન હતું. અડાણુમાં ઘરેણાં કે જમીન માંડી આપનારનાં વ્યાજેય સવાયા–દોઢાં બાપુ લેતા તે જોઈ કમકમાટ અનુભવતો.

બાપુ આગળ–'તમે ઓછું વ્યાજ લ્યો, કુદરતનો તો જરા ડર રાખો, આ પાપનો ધંધો બંધ કરો' એવું એવું કહી નાખવાનું તેને મન થતું. પણ નારૂભાનો કડક સ્વભાવ, દેખીતી જ રૂઆબદાર મૂખાકૃતી આ ઊછરતા જુવાનને ડારતી. મૂખ સુધી આવેલું વહેણ તેને આ કારણે ગળી જવું પડતું.

ભીમલો ભંગી, મેપા ભરવાડ, રૈયો પટેલ ને કાળુભા ગીરાસિયાના ખાતાની મુદત પૂરી થતી હતી. ઉઘરાણી ઉપર ઉઘરાણી ચાલુ હતી છતાં તેઓ એક યા બીજા બહાને દિવસો ઠેલતા જતા.

એક દિવસ તેમને ચારેયને નારૂભાએ બોલાવ્યા. બપોરનો વખત હતો. પૈસા ભરી દેવા સમજાવ્યા. કોઈ રીતે આ લોકો પૈસા નહિ કાઢે એમ લાગતા નારૂભા, કોઈને ગડદે તો કોઈને પાટવે તો કોઈને સોટીએ તો છેલ્લાને ગાળો દઈને ધમકાવવા માંડયા. અણીને વખતે આ છેલ્લી વિધિ કરી છૂટવાનું નારૂભા ચૂકતા નહિ.

ગામની નિશાળની બે વાગ્યાની છૂટીએ ઘરે આવી રામ રોટલી ખાતો'તો. ભીમલા ઉપર પડતી પાટુથી એ રાડ પાડી ઊઠયો. સાંભળતા જ રોટલીનું બટકું રામના મોઢામાં ઠઠયું રહ્યું. દોડતોક રાંધણી બહાર આવતા ઉગ્ર સ્વરૂપે ઊભેલા બાપુને કાકલુદી કરતો ભીમલો એ આખો યે બનાવ નજર સામે દેખાયો. સદાય નિરાધારને પડખે પડતો, નિર્બળ છોકરાને ધમકાવતા સબળ છોકરાને ઊધડો લઈ લેનારો રામ, બાપુ આગળ જરાય બોલી શકયો નહિ.

પણ પછી આ બધું પત્યેય તેના મોઢા ઉપર છવાયલી શ્યામતા ભૂંસાણી નહિં. લાંબા વિચાર દોર તેની ઉમ્મર પ્રમાણેના તેને આવતાજ રહ્યા. માના આગ્રહ છતાં રાત્રે તે કોણ જાણે શાથી વાળુ કરી શકયો નહિ. રાત્રે સૂતા સ્વપ્નામાંય તેને પેલી અસહાય મૂર્તિની કાકલુદી, બાપુનો વિકાળ ચહેરો, વ્યાજખોરીનું વાતાવરણ નજરે ચડયાં.

વહેલી સવારેય ખાધા–પીધા વગર પરભારો એ નિશાળે પહોંચ્યો. રામની ઉદાસીનતાંની વાત નારૂભા સુધી પહોંચી. સદાય બહાર બેઠકે ખાણું મંગાવનાર, ચાના બધા સાધનો દોઢીયેજ રાખનાર કે ન છૂટકે જ ઘરની અંદર આવી પૂછપરછ કરનાર નારૂભાને આજે સૌ પહેલા રામ તરફ ઉમળકો આવ્યો.

છોકરાંઓને રમાડનાર કે ઘોડિયાની દોરી તાણનાર કે વધારે પડતી કુટુંબીક છૂટછાટ લેનાર, આ વર્ગમાં ટીકાને પાત્ર બને છે. એ બધી ટીકાનો ભોગ બનતા અટકવાનો બધો પ્રયત્ન નારૂભા કરતા. એટલે સ્ત્રીની કે બાળકોની જોઈએ તેવી સંભાળ તેઓ લઈ શકતા નહિ. ઉપરાંત ખેતીવાડી, ને વ્યાજવટાવના ધંધાએ મોકળાશ કે નવરાશ પણ જૂજ મેળવી શકતા.

રામ ભા ! બાપુ કેમ ત્રણ દિવસથી આમ અણોહરો થઈ ગયો છે ? અમારા કામકાજ, અમારું વર્તન ને અમારું બધું તો અમે ચલાવ્યે જવાના. તેમાં શા માટે તારે માથું મારવું જોઈએ ?'

'પણ બાપુ......' લગભગ ગળા સુધી આવેલી વાત બાપુની હાજરીમાં, મનોમન રામ કહી શકયો નહિ. કયારેય એક બાજોઠે બાપુ જોડે બેસી અત્યાર સુધી તે જમ્યો નો'તો. (આ વર્ગમાં એકજ બાજોઠે સાથે બેસી જમવાનો રિવાજ છે) કયારે ય છૂટથી તે બાપુ સામે બોલેલો નહિ. આજનો પ્રસંગ તેને મૂંઝવતો. પણ બાપુની કોણ જાણે પણ કેમ આજની નરમ વલણે એ તેને અણગમતું, સદાય કોરી ખાતું, ન સમજાય એવી મૂંઝવણ અનુભવાવતું કહેવાને પ્રેરાયો.

'બાપુ ! અમને શીક્ષણ મળ્યું છે કે વ્યાજનો ધંધો કરાય નહિ. કરાય તો વધારે વ્યાજ લેવાય નહિ. ત્યારે તમે તો ઊભા ગળાં કરો છો તેનું શું ?

'રામભા ! એ બધું તું ન સમજે. આપણી જાહોજલાલી, આ

ઊજળા લૂગડાં પહેરીએ, લગભગ મધ્યમ સ્થિતિએ હતા, તેમાંથી આ જમીન, આ મિલકતના માલિક થયા, એ બધું આ વ્યાજના પરતાપેજ બેટા !

કોઈ દીવસ નહિ ને આજે આટલી કુણપ બાપુમાં દેખી રામ વધારે કહેવાને પ્રેરાયોઃ 'પણ બાપુ, બીજો કોઈ ઉત્તમ રસ્તો કમાણીનો નથી તે આ કરવું પડે છે? આપણે ઘરખેડ કરી છે તો તેને સુધારવાના પ્રયત્નો કાં ન કરવા? લોઢાના હળ વસાવીએ, ખાતર વધારે વેચાતું લઈએ, વાડીયે કોસને બદલે પમ્પ વસાવીએ. ને એમ પુષ્કળ ઉત્પન્ન ન કમાઈ શકીએ?

'રામભા ! ભાઈ કાંત્રોડીના રૂગનાથ શેઠ જો. બમણું વ્યાજ પહેલેથીજ માંડી નાણાં ધીરે, ધ્રુફણીઆના રામ પટેલનું વ્યાજ ગણવાની રીત જ અનેરી, ચક્રવૃદ્ધી અને એતું ચક્રવૃદ્ધી ગણે. બામણબોરના પેલા વીરચંદ શેઠની વાત જ જુદી. સો રૂપિયા ધીરે, વ્યાજ દોઢું ગણી વ્યાજના રૂપિયા પહેલેથી જ મરડી લ્યે. સોમાંથી પચાસ મરડતા પચાસ રહે ને ખાતું તો મુદલના સો ને વ્યાજના પચાસ મળી દોઢસોનું પાડી સહી લ્યે. ઉમરડાવાળા નરભેશંકર થાલમાં મૂકેલા ઘરેણાં જ ગળી જાય, કે શરતી દસ્તાવેજને કાયમી વેચાણ દસ્તાવેજમાં ખપાવી પૈસાયે પડાવે અને ખાતું ય ઊભું રાખે. કોર્ટે દાવો લઈ જઈ હુકમનામું કરાવે, લબાચા વીંખાવે, આ બધાથી મારું સવાયું ને સીધું સટ વ્યાજ શે ભૂંડુ બેટા !'

આજુબાજુના ગામડા ને પ્રદેશમાં જે રાક્ષસી વ્યાજ લેવાતા દેવાતા તેનાથી રામ અજાણ હતો. બીજાના દરજ્જે નારૂભા ઓછું વ્યાજ લઈ રૂપિયા આપે છે એવું ય તે ક્યારેક અપરોક્ષ રીતે સાંભળતો. બાપુની આ બધી વ્યાજની રીતો જાણી તેને કમકમા આવ્યાં.

સત્તર વરસના રામની વાતો ત્યારે નારૂભાને ગળે ઊતરી જ નહિ.

તેમનું રગશિયું ગાડું તો ચાલતું તેમજ ચાલવા લાગ્યું. જમાનો પ્રગતી કર્યે જતો હતો. સાથે રામનું મગજ પણ એ બાજુમાં ધીમી પણ મક્કમ પ્રગતી કરતું.

તે દરમિયાન નારૂભાને સંગ્રહણીનો વ્યાધી ઉપડી આવ્યો. ગામના ને પરગામના વૈદ્યો આવતા, બજરના સપટા ચડાવતા જાય, ચાના પ્યાલાથી તે ભેંશોના દૂધ સુધીના વખાણ કરતા જાય, નાડ તપાસે ન તપાસે ત્યાં નારૂભાના નોકરને જણાવતા જાય. 'એલા બળતણ ઘરે નથી તો ભારો પોગાડજે. ભેંશને ચારો ખૂટયો છે તો નીરણનો ભારો નાખી આવ્ય.' ગરજના માર્યા, માંદગીને લીધે મારેલા સાપ જેમ પડી રહેતા નારૂભાને ઠંડે કલેજે આ બધું સાંભળી પચાવી લેવું પડતું.

કડવા ઉકાળા ને કંઇક ભસ્મો લેવા છતાંય સારું ન થતાં નારૂભાને દૂર દૂરના એક આયરીશ દવાખાને ખસેડયા. નાનાભાઈ દોલુભા અને પુત્ર રામભા સાથે હતા. જોઈતી ફી આપી દવાખાનામાં દાખલ થયાં. ત્યાં નર્સોની દોડાદોડ, મેતરોની રાડારાડ, ડોકટરોના પક્ષપાત, પૈસા આપનાર ને ચાંપનારને સારી દવા, સારી પથારી, ઊંઘવાના ને શાન્ત પામવાના ઉમદા સાધનો મળી રહેતા. રાત્રી સારવારમાં તેમને નિયમિત દવાઓ પીવા મળી રહેતી. જાતીય રોગોથી પીડાતા, નિદ્રાના અભાવે મુંઝાતા, ક્ષય, સંગ્રહણી કે ટાયફોડના ઝેરીલા દર્દોનો ભોગ બનેલા કેટલાય રાતે રાડો પાડતા, પાણી માંગતા કે ફરિયાદ કરતા તેનો કોઈ ભાવ પૂછતું નહિ.

આ બધું જોઈ દેખી રામનું કાળજું કપાતું. ચાલુ જમાનાની કે ચાલુ પ્રવૃત્તિની કોઈક જુદીજ માટીમાંથી જન્મેલા આ ઊછરતા જુવાનને આ બધું દુઃખ દેતું, તેનું મન ઘવાતું અને આ બધામાંથી કાંઈક ને કાંઈક બોધપાઠ તેને મળી રહેતો.

કાળજી ભરી સારવાર, પૈસાનું પુષ્કળ પાણી કે વગ લગાડવાની

એક પણ બાજીમાં પાછા ન પડનાર દોલુભાએ મોટા ભાઈને બચાવવા-બધી મહેનત કરી જોઈ. પણ દિવસે દિવસે ઘસાતું ને સુકાતું શરીર દેશમાં પહોંચાડવાનીય મુશ્કેલી પડશે એવા ડાકટર ઇશારે નારૂભાને પાછા ઘેર લાવવા પડયા.

વળી પાછા વૈદો દોડયા. ઉકાળા આવ્યા. પણ જીવનને ટુંકાતું જોઈ ગયેલા નારૂભાએ એ બધાની ના પાડી દીધી. ફક્ત સંગ્રહણીના દર્દે તેમને અવારનવાર જંગલ જવું પડતું. અશકતી ભારોભાર, તેમાં ય ઝાડે જવાની આ ઊઠ બેસથી કંટાળી કળશો કબજે કરવા નારૂભાએ અફિણનું બંધાણ કર્યું. બધા પ્રયત્નો છતાં યે ઝેરીલું દરદ હઠયું જ નહિ.

૧૯૮૭ની જેઠી અગિયારશે સાંજના પાંચ વાગે નારૂભા જીંદગીની છેલ્લી પળો વીતાવતા હતા ત્યારે રામ લધા મારાજને ઘેર રામાયણ સાંભળતો હતો. બાપુની સારવાર વખતે, દોલુભા કાકાની સતત હાજરીથી ને કાંઈક બાપુનામાં તેને પહેલાથી જ રસ હતો નહિ તેથી રામભા દર્દ–પથારીએથી લગભગ દૂર રહેતો. એક દોડતા આવતા છોકરાએ તાબડતોબ આવી ખબર આપી ત્યારે જ રામ ઘરે ગયો.

કાંઈક ગંભીર બનવાની આગાહી કરતા હોય તેમ ઘરના ને કુટુંબના નારૂભાની પથારીને વીંટાઇ બેઠાં હતા. લાવો ગંગાજળ, તુળશીનું પાન, ગાનું છાણ, એવા અવાજ વખતે જ રામ ત્યાં પહોંચ્યો. મરતા સુધીની સ્મૃતી નારૂભાને રહેલી. દોલુભા કાકા બોલતા હતા: 'મોટાભાઈ, રામને ભાગે આવતાં ખેતરોથી એક ખેતર વધારે આપવાનું તમારી હાજરીમાં વચન આપું છું.' નારૂભાનો લગભગ ઠરડાયલો અવાજ આવ્યો. 'દોલુ! અત્યાર સુધી મેં તને સાંચવ્યો તેમ રામને સાંચવજે ભાઇ!' ને છેલ્લું ડુસકું આવ્યું. બધે રોકકળ થઈ રહી. મરણ–પથારીએથી નારૂભાને ખસેડતા તેમના ઓસીકા નીચેથી એક ચબરખી મળી આવી.

નારૂભાને અવલમંજલ પહોંચાડયા પછી ઘરનું નાનકડું મંડળ ભવિષ્યનું બંધારણ કરવા ને ઘડવા ભેગું થયું. ત્યારે નારૂભાની પથારી-યેથી જડી આવેલી ચિઠ્ઠી વંચાણી.

'દાલુભા—આપણે કરતા તે વ્યાજનો ધંધો બંધ કરજે. મને પોતાને રામનું મુખ આડે આવે છે. એ છોકરાએ પહેલા એક વખત કરેલો આ બાબતનો ઇશારો વાહિયાત લાગેલો. મારી માંદગીએ, એ લાંબી યાતનાએ મને વિચાર કરતો કરી મૂકેલો. આ વ્યાજનો ધંધો મારે હાથે ભૂલેચૂકે થયો છે, તે તારે કે રામને હાથે ન થાય, એમ ઇચ્છું છું. કુટુંબની સંભાળ રાખવી. કોઈના દુઃખના ભાગીદાર ન થનારા આપણે હવે પછી એ વૃત્તી કેળવવી, રામભાને અભ્યાસ કરાવજે. સંપીને રહેજો.

'ભીમો, વાલીઓ, નરસી પટેલ ને પદમાના ખાતાં વગર લીધા પૈસે ભરપાઈ કરી દેજો. એમણે બચાડાએ ઘણું વ્યાજ આપ્યું છે. ઝંડુર પટેલની ખાતરોડ વાડી પાછી ન આપવાનો મારો લોભ તું જતો કરજે.'

બાપુના મૃત્યુએ આંસુડા ન પાડનારો રામ તેમની આ મરણ-ચિઠ્ઠીએ તે વાંચી-સાંભળીને પોકે પોકે રડયો. પોતાના બાપુની અંતીમ ઉદ્દાત ભાવનાઓ વાંચી-સંભારી તેનું હૈયું ભરાઈ આવ્યું. પોતે ઊભો કરેલો ભૂતકાળનો એક નાનકડો પ્રશ્ન—બાપુમાં આટલા મંથનો જગા-ડશે, આટલું પરિવર્તન લાવશે કે આ પરિણામ સુધી વાત જશે, તે બાપુની હાજરીમાં જ ન બન્યું તેનો રામને વસવસો રહી ગયો.

પ્રકરણ ત્રીજું

હાઈસ્કૂલમાં

નારૂભાના મૃત્યુ પ્રસંગનું વાતાવરણ ધીરે ધીરે ભૂલાતું જતું હતું. બંધિયાર તળાવના પાણી હલન-ચલન વગરનાં શાન્તપણે પડી રહ્યાં હોય, તેમાં એકાદ પથ્થર ફેંકતા એ બધા હાલી ઊઠે, લાંબા સમયની શાન્તિ ભોગવ્યા પછીના આ વીક્ષેપનો વિરોધ કરતા હોય તેમ કુંડાળે વળે, મોજાં વળી, ધકેલાઇ, કિનારે અથડાઈ ભાંગે, પછી પાછું ઘડીકની અશાન્તિ પછી એમનું એમ જ.

આવું જ કાંઇક કુટુંબીક મરણો વખતે થાય છે. માથે આવી પડેલું દુઃખ દિવસો જતાં વિસરાય છે, તે પછી એની એ ઘટમાળ ચાલતી જ હોય

પ્રાથમીક અભ્યાસ પૂરો કરી છઠ્ઠું ધોરણ પસાર કરી ચૂકેલા રામને ગાવેક દૂરના કસ્બાની એંગ્લો-વર્નાક્યુલર સ્કૂલમાં તેના કાકા દોલુભાભાઈ મૂકી આવેલા. ઘરની બીજી વ્યવસ્થા પતાવ્યા પછી તલાટીની તેમની નોકરીમાં હાજર થઈ ગયેલા.

ગામડું અને તેની જ પાસે આવેલા કસ્બામાં શાળાના છોકરાઓ સાથે ભળાઈ જવામાં એમને વિશેષ કાંઈ મુસ્કેલી ભોગવવી પડેલી

નહિ. ગામડાંનાં સંસ્કારોથી આ શહેર નહિ તેમ ગામડું ય કહી શકાય નહિ એવા કસ્બાના સંસ્કારો કાંઈ બહુ આગળ વધેલા નહિ.

ચાલતા અભ્યાસ વર્ગે ત્રણે ધોરણના માસ્તરો પડથારની ઓંસરીએ ભેગા થઈ ગપ્પા મારવા લાગી જતા. તેમાના બે તાજાજ પરણેલા હતા એટલે નવા ઘર સંસારની, રિસામણા–મનામણાની વાતો કરતા. એક પોતાની શારીરિક નબળાઈ બીતા બીતા જણાવતા. તેને પોષણ મળે એવી ભસ્મો દવાઓના નામ જાણી લેતા. પછી શકયતા અશકયતા ઉપર વાતો થતી.

નાનપણથીજ તોફાનીમાં ગણાતો રામ કાંઇ ઝાઝા ભાઇબંધો મેળવી શકયો નહિ. ઘણી બાબતોમાં અત્યાર સુધી તે અતડો રહેતો. તે તેને ગમતું ય ખરું. પણ અહીં બે વાગ્યાની કલાક છુટ્ટી ભાઈબંધ વિહોણા તેને પસાર કરવી મૂશ્કેલ થતી. એટલે ધીરેધીરે બીજા એક ગામથી રામની જ માફક અભ્યાસ કરવા આવેલા પૂરી મહારાજ સાથે તેને દોસ્તી બંધાઈ.

આમ કરતાં તો બીજી અંગ્રેજીની પરીક્ષા આવી. ગુજરાતીના પૂરક તરીકે, છોકરાઓ કાંઇક ધાર્મિક શીક્ષણ લઈ શકે તે કારણે પણ, રામાયણનો ટૂંકો અભ્યાસ કરાવાતો. ગુજરાતીના પ્રશ્ન પત્રમાં પરીક્ષા વખતે રામાયણમાંથી. 'અહલ્યા કોણ છે, તેના વિષે સંક્ષીપ્તમાં લખો' એવો ટુંકાક્ષરી પ્રશ્ન પુછવામાં આવેલો.

રામના કાકાનો મોટો દીકરો મનુ તેની સાથેજ અભ્યાસ કરતો. પેપરો લખાઈ રહ્યા પછી જ્યારે રામ બહાર આવ્યો ત્યારે ઝટઝટ પેપર પૂરા કરી, તે સારો લખી આવ્યાના તાનમાં મનુ પાસેજ આવેલી લાતીવાળાના બહાર પડી રહેલા લાકડાં ઉપર ડેકતો હતો.

રામ આવતાં જ તે બોલી ઊઠયો. 'મોટાભાઈ! આજના પેપ-

રમાં હું તો પાસ થવાનો જ. અહલ્યા કોણ છે? તે પ્રશ્નનાં તો દસેદસ માર્ક મળવાનાં' પછી તો તે બધુંજ વર્ણન કરવા મંડી ગયો.

તેણે તો એકને બદલે બીજું જ ભરડી મારેલું. અડવાના પરાક્રમવાળા પાઠમાં ફોઈનો ભત્રીજો રજા લઈ પોતાને ગામ જવા નીકળેલો. ફોઈ આપી શીખામણે દિવસ આથમ્યે રાત વાસો કરવા પટેલની વાડીના ખોડી બારાવાળા છીંડામાંજ તે બેસી રહેલો. રાત્રે ચોરી કરવા આવેલા ચોર નીકળતા તે બરાડી ઉઠેલો 'અલ્યા કુણ હે?'

તેજ શબ્દો પ્રાસાનુંપ્રાસ સાધી પરીક્ષકે ઉપલા પ્રશ્ન પત્રમાં મૂકી દીધા હશે સમજી મનુએ અડવાના પરાક્રમનો પાઠ અવલથી આખર સુધી લખી નાખ્યો. કેટલાક પાઠો એવા હોય છે જે ઠોઠ નિશાળીઆને મોઢે થઈ ગયા હોય છે. મનુ કાંઈક અભ્યાસમાં મોળો ખરો એટલે તેણે માનેલો મન માન્યો પ્રશ્ન ઉકેલવામાં તે અવળી પાટીએ ચડી ગયેલો.

પરીક્ષકે પ્રશ્ન પત્રો તપાસ્યા ત્યારે 'અહલ્યા કોણ છે?' તે ગૌતમ પત્ની શાપભ્રષ્ટ અહલ્યાને બદલે અડવાના પરાક્રમ વાળા 'અહલ્યા કુણ હે?' વાળા મનુના લંબાણુ જવાબો જોઈ, વાંચી પેટ પકડી હસેલા. માસ્તરોએ હુશિયાર વિદ્યાર્થીઓને બોલાવી ગમ્મત ઊડાવેલી. અવળે રસ્તે ચડી જનાર મનુને એકેય માર્ક મળવો જોઈએ નહિ તેના બદલે ઉદારચીત પરીક્ષકે દસમાંથી સાત માર્ક તેને આપેલા.

એંગ્લો-વર્નાકયુલર સ્કુલના હેડમાસ્તર અભ્યાસ કરાવ્યે જરા આળસુ હતા. પાન ખાવાના વિશેષ શોખીન. આખા દિવસમાં કયારેય તમે તેને પાન ખાધા વગર નવરા દેખી શકો જ નહિ. તે પાનને છોડતા નહિ કે પાન તેમને છોડતું નહિ તે હજુ સુધી કોઈ નક્કી કરી શકેલું નહિ.

તેના વર્ગના છોકરાઓને, તેઓ કંટાળતા એટલે ગીલીદંડાની કે હુતુતુની કે ક્રીકેટ રમવાના બહાના નીચે શાળાના કમ્પાઉન્ડમાં છૂટા કરતા. આગળના હેડમાસ્તરની કુનેહભરી રીતભાતે આખા કમ્પાઉન્ડમાં સુંદર ને સ્વચ્છ રીતે ઉગાડવામાં આવેલી મેંદીની સોટીઓ કાપી છોકરાઓ એકબીજાની સામે વીંઝતા. આમ લગભગ આખો દીવસ પસાર થતો. સફાઇથી કાપેલી ને ક્યારા બનાવેલી મેંદીની વાડ ઉજડ બનતી જતી.

કયારેક માસ્તર સાહેબ ગુસ્સામાં હોય. આખો દિવસ અભ્યાસ વર્ગો લઈ, વિદ્યાર્થીઓને થકવી નાખવાના આકરા શપથ લઈ બેઠા હોય ત્યારે કાયમ રમતના રવાડે ચડી ગયેલા છોકરાઓના ખિસ્સામાંથી નીકળી પાનનો ઢગલો માસ્તરના ટેબલ ઉપર ચડી જ બેઠો હોય. બધી રીસ ઊતરી જતાં ઉદાર બનેલા સાહેબ વળી છોકરાને રજા આપી દેતા.

આવા કારણે આખા વરસના અભ્યાસના અભાવે ભણતરમાં વિદ્યાર્થી નબળા રહેતા. પરીક્ષા વખતે ચોરી કરતા શીખતા. પોતાની નબળાઈ છુપાવવાને સારું પરિણામ લેવાની લાલચે હેડમાસ્તર પણ છોકરાના આ પગલામાં આંખ આડા કાન કરતા. વખત બે વખતે તેમને તેમાં મદદ પણ કરતા.

પરીક્ષામાં એક વખત ગણીતનો પેપર અઘરો. માસ્તર સાહેબ દાખલા ગણી, પા કાગળમાં લખી નબળા વિદ્યાર્થીઓને, ધ્યાન રાખવાના બહાના નીચે ફરતા ફરતા આપી દેતા. એક વિદ્યાર્થીની બાબતમાં એવું બન્યું કે તેને પોતે ગણી લખ્યો છે તે દાખલો ખરો લાગતો'તો. માસ્તર સાહેબને તે ખોટો લાગતાં ફરતાં ફરતાં પોતે ગણી લખી રાખેલો દાખલાનો કાગળ પરીક્ષકની નજર ચૂકવી પેલાના ખોળામાં નાખી દીધો.

વિદ્યાર્થીને પોતાની ગણતરી કરતાં સાહેબની ગણતરી પસંદ ન આવી તેથી તેણે માસ્તરે આપેલો કાગળ પાછો ફેંકયો. આ છોકરાની બેદરકારીથી પરિણામના ટકા કમતી આવશે એવા એક જ ખ્યાલે માસ્તર સાહેબ ઉશ્કેરાઈ ગયા, શુદ્ધ બુદ્ધ ભૂલી આ તો પરીક્ષા લેવાય છે એ બધું ભૂલી જઈ, ઓસરીની કોર ઉપર બેઠેલા ને પ્રશ્નપત્રો લખી રહેલા પેલા વિદ્યાર્થીને એવા તો જોરથી પાટું મારી કે તે ગીલળીને ફળીમાં પડયો.

પસાર થતી આ બધી વિધિ પરીક્ષક છૂપી દષ્ટિએ કયારના જોઈ રહેલા, તેમની સમેત દરેક છોકરાઓમાં માસ્તરની આવી નબળાઈથી હાસ્યનું મોજું ફરી વળ્યું. પરીક્ષકે માસ્તર સાહેબને કહ્યું, 'મી. ત્રીવેદી ચોરી કરાવો તે તો ઠીક, પણ બિચારાને મારીને.' માસ્તર ખૂબ ભોંઠા પડેલા. પરીક્ષકની ઉદારતાથી ત્યારે તો તેઓ બચી ગયેલા' પણ ભવિષ્યે આવી તો કેટલી ય નાની મોટી ભૂલ ફરીથી કરી બેઠેલા.

પોતાને ગામથી કસ્બાની શાળામાં અભ્યાસ કરવા આવતા રામની સાથે પછી તો ઘણા છોકરા ભળેલા. ધીરે ધીરે તેના ગામના દસ વિદ્યાર્થી તેની સાથે અભ્યાસ કરવા કસ્બાની શાળાયે આંટાફેરા મારતા થઈ ગયેલા.

રસ્તામાં આવતા કસ્બામાં ચોમાસું ગાળવા આવેલા જૈનમુની દરરોજ તેમને સામા મળતા ને 'નમો અરહંતાણામ્' ઉચ્ચારતા. એ શબ્દોનો જરાય ભાવાર્થ નહિ સમજતા પણ એ શબ્દો બોલવાની છટા અને શોભાથી ખેંચાઈ રામ અને તેના સાથીદારો પણ તેજ શબ્દો બોલી સામેથી નમસ્કાર કરતા.

એક વખત રામને એમ થયું કે આપણે મહારાજને 'સીતારામ' એમ શા માટે ન કહેવું. બીજે જ દિવસે જંગલ જતા સ્વામીજી તેમને રસ્તામાં ભટકાઈ ગયા, ને રામે પહેલી જ શરૂઆત 'જય

સીતા રામ'થી જ કરી. મહારાજ તો કશું બોલ્યા વગર
ગતીની ચાલને જરા ઝડપી કરી ઉતાવળેથી ચાલ્યા ગયા.

રામને કુતુહલ થયું. પછી તો છોકરાઓનો સ્વભાવ છે. દર
મહારાજ સામે મળે ને આ બધા ઉપલું સંબોધન ઉચ્ચારે.
હસતુ મુખ રાખી મળતા મહારાજ તે દિવસ પછી ગંભીર
ચાલ્યા. છોકરાઓથી અતડા રહેતા. જે માર્ગે છોકરાઓ સામે મ
તે છોડી બીજે માર્ગે જ જવા આવવા લાગ્યા.

આથી તો ઊલટાના છોકરાઓ તેની પૂંઠે વધારે લાગ્યા. મો
"રામરામ" એય ''રામરામ'' એવા ઉચ્ચાર તેમને સંબો
કરવા લાગ્યા.

એક દિવસ કસ્બાનું મહાજન હેડમાસ્તર પાસે ફરિયાદે આ
'વીરપૂર ગામના વિદ્યાર્થીઓ અમારા મારાજને પજવે–હેરાન કરે
રામરામ કરવામાં પજવણી જોતા રામને નવાઈ લાગી કે આ
શું બન્યું. ત્યારે તો મારતરનો સખત ઠબકો ખાઈ બધાને શાન્ત
રહેવું પડેલું. ધર્મના વાડાની આ તકરારો તો ભવિષ્યે આગળ
જતાં રામને મળવાની હતી.

આવા બધા બનાવો, પ્રસંગો, ખ્યાલો કે વિચારો એ બધું રા
મુંજવતું–વિચાર કરતું કરી મૂકતું. પોતાની ઉમરના પ્રમાણમાં
કોયડા ઉકેલવા તેને જરા અઘરા લાગતા. છતાં તે જેટલું જાણતો
સાથે આ બધાને મેળવી જોતો. પોતાને ઠીક લાગે તેટલું તેમ
જાણતો કે લેતો. બાકીના વિચારો માથાકુટના અન્તેય ઘડ બેસ
શકતો નહિ તેથી છોડી દેતો.

ત્રીજી અંગ્રેજીમાં પહેલે નંબરે પાસ થનારને રાજ્યના કેળ
ખાતાનું ધોરણ, જો તે વિદ્યાર્થી આગળ હાઈસ્કુલમાં અભ્યાસ ક
માગતો હોય તો માસિક ચાર રૂપિયા સ્કોલરશીપ આપવાનું હ

અકસ્માત એવો બનેલો કે ગુજરાતી ત્રીજા ધોરણમાં પ્રથમ આવનાર રામ અંગ્રેજીના એજ કલાસમાં પહેલા નંબરે પાસ થયેલો.

પોતાને ભાગે આવતી ઇનામી-શીષ્યવૃત્તી, પોતાની સારી સ્થિતિનો વિચાર કરી, બીજે નંબર આવતા પોતાના મિત્ર પુરી મહારાજને આપવા તેણે ખાતાને આગ્રહ કરેલો. 'આગળ નંબરનો વિદ્યાર્થી સ્કોલરશીપ લેવા ના પાડે છે' એવું લખાણ આગળ ધરેલી પૂરીને તે શીષ્યવૃત્તી ખાતાએ આપી.

મીડલ સ્કૂલનો અભ્યાસ પૂરો કરી હાઇસ્કૂલમાં જવાના સ્વપ્ન સેવતો રામ પોતાને ગામ રજા ગાળવા આવ્યો ત્યારે ગામના બીજા છોકરાંઓને તેની ઈર્ષા થવા લાગી. તેને રેલ્વે ગાડીમાં બેસવાનું મળશે. શહેર જોશે. સારું સારું ખાવાનું મળશે, વગેરે વાતો કરી છોકરાંઓ મોઢાની મોળ ઉતારતા ત્યારે એવી વાતો સાંભળી રામ મલકાતો.

પોતાના ગામથી બાર ગાઉ છેટે આવેલી શહેરની હાઇસ્કૂલમાં બેસાડવા જે દિવસે તેના કાકા દોલુભા સાથે તે નીકળ્યો ત્યારે આગળથી જ તેની નાની બહેન ઘરના મોટેરાઓના સંકેત પ્રમાણે પાણી ભરવા ઉપડી ગયેલી. બરોબર તેના જવાના જોગાનુંજોગ વખતે જ ડેલીના બારસાખ વચ્ચે તે તેને તથા દોલુભાને સામી મળી. કાકાયે ગજવામાંથી રૂપિયો કાઢી સારા શુકન કરાવવા માટે આપ્યો.

સ્ટેટ બોર્ડીંગમાં રહેવા જમવાની સગવડ કરી આપી, દોલુભા પાછા ફરતા હતા ત્યારે તેમણે રામને શીખામણ આપી. 'ભાઇ! જાળવીને રહેજે. જોઇતું ખર્ચ કરવું. તેમાં કમીના ન રાખતો. સાથે ઉડાઉ પણ બનવું નહિ. સૌ સાથે હળીમળીને રહેવું. અહીં આપણું ઘર નથી તે લાડ પાલવે. જોઇતું મંગાવી લેતા મુંઝાતો નહિ' કહી કાકા તો ચાલતા થયા.

બાપુના મરણ પછી કયારેય ઓછું આવે એવું વર્તન રામ તરફ

કાકાએ રાખેલું નહિં. ઊલટાનું તેને ખોટું લાગે તેવા પ્રસંગો ટાળવા તેઓ મથતા. તેમની મમતા ને ઘરની હુંફ એ બધું છોડતા રામની આંખમાં આંસુ આવી ગયા. પણ તે જોઈ સંભારી કાકા દિલગીર ન થાય તે ખાતર આડું જોઈ તેણે તે લૂંછી નાખ્યા.

ખુલતી રજાના સાડા અગિયારે હાઈસ્કૂલના ચોથા ધોરણમાં રામ દાખલ થયો ત્યારે, માથે બાંધેલો આંટીઆળો ફેંટો, ખુલતી બાંયના પહેરણ ઉપરનું જાકીટ ને ચુડી બંધ સુરવાળ પહેરનારા આ જુવાનને જોઈ હાઈસ્કુલના લગભગ બધા માસ્તરો, વિદ્યાર્થીઓ ને પટાવાળા સુદ્ધાં ખડખડાટ હસેલા. આખો દિવસ, વિચિત્ર પ્રાણીના તરફ રખાય તેવું વર્તન તેના તરફ રખાયું. શરમનો માર્યો ને ખૂબ ખણુક થયેલી છતાં પેશાબની રજા રામ માગી શકેલો નહિ; પાણી પીવા સુદ્ધાં બહાર નીકળેલો નહિ.

નિશાળનો છૂટયો બોર્ડીંગે આવ્યો ત્યારેજ દમ લઇ શકેલો. આખે રસ્તે વિચિત્ર છોકરાઓનું ટોળું આસપાસ કુંડાળે વળેલું. તેના જૂનવાણી પહેરવેશ સામે આંગળી ચિંધી કંઇક કેવાય ટોળટપા કરી તે દિવસે તેને મૂંઝવી નાખેલો.

બીજા દિવસે હાઈસ્કૂલનાં બધા વર્ગે તેની વાટ જોઈ છતાં તે દેખાયો નહિ. પોતાનો ભાઈબંધ પૂરી સાથેજ અભ્યાસ કરવા આવેલો તેને સાથે તેડી તે બજારે ગયેલો. લેંઘો ખમીસ ને કોટ તેણે સીવડાવી લીધાં. માથે નાખવાની ટોપી લઇ લીધી.

પોતાના બોર્ડીંગ રૂમમાં આવી એક વખત, બે વખત ને અનેક વખત તે તેણે પહેરી—કાઢી જોયાં. એકેય વખત તે તેને બંધ બેસતા લાગ્યાં નહિ. તેના તરફ તેની મમતા વધીજ નહિ. કાંઈક ઊણુંઊણું એવું લાગ્યા કર્યું.

ત્રીજા દિવસે પોતાના જૂનવાણી ડ્રેસમાં જ તે હાઈસ્કૂલે આવ્યો.

ઉપરાંત ઘરેથી પહેરી લાવેલા દેશી ઓખાઈ જોડા, પહેલે દિવસે શહેરમાંથી આવેલા ચકચકીત બૂટની જોડ જોઈ અંજાઇ કાઢી નાખેલા, તેય બૂટને સ્થાને આજે પહેરી લાવેલો. નહોતી મોઢા ઉપર શરમ, નહોતું છૂપાવાપણું, એકજ રાતના વિચાર ભારે તેને બીજાની ટીકાથી ફેરફાર કરવામાં પોતાની નબળાઇ જણાઈ ગયેલી ને એ આજે મક્કમ થઈને આવેલો.

શરૂઆતના થોડાક દિવસ તેના તરફ કુતુહલવૃત્તિથી જોનારા, શંકા દૃષ્ટિ કરનારા કે ટોળ–ટીખળ કરનારા નીકળ્યા, પણ બધી બાબતમાં બને છે તેમ રામના ડ્રેસ બાબતમાં યે દિવસો જતા બધા ઉદાસીન બનતા ગયા. પહેલાના ખ્યાલો ને સંબોધનો ઢીલા પડયાં. પાછળથી તો રામની મક્કમ વલણે તેઓ શરમીંદા બનેલા. રામને માનસિક દુઃખ લગાડવા માટે કેટલાકે માફી પણ માંગી લીધેલી,

સદાય આંધળું અનુકરણ કરનાર આપણે આપણાજ ભાંડુઓની નબળાઇઓ જોતાં, મશ્કરી કરતાં કે ન કરવાનું કરતા ભૂલતા નથી! મૂછોના થોભા રખાવનારા આપણે, ફ્રેંચકટ ને કલીનશેવ સુધી જનારા આપણે, શરીરનું એક પણ અંગ દેખાઇ નહિ એવા લૂગડા પહેરનારા, તોછડાઇ ભરેલો ડ્રેસ પહેરતાં શીખેલા આપણે, અમેરીકન કોટ કે શટ કોલરના ખમીસો વસાવનાર કે ભવિષ્યે કોઈ એકાદ યુરોપીયન ફેશનબંધ એકજ બાંયનો કોટ પહેરશે કે એકજ મૂછ રાખવા માંડી બીજી મુંડાવી નાખશે તો તેય વાંદર નકલ કરનારા આપણે, આ અનુકરણ, સામાજિક, ધાર્મિક ને છેવટે રાજકરણમાં પણ પેસાડી દઇને કેટલા કંગાલ, અસહાય કે નીરાધાર બન્યા છીએ!

આજથી પંદર વરસ પહેલાની હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ આજના કરતાં વયે ને પ્રમાણે મોટા હતા. ખાસ કરીને ગામડાંમાંથી આવતો વર્ગ તો ઉમરે કયાંય મોટો હતો. અહીં આવેલી વીશ–બાવીશ બોર્ડી-

ગે તો કામી હતી. દરેક જ્ઞાતિવાર વિદ્યાર્થીઓ પોત પોતાની બોર્ડીંગમાં સ્થાન પામતા.

ત્યારે સ્ટેટ બોર્ડીંગમાં તો જેને પોતાની બોર્ડીંગ ન હોય એવા જુદાજુદા વર્ગ ને જ્ઞાતિના વિદ્યાર્થીઓનો શંભૂમેળો જામતો. કોઇક લુવાર, સુતાર કે કુંભાર, કાઠી, ગીરાશીઆ કે સથવારાના છોકરાઓ ત્યાં આવતા ને રહેતા. કયારેક ઊજળીઆત વર્ગના છોકરાઓ લહેર ઉડાવવા પણ આ બોર્ડીંગમાં રહેવા આવી ચડતા. કારણકે સ્ટેટ માસિક કન્ટીજન્ટ ખર્ચ જમણ વગેરેનું સારું પાડતું, તેથી મોજશોખ અહીં બીજાના કરતા કયાંય વધારે સારી રીતે ભોગવી શકાતા. રામ આ બોર્ડીંગમાં દાખલ થયો ત્યારે ઊજળીઆત વર્ગનાં અર્ધોઅર્ધ અને બીજા એટલાજ મળી ૧૭૦ બોર્ડરો સ્ટેટ બોર્ડીંગમાં હતા.

કયારેક કયારેક વાતો થતી કે છોકરાઓ ખરાબ ચાળે ચડી ગયા છે. વહેલી સવારના પથારીઓ તપાસવામાં આવે તો, દિવસના હીન વિચારો ને હલકી વાતોના સંપર્કમાં આવતા બોર્ડરો, સ્વપ્ન દોષથી પથારીયો બગાડી મૂકતા. કોઇક ઉતાવળથી ઓછાડના ડાઘ ભૂંસી નાખવાની મહેનતમાં પડતો ને પકડાઇ જતો. કોઇક વિદ્યાર્થી પરોઢીએ ઊઠી વહેલો વહેલો નાહિ આવતો કે મશ્કરીનો ભોગ બન્યોજ સમજો.

કયારેક પાસેજ આવેલા હારબંધ સંડાસોમાંથી હાથરસ-મૈથુન કરતા કેટલાક વિદ્યાર્થીઓ પકડાતા. એક બોર્ડર તો એ રવાડે એટલો બધો ચડી ગયેલો કે બધા શાળાએ જતા ત્યારે પોતાનાં જ રૂમમાં આ ક્રિયા કરવા મંડી પડતો. એક વખત તેની શક્તિ એટલી બધી હરાઇ ગઇ કે તે મૂર્છા ખાઇને ઢગલો થઇ પડેલો.

આંખ ઉપર આવી ગયેલા સોજાથી કે તે કાયમ ઝીણી પડવા માંડી હતી તેથી, પાપણોની ઉપર નીચે ને આંખના હેઠળના ભાગોએ

કાળા કુંડાળા પડી ગયાથી તે ખરાબ રસ્તે ચડી ગયો છે તેના ચિન્હ રૂપ પકડાઇ ગયેલો.

બીજી બોર્ડીંગોમાં આવું કાંઇ બનતું નહીં એમ તો નહિ જ. મુસ્લિમ બોર્ડીંગમાં આ ખામીની રાડ વધુ હતી. વાર–તહેવારે તેમને મટનનું મીષ્ટાન આપવામાં આવતું. ભજિયા–પુડીંગ કે સમોસામાં નાખવા ખાતર કે રસ ચૂસવા માટે છોકરાંઓ ને ઈંડા પૂરા પાડવા ત્યાં મરઘીઓ પાળવામાં આવેલી.

આવો ગરમ ખોરાક હદ ઉપરાંતનો કુમળા બાળકને આપવામાં આવે તે તેઓ જીરવી શકતા નહિ. સ્વપ્નદોષ અવારનવાર બનતા, કયારેક છોકરાઓ અંદરો અંદર સૃષ્ટિ વિરૂદ્ધના કર્મો કરી બેઠાના દાખલા જડી આવતા.

હિન્દુ બોર્ડીંગોમાં આ બનતું તેના કારણ તરીકે તો કદાચ ગરમ મસાલા–ખોરાક પરત્વેની સાત્વીકતાનો અભાવ કે પછી સારે રસ્તે દોરવાની ખામી એ બધા કારણે હશે. પણ આ બધું બનતું તો હતું જ. આવું બની શકે છ તેનો ખ્યાલ વિહોણો રામ આવી બધી વાતો સાંભળી પહેલા તો માનવાને ના પાડતો, પણ શહેરના બે વર્ષના પરિચયે અને બોર્ડીંગોના વણ ઘડયા વાતાવરણે જેમ જેમ તે બધાના સંપર્કમાં આવતો ગયો તેમ તેમ જાણતો ગયો.

એક વખત મોટી લાયબ્રેરીમાં રાડ પડી કે દીવાળી અંકોના લગભગ બધા ચિત્રો ચોરાઇ ગયાં. આવું તો અવાર નવાર બનતું, છતાં લાયબ્રેરીયન કાયમનો બેદરકાર બની જ રહેતો. પૂરી મહારાજની ઓરડીમાં અચાનક રામ જઇ ચઢેલો ત્યારે પૂરી ન્હાવા ગયેલો ને ઉતાવળમાં ટ્રંકને તાળું દેવાનું ભુલી ગયેલો. ઉપરજ પેલા લાયબ્રેરીમાંથી ચોરાયલા ચિત્રો પડેલાં હતા. ગરીબ પૂરી આમાં સંડોવાયલો જોઇ રામને નવાઇ લાગી.

તે દરમિયાન તો પૂરી આવી ગયો. રામે તેને હબકો દીધો. 'આ ચિત્રોનું તારે શું કામ ? ચોરીનો માલ છે પછી તે બહાર રાખી તારી ઓરડીય શણગારી શકીશ નહિ. છૂપાવતા ઘડય પડી જતાં બગડી જશે. તો દીપોત્સવી અંકોમાં રહેવા દઇ તેનું માર્દવ, તેની સંસ્કારીતા, તેના વળાંક, તેની સુંદરતા ને તેના બધાનો લાભ બધાને શા માટે લેવા ન દેવો ?'

અત્યાર સુધી જે બનતું તે બધું પૂરી કયારેય રામથી છૂપાવતો નહિ. ખોટા રસ્તાની ભાગીદારીમાં પડયા પછીનો આ પહેલોજ પ્રસંગ પૂરીને માટે આવ્યો હતો ત્યારે તે પકડાઇ ગયેલો. રામના અત્યાગ્રહથી તે બધી વાતો માની ગયો.

'ચાર રૂપિયાની સ્કોલરશીપમાં મારું પુરું થતું નથી. મારા બાપ નિયમિત પૈસા મોકલતા નથી. એ મોકલેય કયાંથી ! ગામડાંમાં લોટની ત્રાંબડી ફેરવે છે, તેમાંથી તેમનું, બે બહેનો ને ત્રણ ભાઈઓનું પૂરું કરવું. સ્કોલરશીપ મળી એટલે હું અહીં અભ્યાસે આવ્યો. શાળામાં ફી માફી તો મેળવી શકયો. હાથે રાંધી લઉં છું. ઠામ વાસણ ઊટકી નાખું છું. પાણી ભરી આવું છું, પણ ઓરડીનું ભાડું ને જમવાનો ખર્ચ તો જોઇએને ?

'શહેરમાં એકાદ બે ત્રણ શાહુકારો પાસે મારી વાત કરી આવેલો. ગરીબાઈ ગાવા છતાંયે તેમણે તો કોઇએ ન કરી કોઇ મદદ કે ન આપી દાદ સુદ્ધાં. પછી આ અવળે ધંધે ચડયો.

ત્યારેજ પહેલી તારીખ આવેલી. મને સ્કોલરશીપના ચાર રૂપિયા મળેલા. તેબધી મૂડીની જુદી જુદી ચાવીવાળાઓની દુકાનેથી ચાવીયો ખરીદી. મોટી ગુજરાતીશાળા–કન્યાશાળા–મહાજનવાડીનો ડેલો શહેરમાં આવેલા બધા સારા મકાનોમાં રાત્રે ફેરો મારી તાળા ઉઘાડી આવ્યો. તાળાવાળાની દુકાને અર્ધી કીમતે એ બધા તાળાં વેચી નાખેલાં.

' લાયબ્રેરીમાંથી ચિત્રો ઊપાડી લેતો. એક વકીલ ભાઈ પોતાની ઓફિસ શણગારવાના હતા તેને વેચવાનું નક્કી કરી અહીં રાખી મૂકયા છે. તેમને તે હું લાયબ્રેરીમાંથી જ ચોરી લાવવાનો છું તે વાત કરેલી છતાં ' લાવજ્યે હું ખરીદી લઈશ.' એમ જવાબ મળતા મને ઉત્તેજન મળેલું.

' લાયબ્રેરીના સેક્રેટરીની સાથે ભાઈબંધાઈ કરી ચોપડીઓ વાંચવા લાવું છું. મારા ઉપર તેનો વિશ્વાસ બેસી ગયો છે તેથી પુસ્તક લેવા જાઉં ત્યારે પુસ્તક પસંદ કરી લાવવા કબાટોની કૂંચીઓ મને સોંપતા. તેનો ગેર લાભ ઉઠાવી સારી કિંમતની બે ચોપડી ઊપાડી લઈ મારા લેંઘામાં નાડી બાંધવાના ઠેકાણે તેની અને પેટની વચ્ચે રાખી દેતો.

' લીધેલી ચોપડી ઈસ્યુ કરાવતો. તેજ હાથમાં હોય એટલે બીજી બાબતતો વહેમ જ કયાંથી આવે. આમ લગભગ છ મહિનામાં ૮૩ પુસ્તક ઉપાડી આવ્યો છું. અહિંના બે બુકસેલરોને ત્યાં ત્રીજા ભાગની કિંમત લઈ વેચી માર્યા છે. તેઓ તેની ઉપરના લાયબ્રેરીના સીક્કા કોઈક રસાયણથી કાઢી નાખી પછી સારી કિંમતમાં વેચે છે.

' જય ભારત થીયેટરના સ્ટોર રૂમનો ઓરડો, તેમને દરરોજ રાત્રે વધારાના ખુરશી, ટેબલ કે આરામ ચેરો, પ્રેક્ષકોની ચઢતી ઊતરતી સંખ્યા માટે લાવવા લઈ જવાં પડે તેથી, ઉઘાડો રાખવો પડે છે. ત્યાં સીનેમાના ચિત્રકાર પાસે ચિત્રો ચીતરતા શીખવાને બહાને જઈ તેને ચા પાઉં છું. બપોર વચ્ચે તે ઊંઘતો હોય ત્યારે બે ત્રણ આરામ ખુરશી ઊપાડી પાસે આવેલા મ્યુનીસીપાલીટીના એકાદ સંડાસમાં મુકી, મારી પાસે રાખી લીધેલું તાળું તેને મારી દઉં છું.

' વહેલી રાતે માણસના ધીમા અવર જવરે એ ખુરશીઓ ઉપાડી લાવી ઠરાવેલી કિંમતે નક્કી કરેલા ઇસમને પોગાડી દઉં છું

' આપણી હાઈસ્કૂલના સ્ટોરરૂમમાંથી એક વખત ડબલ સ્પ્રીંગ-

વાળા ત્રણ ક્રીકેટ બેટો, બે બુચના ને ચાર ચામડે મઢ્યાં દડાઓ વગેરે ઊપડી ગયેલાં ને હોહા થયેલી તે તને ખબર છે. શહેરનાંજ એક સારાં માણસના છોકરાનો શીખવ્યો હું તે બધું ઉપાડી ગયેલો.

' જીમખાનાની કલબમાં આખા દિવસનો થાક ખમીને અમલદારો, વકીલો, મેજીસ્ટ્રેટો ને શાહુકારો આનન્દ લૂંટવા આવે છે, ત્યારે એ આનન્દના નામે સુધરેલા જુગારને ચાળે ચડી જાય છે. તે વખતે હાર-જીતમાં એટલા મગ્ન બની જાય છે, કે તેમને તેમના વાહનો કમ્પાઉન્ડમાં પડ્યા હોય છે તેની પડી હોતી નથી.

' વાહનો ઊપર મૂકેલા નોકરો કલાકો સુધી સાહેબના કામ કરી થાકયા પાકયા હોય છે. તે બહાર લટાર મારવા જાય છે. કોઈક છાણા વીણવા આવેલી બાઈઓ સાથે ટોળ ટપે ચડી જાય તો કોઈક ઊંઘતા હોય છે.

' તે તકનો લાભ લઈ તેમની મોટરો ને સાઇકલોના પમ્પ ઊપાડી લેતો ને તેને બીજા એવા જ ઊપયોગ વાળા માણસો ખરીદી લેતા. રામભા કહે જોઈએ, કયાંયથી મને મદદ ન મળે પછી આ ન કરું તો શું કરું ?'

પૂરીની બધી વાતો સાંભળી રામને આજના સમાજના ખ્યાલો એક પછી એક આવવા લાગ્યા. અલબત્ત પૂરી તો મૂશ્કેલીમાં મૂકાયેલ હતો જ ને ચોરી કરતો, પણ તેણે ચોરી આણેલી આ બધી નાની મોટી વસ્તુઓ ખરીદીને એ ખરીદનારા શા માટે આવા નપાવટ ધંધામાં પૂરીનો ઉત્સાહ વધારતા હશે ?

જેની સારી એવી કિંમત ઊપજી શકે તે ચીજોને પુરી નજીવી રકમમાં વહેંચી મારતો તે જોઈને પણ લેનારાને ખ્યાલતો હતો જ કે આ ચોરીનો માલ હતો ને એ એવો માલ હતો તો જોઈ જાણીને ખરીદતા શા માટે ? આ તે પૂરી ચોર–બદમાસ–નાલાયક કે આ બધા ?

તે નહિ સમજાયાથી રામ મુંઝાતો. પોતાની વય ને અનુભવના પ્રમાણુમાં આ બધા કોયડા ઉકેલવા મથતો.

હાઇસ્કૂલમાં ચાલતા વર્ગે ઘણા રમૂજ ભર્યા બનાવો બનતા. અત્યારે રામ છઠ્ઠી અંગ્રેજીમાં હતો: તે દિવસે ત્રીજો પિરિયડ ચાલતો હતો. ચીતળથી આવેલા એક ખવાસ વિદ્યાર્થી માલાભાઇને શિક્ષકે પ્રશ્ન કર્યો કે 'ફરજિયાત કરવાના કામો ગણાવો જોઇએ ?'

વિદ્યાર્થીઓને ફરજિયાત રીતે જ્યાં જ્યાં હાજરી આપવાની હતી, તે ગણાવતા માલો બોલ્યો: 'સાહેબ અમારે ફરજિયાત કરવામાં તો ડીબેયટીંગ સોસાયટીમાં હાજર રહેવું, કસરતનો એક કલાક જાળવવો, ઝાડે ફરવા જવું, પેશાબ કરવો વગેરે વગેરે.

છેલ્લાં બે કારણો બીતાં બીનાં તો માલાભાઇથી બોલાઇ ગયા. પણ આખો વર્ગ હસી પડયો ત્યારે ય 'હું શું ખોટું બોલ્યો છું.' એવા માલાના જવાબે શિક્ષક પણ હસેલા.

એક વખતે છઠ્ઠી અંગ્રેજીના કલાસમાં જ કાઠિયાવાડમાં પાકતા ફળોના નામ લખો જોઈએ એવા પ્રશ્નના જવાબમાં એક વિદ્યાર્થીનો જવાબ આવેલો કે-કેરી, પોપૈયાં, ચીભડાં, કોળું, કાકડી વગેરે.

ઠેઠ યૂરોપના પર્વતો આલ્પ્સ, એપીનાઇન, પીરીનીજ કે યુરલ ને અમેરીકાની નદીયો મીસીસીપી, મીસુરી કે ઈંગ્લાંડનો રાજવંશ હોનેવેરીયન કે રશીઆનો સાધુ વગેરેના નામો ઝપાટાબંધ લઈ જનારા આપણા હાઇસ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓ આપણે જ આંગણે વિસ્તરી રહેલી ઝાડીઓથી અણજાણ, આપણી આબોહવા, આપણા વિર પુરુષો ને આપણી અજુબાજુના લગભગ બધા વાતાવરણથી અજ્ઞાત હોય છે. ત્યારે તેમની દયા નથી આવતી ?

આ હાઇસ્કૂલના શિક્ષકો આખા કાઠિયાવાડના શિક્ષકોથી ઉત્તમ

હતાં. તેમની શિક્ષણપ્રણાલી સારી હતી. પોતાની હાઇસ્કૂલનું પરિણામ સારું આવે તેની બધી કાળજી રાખતા. એકંદરે સર્વોચ્ચ ખ્યાલો ઉપરજ તેમનું બંધારણ ઘડાયલું હતું. ત્યારે ત્યાંના વિદ્યાર્થીઓમાના કેટલાક એટલા જ ઉદ્ધત્ત, તોફાની ને વાતાવરણને ડોળી નાખનારા હતા.

આખું વરસ રમતો રમવા પાછળ, ક્રીકેટ મેચો રમવા ને જોવા, દૂરદૂર જઈ વખત બગાડવામાં કે એવા કંઈ કેટલાક કારણો શોધી અભ્યાસમાં પાછળ રહેનારા આ, પરીક્ષા વખતે ચોરીઓ કરતા. ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ પાસે પેપરો લખાવી–બહારથી મંગાવી પોતાને નામે રજૂ કરી દેતા.

કોઈ કે પેપરો નબળા લખ્યા હોય તેવા, પરીક્ષક માસ્તરો સાંજને ટાણે સડકો ઉપર ફરવા વખતે પસાર થતા હોય ત્યારે તેમને મળી, દબડાવી પાસ માર્ક મેળવી લેવાના પ્રયત્નો કરતા.

કયારેક કોઈ શિક્ષક આવી ધમકીઓને તાબે ન થતા તો તેમને હેરાન કરતા. ચાલતા વર્ગે પાછળથી ઈંડા કે પાકલ ટમેટા ફેંકી તાજા ધોયેલા કોટને બગાડી મારતા. ખુરશી ઉપર શાહીનો ખડીઓ એવી સીફતથી ઢોળી દેતા કે બેસનાર શીક્ષકનું પાટલૂન બગડ્યું જ હોય.

મેટ્રીકમાં આવ્યો ત્યારે રામ દીવાળી વેકેશનમાં હાઈસ્કૂલ ટુર સાથે પર્યટનમાં ગયેલો. મૂળે તો પહેલાંથીજ તેનું સાયન્સ નબળું. ફીઝીકસ કેમીસ્ટ્રીના કંટાળા ભરેલા અવરોથી તે લગભગ થાકી જતો. તેમાં આ ટુરમાં વેકેશન ગયું, એટલે પ્રીલીમીનરી વખતે સાયન્સમાં તે પાસ માર્ક મેળવવા માટે બધાં પ્રયત્નો કરી છૂટયો છતાં ફતેહમંદ થઈ શકે એવી લાંબી આશા તેને જણાઈ નહિ.

પૂરી મહારાજ આગળ તેણે વાત કરી : ' પૂરી ! પ્રીલીમીનરીમાં પાસ થવાશે નહિ ને ફોર્મ મળશે નહિ તો શું થશે. ? '

પૂરીએ રસ્તો કાઢ્યો: 'રામભા, આજ રાતે મારી સાથે આવ.' સાયન્સમાં સારા માર્ક મેળવી શકીએ એવું એકજ રાતમાં પૂરી શું શીખવી દેવાનો હતો ? એવી રામને શંકા આવી પણ તેણે આવવાની હા ભણી દીધી.

કોઈ યંત્રની માફક પૂરી પછી કામે લાગી ગયો. હાઇસ્કૂલની પ્રીમીલીનીરી વખતે એવો શીરસ્તો હતો કે બધા પેપરો રાજ્યના મૂખ્ય મથક વટાદરના રાજ્ય પ્રેસમાં છપાવવામાં આવતા. ત્યાંથી સીલબંધ થઈ ને આવેલા બધાં પરબીડીઆ પછી હાઇસ્કૂલ ઉપર મોકલાતાં. હાઇસ્કૂલમાં તે ઓફિસની પેટીમાં તાળા કુંચી નીચે મુકાતા ને તે પેટીને સીલ થતાં.

દરેક પેપરનું પરબીડિયું જે તે પેપરના દિવસે હેડમાસ્તર અને બીજા ત્રણ શિક્ષકો રૂબરૂ સીલ તોડી બહાર કાઢવામાં આવતું એટલે ચોરી કરવાનો ઓછો સંભવ રહેતો.

તે રાત્રે પૂરી રામભાને હાઇસ્કૂલની ઓશીસે ઢસડી ગયો. ઓફિસના બારણે દીધેલું તાળું ખિસ્સામાંથી ચાવી કાઢી પૂરીએ ખોલી નાખ્યું, અંદર પેટીનું તાળું ખોલી સીલ તોડી નાખી .સાયન્સના પેપરનું પરબીડિયું ઉપાડી લીધું. તેનું સીલ તોડી–ઉખાડી પેપરની એક નકલ ઉપાડી લીધી.

સાથે લાવેલી મીણબત્તીથી બીજા સાથે લાવેલા સીલને ઓગાળી પેપરો વ્યવસ્થીત કરી નવેસરથી સીલ મારી દીધું. પેટીને તાળું મારી તેની દોરીએ પણ સીલ ઠઠાડી દીધું. બહાર નીકળી ઓફિસને ય વ્યવસ્થિત કરી દીધી.

આ વિધિ બની ચૂકી તેટલો બધો વખત રામભા બાઘા માફક ચીત્રવત ઊભો જ રહ્યો. પૂરીની હિંમત માટે તેને માન ઉપજ્યું, સાથે સાથે

આવો ધંધો કરતા શરમ પણ આવી. છતાં ફૉર્મ મેળવવાની આશામાં કર્તા–કર્મના બધા ગુણ દોષ તે ભૂલી ગયો.

રામ પાસેથી વાત સાંભળીને પૂરી તો સીધો જ નિશાળેથી બજારે ગયેલો. પેટી–ઑફિસના જેવાજ તાળાં ખરીદી તેની કૂંચીઓ, બે ત્રણ મીણબત્તી, સીલ કરવાને માટે લાખ એ બધું વ્યવસ્થિત રીતે ખિસ્સામાં ગોઠવી દીધેલું. રાત્રે તેનો બરોબર ઉપયોગ કર્યો.

પાછલી રાતનો ઉજાગરો કરી બન્નેએ સાયન્સના પેપરો લખી કાઢયા. બાર પ્રશ્નોમાંથી Try any five એમ કરવાનું હતું, એટલે રામભાએ જે પાંચના જવાબ આપ્યા તેનાથી ઊલટાવીને બીજા પાંચમાંથી પૂરીએ લખી કાઢેલું. એટલે પકડાઈ ન જવાય.

પેપરો લખાઈ ગયા, પરીક્ષકો તપાસી ગયા ને માર્ક જાહેર થયા ત્યારે પચાસમાંથી પૂરીને પીસ્તાલીશ ને રામભાયે છેંતાળીશ માર્ક મેળવેલા જોઈ મેટ્રીકના બધાં વિદ્યાર્થીઓ શિક્ષક સુદ્ધાં નવાઈ પામેલા. ‘ તેઓ બન્ને ધૂની છે એટલે ગોખી માર્યું હશે. ’ વગેરે વગેરે અભિપ્રાયો બોલવા લાગ્યા.

આગલો એક પ્રસંગ સાંભરે છે. છઠ્ઠી અંગ્રેજી સુધી ડીકટેશન રખાય છે. પરીક્ષા પહેલા ત્રણ માસ ઉપર ચોરીની કળા વિષે ક્લાસમાં વાતો ચર્ચાએલી. બધામાં ચોરી થઈ શકે પણ ડીકટેશનમાં ચોરી ન થઈ શકે એ લગભગ બધાયે સ્વિકારેલું.

અલબત શિક્ષકને પસંદ આવે તે ફકરો કાઢી મનોમનજ તેઓ ઝપાટા બંધ લખાવ્યે જાય, તેમાં ચોરી થઈ પણ શી રીતે શકે ! પૂરી મહારાજે તે વખતે ડીકટેશનમાં પણ ચોરી થઈ શકે એમ કહેલું. ત્યારે તેની એ દલીલને બધાએ હાસ્યાસ્પદ ગણી ઉડાવી દીધેલી.

ત્રણ મહિના પછી પરીક્ષા આવી. ડીકટેશન ત્રણ સુપરવા-

ઇઝરોની દેખરેખ નીચે લખાવા માંડ્યું. લખાઈ રહ્યે કાગળો ભેગા કરી લીધા ને પૂરી ઊભો થયો. 'સાહેબ, મેં ચોરી કરી છે.' એવું બોલતા ને તે સાંભળતા બધા ચકીત થઈ ગયા. પૂરી પુરવાર કરવા ઊભો થયો. 'સાંભળો, આપણી ટેકટસ બુકમાં ડીકટેશન લખાવી શકાય એવા બેતાલીશ ફકરા છે. (ડીકટેશન લગભગ છાપેલી દસ લીંટીના ફકરામાંથી જ લખાવાય છે એ ટાઇપના બેતાલીશ ફકરા) એ દરેક ફકરા દરેક જુદા જુદા અર્ધા કાગળ ઉપર મેં લખ્યા. તે દરેક ફકરાની પહેલી લીંટી મેં એક જુદા કાગળ ઉપર લખી રાખી.

'બધા કાગળો પૂંઠાની બેવડમાં મૂકી દીધા. ડીકટેશન લખાવું શરૂ થયું એટલે પેલી લીંટીઓ તપાસવા મંડી ગયો. ત્રેવીશમી લીટીને ત્રેવીશ નંબરનો કાગળ–લખાવાતા ડીકટેશનનો ફકરો હતો. તે ખેંચી ઉપર રાખી લીધો. કોરા કાગળમાં લખાતી રહ્યા તે વખત સુધી લીટા જ કર્યા. ને તમે એ બેતાળીશ ફકરા સિવાય બીજો કોઈ ફકરો ડીકટેશન તરીકે ઉપયોગમાં લઈ શકો એવો છેય ક્યાં ?'

બધાની હાજરી વચ્ચે બાકીના લખેલા ત્રેંતાલીશ ફકરા પૂંઠામાંથી કાઢી બતાવેલા. ત્યારે આ વિચિત્ર છોકરાના ચોરી કરવાના વિચિત્ર ખ્યાલોથી બધા વિસ્મય પામ્યા. પૂરી મહારાજને ત્યાં ને ત્યાં શિક્ષકે ડીકટેશનના વીશ માર્ક આપેલા.

પ્રીલીમીનરી પરીક્ષા આવીને ગઈ. બેઠેલા બધા વિદ્યાર્થીઓને ફોર્મ મળી ગયા. યુનીવર્સીટીની પરીક્ષાની બધા તૈયારી કરતા હતા ત્યાં ત્રીશની મીઠાની લડતનો જંગ જામ્યો. વકીલો, ડોકટરો, પ્રેકટીશનરો ને માસ્તરો, વિદ્યાર્થીઓ ને વેપારીઓ, પૈસાદાર ને ઉભડ, નાના ને મોટા બધા સત્યાગ્રહ સંગ્રામે ઉપડયા.

કોઈ જાતના ખ્યાલો કે સિધાન્તો અત્યાર સુધી બાંધ્યા વગરનો

રામભા પણ એક દિવસે એક ટુકડી સાથે એક રેલમાં બેસીને ધોલેરા પહોંચ્યો.

એ સત્યાગ્રહ ક્યારે પૂરો થયો, કેમ પૂરો થયો, હાર થઈ કે જીત, આના પરિણામ કે લાભાલાભ શા ! એવી બધી વાતો આથમતા સત્યાગ્રહે ફેલાયેલી.

સત્યાગ્રહની શરૂઆતે તેની તરફેણ કરનારા કેટલાક, તે સંકેલાયો ત્યારે તેના વિરૂદ્ધમાં દલીલો કરતા, કેટલાક તેની શકયતા–અશકયતાના ખ્યાલો બાંધતા, કેટલાક કયારે ને કયે વખતે સત્યાગ્રહ ઉપાડી શકાય ને કયારે સમેટી લેવાય તેની વાતે વળગ્યા હતા. ત્યારે આ બધાની ધૂનો, આ બધાના ખ્યાલો કે આ બધાના વિચારોમાં માથું મારવા જેટલી પાકટ બુદ્ધિ રામભાની થઈ ન હતી, એથી તે માથું માર્યા વગર બધી વાતો સાંભળતો, તેના ગુણ દોષના વિચાર કરતો ને આગળ વધતો.

સત્યાગ્રહ સંગ્રામે તેણે કેટલીક એવી વાતો સાંભળેલી જે તેને ગમતી નહિ છતાંય સાંભળવી પડેલી, સત્યાગ્રહીમાંના કેટલાક અવળે ધંધે ચડેલા, કેટલાકના વર્તન ને આચાર ખરાબ થયેલા, એવું તે આજુબાજુના વાતાવરણમાંથી મેળવી શકતો. પણ આવું બધું તો ભવિષ્યે તેને વધારે શીખવા મળવાનું હતું તેથી અત્યારે તો તે બધું સાંભળી જતો ને શાન્ત પડી રહેતો.

સત્યાગ્રહ પૂરો થયે ત્યાં આવેલા આ ધંધા સિવાય બીજા કોઈ ધંધામાં ન પડવાના જાહેરસભામાં સપથ લઈને આવેલા તે ભૂલી જૂને ધંધે લાગી ગયા. ડોકટરો દવા કરવા ને પરદેશી દવા વસાવવા મંડી ગયા. વકીલો વકીલાત કરતા થઈ ગયા. વેપારીઓ પરદેશી કાપડના ધૂમ વેપારે વળગ્યા.

સેવામાં ઝૂકાવવા ને તેને નભાવવાના આકરા સોગંદ લઈ બેઠેલા વિદ્યાર્થીઓ, ગરીબોની વચ્ચે બેસી કામ કરવાને બદલે, ગામડાંઓની અસહાય ને મૂંગી પ્રજાના સુખદુખના ભાગીદાર બનવાને બદલે કેટલાકો તલાટીઓ કારકુનોની પરીક્ષાઓ આપી વીશ રૂપિયાની નોકરીઓમાં દાખલ થઈ ગયા. આખી જીંદગી એ સંકુચીત કુંડાળામાં વીતાવવા વણાઈ ગયા. કેટલાક બાપુકી વેપારની દુકાને ગોઠવાઈ જઈ તોલા-ત્રાજવાં ઉલાળતા થઈ ગયા. ને બાકીના લગભગ બધા એક વરસ બગાડવાને અન્તે શાળામાં દાખલ થઈ ગયા. રામ પણ આ વેગીલા પ્રવાહમાં તણાઈ ને મેટ્રીકમાં બીજું વરસ કરવા જોડાઈ ગયો.

પ્રકરણ ચોથું

હાઇસ્કૂલમાં-૨

જૂની હાઇસ્કૂલના જૂના વાતાવરણમાં બીજા વિદ્યાર્થીઓને ગોઠવાઈ જતાં બહુ વાર લાગી નહિ. પણ સત્યાગ્રહમાં જઈ પાછા ન ફરવાની પ્રતીજ્ઞા લઈ બેઠેલો રામ એમ કરી શક્યો નહિ. બીજાઓની સાથે એકજ પાટલીએ બેસી મોપાટ ભણવામાં તે જોડાઈ ગયો હોત તો બીજાનું જે થયું તેનાથી વધારે હાંસી કાંઇ તેની થાત નહિ, કારણ સૌ એકજ નાવમાં બેઠા હતા. પણ તે તેમ કરતા શરમાણો ને ભવાનીપૂરની જંફ્રી હાઇસ્કૂલમાં જોડાઈ ગયો.

હવે તો બધે ઠેકાણે બધા જ સત્યાગ્રહીની નજરે જોતા શીખી ગયા હતા. ભવાનીપૂર આવ્યા પછી રામ પણ એજ દૃષ્ટિયે આજુબાજુનું વાતાવરણ જોતો તપાસતો થઈ ગયો હતો.

ભવાનીપૂરના હાલના દીવાનને તેના રાજ્યને 'રામ રાજ્ય' કહેવડાવવાનો મોહ હતો. દીવાનગીરીને માટે અહીં સદાય મેલી રમતો રમાતી. પ્રશ્નોરા ને નાગરો એમ બે ઉઘાડા પક્ષ હતા. એકનું જોર કાપવા બીજો અથાગ મહેનત કરતો. ફાવ્યે લગામ પોતાના હાથમાં ધરતો. આવા આ રામરાજ્યમાં રાજા નામના જ હતા. સત્તાનો બધો જ દોર તળેથી ઉપર સુધી નોકરોના હાથમાં રહેતો.

મહેસૂલ ઉઘરાવતી વખતે થાણુદારો ખેડૂતોને છૂટથી માર મારી શકતા. કેટલાક કિસ્સાઓમાં મરણ સુદ્ધાં નીપજાવી શકતા. અતીરેક થતો ત્યારે ઉપર ફરિયાદ જતી, ને છતાં તરફેણુ તો નોકરોની જ થતી.

ગામડાંના પટેલોને મોટાં મોટાં પળતો મળતાં. તેઓ અમલદારોની સરભરા કરતા. રસોઈપાણીની સગવડ કરવા જતાં લોકોને દંડતા. રાજ્ય વિરૂદ્ધ 'ચળવળ' કરવા આવનારને અટકાવતા.

ખેડૂતોના છોકરાઓને ઉત્તેજનાર્થે સ્કોલરશીપો અપાતી. એક વખત એ સ્કોલરશીપ ચાલુ થઈ પછી વર્ષો સુધી-વિદ્યાર્થી અભ્યાસ કરે છે કે નહિ તેનો ખ્યાલ બાંધ્યા વગર-ચાલુ રહેતી. અભ્યાસ અધુરો મૂકી ઊઠી ગયેલાઓને ઘેર સ્કોલરશીપો પહોંચતી થતી. એવું આ શીષ્યવૃતી પૂરી પાડનારું ખાતું હતું.

મકાન કે જમીન વેચાણુના દસ્તાવેજના મોબદલાની વિધિ કરવામાં ચારસો-પાંચસો રૂપિયાનું ખર્ચ આ રામરાજ્યમાં કરવામાં આવતું ત્યારે જ મોબદલા થતા. ખર્ચ ન કરનારા રખડી પડતા.

અરજી-માંગણી કે લોક તરફથી રજૂ કરાયલા કાગળો ને તુમારોનો નીકાલ લગભગ પાંચ વરસે થતો. વીવાહમાં માંગેલી પોલીસોની મદદ અધરણી વખતે આવતી.

મોટા અમલદારથી માંડી ત્રીશ રૂપરડીના કારકુન સુધીના બધાયે ભવાનીપૂરના નવા પ્લોટમાં સારા એવા મકાનો બાંધ્યા હતા. એટલી લાંચરૂસ્વતનું ત્યાં જોર હતું. ને એવી તફડંચીથી આ સૌ માલેતુજાર બન્યા હતા.

કારભારી કુશળ હતા પણ વડી સરકાર સાથે લડતા બંદર ખોઈ બેઠેલા. એ ઘા તેમને કારી વાગેલો ને ત્યારથી તેમને જીંદગીમાં કાંઈક ઓછું ઓછું લાગ્યા કરતું.

રાજાજી લગભગ તેમના ગુલામ જેવા હતા. ને તેમનું જ કહ્યું કરતા. મોટી મૂછો રાખતા ને હસ્યા જ બસ હસ્યા જ કરતા. ઝાઝા દાંત કાઢવા કાંઈ બહુ સારા છે? બોલ્યે ચાલ્યે જીભ તાળવે ચોંટતી ને ઉચ્ચારો પહોળા કરતા.

આવા આ 'રામ રાજ્ય'માં કેટલાક ઓનરરી કામ કરતા. ભથ્થા ભાડામાં બસોથી-ત્રણસો રૂપીયા માસિક આકારતા ને લહેર કરતા.

આખા રાજ્યમાં સખત દારૂબંધી હતી. છતાં બંધીની વ્યવસ્થા કરનારાના ઘરમાંજ દારૂના સીસા પડયા રહેતા. બધા ગામડે છૂટથી દારૂ મળી શકતો ને વેચાતો. હા એક ફાયદો થતો. દારૂ બંધી ન કરી હોત તો પીનારાને સસ્તો દારૂ મળત તે આ બંધીથી મોંઘો મળે છે. દૂરથી લાવવો પડે ખરેને, એટલે ખર્ચ ચડે.

ચાલુ પ્રવાહની સાથે ચાલી રાજ્યે પ્રજાને ધારાસભાની ભેટ ધરી હતી. આ ધારાસભાનો જોટો આખી દુનિયામાં જડી શકે તેમ ન હતો. કહેવાતી પ્રજાની ધારાસભા ને છતાં આખી ધારાસભાના સભ્યો તો રાજ્ય નીમી દેતું.

આવા આ રામ રાજ્યની પ્રજાને પોતાની પરિષદ હતી. પણ પરિષદ જેવું કંઈ છે કે નહિ તેની ગામડાંની પ્રજાને હજુ સુધી ખબર જ પડી નહતી. શહેરના વાતાવરણને ગાજતું રાખવા સુધી પરિષદ ગઈ હતી. ત્રણ-ચાર પરિષદ કાર્યકરતાઓ બાદ કરતા, બીજા બધા પ્રજામાં પોતાની લાગ વગ વધે એટલા ખાતર પરિષદનો ઉપયોગ કરતા, એટલે સગવડે ખાદીને ધારણ કરતા ને વળી પાછા વિલાયતી ને વળગી પડતા.

બે ભાઈઓ પરિષદને દોરવણી આપી શકે એવા હતા તો તેમને આન્તર પ્રાન્તિય કીર્તિની ભૂખ જાગી હતી. એક પ્લેટફોર્મ ઉપરથી બીજા ઉપર જતા ને મીઠી જબાનથી ભાષણો કરતા. પ્રવાસવર્ણનો

કરી છાપાં ભરતા ને એ રીતે પોતાના નામ વર્તમાનપત્ર ઉપર જળકતાં તેથી રાજી થતા. દીવાને સીફતથી ચાર પરિષદ કાર્યકરોને પોતાના કરી લીધા હતા. પ્રજાના પૂરને ખાળવા રાજ્ય સદાય આમનો ઉપયોગ કરતું. રાજ્યના ચાર રાજકીય વિભાગો પાડી ત્યાં ત્યાં તેમને મુકવામાં આવતા. પ્રજાના રાજ્ય વિરોધના પ્રયત્નો તેઓ ખાળતા. એકાદ બે પરિષદ કાર્યકરો તો રીતસર રાજ્યનો પગાર લેતા થઈ ગયા હતા તે છતાં પોતાને, જ્યાં જતા ત્યાં હજુયે પ્રજાના માણસો કહેવરાવતા.

એકંદર ભવાનીપુરનું રાજ્ય લોકોના કરતાં તેના નોકરિયાતોને માટે 'રામરાજ્ય' હતું તે હતું જ. તેઓ નીરંકુશ ફરતા ને ચરી શકતા. કારભારીની કુશળતા અપાર હતી. તેઓ સૌને ઢાંકીને બેઠા હતા. ક્યારેક પ્રજા તેમને ધાણીયે બેસારતી તો ક્યારેક તેઓ પ્રજાનું ધાણીયે ઘાલી તેલ કાઢતા.

આવા આ ભવાનીપૂરના રામરાજ્યની જંફ્રી હાઇસ્કૂલમાં રામભાને અભ્યાસ કરવાનો હતો. અનુભવે તેને શીખવ્યું હતું કે અભ્યાસ કરવો જ હોય તો બહારની વાતોમાં પડવું જોઈએ નહિ. બહારની વાતોમાં પડવું હોય તો અભ્યાસ કાયમનો છોડવો જ રહ્યો.

આથી જ્યારે જ્યારે કોઇકિ સત્યાગ્રહી પકડાયાના, કોઇકિના ઉપર જેલમાં દમન થયાના કે કોઇકિ શહિદી સ્વિકારી ચૂકેલા વીરના સમાચાર છાપામાં આવતા ત્યારે બધી હાઇસ્કુલોની માફક જંફ્રીના વિદ્યાર્થીઓ હડતાલ ઉપર જતા ત્યારે હડતાલ સભામાં રામ કહેતો કે 'હડતાલ પાડો તો તેને અનુરૂપ બનો. જે ખાતર જેને ઊભું કર્યું હોય તેવું જ કાર્ય તે દિવસ પૂરતું તો કરો.'

પણ 'હડતાળ પાડવી જોઈએ, શહીદોને માન આપવું જોઈએ. અત્યારે અભ્યાસ શો ને ભણતર શા.' એમ કહેનારા હડતાલ સભા

પૂરી થયે કોઇક ક્રીકેટના મેદાન ઉપર પૂગી જતા ને દડા ઉલાળવા માંડતા, કોઇકિ મોર તળાવની સેલગાહે ઉપડી જતા, કોઇક આઇસ્ક્રીમ, વીમટાની દુકાનમાં ભરાતા ને પોતાનો કોઠો ઠંડો કરતા, તો કોઈક હોટેલોમાં ચા-નાસ્તા ઉડાવી પછી સીગારેટોના દમ ભીડતા. વળતે દિવસે વળી પાછા હાઇસ્કૂલમાં હાજર થઈ જતા.

હડતાળો પાડનારા આ બધા સભામાં તો 'આજનો દિવસ શહેર સફાઇમાં કાઢીએ. હરિજનવાસમાં જઈ તેમના મેલા-ઘેલાં બાળકોને રમાડીએ ને અપનાવીએ. દિવસ પૂરતી પ્રભાતફેરી કાઢીએ. જેના કારણે હડતાલ પાડી છે તેના આદર્શો ઘેર ઘેર સંભળાવીએ.' વગેરે કાર્યક્રમો ઘડતા ને કરવા ઉત્સુક હોય તેવો ડોળ કરતા. તે બધા સભા વીખરાએ ઉપલે ધંધે ચડતા ત્યારે રામભાને ઊંડેથી દુખ થતું. 'પોતાની નબળાઇઓ ઢાંકી માણસ વધુ કાં કંગાલ બનતો હશે ?' એવું જ કાંઈક ગણગણી તે વિચાર ભારે દબાતો.

દરેક હડતાલ વખતે જંફ્રી હાઇસ્કૂલના હેડમાસ્તર શ્રી. પટેલ મક્કમ વિરોધ કરતા. તેઓ કહેતા, 'ભાઇઓ શા માટે તમારે આ રસ્તે ચડવું જોઇએ. તમારી સહાનુભૂતિ સહન કરનારા તરફે છે એ બતાવવાનું આ એકજ સાધન શું તમારી પાસે છે ? માણસ પોતે કાંઈક કરી બતાવે, કાંઇક કરી છૂટે એવા રસ્તા નથી ? હડતાલ પાડો છો ને વળી હાઇસ્કૂલમાં બીજે દિવસ આવો છો. આમ જ કરવું છે તો કાં હડતાલ પાડો.'

સમજતા તે તેમની દલીલનું સમર્થન કરતું પણ ત્યારે વધારેમાં વધારે તત્વ તોફાની જણાતું. શ્રી. પટેલના પ્રયાસે ઘણી વખત હડતાલ પડતી અટકી જતી. અને એ અટકી જતી તેટલાજ ખાતર ઘણા વિદ્યાર્થી પટેલના વિરોધી બન્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓ એવા હોય છે જેમને એક યા બીજા કારણે હડતાળોજ ગમે

છે. તેમાનો એક એક દિવસે જરા વધારે પડતું વિચિત્ર લાગે એવું વર્તન કરી બેઠો.

દરરોજ સાંજે મિત્રો સંગાથે શ્રી પટેલ પ્લોટમાં ફરવા જતા. આખા દિવસનો વર્ગો લેવાનો થાક ત્યાં તેઓ ઓગાળતા. એક દિવસે હડતાલ ન પડાવવામાં તેઓ સફળ થયેલા તેજ સાંજે, આથમતા સૂર્યના ઘેરા બનતા અંધારે તેઓ મિત્રો સાથે બેસી પ્લોટમાં ચીવડો ખાઈ રહ્યા હતા, ત્યાં તેમને જ ટાંકીને એક પત્થર મારવામાં આવ્યો. મોઢા ઉપર વાગતા બે દાંતનો ભોગ લઈ પત્થર નીચે પડયો. હેડમાસ્તરના મોઢામાંથી દડ, દડ, દડ, લોહી વહેવા માંડયું.

આખા શહેરમાં આ પ્રસંગે ચકચાર ફેલાવી. અરેરાટી છૂટી ન હોય એવી એક પણ વ્યક્તિ ત્યારે ન નીકળેલી. વહેલી સવારે હાઇસ્કૂલના કમ્પાઉન્ડમાં રામભા, ઉમેશ, પાણીકર વગેરે વિદ્યાર્થીઓ બનેલા બનાવની દીલગીરી જાહેર કરવા સભા ભરવા માટે મતો એકઠા કરતા હતા.

તેમની સમજાવટે ને પ્રયત્ને હાઇસ્કૂલનાં સાયન્સ હોલમાં જ સભા ભરાઈ, કળતા દાંતના દુખ ભારે, મોં પર પાટો બાંધી ધીરે ધીરે શ્રી પટેલ પણ વિદ્યાર્થીઓનો આગ્રહ જોઈ ઘરેથી આવેલા.

ગોઠવણ પ્રમાણે દરેક વિદ્યાર્થી એક પછી એક આ બનાવને વખોડતા ગયા. રામનો વારો આવતા તે શું બોલે છે ને કહે છે તે બધા એક ધ્યાને સાંભળી રહ્યા.

'આ અવિચારી નહિ તોય અણધાર્યા કૃત્યને માટે આપણે કોઈ તૈયાર હતાજ નહિ. થયું છે તે અણ થયું નહિ થાય, પણ જે બન્યું છે તે આપણને શરમાવનારું અવશ્ય બન્યું છે. આ પ્રસંગ લાવનાર આપણામાંથી જ કોઈક છે એ નક્કી; તો આપણું કલંક

ઢાંકવા, ગઈ આબરૂમાં કાંઇકેય વળતર કરવા કે બગાડી બાજી સુધારી લેવા મારી તો વિનંતી છે કે જે ભાઇએ આ કૃત્ય કર્યું છે તે પ્રસંગનો રંગ ચઢી જવાથી જ કર્યું છે. તેની સૌ પહેલી એ ફરજ છે કે હેડમાસ્તર સાહેબની આપણા બધા વચ્ચે માફી માંગી લ્યે.'

આખી સભા લગભગ રામભાના પ્રસ્તાવ સાથે મળતી થઈ. અવળે રસ્તે દોરાનાર વિદ્યાર્થીને શંકા ગઈ કે અત્યારે જ માફી માગવામા સાર છે પછીથી વાત બહાર પડયે રેવડી થશે. તે સમજ્યો ને તેણે ઊભા થઈ માફી માગી.

માફી માગનાર શીંગવડે પાંચમી અંગ્રેજીમાં ત્રણ વરસથી હતો;

શ્રી. પટેલ ગળગળા થઈ ગયા. 'હડતાળ તમે પાડો તેની સામે તો મારો કદી વિરોધ હતો જ નહિ. એ પાડો ન પાડો તેમાં તમારું શ્રેય-અશ્રેય કેટલું ને કયાં રહ્યું છે તેટલું જણાવવાનો જ મારો સદાય ઇરાદો રહેલો છે. હોનહાર હો ગઈ. આજે તો મને આનન્દ એટલા માટે થાય છે કે મારી હાઇસ્કૂલના આ બનાવે વાતાવરણને ડોળી નાખ્યું હતું તેને શીંગવડેએ સુધારી લીધું છે. તમે તેને માફી કહો છો, હું તેને સચ્ચાઈ કહું છું.'

હેડમાસ્તરના માયાળું વર્તાવે બધા વિદ્યાર્થીઓ શરમભારથી નમેલા હતા. જયારે બધા વિખરાણા ત્યારે શીંગવડે કોણ જાણે કયાંય સુધી હાઈસ્કૂલના સાયન્સ હોલમાં બેસી રહેલો.

વિદ્યાર્થીઓમાં અંદરો અંદર વકતૃત્વ કળા ખીલવવા માટે ડીબેટીંગ-સોસાયટીની સ્થાપના કરેલી હતી. અવારનવાર જુદા જુદા વિષયો લઈ વિદ્યાર્થીઓ તેને ઉપરતળે કરી નાખતા. કયારેક સામાજીક વહેણો તરફ ચર્ચાનો ઝોક ઢળતો તો કયારેક વાતાવરણ રાજકીય ધમધમાટથી ઉત્તેજીત બનતું. ધર્મની બાબત તો, લગભગ બધાના મત બધાની રીતે જુદા પડતા.

ભવાનીપૂરનું સનાતન મંડળ આખા કાઠિયાવાડમાં વખણાતું, ખાસ કરીને આ જમાનામાંયે પોતાની રૂઢીચુસ્તતાને વળગી રહેલું, તેથી તેમની ચર્ચાઓમાંથી કાંઈક તારવી કાઢવા જેવું મળશે એમ જાણી ત્યાં રામભા, ઉમેશ ને પાટકર કેટલીક વખત હાજર રહેતા.

ટૂંકી કાછડી ઉપર પહેરેલા લાંબા કોટની વચ્ચેથી આગલા ભાગમાં દેખાતી હોય એ રીતે પહેરણની ચાળ લટકી રહેતી, ને માથે શાસ્ત્રીની તરતજ ઓળખાણ આપે એવી રતુંબડી પાઘડીઓ પહેરેલા સનાતની મંડળમાં આમની ઘડ બેસતી નહિં.

એક વખતની ચર્ચામાં વાત એટલે સુધી વધી પડી કે ધર્મની બાબત તાણાતાણ કરવા જતાં હાઈસ્કુલવાળાને શાસ્ત્રીઓના મન જરા ઊંચા થઈ ગયા. પ્રમુખના ડહાપણે ' ભવીષ્યે બધાએ બરોબર તૈયાર થઈ ને આવવું, પોતપોતાના મતો છૂટથી દર્શાવવા, ને ત્યારે ખુલતા દિલે ચર્ચા કરવી ' એવા તોડે તે દિવસે તો બધા શાન્ત પડેલા :—

પ્રકરણ પાંચમું

ધર્મમંથન

ધર્મભાવના શહેરમાં ભૂંસાઈ ગઈ હતી. તે ગામડાંમાં ઘસાતી ચાલી હતી. 'દયા પ્રભુની' કહી ચપટી લોટે આવનારા અદૃષ્ય થતા ચાલ્યા હતા. એ કાંઈ એમની આળસે બનતું એમ નહિ પણ લોકોની આગળની ઉદારવૃત્તિના સ્થાને કરકસરીયાપણું દાખલ થતું જતું હતું, કે આ બાજૂની ઉપેક્ષાવૃત્તિ કેળવાતી તેને આભારી હતું.

સંધ્યા આરતી ટાણે ચોરામાં લોક માતું નહિ. ત્યાં આજે રડી–ખડી એકાદ બે ડોશીઓ સિવાય કોઈ નજરે ચડતું નહિં. પૂજારીની આરતીને જીલનાર કોઈ મળે જ નહિ ને ! શુષ્ક વાતાવરણમાં તેના બોલ પડઘા ઊઠતા તે સામી દીવાલે અથડાઈ પાછા પડતા.

તરભા મારાજ ભાગવતની કથા માંડતા ત્યારે શું લોક ઊમટતું ! થોકના થોક. ચોરાનો એક ખૂંણો આવનારનાં પગરખાંથી જ ભરાઈ રહેતો. મારાજને નાળીએરને સીધાં સામાનનો પાર રહેતો નહિં. આજે તરભા મારાજની ભાગવત કથાના પાનાં શેરીએ રખડતાં ચાલ્યાં છે. કારણુ તો ગમે તે હો, ગામડું આજે ધર્મ તરફ ઉદાસીનતા સેવતું થયું છે.

નવરાત્રી મહોત્સવ મંડાતો ત્યારે ચોક આખો ગરબીની ત્રમઝુટે ખીલી ઊઠતો. આખા વરસની ભેગી થયેલી ધૂળ કંઈક જૂવાનની

થપાટે ઉડતી ને આકાશે ચડતી. ગરબીઓ ય આજે પ્રેમગર મારાજની ડેલીના નાટ ઉપર વરસોથી ગોઠવાણી છે તે ઊતરતી જ નથી. કયારેક કયારેક તેને ચોંટાડેલા વરખ ને રંગેરી કાગળના લીરા ફાટી તૂટી હવામાં ઊડી હડફેટે ચડે છે ત્યારે જ ખ્યાલ આવે છે કે અહીં વર્ષો પહેલાં નવરાત્રી વીસર્જન પછી ગરબી માતાને પધરાવ્યાં છે.

કૃષ્ણ જન્મની રાત્રે પથારીમાંથી સફાળી જાગી ઊઠી કંઈક બાળાઓ, યુવતીઓ ને આધેડો ઠાકર મંદિર તરફ પાટીએ ચડી જતી. સુંવાળા કે ખડબચડા હજાર-હજાર હાથો કનૈયાનાં ઘોડિયાને ઝૂલાવવા એક સામટા લાંબા થતા. ત્યાંય આજે એ વિધિ પતાવવામાં મારાજને, કાંઈ લાંબીવાર લાગતી નહિ. 'જે કનૈયાલાલકી'ના પ્રતિઘોષ ઊઠતા. ઝાલરોની બહબહાટીને ત્રમઝુટ બોલતી, એ તો આજે, કાલની ગઈ ગુજરી બની ગયું.

શહેરમાંએ મોઢાની મોળ ઉતારવામાં કે સભાઓ ગજવવામાં, દલીલો કરવામાં કે નાત પટેલાઈ સાચવી રાખવા વખતે લગભગ બધા જ ધર્મનું શરણું શોધતા.

નક્કી કરેલા દિવસે સનાતન મંડળ તરફથી આગળ પડતા કહી શકાય ને તેમના માટે કુશાગ્ર એવા શાસ્ત્રીઓ જે બધી સભામાં કાંઈ હાજરી આપી શકતા નહિ તેમને ખાસ આગ્રહ કરીને સનાતન મંડળે બોલાવી લીધેલા.

હાઈસ્કૂલની ડીબેટીંગ સોસાટીએ આજના પ્રસંગનું મહત્વ સમજીને સનાતન સભામાં રામભા, ઉમેશ ને પાટકરને મોકલી દીધેલા. આજે રામાયણ, મહાભારત, તથા ગીતાજી ઉપર ચર્ચા થવાની હતી. બન્ને પક્ષે કોઈક કુતુહલ વૃત્તીથી તો કોઈક પોત પોતાના ઉસ્તાદોને પ્રોત્સાહન આપવા તો કોઈક વિષયનું ગહનપણું જાણવાને ભેગા થયેલા.

રામાયણુની ચર્ચા કરવા રામભાને નીયુક્ત કરવામાં આવેલો. મહાભારતમાં ઊમેશને ગીતાજીમાં પાટકરને.

રામભાએ શરૂઆત કરી. 'રામયણુ નીતિ શીખવે છે. સત્ય વસ્તુ પ્રતીપાદન કરે છે, એકંદર એ ઉત્તમ ગ્રન્થમણી છે તેની સામે મારે વાંધો નથી. પણુ કંઈક કેટલાય દિવસથી કેટલીક શંકાઓ મારા મનને કોરી ખાતી, નીખાલસ ભાવે તે તમારી આગળ રજૂ કરૂં છું.

'રામયણુની શરૂઆત-વિષ્ણુ ભગવાન ક્ષીર સાગરમાં સૂતા છેઃ તેના બે સેવકો જય-વિજય દ્વારની રક્ષા કરે છે. સૂતા પહેલા વિષ્ણુ દ્વારપાળને આજ્ઞા આપે છે 'મારી રજા સિવાય કોઈને અંદર દાખલ કરશો નહિ. મારી ઉંઘમાં ખલેલ પહોંચાડશો નહિ.'

'પ્રભુની આજ્ઞા શીરોધાર્ય કરી દ્વારપાળ ચોકી કરે છે. ત્યાંજ સનકાદીક રૂષિ મંડળ વિષ્ણુને મળવા આવે છે. જય-વિજય તેને પ્રભુએ કરેલી આજ્ઞા જણાવે છે. છતાં સનકાદીક તો મળવા માટે આગ્રહ કરે છે. દ્વારપાળો આજ્ઞાનું ઊલ્લંઘન ન કરતા સનકાદીકને વિષ્ણુ જાગે ત્યાં સુધી બેસવાને કહે છે. મંડળ ખીજવાઈ જાય છે ને જય-વિજયને શ્રાપ આપે છે 'મનુષ્ય યોનીમા પડો પાપીઓ!'

'પ્રભુ જાગૃત થયે દ્વારપાળો બનેલી બીના જણાવે છે. શ્રાપમાંથી પોતાને બચાવવા આજીજી કરે છે. પ્રભુ જવાબ આપે છે. રૂષિનો શ્રાપ મીથ્યા ન થાય.'

'ચર્ચાને અહીં સ્થાન છે. સાધારણુ માણુસ પણુ પોતાના નોકરનું અપમાન કરી બેસનારાની તરફેણુ નથી કરતો તો પછી પ્રભુ આમ શા માટે કરતા હશે.'

સનાતન મંડળ તરફથી શંભુપ્રસાદને જવાબ વાળાનો હતો. તેમણે કહ્યું. 'પ્રભુ તો સદાય રૂષિમુનીઓને સત્કારતા આવ્યા છે ને તેથી તેમનું વચન કેમ લોપાય?'

'અરે ભલા માણસ ક્રોધની અવસ્થામાં જ શ્રાપ અપાય. ક્રોધ કરનાર સામાન્ય માણસ હોય તોય દુનિયા તેને ધીક્કારે છે. આતો રૂષિઓ તેનાંથી ક્રોધ કરાય? સાધુતા ત્યાંજ ત્યક્તાતા સંભવે. ક્રોધી રૂષિઓથી આજ્ઞાધારક દ્વારપાળો સાચા નહેતા? ને થોડાક વખત જાળવી ગયા હોત તો સનકાદીકને કયાં વાંધો આવે તેમ હતો તે શ્રાપ દઇને બેઠા?

'ન્યાય તો જય-વિજયના પક્ષે હતો. દરેક પોતાના ધણીની આજ્ઞા માથે ઉઠાવે છે તેમ તેમણે ય કર્યું. છતાં ક્રોધીઓની તરફેણુ તાણી શ્રાપનું નીવારણુ ન કરનાર ભગવાન ત્યાં ન્યાય કે અન્યાય કોનો પક્ષ સ્વિકારે છે?' ઠાવકી બાનીમાં રામભા બોલ્યે જતો હતો.

'ને રહો. એ વાત ત્યાં પડતી મૂકો. શ્રાપ મીથ્યા ન કર્યો તો કાંઇ નહિ. જય-વિજયની કાકલુદી ભરી અરજથી તેઓ પ્રભુપદને શ્રાપ ભોગવી જલદી પામે તેનો સરળ રસ્તો માગ્યો ત્યારે પ્રભુએ શું કર્યું?'

'મને જલદીથી પામવા માટે જગતમાં જન્મી મારી દુષ્મનાવટ વહોરો તો ત્રણ અવતારે મારા પદને પામો. ભક્તિભાવે ભજો તો સાત અવતારે અહીં આવો.' ત્યાંય અન્યાય નથી થતો?

'ભક્તિભાવે ભજે તો તો સાત અવતારે, તેમના પ્રયત્નો યે દુનિયા સંસ્કારી થાય. અન્યાય કરતી અટકે, જ્ઞાનરસમાં તરબોળ બને.'

'ત્યારે દુષ્મનાવટમાં તો દુનિયાને ત્રાહીમામ પોકારવાનું હોય. લોહીની નદીઓ વહેવડાવવાની હોય, બહેનો-દીકરીઓની આબરૂ લૂંટાય, સંસ્કૃતીનો લોપ થાય ને ભારોભાર અન્યાય વધે.

'ને ટુંકા જ વખતમાં પ્રભુપદને પામવાની આશાએ સાતને બદલે ત્રણુ અવતારો દુશ્મન ભાવે પ્રભુને ભજવાના પસંદ કરનારા દ્વારપા-

જોએ, રાવણ ને કુંભકર્ણ, હીરણ્યાક્ષ ને હિરણ્યકશ્યપ કે શીશુપાળના અવતારમાં આ તો ભારોભાર કર્યું ને!

'બોલો, બોલો પ્રભુપદને પામવા માટે પાપ કરો તો તેને જલદી પ્રભુ મળે છે, તમે જેને પૂન્ય કહો છો તે કરોતો તો વખત લાગે. ત્યાં પ્રભુ ન્યાય સ્વિકારે છે કે અન્યાય?' બોલતો જતો તો તેમ તેમ રામની પ્રતીભા કોઈ ઔર સ્વરૂપે ખીલતી જતી હતી.

સાંભળતા સાંભળતા તો શંભુપ્રસાદ લાલ ત્રાંબાવરણા થઈ ગયેલા. કયારે રામ પૂરું કરે ને કયારે તેને જવાબ આપી દઉં, એવી અધી-રાઈ આવી ગયેલી. કયારેક પગની પાની ઉપર ગોઠણભર થઈ જતા, તો કયારેક સફાળા જ ઊઠી હાથ લાંબા ટૂંકા કરતા. રામને જવાબ આપી દેવાનો ડોળ કરતા, અંગરખાની બાંયો કોણી સુધી ઉપર ચડાવી બેસતા, તો કયારેક રીંસમા ને રીંસમાં કંસોની ગાંઠોને છોડતા.

રામ બોલતો બંધ થયો કે તરત જ તાડુકી ઊઠયા. 'તમે તો જબરા નાસ્તીક, ભાઈ! રામાયણ ઉપર શંકા લાવનાર તમે કોણ!'

'મારામાં નાસ્તીકપણું જોનારને મારી વિનંતી છે કે મને ઉઠેલી શંકાનું સમાધાન કરે. પોતાની નબળાઈનું પ્રદર્શન ન કરે?'

તાત્કાલિક તો કોઈ દલીલ ગોઠવી ન શકવાથી 'તમારી જેટલી શંકાઓ હોય તે બધી સાથે કહી નાખો તેનો જવાબ એક સાથે કહેવામાં આવશે.' એટલું બોલીને ત્યારે તો શંભુપ્રસાદ બેસી ગયા.

રામ આગળ વધ્યો. 'દુશ્મનાવટ તો વાલી ને સુગ્રીવ વચ્ચે હતી. વાલીએ રામનું કાંઈ બગાડયું ન હતું છતાં તેને મારવાનું કાંઈ કારણ?'

'સુગ્રીવની સ્ત્રી ઉપાડી જનાર વાલીને હણવામાં રામે મિત્રધર્મ

બજાવ્યો હતો.' શંભુપ્રસાદને ફાવતો જવાબ મળી ગયો એટલે વચ્ચે જ બોલી ગયા.

'મિત્રની વહારે ધાયા તે તો ઠીક તો પછી વાલીને ખુલ્લું આવાહન આપવાને બદલે ઝાડના ઓથે લપાઈને તીર છોડનારા રામ ભૂલને પાત્ર ન હતા ?'

'લંકામાંથી રામ સીતાજી સાથે અયોધ્યા આવ્યા. નગરચર્ચામાં સીતા વિષે શંકાઓ સાંભળનારા રામ, સીતા તો અદ્યતન સતી હતા તે જાણવા છતાં તેમને શા માટે જંગલ મોકલ્યા ?'

શંભુપ્રસાદને ત્યાં ય જવાબ આપવાની મોકળાશ મળી ગઇ. 'લોકોને નીતિ શીખવાડવા ને કોઈ અસત્યનો રસ્તો લેતા થાય નહિ તેટલા ખાતર રામે આ વલણ લીધેલું.'

રામને એ સંતોષકારક ન લાગ્યું. 'જગતને ન્યાય બતાવવા જતા સતીના તરફ તેને જંગલમાં મોકલવાનું આચરણ કરવાથી, ખરી સતી સીતા અસતી છે એવું પગલું ભરવું એ અન્યાય નહિ !'

સનાતની સભાને તો શંભુપ્રસાદ વધારે સારા લાગેલા. પણ તે જોઇએ તેવા જવાબ આપી શકયા નહિ. વળી વખત જતો હતો તેથી રામાયણ સમેટી મહાભારત ઉપર આવવું પડયું.

ઉમેશ બોલતો ગયો. 'કૃષ્ણને બ્રહ્મચર્ય પાળનાર તરીકે ઓળખાવનાર આપણે તેને વ્યભીચારી ચીતર્યો છે. સોળહજાર એકસોને આઠ ગોપીઓ સાથે ક્રીડા કરતો કલ્પ્યો છે. તો વળી કયાંક કાળને જીતતો ને હારતો કલ્પ્યો છે, તો કયાંક ગોપીઓ તેનાથી ઝૂરતી બતાવી છે. આ બધો વિરોધાભાસ શો ?'

તેનો જવાબ આપવા ગોઠવેલા દેવશાસ્ત્રી વિદ્વાન હતા, શાન્ત ને ધીર ગંભીર હતા. તેમણે સચોટ જવાબ આપવા માંડયા. 'કૃષ્ણ

એટલે દરેક માનવ શરીર. શરીરમાં સોળ હજાર એકસો આઠ ગોપીકા-નાડી છે. તે દરેકને વશ કરી, એવું સર્વત્રોભદ્ર બ્રહ્મચર્ય પાળનાર કૃષ્ણ. પાછળથી ક્ષેપકકારે ગોપાકા-નાડીને ગોપી ઠસાવી દીધી.

'યોગની ક્રિયા કરી કૃષ્ણે પ્રાણને સુષુમણામાં દાખલ કરેલ એટલે બધી ગોપીકા-નાડી પ્રાણવીહીન બની ગઈ. પ્રાણની યાચના કરવા લાગી. કૃષ્ણ ગોકુળ એટલે ઇન્દ્રીઓના જૂથમાંથી મથુરા એટલે સુષુમણામાં ગયા. ગોકુળ-મથુરાને ચાર માઈલનું છેટું. વચ્ચે જમના નદી, તે પાર કરી ગોપીઓ કૃષ્ણને મળવા મથુરામાં જાય તો તેને કોણ અટકાવતુંતું. પણ વર્ષો સુધી તે ઝૂરી, ને સંદેશા મોકલાવ્યા કર્યા તે તો–

'કૃષ્ણ એટલે જ પ્રાણ, યોગ દ્વારા બધી ગોપીકા-ગોકુળમાંથી ખેંચી સુષુમણામાં દાખલ થયો, પછી કૃષ્ણને ગોપીકા-ગોકુળ નાડી મળી શી રીતે શકે ભલા ?

'કાળી નાગને નાથીઓ એટલે કાળી નાગ તો કાળ. એ બળને કૃષ્ણે જીત્યો, એવી કલ્પના છે. આજથી ચારસો વર્ષ પહેલાં બંગાળામાં બોયદેવ નામના બૌધ શ્રમણ થયા. તેઓ મહાન વિદ્વાન, બંગાળામાં કૃષ્ણ ધર્મ ત્યારે વધારે પ્રચલીત. તેમાં પોતાનો બૌધ ધર્મ ફેલાવતા તેમને અડચણ નડી. આથી કૃષ્ણ-વૈષ્ણવ ધર્મને હલકો પાડવા ને પોતાનો ધર્મ ઉત્તેજવા તેમણે 'કૃષ્ણ ચરિત્ર' નામનો ગ્રન્થ લખ્યો.

'આ કૃષ્ણ ચરિત્ર છપાણાં પહેલા તો કૃષ્ણ પુરણ પુરૂષોત્તમ જ હતા. આ ગ્રન્થે બધી લીલાઓ પેદા કરી, ને વાતાવરણને ડોળી માર્યું. આપણે રાધા કૃષ્ણની કેટ-કેટલીય વાતો કરીએ છીયે, પણ ભલા આપણા શાસ્ત્ર ગ્રન્થોમાં રાધા જેવું કોઈ સ્ત્રી પાત્ર જ નથી.'

ઉમેશે બીજી શંકા ઉઠાવી. 'દ્વારકામાં છપ્પન કોટી જાદવ. તે

ત્યારનું દ્વારકા કેવડું મોટું. અત્યારના હિન્દુસ્તાનમાં ચાળીશ કરોડ વધારે પડે છે તો ત્યારે હિન્દુસ્તાનમાં એકલું જ દ્વારકા આટલી વસ્તી ધરાવે તો બીજા શહેરનો સરવાળો કરતાં વાત કયાં જાય ?'

દેવશાસ્ત્રી : ઘણી વખત શાસ્ત્રકથન બરોબર હોય છે. પણ તે કહેનારા ભળતું હળતું બોલે છે. 'છપ્પન કોટિ' એવો શબ્દ મહાભારતમાં છે અને કોટી એટલે ગલ્લી કે સમાજ એવો ચોખ્ખો હિન્દીનો અર્થ છે. દ્વારકામાં ત્યારે છપ્પન ગલીમાં કે પછી છપ્પન જાતના યાદવો વસતા એવો એનો અર્થ છે.'

ઉમેશ : અક્ષોહીણી સૈન્યની કલ્પના ને તેના આંકડાનું ધોરણ નવાઈ પમાડે તેવું છે.'

દેવશાસ્ત્રી : તમે એક જૈન મંદિરમાં જાઓ. રાત્રે પૂજા પછીની આરતી ઉતારવા હરિફાઈ થાય છે. જે વધારે મણ ઘી બોલે તે આરતી ઉતારે છે. હજારો મણ ઘીના ચડાવા થાય છે ને આરતી ઉતારાય છે. પણ એક મણ ઘીનું અર્ધા રૂપિયાભાર લેખે ગણી લેવાય છે. તેમજ અક્ષોહીણીની સંખ્યા મોટી બતાવવા આવા આંકડામાં તે લીધી હોય. તેના હિસાબ ત્યારે કેમ કરાતા હોય એ અત્યારે તો કેમ કહી શકાય ?'

ઉમેશ: સગર રાજાને ઘેર તુંબડામાંથી સાઠ હજાર પુત્રો થયા. મહાભારતમાં પાંડુના મરણે, તેની બળતી ચેહ ઉપરથી તેનું કાળજુ સુંઘતા ત્રણ ભવનું સુજે એવી શીખામણ મળતા પાંડવો ત્યાં જવા નીકળ્યા. કૃષ્ણને ઈર્ષા થઈ કે આ બધા સુંઘશે તો અત્યાર સુધી ત્રણ ભવની વાતો જાણવાનો ઈજારો લઈ બેસનાર હું શું કરીશ !

'કૃષ્ણને પોતાની શક્તિનો અવિશ્વાસ ને બીજા પોતાના જેવા બને તેની ઈર્ષા. પાંડવો બાપની માટી સુંઘવા તૈયાર થાય ને ત્યાં સુધીની હીન દશા બતાવે. આ બધો શો ગોટાળો ?

દેવશાસ્ત્રી : આપણી મૂળ પ્રતોમાં આવું લખાણ તો ક્યાંયે નથી. તમને કીધું નહિ કે ક્ષેપકકારોએ ને ધર્મના વાડાએ આ બધું ઘુસાડી દીધું છે.'

ઉમેશ : પિતૃ શ્રાદ્ધ વખતે ઉજાણીમાં નહિ મોહનથાળ, નહિ મેશુબ કે લાડુ પણ દૂધજ. ખીરને દુધપાકજ આપવાનો આગ્રહ શાસ્ત્રે શા માટે રાખ્યો હશે ? દીવાળીનો ઉત્સવ ગણ્યો તો મોટો. તો પછી એ ફટાકીયાથી, ને બીજા કશાથી ન ઊજવવો તેનું કારણ ? '

દેવશાસ્ત્રી : તે વખતનો લોકમત એવો કાંઈક હતો કે ધર્મને નામે જેટલું થઈ શકતું તેટલું બીજા કશાથી થઈ શકતું નહિ. તંદુરસ્તી જાળવવા ધર્મને નામે વ્રત્તો રચાયલાં. શ્રાદ્ધમાં મુખ્યત્વે દૂધ તો એટલા માટે વપરાય કે ચોમાસાના પાણી ચડયાં હોય. લીલા શાક, ચીભડાં ને ડોડા ખવાતા હોય, તેથી પીત વધે. તેને હટાવવા દૂધ આબાદ ઈલાજ. આપણા સમાજમાં તો એવા વહેવાર કે એકને ઘેર બીજો ને બીજાને ઘેર ત્રીજો શ્રાદ્ધમાં નોતરાય. પંદર દિવસના દૂધ જમણે પીતનો નાશ થાય. તંદુરસ્તી જળવાઈ રહે.

'ચોમાસાના વરસાદે અસંખ્ય જીવજંતુ પેદા થયા હોય. ફુદા, ગોકળ ગાય, ટીડડાં વગેરે નાના મોટા જંતુઓ કડવા નક્ષત્ર વરસવાથી પેદા થાય. વાતાવરણને બગાડે. તેમાંથી બચવા, તેનો નાશ કરવા દીવાળી ઉપર ફટાકીઆ દારૂખાનું દરેક ઘરે ફોડાય તો ઘર-ઘર ફૂટેલા દારૂખાનાંથી ઉત્પન્ન થયેલા ઝેરી ધુમાડે ઉપલા જંતુઓ નાશ પામે. તંદુરસ્તી બગાડતા અટકે.'

પ્રશ્નો ખૂટતા ને નવા ન મેળવી શકતા ઉમેશે પ્રશ્નો પૂછવાનો હવાલો રામભાને આપ્યો. રામે શરૂઆત કરી.

'પિતૃ શ્રાદ્ધો પહોંચતા હશે ? પાપીને તરવા-વૈતરણી પસાર કરવા ગાય વગેરેના દાન આપવા વગેરે ધર્મ કહે છે તે બધું શું ? '

દેવશાસ્ત્રી : ધાર્યને રામભા કે અહીં અત્યારે તું સાવ બેકાર થઈ ગયો છે. કયાંયથી પૈસા મેળવી શકે તેમ નથી, તારે ઘેર જવું છે, તારા બાપુ પાસેથી પૈસા મંગાવે. તારા બાપુને એમ થાય કે સ્વર્ગ કે નર્કમાં બેઠેલાને-બ્રાહ્મણોને દાન-દક્ષિણા કરવાથી પહોંચી જતું હોય તો તને અહીંજ ભવાનીપૂરમાં, આજ દુનિયામાં બ્રાહ્મણને દસ રૂપિયા આપતા કાં ન પહોંચે ! ધારીને તારા બાપુ શીવા મારાજને રૂપિયા દશ આપ્યા. તને મળ્યા ?

'એક માણસ માંદો પડયો, ગળે પાણી સુદ્ધાં ઊતરતું નથી. ડોકટરી અભિપ્રાય પડયો કે પાણી ગળા હેઠળ ઊતરે તો બચે. તેને તો ઉતરે તેમ ન હતું. ઘરનાયે રસ્તો કાઢયો. પરભુ મારાજ લોહી ચાળ વૈતરણી નદીમાંથી પિત્રુને તરાવવાને નામે ગાય લઈ જાય છે ને પિત્રુને તારે છે તો તેને જ પાણી પાવાથી માંદા માણસને ગળે અવશ્ય પાણી ઊતરશે. પરભુ મારાજને બોલાવી પાણી પાયું. ભલા તે માંદા માણસને ગળે ઉતરશે ?'

'અમારા વર્ગને ખુલ્લો પાડતા મને દુઃખ થાય છે. પણ જ્યારે તમે ખરાનો તાગ લેવાજ બેઠા છો ત્યારે ખોટું શીદ કહેવું ? બ્રાહ્મણોના આદ્યો સ્વપ્નદૃષ્ટા હતા. તેમને લાગેલું. પોતાના વારસો સંસ્કારે નબળા થશે. તેમના ખટકર્મ ભૂલશે. આજીવિકાનું કોઈ સાધન તેમની પાસે રહેશે નહિ.

'તેઓ ભૂખે ન મરે તેટલા ખાતર શાસ્ત્રોમાં એ સ્વપ્નદૃષ્ટાઓ ધર્મને નામે એવું મૂકતા-લખતા ગયા. જેને આધારે લોકો દાન દક્ષીણા આપતા રહે ને બ્રાહ્મણો તેમાંથી નીર્વાહ ચલાવતા રહે ?'

'બ્રાહ્મણોએ ય આથી દુઃખ લગાડવાનું નથી. બ્રાહ્મણના ઘરે જન્મ્યે કાંઈ થોડા જ બ્રાહ્મણ થઈ શકાય છે ? આપણા શાસ્ત્રો તો એટલે સુધી જઇને કહે છે. બ્રાહ્મણો જન્મતા નથી. એ તો

એના કર્મે ઘડાય છે, સંસ્કારે ઓપે છે. એટલે હરેક બ્રાહ્મણ બની શકે. બ્રાહ્મણનો એક સ્વતંત્ર વર્ગ માની બેઠા છીએ એ જ દુઃખ છે ને ! બ્રાહ્મણ તો ઘડ્યો ઘડાય.' દેવ શાસ્ત્રી દેવવાણી બોલી રહ્યા હતા.

રામ : ત્યારે આ માનતાઓ મનાય છે. નાળીયેર વધેરાય છે. હનુમાન, શંકર, માતા, સત્યનારાયણ વગેરેને તેનું શું ?'

દેવશાસ્ત્રી: એ તો એમ છે ને કે દરેક માનતા પાછળ કાંઈક કારણ રહેલું જ હોય છે. આપણે મુશ્કેલીમાં આવ્યા હોઈએ. કોઈક માંદુ હોય તેને સાજુ કરવા, કાંઈક ખોવાણું હોય તે મેળવવા, વેપારમાં લાભ મળે તેટલા ખાતર આમ કરવું પડે છે. સામાન્ય મુશ્કેલીમાં આવેલા આપણે, અમલદારની હડફેટે ચડ્યા હોઈએ કે કાંઇ ગુનો કરી બેઠા હોઇએ ત્યારે લાંચરુશ્વત આપી નથી છૂટતા ! તેમજ દુનિયાદારીનો કોઈ માનવી આવેલી મુશ્કેલી ન ટાળી શકતો હોય એવા વખતે જેમ અમલદારને લાંચ આપી ઠગીએ છીએ તેમજ માનતા માની આવેલી મુશ્કેલીમાંથી છૂટવા દેવને નથી ઠગતા ?

'ધારોને કે આપણોજ દીકરો માંદો હોય. તે સાજો થાય તો હનુમાનનો લોટ કરીશ, પીરને મળીંદો ચડાવીશ કે શંકરને નીર્માલ્ય ચઢાવીશ. એવી માનતા છોકરો સાજો થયે તો કરીશું. પણ છોકરો ગુજરી ગયે માનતાને અદ્ધર લટકાવીશું.

'અમલદાર આપણું ધાર્યું કામ ન કરી શકે ને તેને ઠરાવેલી લાંચ આપતા નથી તેમજ દેવને વિષે. આપણી સ્વાર્થીનીતિ બધે કામ કરી રહી હોય છે. આપણે જેને દેવ કહીએ છીએ તે જો આપણી માન્યતા પ્રમાણે અદ્‌ભૂત શક્તિજ હોય તો તો તેને દુનિયા આપે ને તે લ્યે એ કાંઈ બનવા જેવું છે ખરું ? તેને ઘરે કયાં તાણ હતી કે આપણી આશા કરે ?'

રામ : તો તો પછી આ બધા દેવસ્થાનોને થાળ ધરે છે, અન્નકોટ પૂરે છે કે બાળભોગ ધરાવે છે તે બધું શું ને શા માટે ?'

દેવશાસ્ત્રી : ત્યાંય આપણે રસ્તો ભૂલ્યા છીએ, કારણ તો એમ હતું કે યજ્ઞ કરીને જમવું એટલે પોતાની પાસે જે હોય તેનો અમુક ભાગ દેવને નામે કાઢવો, તેને ધરવો ને પછી ગરીબ ગુરબામાં વહેંચી દેવો. ત્યારે અત્યારે તો આપણાં ઘરમાં સારા વાના કર્યા હોય તે દેવને ધરવાને નામે તેને બતાવી-અડાડી આપણે જ સ્વાહા કરી જઇયે છીએ.

'આગળ લોકો કષ્ટ ભોગવતા-ઉપવાસ કરતા. તો એ ઉપવાસ દરમિયાન પોતે ખાધું-પીધું નહિ તેથી જેટલી ચીજો વધી તે બધી ભીખારીઓને બોલાવી જમાડી દેતા. ત્યારે આજે આપણે સંગ્રહી લઇએ છીએ.

આવી માનતાઓ કરવી એની પાછળ ધર્મની તો એવી માન્યતા હતી કે તેના દ્વારા, પહોંચી શકે એવા માણસો ઉદાર રહે ને પોતાનામાંથી અપંગ, આંધળા, લૂલા-લંગડાને પોષણ આપતા રહે.

'આપણે જેને કુદરત કહીએ છે તેને ઘરે કયાં ભૂખ હતી કે તે આપણી આશા કરે. આપણને અનાજ-પાણી ફળ-ફળાદી પૂરું પાડનારને થાળ ધરનારા આપણે તેની મશ્કરી નથી કરતા ?

'થાંભલી કે પથ્થરને ભટકાઇ માર ખાઇ બેસનારા આપણે કોઇક પૂછશે કે ગોઠણે શું વાગ્યું ? તો જવાબ દેશું કે થાંભલી વાગી કે પત્થર અફળાયો. શું તે નર્જીવ વસ્તુઓ આપણને ભટકાવા આવી હતી કે આપણેજ તેને અથડાયા હતા !

'એ તો એમ છે કે રાત્રે ફાનસ લઈને ચાલનાર માણસને આપણે ભટકાઈએ ને સામેથી કહીએ-એય આંધળો મુઓ છો. પેલો જવાબ આપે કે 'ભાઈ આંધળો છું એટલે તો ફાનસ રાખું

છું, જેથી મને કોઇ સામે મળતા દેખતા માણુસો ભટકાય નહિ.' આવું જ આપણું, આપણી ધર્મ વિષેની માન્યતાનું, ને બધું સમજવું ને!'

'રામ : કેટલાક વહેમો શાસ્ત્રને નામે કહી-કેવરાવી ઘુંસાડવામાં આવ્યા છે. જુઓને આ બુધવાર જ, તે દિવસે ભાઇ-બહેન છૂટા પડી શકે નહિ, મહેમાનોને રજા આપી શકાય નહિ. તેનું શું!'

દેવશાસ્ત્રીઃ એય બધી ગલત વાતો છે. રામભા! માનને કે મારી દીકરીના લગ્ન છે. જાનને આપવાના હતા તેટલા ખર્ચ આપી દીધાં. વળતે જ દિવસે વળાવવાની છે તે દિવસ બુધવાર છે. શું હું જાનને રોકીશ? નાના. ત્યાંય સ્વાર્થની બાજી રચાણી છે. બે ત્રણ મહેમાનો હોય તો બુધવારે રોકવામાં બહુ સહન કરવાનું નહિ. આખી જાનને બુધવારે રોકતા ને ખર્ચ આપતા બરડો તુટી જાય. તે દિવસે મહેમાનોને તડકે મૂકાય. આશ્વાસન લેવાય કે 'મોડબંધા ને બુધવાર નડતો નથી' આ કયાંનો ન્યાય?

'ઘરમાં મરણ થાય તેના બારમામાં લાડુ, સાટા, જલેબી મોહનથાળ ને મેસુબ ઉડાવનારા આપણે વળતે જ દિવસથી આ બધાની અગડ નથી લઇ બેસતા! મરનારના તરફ સહાનુભૂતિ બતાવવાનો ડોળ કરનારા આપણે ત્યારે કેટલા નિર્બળ, કેટલા અસહાય ને કેટલા કંગાલ છીએ તેનું ભાન નથી થતું? બધે જ સ્વાર્થભર્યો છે.'

દેવશાસ્ત્રીની શાન્ત જબાનમાંથી જરતી આ એકધારી વાણીથી, તેમાં નૂતન તત્વ ભરેલું જોઇને વિદ્યાર્થીઓ ખુશ ખુશ થઇ ગયા હતા. સનાતની મંડળ ઘડી-બેઘડી ઉપર તળે થયેલું ખરૂં છતાં શાસ્ત્રીની પ્રતિભા તેમને ડારતી એટલે દેવને બોલતા તેઓ અટકાવી શક્યા નહિ.

રામઃ શાસ્ત્રીજી! ગીતાજીમાં એક ઠેકાણે કહ્યું છે. 'શુદ્રને તપનો અધિકાર નહિ. આ શું ખરૂં?'

દેવશાસ્ત્રી : 'યદા યદાહી ધર્મસ્ય ગ્લાનીર્ભવતી ભારત.' એવું વાક્ય ઉચ્ચારનાર કૃષ્ણચંદ્રની ગીતામાં આ ન સંભવે. એ તો અવળો અર્થ કરનારા આપણે. શુદ્ર ને બ્રાહ્મણ એ તો કર્મના થર છે. બ્રાહ્મણ કર્મે શુદ્ર થઈ શકે છે. શુદ્ર બ્રાહ્મણ બની શકે છે.

'વાલ્મીકી તો એક શુદ્ર કોટીના જ જીવ હતાને ! કર્મે બ્રહ્મર્ષી થયા. રામાયણ જેવો અગાધગ્રંથ જગતને લખી કરી સોંપ્યો. વિદુર કોણ હતા ? ને એવા કેટલા શુદ્રો બ્રહ્મો થયા ને કેટલા બ્રાહ્મણો કર્મ ચંડાળ થયા !

'ને રામભા ! બેટા, તારી રામાયણની શંકાઓનો જવાબ ય મારી પાસે છે. પણ અત્યારે વખત નથી. નિરાંતે મારી પાસે આવજો. તમારી મૂંઝવણો, તમને દુઃખ પેદા કરતા હોય એવા પ્રશ્નોનો ઉકેલ કરી જજો.'

ચર્ચા ખૂબ જ આગળ વધી ગઇ હતી. સાંભળનારા ને બોલનારા કંટાળ્યા ન હતા છતાં થાકયા તો હતા. ગીતાજી ઉપરની ચર્ચા ભવિષ્યે મુલત્વી રાખવામાં આવી. સભાહોલમાંથી બહાર નીકળતી વખતે એકલા શંભૂપ્રસાદ સિવાય બીજા બધાના મોઢા ઉપર એક કે બીજા પ્રકારનો સંતોષ વ્યક્ત થતો હતો. રામના પ્રશ્નોના જોઇએ તેવા જવાબો આપી ન શકવાનો શંભૂપ્રસાદને વસવસો રહી ગયેલો.

પ્રકરણ છઠ્ઠું

ધડાકો

મેટ્રીકની પ્રીલીમીનરી પરીક્ષાઓ પૂરી થઇ ગઇ હતી. જ'ત્રી હાઇ-સ્કૂલના વિદ્યાર્થીઓ યુનીવર્સીટીને માટે તૈયારીઓ કરી રહ્યા હતા. બોર્ડીંગોનું વાતાવરણ અત્યારે પ્રવૃત્તિમાં લાગતું. આખા વરસમાં હોય તેટલા બધા બોર્ડરોની હાજરી જમવાના બે વખત સિવાય કયારેય હોતી નથી. કોઇક સીનેમા જોવામાં કોઇક ક્રીકેટના મેદાન ઉપર તો કોઇક હાઇસ્કૂલમાં વધારાના વર્ગો ભરવામાં તો એક નહિ તો બીજા કામમાં રોકાયલા જ હોઇ, એ બધા પરીક્ષાના વખતમાં રાત્રે તો તૈયારી કરવા ખાતર હાજર હોય જ હોય.

વર્ષના નવ મહિના અભ્યાસ તરફ બેકાળજી રાખનારા પ્રીલી-મીનરી પછી ને યુનીવર્સીટીની પરીક્ષા આપવા સુધીના દોઢ માસના ટુંકા ગાળામાં કંઈ કેટલાય ઉજાગરા ખેંચી કાઢે છે.

વાંચતા વાંચતા ઊંઘી ન જવાય તેટલા ખાતર ઊભા ઊભા જ વાંચે, કોઇક ચોટલી સાથે દોરી બાંધી ઉપર લટકાવી એક મધ્યબિંદુ રચે છે કે ઝોલું આવતાં જ ચોટલી ખેંચાય, ભાઇસાહેબને જાગતા જ રહેવું પડે. કેટલાક પરસાળમાં આંટા મારતા જાય ને મોઢેથી ગોખતા જાય. એકંદર આવતી ઊંઘમાંથી બચવાના બધા સાધનો ત્યારે વિદ્યાર્થી-ઓ અજમાવે.

વર્ષભરમાં બોર્ડીંગના વ્યવસ્થાકારો જેટલું આસતેલ બચાવી શકે તેથી કયાંય વધારે આ વખતે ગુમાવી દે. હરિફાઇએ ચડેલા વિદ્યાર્થી કયારેક તો આખી રાત વાંચી, સવારમાં પરબારા દાતણ કરવાજ ઊઠે.

કેટલાકની આંખો સુજી ગઈ હોય, કેટલાક વાળુને સમ્પૂર્ણ ઇન્સાફ દઇને પછી જ અભ્યાસ કરવા બેઠા હોય એટલે ખાધેલું પચે નહિ. કબજિયાતની વ્યાધી ઊભી થાય. મેટ્રીકની પરીક્ષા પસાર કરતા કરતા એટલા બધા ભયસ્થાનો વટાવવા પડે કે લગભગ સીત્તેર ટકા વિદ્યાર્થીઓ પોતાની સદાની તંદુરસ્તી ગુમાવી બેસે.

ભવાનીપુર યુનીવર્સીટીની પરીક્ષાનું સેન્ટર હતું. બહારથી અસંખ્ય વિદ્યાર્થીઓ આ સેન્ટર ભરતા. કોલેજની હોસ્ટેલમાં આ બધાની સગવડ થઇ જતી.

તેમને જમવાની વ્યવસ્થા કોન્ટ્રાકટથી અપાતી. કોન્ટ્રાકટર આ સાડાચાર દિવસના જમણ–વરામાંથી તારવી લેવાના ઘણા–ઘણા પ્રયત્નો કરી લેતો.

ભેળ–સેળવાળું દૂધ–સળેલું અનાજ, ખોરા મશાલા કે વાસી શાકના નમૂના ત્યારે ત્યાં જોવાને મળતા. જમવાનો બેલ એવે વખતે જ વગડતો કે જમ્યા પછી વિદ્યાર્થીઓને સેન્ટરમાં પરીક્ષા આપવા જવાનો વખત થઈ ગયો હોય. એટલે રસોઇની કદ્રુપતા કે ખામીની ફરિયાદ કરવાને તેઓ ઊભા રહી શકતા જ નહિ.

સાડાચાર દિવસના અન્તે કોઈને રસોડાની અવ્યવસ્થા સામે કાંઇ કહેવાનું હોય તો, કોઇકના પેપર નબળા ગયા હોય તેઓ અફસોસ ગુજારતા, કેટલાક ધાર્યા બહાર સારા પેપર લખી આવ્યા હોય એટલે લહેરમાં આવી ગયા હોય તો કેટલાક 'આટલો અઘરો પ્રશ્ન પત્ર કયારેય આવ્યો નથી, કે આ પેપર જેને ભાગે રજૂ કરવાને આવ્યો હશે, તે જ્યારે લખતો હશે ત્યારે ઘરના છોકરાંને સાચવવાની ટંટાળે

કે બાયડીના બળાપે તે દિવસે કંટાળ્યો હશે તેથી, તેની બધી રીસ પેપરમાં ઉતારીને તે અધરો થયો. કયાં એ ભાઈને સોલ કરવો છે. આપણી દયા જ એને શેની આવે?' આવી આવી ચર્ચામાં ઉતરી પડતા. તેથી, રસોડા સામેની ફરિયાદો અદ્ધર જ લટકી રહેતી.

ભવાનીપુરના કારભારી રજવાડી રસમોને ઘોળી-પી ગયેલા. લગભગ બધા રજવાડાં એમની સલાહ લેતા ને તેઓ આપતા. કયારેક પૂર્ણ પ્રજા વિરોધી બળોમાં તેમને બેઠેલા જુઓ, તો કયારેક ગાંધીજીના ચરણે બેસતા જુઓ.

એવા આ વિરોધાભાસની મૂર્તિસમા રાજસ્થાની મુત્સદ્દીની પ્રશ્નોત્તરી અવારનવાર કોલેજ-હોસ્ટેલમાં પરીક્ષા આપવા આવતી વખતે વિદ્યાર્થીઓ વચ્ચે ગોઠવવામાં આવતી.

આજની રાતે એ ગોઠવણ પ્રીન્સીપાલે કરી હતી. જૂદા જૂદા દૃષ્ટિકોણથી, પોતપોતાની કુતુહલવૃત્તીને પોષે એવા પ્રશ્નો કેટલાક વિદ્યાર્થીઓએ પૂછયા. તેને ઘટતા જવાબ તેમણે આપ્યા.

પુછાયલા બધા પ્રશ્નોમાં રામના બે પ્રશ્નોના ને તેના કારભારીએ આપેલા જવાબો મહત્વના ને આગળ તરી આવે એવા હતા.

રામ: ધારો કે હિન્દને આજે જ સ્વતંત્રતા મળી ગઈ ને આવતી કાલે સ્વતંત્ર હિન્દના પ્રથમ પ્રમુખ તમને નીમવામાં આવે તો પહેલું પગલું કેવું ભરો ?

કારભારી: પહેલે ધડાકે તમને વિદ્યાર્થીઓને જેલમાં પુરું. રાજકારણને નાહકના તમે ડોળી નાખો છો. તમારી ઉતાવળ વૃત્તિથી ખરાબ પરિણામો લાવો છો. તમારો થનગનાટ સાચે રસ્તે દોરવાને બદલે ખરાબે ચડી જાવ છો.'

વિદ્યાર્થીઓની પ્રવૃત્તીથી સદાય ભડકતા આ કારભારી હરિપૂરા કોંગ્રેસમાં હાજરી આપવા જતા, રસ્તામાં જ તેઓ હૃદય બંધ પડી

જતા ગુજરી ગયા. નહિતર આજની આ છેલ્લી લડતમાં વિદ્યાર્થીઓના આત્મભોગ જોઈ કારભારીને પોતાનો અભીપ્રાય ફેરવવો પડત.

રામનો બીજો પ્રશ્ન એવા પ્રકારનો હતો. તમારી અને વડી સરકાર વચ્ચે બંદરના હક્કો વિષે ઝઘડો થયો ત્યારે તમે એકલા લડવા ન જતા પ્રજાને સાથમાં લીધી હોત તો અત્યારે–બાણું લાખ ઉત્પન્ન આપતું તમારૂં બંદર–સાત આઠ લાખે આવી ગયું તે ન થાત ને !

કારભારીઃ 'તમો બધા જે વિચારો ધરાવો છો તેવોજ એક હું પણ હતો. જગતમાં કાંઈક કરી જવાની મારીયે ભાવના હતી. પણ આપણા બધા વિષે બને છે તેમ નોકરીમાં જોડાઈએ છીએ ત્યારે કોણ જાણે કેમ પણ જૂની ઘરેડમાં પડવાથી, કે પછી વધારે પૈસા કે કીર્તિ કમાવાના લોભે, કે પછી રાજનું અનાજ પેટમાં પડવાથી, અમે બધા ન કરવાનું કરી બેસીએ છીયે. તમે બધા એવું કરતા અટકો.'

દુઃખથી બોલાયલા કારભારીના આ શબ્દોએ દરેક વિદ્યાર્થી ઉપર સજ્જડ છાપ પાડી. ચાંદનીમાં બધા વિખરાણાં ત્યારે 'આવો જબ્બર મુત્સદી સાચે રસ્તે ન દોરવાણો ને રજવાડી કાવાદાવામાં સલવાઈ ગયો.' તેનો બધાને અફસોસ હતો.

બીજે દિવસે પરીક્ષા શરૂ થઈ ગઈ હતી. બપોર પછી ગણીતનો પેપર હતો, ગણીતમાં અત્યાર સુધી દરેક વર્ગમાં રામ સોયે સો ટકા માર્ક મેળવતો. બે કલાકમાં Try any five વાળા પાંચ દાખલા ગણવાના હતા. રામ અર્ધી કલાકમાં જ ગણી બેઠેલો.

પાછલી પાટલીએ બેઠેલો તેનો મીત્ર રંગનાથ હજુ એકેય દાખલો ગણી શકેલો નહિ. ગણી શકાશે કે કેમ તેની ચીંતામાં તે બેઠો હતો.

તેના કાકલુદી ભરેલા ઈશારાએ પોતાનો પેપર રામે તેને આપ્યો ને રામ ફરીથી લખવા મંડાણો. લાગવગે આવેલો સુપરવાઈજર ત્રણ અંગ્રેજી જ ભણેલો ને મેટ્રીકનું સુપરવાઈઝર પણું કરવા આવેલો.

અપાત્ર, પાત્રના ઠેકાણે મૂકાય છે ત્યારે તે પાત્રપણાનો ડોળ કરવા જતા વધુ પડતી કાળજી બતાવે છે. એ ન્યાયે આ સુપરવા-ઇઝરની ગીધ નજર પેપરોની અદલા બદલીને જોઈ ગઈ.

રામ ને રંગનાથ બન્નેને પકડી, ઊભા કરી પ્રિન્સીપાલની ઓરી-સમાં લાવ્યા ત્યારે ચોરી પકડી પાડવાનું ગુમાન સુપરવાઈઝરના મોઢા ઉપર તરી આવતું હતું. બન્ને વિદ્યાર્થીઓની જીભ તાળવે ચોંટી ગઈ હતી.

ભલા સીધી પ્રિન્સીપાલને કોણ જાણે કેટલીયે રીસ સુપરવાઈઝર ઉપર ચડી. આવો બનાવ તેની પચ્ચીશ વર્ષની પ્રિન્સીપાલ તરીકેની કારકીર્દિમાં આજેજ બનતો હતો. સુપરવાઇઝરને આટલી ઉતાવળ કરવા તેણે ઠપકો દીધો. ને બન્ને વિદ્યાર્થીઓને ન નીવારી શકાય તેવી ભૂલ-માંથી ઉગારી ન શકવા માટે અફસોસ વ્યક્ત કર્યો.

બન્નેને રસ્ટીકેઈટ તરીકે જાહેર કરવામાં આવ્યા. કેટલા વર્ષ તે નક્કી કરવા ચોરી પ્રકરણ યુનીવર્સિટીના મૂખ્ય મથકે મોકલી દેવામાં આવ્યું.

ભવિષ્યે મેટ્રીક પરીક્ષાના સુપરવાઈઝરો મેટ્રીક પાસ અગર સારી ડીગ્રીવાળાને જ પસંદ કરવા એવી સીધી પ્રિન્સીપાલે મન સાથે ગાંઠ વાળી.

‘ વિદ્યાર્થીઓ ભૂલ કરી બેઠા. આવી કંઈ કેટલીય ભૂલો આપણે ચલાવી લેતા નથી? આ અણઘણ સુપરવાઈઝરે બે કુમળા જૂવાનોની જિંદગી બગાડી નાખી. પણ વાત જાહેરમાં આવી ગઈ પછી હું કેમ અટકાવી શકું!’ પોતાના પ્રોફેસરની આગળ પ્રિન્સીપાલ દુઃખ રડતા હતા.

ત્યારે ભાંગેલે પગલે રામ દાદરના પગથીયા ઉતરતો હતો. આ

વરસે તો તેણે તનતોડ મહેનત કરી હતી. જંફ્રી હાઇસ્કુલના મેટ્રીકમાં બેસનારા વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવનારને ઉત્તેજનાર્થે આગળ અભ્યાસ કરવા માસિક પંદર રૂપીયાની શિષ્યવૃતી મળતી.

આવી આ શિષ્યવૃત્તિ આ વખતે રામ મેળવી જશે એવું હાઇસ્કુલનાં લગભગ બધા વિદ્યાર્થીઓ ને હેડમાસ્તર સુદ્ધાં ધારતા. તેનો આવો કરુણ અંજામ આવેલો જોઈ 'એ બધા શું ધારશે. શું કહેશે કે કંઈ કેટલાય ખ્યાલો મારા વિષે બાંધશે, એવી જાતના વિચારોની ગડમથલમાં સપડાયલો રામ પોતે કઇ બાજુ જઈ રહ્યો છે તેનું તેને ભાન ન હતું.

'અત્યાર સુધી એક પણ ધોરણમાં નિષ્ફળ ન જનારો ને દરેક વખતે ઉંચા નંબરે આવનારો હું આજે આ શું કરી બેઠો. મારૂં ગામ, દોલુભા કાકા વગેરેને શી રીતે મોઢું બતાવી શકીશ.' રામની વીચારધાર આગળ વધતી.

એમ રામ તે ક્યાંનો ક્યાં સુધી ચાલ્યો ગયો! મોર તળાવની પાળની ધારે તેને અટકાવ્યો. તળાવની વીશાળતા. તીરની માફક કાંઠેથી છૂટતાં બતકાઓને તે જોઇ રહ્યો. બે ત્રણ હોડીયોમાં ફરતાં સહેલાણીયોનો આનન્દ આજે તેને પચાવવો વસમો લાગ્યો.

ચાલીને તે મોર તળાવની વચ્ચોવચ્ચ આવેલા ઝૂલતા પુલ ઉપર આવ્યો. ત્યાં જ માથે હાથ મૂકી બેસી ગયો. નમતા સૂર્યના ધારદાર કીરણો તળાવના ઉંડા પાણીમાં પડી વક્રીભવન થઇ પાસેની ચીજો ઉપર પડી, તેને પ્રકાશીત કરતા. રામના ચહેરા ઉપર આ વક્રીભવનની ક્રીડા પડી ન પડી આથમી જતી.

સદાય હસમુખો રામ આજે લેવાઇ ગયો હતો. તેનો ચહેરો કરમાઈ ગયો હતો.

'પરીક્ષામાં નિષ્ફળ જતા કેટલા વિદ્યાર્થીઓ આવા ઝૂલતા પૂલ ઉપર ચડી, પછી પડી આપઘાત કરી મૂઆ !'

'વડોદરા વાળો પહેલો રમેશ. નાપાસ થયાના ખબર મીત્રનો તાર મળતાં આગલે વરસે જ સુરસાગરમાં પડી નહતો મર્યો?'

'જેફ્રી હાઇસ્કુલની સુશીલા, પેપરમાં પોતાનુ પાસ નામ ન જોઈ શકી ત્યારે કેવી દોરીયે લટકી જિંદગી ટુંકાવી ગઈ હતી.' પછીથી તો શરતચૂકથી રહી ગયેલું તેનું નામ પાસ નંબરમાં ઉમેરવામાં આવેલું હતું.

આવા નબળા વિચારોના થરો એક પછી એક રામના મગજમાં બાજવા લાગ્યા.

'પેલો દોરાસ્વામી ઉપરા ઉપર છ વર્ષ મેટ્રીકમાં નાપાસ થયો છતાં હજીય કયાં નથી વર્ગમાં બેસવા આવતો?'

'ને ઝંડુર પીસ્તાળીશ વર્ષેય પોતે નોન-મેટ્રીક હોવાથી નોકરીમાં બઢતી ન મેળવી શકયો તે એવડી ઉમ્મરે ય કયાં પરીક્ષા આપવા નો'તો આવ્યો !'

'આ પેલો હરિશંકર રસ્ટીકેટેજ થયો'તોને, તોય શરમ વગરનો, મુદત પૂરી થયે હાઇસ્કુલમાં આવતો જતો થયેલો.'

એવા એવા આશ્વાસન ગુંચળા રામના મગજમાં વળતાં, પણ એ રસ્તે જવામાં આ ગુમાની ને સ્વમાની જુવાનને નાનપ લાગી.

એ આપઘાતે ય કરી શકયો નહિ ને તાત્કાલિક શો રસ્તો લેવો એય શોધી શકયો નહિ.

દૂર દૂર કોલેજ હોસ્ટેલની હારબંધ આવેલી ઓરડિયોમાં દીવા બળતા હતા. ઊનાળાના દીવસો હોવાથી, આખા દીવસનો ઉકળાટ

સહન કરીને હળવો કરવા ઝેરી જનાવરો બહાર નીકળી આવી, લહેરથી ડાકલીયો વગાડતાં હતાં. પાસેના ગામડામાંથી કૂતરા ભસવાના અવાજ આવતા. તળાવના દેડકાઓ ડરાઉં ડરાઉં કરી વાતાવરણને ભયંકર બનાવી રહ્યાં હતાં. ત્યારે તળાવ ઉપરના ઝૂલતા પૂલને રામ છેલ્લી સલામ કરતો હતો !

પ્રકરણ સાતમું

છાપખાનામાં

છેક વાળુ ટાણે એ પોતાની ઓરડીયે આવ્યો. 'આજૂબાજૂના માણસો પોતાની જ વાતો કરતા હશે, તેને જ જોતા હશે.' એથી બીતાં બીતાં એ જટપટ તાળું ઉઘાડી અંદર પેસી ગયો.

ઘણી વખત એવું બને છે, માણસો જેનાથી બીયે છે તેવી કેટલીય બાબતોની સમાજને પડી હોતી નથી. વ્યભીચાર કરનાર, ચોરી કરનાર કે અવળો ધંધો કરી બેસનાર સદાય સમાજની બીક માથે લઈને જ ફરતા હોય છે. પણ આ ધમાલી જમાનામાં પોતાના-માંથી સમાજ ક્યાં નવરો થાય છે કે બીજાના છેબકાં જૂએ !

જૂઓને ફાટેલા પહેરણે કે ધોતીયે, બજારમાં જતાં આપણને લાગશે કે કોઈક જોઈ જશે તો ? તેથી આપણે તેને સંતાડતા જવાનો પ્રયત્ન કરીયે છીયે. જોવા-તપાસવાને બેદરકાર સમાજને આપણું એ વલણજ આપણા ભયસ્થાન તરફ નજર કરતું ત્યારે નથી કરતું ?

રામ જોઈતો સામાન ને બીસ્તરો બાંધી પાસેના સ્ટેન્ડ ઉપરથી ઘોડાગાડી બાંધી સ્ટેશન ભેગો થઈ ગયો. વચ્ચે એકાદ બે જણે પૂછેલું 'રામભાઈ અત્યારે ક્યાં જઈ રહ્યો છે.' ત્યારે તેણે જવાબ વાળેલો

'પટેલ બોર્ડીંગના વિદ્યાર્થીઓ સાથે બેસી આવતા દીવસનો પેપર સોલ્વ કરવામાં સુગમતા પડશે ધારી ત્યાં રાત ગાળવા જઉં છું.'

આવો ખોટો જવાબ આપ્યા પછી તુરતજ રામને પસ્તાવો થયો. 'શા માટે એક હકીકત છુપાવવા બીજો હકીકત દોષ કરી બેઠો!'

ભવાનીપૂરનું સ્ટેશન એવે ઠેકાણે આવેલું કે તેની આજૂબાજૂમાં વસેલા નવા લત્તામાં હજૂ મ્યુનીસીપાલીટી આવેલી નહિ. એક તો ગંદકીમાં ભવાનીપૂર કાઠીવાઆડમાં પહેલે નંબરે આવતું. દર વર્ષના ભાદરવા માસમાં મેલેરીઆના હુમલા હોયજ. ડોકટરોને તડાકો પડતો. તેઓ ભાદરવા મહિનાને પોતાની મોસમ કહેતા થઈ ગયા હતા.

તેમાંય આ સ્ટેશન ઉપરના ગંદા લત્તાઓમાં, આજૂબાજૂ ખાળ–મોરીના પાણી ખાડામાં ભરાઈ રહેતાં. અસંખ્ય મચ્છરો થતાં. પેધીને ડાંસલા થઈ જવા સુધી તેનું કોઈ ધ્યાન આપતું નહિં.

સ્ટેશનના ખુલ્લા ભાગમાં ગાડી જતી–ઉપડતાં વખતે ચા પુરો પાડનારાની ફરતી હોટેલ હતી, ત્યાં પડેલા બાંકડા ઉપર રામે લંબાવ્યું. ગાડી ઠેઠ ચાર વાગ્યે–ભરકડે ઉપડવાની હતી. પ્લોટના સુઘડ ને સ્વચ્છ ઘરામાં રહેનાર રામને અહિંની એકજ રાતે કેટલાય કડવા અનુભવ કરાવી દીધા.

ડાંસના એક પછી એક જોલાં આવતાં ને શરીર સાથે અથડાતા. ગણગણાટ કરતાં ને નસોના ઉંડા ભાગ સુધી સુંઢને ભરાવી લોહી ચુસતા ત્યારે ગમે તેવી ભર ઉંઘમાં સુતેલા જાગી ઉઠતા. મચ્છર સાથે સીદ્ધી લડાઈમાં ઉતરેલો રામ, આગળ પાછળના બનાવો, પોતે શા કારણે અહિં આવ્યો છે ને કયાંય જઈ રહ્યો છે તે બધું ભૂલી ગયો.

છેક વહેલી સવાર સુધી મચ્છરના હુમલા ને ઘસારા અવીરતજ રહ્યા. સામાવાળા ડેબાં છોલતાં જાય ને મચ્છર ઉડાડતા જાય. સાડા

ત્રણ વાગે ટીકીટ બારી ખુલ્લી. બારી ઉપર માણસો ગીરદી કરી ન મૂકે તેટલા ખાતર પોલીસ રાખવામાં આવતો. તે બધાને હારબંધ ઉભા રાખતો. વારા પ્રમાણે ટીકીટ લેવાની સૂચના કરતો.

કયારેક વળી પોતે વચ્ચે પડી, બેચાર ઓળખીતાઓના પૈસા એકઠા કરી ટીકીટ કઢાવવા આવતો ત્યારે વારાવાળા પોતાનો વારો છે કહી તકરાર કરતાં તો તેમને ધમકાવતો–ડોળા કાઢતો ને ટીકીટ કઢાવી ચાલતી પકડતો.

કયારેક આમાં ન ફાવતો તો એવા ઓળખીતાઓને બીજાથી આગળના નંબરે મૂકી દેતો.

સદાય વહેલા ઉઠવાના ત્રાસે ત્રાસેલા ટીકીટ માસ્તર અર્ધી રીંસમાં તો અર્ધા ઉંઘમાં ટીકીટ બારીયે પહોંચવાની ઉતાવળમાં અવળું પહેરણ પહેરી બેસતા. ટીકીટ લેવા જનારને આ વિચિત્ર દૃશ્ય જોઈ દાંત આવતા, તો તેમને ધમકાવી કાઢતા 'એય સાલા મશ્કરી કરે છે? જાવ ટીકીટ નહિં મળે.'

ગુસ્સામાં ને ગુસ્સામાં પડખે પડેલી નોટમાં કાંઈક લખવા મંડી જતા. હોલ્ડર ને ટાંક ઉપર ગુસ્સો ઠાલવવા જતા, કયારેક શાહીના લબકા પડતા તો કયારેક ટાંક ઠરડાઈ જઈ અક્ષરો બગાડી બેસતા, તેથી વળી ઓર રીંસ ચડી આવતા હોલ્ડરનો જ ઘા કરી બેસતા. અકળાતા તે ભાંગતું તો 'કન્ટીજન્ટ ખાતાવાળો નવું નહિ આપે, લેવાનું ઉંબે ચોંટશે' એવા વિચારે પસ્તાતા.

આમ ઠેકાણે આવતા ને ઝપાટાબંધ ટીકીટો આપવા મંડી જતા. વળી વચ્ચે ગાડું અટકતું તો 'છૂટા પૈસા લાવો' કહીને નોટનો ઘા કરતા. ટીકીટ લેવાવાળાને બચારાને દોડવું પડે, બેચારના ખીસ્સા પાકીટો તપાસતાં માંડ માંડ પરચુરણ મેળવી ટીકીટ લ્યે.

તે દરમિયાન ગાડી ઉપડી જશેની ઉતાવળમાં પડતાં પેસેન્જરોની ધક્કામુક્કીમાં વ્યવસ્થા જાળવવા પોલીસ દાદા કંઈ કેટલાયને ઠોસાં લગાવી દેતા, ને હાથની ચળ ઉતારતા. આવું બધું ધમાલી, વિચીત્ર ન સમજાય એવું વાતાવરણ જોઈ રામ ક્યારેક હસતો, તો કયારેક નવાઈ પામતો, તો કયારેક ગુસ્સે થતો.

બધાં ગાડીમાં ચડી બેઠાં. ભવાનીપૂરથી સરપદડ જંકશન જતાં સુધી તો કાંઇ બનાવ બન્યો નહિં. આ જંકશનમાં આવતી જતી બન્ને ગાડીયો ભેગી થઇ એટલે ઉતારૂઓ સૌ સૌની ગાડી પકડવાની ધમાલમાં પડયા, ને તેનો લાભ લઇ બન્ને ગાર્ડો અરસપરસ કેટલાક ઉતારુઓની એક બીજાને ભલામણ કરવા માંડયા.

વચ્ચેના સ્ટેશનોયેથી બન્નેયે કેટલાકને બેસાડેલા. 'જંકશન સ્ટેશનેથી ટીકીટો લાવી આપવાના' બહાના નીચે પૈસા લીધેલા. તેમને ટીકીટો ન આપતા બન્ને ગાર્ડો આવા ઉતારૂઓને જે જે સ્ટેશને ઉતરવાનું હોય ત્યાં ધ્યાન રાખી ઉતારી દેતા.

અત્યારે એજ જાતની ભલામણ બન્ને અંદરો અંદર કરતા હતા ને આવી ભલામણ કદીયે ખૂટતી નહિં.

નાની લાઇનના જે ડબામાં રામ બેઠો હતો ત્યાં એટલી તો ગીરદી જામેલી કે બધા અંદરો અંદર જગ્યા મેળવવા ઝઘડતાં હતા. કોઇક હાથ ઉલાળતા, તો કોઈક બૈરાનાં ત્રાસે ત્રાસી, આ બધાની વચ્ચે બૈરૂં ધમકી ન આપી બેસે, તેટલા ખાતર ઝટ ઝટ નાના બબ્બાને સુવાડી શકાય એટલા ખાતર, પછેડીના આગળ પાછળનાં બન્ને છેડા, ડબાની ઉપરની ભાગની બેઠક સાથે ઘોડીયા આકારે બાંધી, બબ્બાને સુવાડી, પત્નીના મોઢા ઉપરનો સંતોષ જોઇ, સંતોષ પામી જગ્યા મેળવવાની ધમાલમાં પડી જતા. તો કોઈકવળી આ બધી જગ્યા મેળવવાની મારામારી અટકે એટલા ખાતર ઉભા ઉભા

લાંબા સાદે શીખામણુ દેતા 'ભાઈઓ આ તો મેળો છે. એક અહિં ઉતરશે ને એક ત્યાં. થોડા વખતને માટે કાં આવું બધું કરી બેસો ભાઇલા !'

આ બધી તકરારો શમી ન શમી ત્યાં વ્હીસલ વાગી ને ગાડી ઉપડી. વાસણુમાં સમાઈ શકે તેમનાથી વધારે ઘઉં ભરવા હોય ને વાસણુ ને હલબલાવી તેમ કરવામાં આવે, એના માફક ગાડી ઉપડતાં તો બધા હલબલી એવાં તો બેસી ગયા કે બીજા વીશ માણુસોની જગ્યા થઇ ગઈ.

બાપુની ગાડીયોમાં એવું જ હોય છે કે વધારાના ડબ્બા જોડાવાના અભાવે ઠાંસોઠાંસ બેસવાનો મ્હાવરો કાઠીવાઆડની પ્રજાએ મેળવી લીધો છે.

'લાવો-બતાવો ટીકીટ' કરતાકને ચાલતી ગાડીયે ટી. ટી. ઈ. ચડી બેઠો. કોઇકે સુતાં સુતાં તો કોઇકે બેદરકારીથી તો કોઇકે બીતાં બીતાં ટીકીટો બતાવી. બે જણુ વગર ટીકીટવાળા નીકળ્યા. ધમકી ચાલુ થઇ. 'લાવો ડબ્બલ પૈસા ને વધારાનો રૂપીયો.' સામે પક્ષે કાકલુદી શરૂ થઇ, દુનિયામાં જેટલી બચાવની દલીલો હોય તેટલી બન્ને પક્ષે લેવાણી-દેવાણી.

વાત વધી પડશે ધારી એકાદ બે ડાહ્યા વચ્ચે પડયા, ને વાતને વંઠતી અટકાવી. ગાર્ડને અર્ધા પૈસા આપી મનાવવામાં આવ્યા. ને તેઓ 'આવી ભૂલ કદી કરતા નહિં.' એવી શીખામણુ દેતા ચાલતા થયા.

આગળ જતાં એજ ડબામાં 'એય આ સામાન કોનો છે?' કહેતાક ને ટી. ટી. ઈ. યે એક ખૂણાની બેઠક નીચેથી બીસ્તરો ખેંચી કાઢયો ત્યારે વળી કોઈ ઓર રંગત જામી.

'તોળવો પડશે, મારા સાલા બધા આવા ને આવા જ ભટકાય છે' વગેરે કહેતો જાય ને ટી. ટી. ઈ. ધમકાવતો જાય. છેવટ માલીકના ગળ્યા મોઢા કરવાની વૃત્તિયે ટી. ટી. ઈ. ઠરી જ ગયા. પહેલાનો તપેલો ને ઉછળતો મીજાજ જાણે ફરી બીજે એવું જ એકાદ કામ મળી રહે એવા ઉદ્દેશથી ચાલતા થયા.

આપણે ત્યાં દરેક લાંચ લેનાર અને દેનારના પ્રસંગમાં આવું બનેજ છે. જેના માટે કાયદાનું બંધન ઉભું કરાયું હોય તે બાબતમાં લાંચ દેવાઈ જાય એટલે કાયદો અભરાઈયે ચડે. લાંચ ન દેવાઈ તો કોણ જાણે કયાંથી કાયદાનો આધાર શોધી કાઢવામાં આવે. એકંદર કાઠીઆવાડમાં તો નાના નોકરીયાતોની મરજી–નામરજી એજ કાયદો બેકાયદો છે.

કયાં જવું એ અત્યાર સુધી નકકી ન કરી શકેલો રામ અમદાવાદના સ્ટેશનેથી મુંબઈની ટીકીટ લઈ કાઠીયાવાડ મેઈલના એક ખાલી ડબામાં રાતના આઠ વાગે ચઢી બેઠો. આગલી રાતના 'મચ્છર ફાઈટ'માં ઉંઘના અભાવે એ એવો તો થાકી ગયેલો કે આજે બેઠક ઉપર લંબાવતાજ જામી ગયો.

પાલઘરના સ્ટેશને વહેલા મળસ્કે બગાસાં ખાતો તે જાગ્યો ત્યારે તેના તરફ જ લાંબા–ટુંકા હાથ થઈ રહ્યા હતા. આખો ડબો સ્ત્રીઓથી ચીકાર ભરેલો.

'આ ડબો તો સ્ત્રીઓનો નહિ હોય ને! અને જો એમ જ હોય તો આ બધી ઉશ્કેરણી તેની જ કાં ન હોય!' એવા ખ્યાલે ઝાઝા કાગડે ધુડ ઘેર્યા જેવી સ્થિતિ રામની થઈ.

કાઠીઆવાડની ગાડીઓમાં મુસાફરી કરનાર ઘણે ભાગે પુરુષો જ હોય છે. ત્યારે ગુજરાતમાં તેનાથી ઉલટો ક્રમ હોય છે. સ્ત્રીઓ વિશેષ પ્રમાણમાં મુસાફરી કરતી જોઈ શકાય છે.

રામ તરફનો ઉકળાટ વધ્યે જતો હતો. બે અર્ધ યુરોપિયન સ્ત્રીઓ તો વધારે પડતી છેડાઈ ગઈ હતી. સ્ત્રીના ડબામાં પુરુષ બેઠેલો કદાચ આપણાં દેશી બૈરાં તો સાંખી લ્યે પણ આ ગોરોવાન એ સહન કરે તેમ ન હતું.

રામને ઘણી ઇચ્છા થઈ કે જટપટ બીસ્તરો બાંધી ઉતરી જવું. પણ આ વીધી તો ગાડી પૂરપાટ દોડી જતી હતી તેમ, થઈ શકે એવું ય કયાં હતું ! બીજું સ્ટેશન આવે ત્યારે શું થશે તેની મુંજવણ તેને વધી પડી હતી.

સ્ટેશન આવતા આવતા તો એ શોરબકોર એટલો બધો વધી ગયો કે પેલી બે ગોરી બાઈઓના આખા શરીરનું બધું લોહી ધસમસી એકલા ચહેરા ઉપર જ ગોઠવાઈ ગયેલું.

તાત્કાલિક ગાર્ડને બોલાવવામાં આવ્યો. 'આ વિચિત્ર પ્રાણી સ્ત્રીના ડબામાં કયાંથી ગરી ગયું' તેવી ફરિયાદ થઈ.

બનેલું એવું કે આખા ડબાના ત્રણ ખાના પાડવામાં આવેલા. આગલાં બે ખાના સ્ત્રીઓ માટે અનામત રાખેલા ને પાછળનું ખાનું પુરુષોને બેસવાને છૂટું હતું.

ભૂલથી એ ડબાના ત્રણે ખાના સ્ત્રીઓ માટે જ છે એમ ગોરી સ્ત્રીઓએ માની લીધું. ગાર્ડે જ્યારે ચોખવટ કરી ત્યારે તો રામને ખોટી રીતે પજવવા માટે તેઓ ભારોભાર પસ્તાણી. 'માફ કરજો મહેરબાન, ભૂલ થઈ ગઈ છે.' વગેરે કંઈ કેટલા ય કાલાવાલાં તે રામ આગળ કરી ગઈ.

થયેલી ભૂલ આપણા કરતાં પાશ્ચાતો જલ્દી જલ્દી સુધારી લ્યે છે.

કાઠિયાવાડમાં આવી કોઈ પુછે કે ત્યાંની મધ્યમ પ્રજાની સંસ્કૃતી કોઈ એક જ વાકયમાં સમજાવી શકે તો કહી શકાય કે—'રેલ્વે ગાડીન

ત્રીજા વર્ગનું પાયખાનું.' જેટલાને તેટલા બીભત્સ શબ્દો ડીક્ષનેરીમાં સમાઈ શકે એટલા બધા ત્યાં જોવામાં આવે.

બગાડવાની કળા આપણા લોકોને જેટલી સાધ્ય છે તેટલી કદાચ બીજા કોઈને નહિ હોય. સફેદો લગાડયા મંદિરોની દીવાલો જૂઓ તો ઇંચ પુરેય લખ્યા વગરની નહિ હોય.

પાયખાનાને પોતાની વૃત્તીનું પોષણ બનાવનાર કાઠિયાવાડથી કાંઈ સારૂં કરી બતાવે એવી ગુજરાતની મુસાફરી રામને લાગેલી નહિ.

રામ અભ્યાસ કરતો ત્યારે નવલકથાઓ વાંચતો. કયારેક કોઈક લેખકને પ્રશસ્તી લખી મોકલતો. મુંબઈમાં એવા એક લેખક સાથે તેને પત્રવ્યવહાર થયેલો. તેને ત્યાં જ જવા તે પાર્લાના સ્ટેશને ઉતરી ગયો.

જૂનવાણી લેખકોમાં ઉચ્ચ સ્થાન ભોગવતા એવા આ ભાઈ અત્યાર સુધીમાં નાટકો, નવલકથાઓ, સામાજિક વાર્તાઓ ને સીનેમા સ્ટોરીયોના એકસો ચાળીસ પુસ્તકો લખી ચુકેલા.

તેમનું બારણું રામે ઠોકયું ત્યારે તેઓ મોરફીયાનો આસવ પી રહ્યા હતા. લખી લખીને કંટાળતા ત્યારે તેઓ દારૂ પીતા પણ વધારે ટીકાનો ભોગ બનતા અટકવું હોય તો કોઈ સલામત રસ્તો શોધવો એવું એમને લાગેલું તેથી, જાપાન અફીણના સત્વમાંથી પીણું બનાવે છે તેનું સેવન કરતા થઈ ગયા હતા.

રામ તેમને મળ્યો. ભવાનીપૂરમાં બનેલી હકીકત કહી દીધી. તાત્કાલિક પોતે પોતાના દોલુભા કાકા ને ગામને મોઢું બતાવી શકે એવી સ્થિતિ રહી નથી એમ વાત કરી. સાથે અત્યારે કાલથી જ કોઈ નોકરી ન મળે તો ખાવાનાં સાંસા છે તે ય જણાવી દીધું.

લેખક મહાશયને તાજેતરમાં જ આફ્રીકાથી તાર આવેલો તેમાં તેમનો એકનો એક દીકરો ગુજરી ગયાના સમાચાર હતા. પોતે તો

જમાનાના ખાધેલા ને કંઈક કાળાં-ધોળાં વટાવી ચુકેલા એટલે થોડાક અફસોસ પછી સ્વાસ્થ્ય મેળવી શકેલા, પણ પત્નીને તો પોતાની આધેડ અવસ્થાયે જન્મેલો પૂત્ર, પોતાની વૃદ્ધાવસ્થા પાળવા ન થોભતા જતો રહ્યો તેની ઘેલછા ઊપડી આવેલી.

આ બધા કારણે વણનોતર્યો આવેલો રામ તેમને રાખી લેવા જેવો લાગ્યો. મુળે તો પોતે જે છાપામાં નિયમિત લેખો લખતા તે મકનભાઈ દેસાઇના 'નયરંગે'માં પ્રુફરીડર તરીકે પીસ્તાળીશ રૂપીયામાં રામને રાખી દીધો.

સમજ્યા ત્યાંથી જ આ ધંધો લઈ બેઠેલા મકનભાઈ પહેલા જ દીવસે જે વિચારો ધરાવતા તે આજેય એના એ હતા. ગુર્જરાષ્ટ્ર ચલાવવામાં ભાઈયો સાથે તકરાર પડતા તેઓ જૂદા થઈ હમામ સ્ટ્રીટના એક કાતરિયાવાળા બેઠા મકાનમાં અઠવાડીક કાઢતા.

પાછળથી ખૂબ ઘસાઈ ગયેલા એટલે છાપખાનાના નોકરોને પગાર અનીયમીત આપતા. મુંબઈમાં એવો શીરસ્તો છે કે છાપખાનાના કંમ્પોઝીટરોનો પગાર દર શનિવારે થાય.

કાંતો શનિવારે મકનભાઈ હાજર જ ન હોય ને હોય તો પગાર ચૂકવવા વખતે એક યા બીજા બહાના નીચે દીવસો લંબાવ્યે જ જાય. બિચારા નોકરો તો તે પગાર ઊપર જ આધાર રાખી બેઠા હોય. એકાદ વિશેષ અઠવાડીયું ચલાવે ને આવતા બંધ થાય.

પણ તેમનું છાપખાનું ચાલતું કયારેય અટકયું ન હતું. મુંબઈમાં કંમ્પોઝીટરો એટલા બધા વધેલા કે એક ટોળું નોકરી છોડીને જાય કે બીજા હાજર હોયજ. તેઓ એકાદ બે અઠવાડીયા કામ કરે ને વળી મકનભાઈ પગાર ન આપે ને ચાલ્યા જાય. એકનું સ્થાન બીજા ને બીજાનું ત્રીજા લીધા જ કરે. લગભગ વગર પગારે મકનભાઈનું કામ ચાલ્યા જ કરે.

આ પત્ર ને છાપખાનામાં રામે ત્રણ મહીના નોકરી કરી તે ટૂંક વખત દરમિયાન લગભગ બધાજ નોકરો બદલાઈ ગયેલા. એકલો રામ એમ કહી શકે એમ હતો કે 'જૂનામાં જૂનો નોકર હું' ને ત્યારે રામને ખબર પડેલી 'મુંબઈમાં દીવસો સુધી પગ ઘસનારો, નવા એક બુટની જોડને ચાલી ચાલીને ફાડી નાખનારો, કંઈ કેટલીય અરજીયો કાકલુદી પછી નોકરી મેળવી શકતો, જેથી તેને બદલે તાત્કાલિક નોકરીમાં રાખનાર મકનભાઈની ઉદારતા પાછળતો એમની કાયમી વ્યવસ્થિત બીન પગારી કામ કરવાની ઢબ ચાલી આવતી હતી.

મકનભાઈ દર મહિને માંડમાંડ રામને દસ રૂપીયા આપતા. રામ લાગતું કે આખો મહિનો કામ કરનારાને એક યા બીજા બહાને મકનભાઈ કાંઈ ન આપતા તેનાથી આ દસ રૂપીયા શું ખોટા! એટ એને વિશેષ તકરાર કરવાની રહેતી નહિ.

છાપખાનાનીજ એક ઓરડીમાં તે સૂઈ રહેતો ને પગારમાં મળ દસ રૂપીયા એક લોજમાં આપી એક ટંક પૂરતું જમવાને મહિને બંધાવતો. બચત તો રહેતી નહિ. ભવાનીપૂરથી આવતા વધેલા પચ્ચી રૂપીયા વાપરી નાખવા પાલવે તેમ હતું નહિ.

તેથી જોવાના સ્થળો રજાના દિવસે ચાલીને જોઈ લેતો. બોરીબંદર કે એવી ખાસ મુતરડીયોમાં ઊભા ઊભા પેશાબ કરતા માણસો જોતો ત્યારે તેને શરમ આવતી. એવી મુતરડીના આશરા વગર મુંબઈ બીજે કયાંય પેશાબ કરી શકાતો નહિ તેથી કયારેક તો તેને તે એક કામને ખાતરજ કયારેક ગાવના ગાવનો પંથ કાપવો પડતો.

કેટલેક ઠેકાણે તે જોતો 'અહિં પેશાબ કરવો નહિ' ને ત્યાં પેશાબના એટલા બધા પડ જામેલા રહેતાં કે કયારેય જમી સુકાતી નહિ.

'અહીં ગંદકી કરવી નહિ' ત્યાં ગંદકીનો પાર નોતો. 'અહિં કચરો નાખવો નહિ' ત્યાં કચરાના ઢગલાના ઢગલા પડ્યા હોય.

ગામડાના માણસોની અવ્યવસ્થાની વાતો કરનાર શહેરી પ્રજા આટલી બધી બેદરકાર બને છે તે રામ જોઇ શકેલો.

તે જે હોટેલમાં જમવા જતો ત્યાં વરસાદને વખતે જમવા આવનારાની ટીપાં પડતી છત્રીઓ રહી શકે તેટલા માટે કાપેલા બે ડબ્બા ખૂણામાં રાખી મૂકવામાં આવતા. ક્યારેક ઘણા જમનારા ભેગા થઇ જતા ત્યારે બન્ને ડબ્બા છત્રીઓથી ચીકાર હોય જ.

તેમાં બનતું એમ કે જૂની છત્રીવાળા ઝટપટ જમી પરવારી, ડબ્બામાંથી કોઇ કોઇકની નવી છત્રી ઉપાડી ચાલતા થતા. ખરો માલીક ગોતાગોત કરતાં જૂની છત્રી મેળવતો: 'કોને કહેવું.' ધ્યાન રાખોને, એવો હોટેલ માલીકનો જવાબ મળતાં જૂની છત્રી લઇ નિરાશ થઈ ચાલતી પકડતા.

બીજે દિવસે નવી છત્રી લઈ જનારા ભાઈઓ એ છત્રી લાવતા ને જેન્ટલમેનની જેમ ફરતા, તેને બીક ક્યાં હતી. કારણ કે એવા માર્કાની છત્રીઓ તો મુંબઇમાં અસંખ્ય હતી.

ક્યારેક ચંપલોનું પણ તેમજ થતું. એકના બીજો તો બીજાના ત્રીજો પહેરી ગયો જ હોય. એક વખત હાથ પગ ધોવાની ચોકીમાં રાખી મુકેલો વીનોલીયા સાબુનો ગોટો ઊપડી ગયો. એ ઊપડ્યો કે તરત જ કોણ લઇ ગયું તે ખબર પડી ગઇ. તે ભાઈ બધાની સાથે હારમાં જમવા બેસી ગયા.

મેનેજર ચેતવ્યા પીરસનારા, તે ભાઇ ગોટી ક્યાંક ફેંકી ન દે તેની કાળજી રાખતા હતા. કે જેથી જમી પરવાર્યા પછી બધાની વચ્ચે તેમના ખીસ્સામાંથી કાઢી તેમની ધૂડ કાઢી શકાય.

જમણુ પુરૂં થયે બધાને હારબંધ ઉભા રાખવામાં આવ્યા. એકે-એકના ખીસ્સા તપાસતા પેલા ભાઈની પાસે પીરસણીઆ આવ્યા. ખીસ્સા તપાસતાં તો કાંઇજ મળે નહિં ને પેલા ભાઇ તાડુકી ઉઠયા 'ખીસ્સા તપાસનાર તમે કોણ?'

લગભગ બધો મીજાજ ગુમાવી બેઠેલા આ ભાઈની માફી બધા હોટેલ નોકરોએ તથા માલિકોએ માંગી ત્યારે જ તેઓ ઠંડા પડેલા.

બનેલું તો એમ કે સાબુના ગોટા માટે તેમના ઊપર ચોકી બેસી ચુકેલી તે તેઓ પામી ગયેલા. એટલે બધાની નજર ચુકાવી સીફતથી પડખેના ભાઇના પાટલા નીચે સાબુનો ગોટો સરકાવી દીધો.

મુંબઇને માટે ને ખાસ કરીને શહેરને[૧] માટે રામને ઘણું ઘણું કહેવાનું હતું. પણ અત્યારે તો બે બાબતો તેને વધારે વસમી લાગી તેના ઉપર જે તે શહેરોના ખ્યાલ બાંધતો થઈ ગયેલો.

એક તો—બોરા બજારમાં આવેલી નુરમામદ શેઠની તેલની જબ્બર વખાર સળગી ત્યારે તેમનો બધો માલ બળી ગયેલો તેના વિમાના બે લાખ રૂપીયા શેઠને મળ્યા ત્યારે ચણુ ભણુ વાતો થતી કે—'બળતા પહેલાં થોડાંક તેલના ભર્યાં ટીપ રહેવા દઈને બાકીના ખાલી બારદાન રહેવા દઈ, શેઠ શીખવ્યા નોકરે જ ટાંડી ચાંપેલી.' અનુભવે રામ શીખેલો કેવીમાં ઉતરાવેલા લગભગ પોણોસો કીસ્સામાં આમજ બનતું.

બીજું—મ્યુનીસીપાલીટીની ચૂંટણી ત્યારેજ આવેલી. અનેક પક્ષોમાં વહેંચાઈ ગયેલો આ પચરંગી શહેરનો પ્રજાજન જુદા જુદા મંડળ તરફથી પ્રતિનિધિ તરીકે ઊભો રહેલો.

---

૧ હવે પછી પ્રગટ થનારી શહેરના પ્રશ્નો ચર્ચતી આજ લેખકની લાંબી વાર્તા "અગ્નિ શીખા" વાંચો.

ચૂંટણી પૂરી થયે ફરિયાદો આવવા માંડી કે ફલાણા વોર્ડમાં ફલાણા ભાઈ હારી જવાના હતા એટલે જીતાયલા સભ્યના ગેરલાભમાં મત પેટીઓજ ચોરાઈ ગઈ.

બીજા એક વોર્ડમાં ખરી રીતે સભ્યો હતાજ નહિ તેવાના નામના મતપત્રકો ભરી પેટીઓમાં હડસેલવામાં આવ્યાં હતાં.

તો ત્રીજા વોર્ડના ઉમેદવાર પૈસાદાર હોઈ તાત્કાલિક પોતાના જ પૈસાથી હજારો સભ્યો નોંધાવી નવું જ મતપત્રક તૈયાર કરાવી તે રીતે મતો મેળવી સંસ્થાને ઠગી ગયેલા.

આવી તો અનેક ગેરરીતીઓ ને વાતો સાંભળી આ બધાના કારસ્તાન ઉપર રામને કંટાળો આવેલો.

બજાર ગેઈટ સ્ટ્રીટમાં રહેનારાનો વધારે ભાગ કાઠિયાવાડી. સ્વાભાવિક રીતેજ રામનો અવરજવર ત્યાં વધારે રહેતો. માંગરોળ બાજુના વેણીરામજીની રંગવા ને છાપવાની દુકાન વખણાતી, મુંબઈના શેઠીયાઓ ને શાહુકારો પોતાના બૈરાની સાડીઓ અહીં છપાવતા. રાજા–મહારાજાના સાફા અહીં રંગાતા ને ઓપ પામતા.

વેણીરામજીની દુકાને સહવાસ વધવાથી કાયમ નહિ તોય રવીવારની સાંજે તો અચુક રામ આવતો ને બેસતો. જળહળતી ઇલેક્ટ્રીક રોશની વચ્ચે સુકાવાને ટીંગાડવામાં આવેલા સાફા સાડીયો જોઇને એવો એકાદ ફેંટો છપાવવાનું મન એક દિવસ રામને થઈ આવ્યું.

બીજે દિવસે જ્યારે તે દુકાન ઉપર આવ્યો ત્યારે હાથમાં ૭૭૬ માર્કાની મલમલનો સાફો ખરીદી લેતો આવેલો. વેણીરામજીને તેણે તે છાપવા માટે આપ્યો. બન્ને કાઠિયાવાડી હતા, ઘણા દિવસોથી સાથે

બેસી સુખદુખની વાતે વળગતા તેથી 'શું છપામણી આપવી' તે રામે પૂછ્યું નહિ. વેણીરામે 'શું આપશો' તેવો પ્રશ્ન કર્યો નહિ.

અઠવાડિયા પછી રામે સાફાની ઉઘરાણી કરી ત્યારે કાઠિયાવાડના એક દરબારનાં ત્રણ સાફા છપાતા હતા. સ્વાભાવીક રીતે જ રામથી પૂછાઈ ગયું 'આની છપામણી શું ઠરાવેલી છે?' વેણીરામે જવાબ વાળ્યો 'એંશી રૂપિયા એક સાફાનાં.'

રામ તો આભોજ બની ગયો. 'ત્યારે મારું શું લેશો?' જવાબ મળ્યો. 'તમારા કાંઈ એંશી હોય. આપજોને પાંત્રીશ રૂપિયા.'

સાડા ત્રણ રૂપિયાના સાફા ઉપર છપામણીનાં એંશી રૂપિયા આપનાર રામને મુર્ખા લાગ્યા. હરામનું લેનારો ને ખાનારો કે વાપરનારો આ વર્ગ, પોતાનોજ ભાંડુ રોજની કમાણી માંડ માંડ છ પૈસા કરી શકે છે, ત્યારે આ બધાને બેફામ ખર્ચા કરવા કેમ પાલવતા હશે?

પોતાનો સાફો વણ છાપ્યો હજુ પડયો જ હતો. એટલે બગલમાં નાખી રામે ચાલતી પકડી ત્યારે બોલતો ગયો કે 'વેણીરામ! જો તમે સાફો છાપ્યો હોત ને એ છાપ્યા પછી તેની છપામણી મેં જાણી હોત તો સાફોજ તમને ભેટ આપવો પડત.'

કયારેક તે બેલાર્ડ પિયર ઉપર લટાર મારવા જતો ત્યારે તાજમહાલ હોટેલ સામું જોતો ને તેના સંબંધમાં અસંખ્ય વાતો સાંભળતો. ચાના કપનાં સાડા ત્રણ રૂપિયા, સાધારણ ખાણામાં અઠયાશી રૂપિયા, રાજવંશી ખાણાના પાંચ-દસ હજાર. આવા બધા આંકડા સાંભળી આંચકો ખાતો.

કયારેક ખાવા મળતું, તો કયારેક ટંકમાં જ ચલાવી લેવું પડે

કે ક્યારેક નકોરડા ખેંચી કાઢનારા અસંખ્ય લોકો બહારની દુનિયામાં રખડતા હોય, અરે મુંબઈમાં જ ભૂખના દુખથી મરતા હોય ત્યારે આવા જલસા કે આ ઉડાઉપણું શે સાંભરતું હશે ? એવા કઈ કેટલાય કડવા અનુભવો તેને મુંબઈમાં મળેલા.

કવેટાના ધરતીકંપના સમાચાર તાજાજ આવેલા. હીજરાયલા, સંકટગ્રસ્તો ને દુખીઓની સહાનુભુતિમાં ફંડો એકઠા થવા લાગ્યા હતા. જુદી જુદી સંસ્થાઓ તરફથી હાથમાં પેટીઓ ઝાલીને સ્વયંસેવકો, બજારમાં, આઝાદ મેદાનમાં, ટ્રામના સ્ટેશનો ઉપર કે ફરવાના સ્થળોયે એ ફાળો ઉઘરાવતા.

જુદે જુદે ઠેકાણેથી ફાળો ઉઘરાવી પાંચ-સાત આવા સ્વયંસેવકો બોરીબંદર ઉપર આવેલી પૂરોહીત હોટેલના ટેબલ ઉપર ચા પાણી, નારતો, વીમ્ટો, જીંજર, રાસબરી વગેરેને ઇન્સાફ આપતા હતા. પાસેના જ ટેબલ ઉપર બેઠેલો રામ તેમની વાતો સાંભળતો હતો.

પેલો—સાલુ રખડી રખડીને થાકયો તોયે મારે ભાગે આવેલા લત્તાના લોકો એટલા બધા ચીકણાં કે દમડી છોડે જ નહિ. માંડ માંડ બાર આના આવ્યા. આજનો ચા નારતો માંડ થશે. બીજો—આપણને તો એક પારસી બુવા મળી ગયા, ધરતીકંપમાં સપડાયલાની વીતક કથા કહેવા માંડયો એટલે તો ભાઇ રડવાજ માંડયા. બજાર વચ્ચે સમજાવવા છતાં છાનાજ ન રહે ને ! આંસુ લૂછતા જાય ને પાકીટ કાઢતા જાય. પાંચ રૂપિયાની નોટ મારા હાથમાં મૂકીને કહેતા જાયઃ ભલા તમારું રૂડું થશે. પહોંચાડજો આ પૈસા કવેટા. આપણે તો પાંચ દિવસનો ટંટાળ મટયો.

ત્રીજો : મને તો મળ્યા એટલા બધા જ લબાડ. સંસ્કારી ખરાને એટલે લબાડ વેડાય એટલા કરે. પુછે કે કવેટા ધરતીકંપ થયો

ને આ ઉધરાવવાનો ઉમળકો તમને ક્યાંથી જાગ્યો. જુઓને આ આપણે ત્યાંજ ફુટપાથ પરના ભીખારીઓ રોજ ભૂખ્યે મરે છે, ટાઢે શેકાય છે. નવા આવનારા નોકરીની શોધમાં દિવસો કાઢતા ઘરેથી લાવેલું ખાઇ જાય છે ને પછી પરતાય છે. એવા વખતે તમે બધા ક્યાં ઊંઘતા'તા તે આજે અણુસલાની માફક ફુટી નીકળ્યા ? આવા આવા સવાલ જવાબ કરતાકને ચાલતી પકડે. સાંજ સુધી રખડતા ફુટી બદામ પણ ન મળી. આજનો આ ખાણા–પીણાનો મારે ભાગે આવતો ખર્ચ તુંજ ચુકવજે. કાલે વળી કોઇ લ્હેરીલાલા મળી જશે ને 'ધરતીકંપ સંકટપેટીમાં' નાણા નાખશે તો બદલો વાળી આપીશ.

'જાહેરને નામે ચરી ખાનારા આવાતો કાંઇ બહુ જુજ હોય છે. પણ થોડા છે તે બધાને કલંકીત કરે છે' એવા વિચારે આ બધાની દયા ખાવાને બદલે બે પાંચ લાફા ધરી દેવાનું રામને મન થઇ આવ્યું.

થૂંકને સાંધે ચલાવનારો અત્યાર સુધીનો આ બધો વર્ગ ક્યાં સુધી નભી રહેશે તે તો કેમ કહી શકાય ?

ખંડ બીજો

પ્રસૂતીની વેદના

●

પ્રકરણ આઠમું

વતનમાં

રામભાઈ મુંબઈમાં હતો ત્યારે શહેનશાહની સીલ્વર જ્યુબીલીનો ઉત્સવ શહેર માણી રહ્યું હતું. આ કે ત્યાં, જ્યાં જુઓ ત્યાં રોશની જળહળી રહી હતી. કોટના લત્તામાં હરિફાઇ ચાલી હોય તેમ દરેક બેન્કો, રેસ્ટોરન્ટો, ઈન્સ્યુરન્સ કંપનીઓ, વફાદાર વર્તમાનપત્રોની ઓફિસો અને દરેક સ્ટોરો આગળ દરવાજા કરવામાં આવ્યા હતા. કમાનો ઉપર God save the king ના પાટિયા લટકતાં હતાં. લાલ, લીલી, પીળી ઝાંઈ વાળી ઇલેકટરીક બત્તીઓ થતી ને બુઝાતી.

દરેક માણસો ઈસ્ટ્રીટાઈટ ને ભપકાબંધ લૂગડા પહેરી લટાર મારી રહ્યાં હતાં. કોઈક ઘરનાં તો કોઇક માગી લાવીને, તો કોઈક ભાડે લઈને પહેરી લાવેલા આ કપડાં બતાવતાં કે જે કાંઈ સુખ, સગવડ, પુંજી ને બધું અત્યારે અમારામાંજ સમાઈ રહ્યું છે.

કેટલાક નવી વસ્તુઓ ખરીદતા ને સીલ્વર જ્યુબીલીની યાદ કાયમને માટે ઘરમાં રહે તેથી તેને કાળજી ભરી રીતે રાખતા, બગલમાં સંતાડતા ને પોતે ખરીદેલી વસ્તુ લગભગ બધા જોઈ શકે તેવા પોઝમાં તેને ફેરવતા ચાલી રહ્યા હતા.

કોઈક રેસ્ટોરામાં આખા દિવસની કમાણીને અર્ધા કલાકમાં

વેડફવા આવી લાગ્યા હતા, તો કોઈ ઘોડદોડની શરતે જઈ પહોંચેલા. કેટલાક ચોપાટી પરનો મોટર શો જોવા ગયેલા. ઠેઠ જૂના કાળથી માંડી છેલ્લી ટાઇપ સુધીની બધી મોટરો હારબંધ ત્યાંથી પસાર થતી લોકો જોતા ને કુતુહલવૃત્તીને શાન્ત કરતા. કોઈક ચોપાટીના રેતાળ દરિયા પર પસાર થતાં, મસાલાથી ભરપુર દસ રૂપિયાવાળું એક પાન ચાવતાને અડપલું કરતા જતા.

એકંદર આ બધા દશ્યો તો એમ બતાવતા કે અમારે કશી તાણ નથી. અમારે કશા સામે ફરિયાદ નથી, અમારે જે જોઇએ છે તે બધું મળી રહે છે, મળી રહે છે તે વેડફતા અમને આવડે છે, અમે સુખી છીએ એટલે બધાજ સુખી હોય એમ અમે માનીએ છીએ.

ગામડામાં પોષાતી ને દુષ્કાળનો ભોગ બનતી કે અસંખ્યતર લાગાથી ત્રાસતી ગ્રામ પ્રજાનો ભાવ ત્યાં કોઈ પૂછતું નહિ. શા માટે પૂછવો જ જોઈએ ? એવો પ્રશ્ન ત્યાં કોઇને થતો નહિ. ત્યાં તો દરેક ધોબીઓને દરજીઓને ખટવતા. બુટપાલીશ કરવાવાળા ને હજામોને તડાકો પડતો.

પોતાના કાકાના દીકરા મનુભાને મુંબઈથી પહેલોજ કાગળ રામે લખેલો ત્યારે આવીજ કાંઇક છાપ તેના મનમાં પડેલી. આ વિચીત્ર રીતે ઊભા થયેલા સંજોગમાં અહીંના માણસોની ઢાળકીથી ઢાળેલા બીબામાં સમાઇ જવાને તે પ્રયત્નો કરતો, પણ અનુભવે તે ઘડાયો હતો એટલે આ બધા ખ્યાલો તેને સતાવતા, કયારેક તે એટલો બધો ત્રાસી જતો કે જલદીથી ઘર તરફ વળી જવાનું કરતો.

પણ ત્યાંય પ્રતિષ્ઠાનો માર્યો તે જઇ શકતો નહિ. ગામના લોકો પોતાને વિશે શું ધારતા હશે ! ઉપરાત દોલુભા કાકાને તે

લખી ચૂકયો હતો કે પીસ્તાળીશ રૂપિયા પગાર થયો છે! પછીના ત્રણ મહિને સાઠ મળશે. ઉત્તરોત્તર દોઢસો સુધી જવાનો ચાન્સ છે. તેના જવાબમાં કાકાનો કાગળો આવ્યો જ હતો. બહુ સારી વાત છે. તને ગમતી લાઈન તેં લીધી તો તેને દીપાવજે. વગેરે વગેરે. આમાં તો પાછા ફરી શકવાનો રસ્તો રામે પોતે જ બંધ કરી દીધેલો.

આંહીં 'રાષ્ટ્રશક્તિ'માં તેની મુશ્કેલીઓ વધતી જતી હતી. તંત્રી માંડમાંડ દસ રૂપિયા આપતા હતા. તે તો એક ટંકનાં ખોરાકી ખર્ચમાં પુરોહીત લોજમાં ભરી દેવા પડતા. પોતાની પાસે ભવાનીપુરથી આવતા થોડીક મૂડી રહી હતી તે તો કયારેક અત્યંત ભૂખ લાગતી ત્યારે આઝાદ મેદાન ઉપર ભેળના સૂંડલા ઉપર નજર જતી. ત્યાં આવનારા આનો, બે આના કે ચાર આના સુધીની ભેળ ખાઈ જતા તો હું શા માટે તેમાં બે પૈસા ન ખર્ચું! એવા ખ્યાલથી ઓછી કરતો જતો હતો.

પૈસાના અભાવે એ ટ્રામમાં બેસી શકતો જ નહિ. હા તેથી તેને એક જબ્બરજસ્ત લાભ થયો. મુંબઈનું એકે એક પ્રખ્યાત ને સુંદર સ્થળ તે પગે ચાલી જોઈ શકેલો. આજે અત્યારે ય કઈ બેન્ક, હોટલ કે ઈન્સ્યુરન્સ કંપની કે પોસ્ટ ઓફીસ ઉપર જતાં દાદરને કેટલા પગથિયા છે તે તે વિગતવાર કહી શકતો.

તેનો જેટલો પગાર હતો તેટલોજ તેને મળી રહેતો હોત તો તો કદાચ આ આવ્યો તેટલો કંટાળો તેને શહેર ઉપર ન જ આવત. ને બધાનું બન્યું છે તેમ ટૂંકા પગાર કે ટૂંકા મોહમાં તે ય બધાની માફક આખી જીંદગી ત્યાં કાઢી શકત.

પણ એ ય બન્યું નહિ. શરૂઆતમાં પોતે ત્યાં સ્થિર થઈ જશે.

એ જાતનાં બધા સાધનો અહીં છે. એવું કાકા ઉપરના પત્રમાં લખતો ને ઉત્સાહ બતાવતો તે ધીરે ધીરે ઓસરતો જતો હતો.

છેવટે તો જ્યારે વતનમાં પહોંચવાને ગાડી શીના પૈસા પણ તેની પાસે રહ્યા નહિ ત્યારે દોલુભા પાસેથી તે મંગાવવામાં તેને શરમ આવી. કાકા શું ધારશે? કમાણી કરતો હશે ને તે બચાવવા ખાતર અહીં નહિ બતાવતો હોય! વગેરે ખ્યાલો તો તેના મનમાં નહિ આવતા હોય ને! એ બીકે પણ તે પૈસા મંગાવી શકયો નહિ.

પોતાના અભ્યાસ કાળના મિત્ર શામજી વર્મા પાસેથી તેણે પૈસા મંગાવ્યા પંદર દિવસ સુધી ન આવ્યા એટલે ફરીથી મંગાવી જોયા. બીજે આઠ દિવસે મનીયોર્ડર આવ્યું તેની નીચે લખ્યું હતું 'રૂપિયાતો તુરત જ કવરમાં બીડી મોકલ્યા હતા, તમને મળ્યા નથી!'

ત્યારેજ રામને ખ્યાલ આવ્યો કે કારખાનાનાં કેટલાક નોકરો ઘણી વખત ફરીઆદ કરતા કે તંત્રી બધાના કવર ફોડીને વાંચી લે છે પછી પોતાના ટેલબ ઉપર પડેલા ગુંદરિયાથી ચોડી દઈ મૂળમાલિકને સોંપે છે. ત્યારે શું શામજીએ મોકલેલી દસ રૂપિયાવાળી નોટનું કવર તંત્રી સાહેબ ચાવ કરી ગયા! બચારા તાણમાં હતા ખરા ને.

મુંબઈથી વટપૂર સુધીની ટીકીટ ખરીદ્યા પછી રામના ખિસ્સામાં ત્રણ રૂપિયા ને સાત આનાના પૈસા હતા એટલી મૂડીથી એણે ઘરનાં છોકરાવને નવી ચીજો કે રમકડા આપવામાં, મનુભાને સાફો બંધાવવામાં કે ઘરના નાના મોટાને રીજવવાના હતા.

પાલઘર સ્ટેશન આવ્યું ત્યારે તેને કકડીને ભૂખ લાગી હતી. વરસાદ વરસીને ઉરાડી ગયો હતો. ઘાસ ઉપર બધ્યે મોતિયા જામી જઈ વિશીષ્ટ દૃષ્ય ઉભું થતું હતું. સ્ટેશનમાં કેળાંની લુમો લઈ વેચનારા બૂમો પાડી રહ્યા હતા. પણ ખિસ્સામાંથી બસો ને વીશ પૈસામાંથી

એકેય ભાંગવાનું તેને મન થયું નહિ. એટલી મુડીથી યે તે ઘેર પહોંચતો થાય ને ખાલી હાથે પાછો નથી આવ્યો એવું બતાવવું હશે ?

અમદાવાદ સ્ટેશન સુધી તો કાંઈ બન્યું નહિ આખા દિવસના ખેંચી કાઢેલા અપવાસે, કાંઈક કંટાળાથી, કાંઈક શરૂઆતની ગીરદીમાં ભીંસાઈ અત્યારે મોકળાશ મળ્યે શાન્તિ થવાથી, તે આડું પડખું કરતાજ ઉંઘી ગયેલો. ગાડી સ્ટેશનમાં જતાં જ પાંચ હાથ પૂરો, કાળોહબસી જેવો, ઘૂંટીથી ચાર તસુ ઊંચે એવું પાટલું પહેરી વિચિત્ર ખ્યાલ આપતો ને કાળાપણાની પરીસીમાં બતાવતો હોય તેમ તે બોલતો ત્યારે સફેદ બરફ જેવા દાંત બહાર નીકળી તેની આજુબાજુની કાળપને વધારે ઘેરી બનાવતા, એવો ટી. ટી. ઈ. રામનો બીસ્તરો ઊંચકી રહ્યો હતો.

મુંબઈમાં મકનજીભાઈની ઓફિસ છોડતા દરેક નોકરને પગારની બાબતમાં અસંતોષ રહી જતો એટલે તેઓ જતા જતા ઓફિસના ખાનગી સ્ટોરમાંથી પુસ્તકો ઉપાડી જતા. તેમજ રામે પણ પુસ્તકો ઉપર સારી પેઠે હાથ મારેલો. તેનું વજન વધી ગયેલું. તેજ વજનને રીતસર કરવા ટી. ટી. ઈ. મહેનત કરતો હતો.

રામના અત્યંત કાલાવાલા છતાં જે કાળપ બહાર દેખાતી હતી તેજ ટી. ટી. ઈ. ના અંદરના ભાગ સુધી પહોંચેલી માલુમ પડી. સામાન તોળાતા ટીકીટ સાથે લઈ જવાના ધોરણસરના લગેજ કરતાં તે વધારે થયો. વધારાના ચાર્જના ત્રણ રૂપિયા પાંચ આના કરવામાં આવ્યા, તે દેતા રામના ખિસ્સામાં બે આનાજ પડી રહ્યા.

ઘરના બધા નાનાં છોકરાંઓના હાથમાં કોઈને આનો તો કોઈને બે આના તો કોઇને પાવલી પકડાવી રાજી કરી દઈશ, કે

મારી મુંબઈની સાહ્યબીનો ખ્યાલ આપી દઈશ, એ જાતના સ્વપ્ના રામને માટે હવામાં ઓગળી જવા લાગ્યાં.

ગુજરાતની હરિયાળી જમીન પસાર કરતા જે એક અનેરું દૃશ્ય રામના અંતઃકરણમાં જાગ્યું હતું તે તો આ બનાવે કોણુ જાણે ક્યાંય સૂઈ ગયું. અને હવે તો ધંધુકા લાઈનનો સુકો ને ક્યાંય સુધી ઝાંઝવા બળતો ભાલ પ્રદેશ શરૂ થઈ ગયો હતો, તે દૃશ્ય કારમું હતું. એક ચોમાસું બાદ કરતાં, કે ઘઉનાં પાક વખતે હાંફતી ખળાવડો સિવાય, ઊંઘું વર્ષ આ પ્રદેશમાં વસમું જતું. રેતના ગબારા ઉડતા, ને ખાડાને ઠેકાણે ટેકરા કરતા. પાણીની તાણ પડતી, ને ગાવના ગાવ દૂર તેને શોધવા કાવડો ફરતી. ચોમાસાના મચ્છરોનો ત્રાસ અનહદ રહેતો. તેનાથી બચવા જંગલ જતી વખતેય સાથે જગતા છાણાં રાખવા પડતાં.

જેમ જેમ પોતાનું ગામ નજદીક ને નજીક આવતું ગયું, તેમ તેમ રામને મીઠી ખુજલી ઉપડવા માંડી. નાનપણમાં મા ગુજરી જતા એનો પ્યાર કેવો હોય તે તો રામે અનુભવેલું નહિ. છતાં દોલુભા કાકાના મીઠા સ્વભાવે એ ખોટ રામને જણાયલી નહિ. બધું ગમે તેમ હોય, હમ વતનનો પ્યાર તો કયો અભાગીઓ ભૂલે ?

તે જ્યારે વટપુરના સ્ટેશને પહોંચ્યો ત્યારે પરિચિત સ્થળને છોડી જતાં કાંઈ બહુ લાંબો વખત ગયો ન હતો. છતાં ગયો હતો, તે તો કપરા સંજોગમાં ઉભો થયો હતો, તેથી આટલા ટૂંકા ગાળાની ગેર હાજરી પછી યે વતનના ઝાડવાં જોઈ રામની આંખમાં આંસુ આવ્યા.

બાજરાના ખેતરો ક્યાંય સુધી લહેરાતાં હતાં. ડુંડાં ઉપર આવેલી થૂલી વાતાવરણને ભરી દેતી હતી. કપાસનો પાક સારો થયો હોઈ ઉભેલા વણમાં ધોળાંપીળાં ફૂલ ઉઘડી સુરજમુખીનો ખ્યાલ આપતાં.

વર્ષ ભરમાં ક્યારેય ન કળાંતા વૈયાં, પાક તૈયારીની રાહે આવી, ઉડી રહ્યાં હતા. સખ્ત મહેનતે, ને વાળેલ પરસેવે આવો પાક આવેલો જોઇ ખેડૂતોના મોઢાં સંતોષથી ભર્યા હતાં.

ફક્ત સ્ટેશનેથી વટપૂર સુધી બાંધેલો એક્કો જ્યારે સડક ઉપર આવ્યો ત્યારે ક્યાંક સીધી થતી તો ક્યાંક વાંક વળતી તો ક્યાંક એકી સાથે બન્નેનો અનુભવ કરાવતી સડકના ધોવાઈ જવાથી પડી ગયેલા ખાડામાં એકાનું પૈડું પડતું-ઉપડતું ને ધ્રસકાતું ત્યારેજ આજુ બાજુના આ રમ્ય વાતાવરણથી શાન્તી અનુભવતા રામના વિચારોમાં અન્તરાય પડતો. બાપુઓએ બાંધેલી આ સડકો ક્યારે સુધરશે ? એવો ખ્યાલ તેનાં મનમાં તુરતજ રમી જતો.

પાદરમાં પહોંચતાં જ નાનપણના સાથીદારો મળ્યા. ગામની બજાર પસાર કરતા આધેડો ને વૃદ્ધો મળ્યા. ભાઇઓ અને બહેનો મળી. કોઇના મોઢા ઉપર પરીક્ષામાં રામ શું કરી બેઠો હતો તેનો અફસોસ હતો નહિ. કોઈની આળી લાગણીઓને પોતાના વર્તનથી વધારે આળી બનાવવાની લોકોને પડી ન હતી.

બને જ છે એવું કે પોતાની ખોડને છૂપાવવા જતાં માણસ તેને વધારે દૃષ્યમાન બનાવે છે. આપણું એકાદ કપડું ફાટી જતાં, બહાર નીકળતી વખતે લોકો ક્યાંક જોઈ ન જાય તેટલા ખાતર તે જ્યાંથી ફાટયું હોય ત્યાંજ અવારનવાર તેને સંતાડવાનો પ્રયત્ન કરતો આપણો હાથ ફર્યા જ કરે છે. બીજાની ઉણુપો તરફ બેદરકાર રહેનાર માણસોને આનો કાંઈ ખ્યાલ હોતો જ નથી. પણ આપણા વર્તને જ આપણે તેને તે ખ્યાલ કરતાં કરીએ છીએ.

કોઈનું નાક વાંકુ હોય કે કોઇનો હોઠ. કોઈની આંખ ત્રાંસી હોય કે કોઇના પગ, તે દરેકને એમજ લાગ્યા કરે છે કે દરેક માણસનો

દૃષ્ટિકોણ આપણી ખોડવાળી વસ્તુ ઉપરજ ઠરેલો હોય છે. અને એવા ખ્યાલે તેઓ સદાય ને સતત ખીજાયલાજ રહે છે. જયારે લોકોને તો આવી કોઈ બાબતની પડીજ હોતી નથી.

રામનેય એમ લાગેલું. લોકો તેની મશ્કરી ઉડાવશે. શું કરી બેઠો તેની વાતો કયાંય સુધી કરતા રહેશે. એકંદર તેને મુંઝાઈ કેટલાય દિવસ ઘરમાં બેસી રહેવું પડશે પણ તેમાંનું તો કાંઈ બન્યું નહિ.

ડેલીમાં પગ મૂકતાંજ દોલુભા કાકા સામે મળ્યા. ' આવ્યો બેટા રામ, મજામાં છો ને ?' એવા દોલુભાના ઠરેલ હીમ જેવા શબ્દે રામને શાતા વળી ગઈ. બીજા બધા ગમે તે કહે કે કરે તેની કાંઈ રામને બહુ પરવા હતી નહિ. એકલા દોલુભા કાકાના ગમા–અણગમાનો વિચાર કરતો તે ઘર તરફ વળી રહ્યો હતો. તેમાં કાંઈજ બન્યું ન હોય તેવા ઉમળકા ભેરના આવકારે રામનો કાકા તરફનો પૂજ્ય ભાવ કોઈ ઓર રીતે વધી ગયો.

પ્રકરણ નવમું

દોલુભા કાકા

નીરૂભાના મરણ પછી આખા ઘરની કમાન દોલુભા ઉપર આવીને અટકી. વટાંદર સરકારની તલાટીની નોકરી તેઓ વફાદારીથી કર્યે જતા. નવરાશનો વખત લઇ અવારનવાર ઘરે આવતા, બધુ વ્યવસ્થિત કરતા, નવા કરવાના કામો ઉઘાડતા ને વળી પાછા નોકરીના કામે વળગી જતા.

અત્યાર સુધી ગામડામાં ઢેઢ-ભંગી તરફ હાડોહાડ સુગ હતી ત્યારે ખાસ કરીને રામની જ્ઞાતિમાં તો ઉપલો વર્ગ તિરસ્કારને પાત્ર રહ્યો હતો. ઢેઢ-ભંગીને ઘોડા ઉપર ચડીને નીકળતા જુએ કે પોતાને આંગણે ચડવાને ટારડુંય ન હોય તેની ઇર્ષામાં કે ગમે તેમ ગાળો દેવા માંડે. બીચારાને હેઠે ઉતરી જવું પડે. સલામો ભરતો જાય ને દરબારની હાજરીમાં ઘોડે ચડી બેસવાની ભૂલ કરી બેઠો, તેની માફી માગતો જાય.

આવા આ વર્ગને ગામડામાં કોઈ કામે ન બોલાવે. કોઈ રોજી ન આપે. અર્ધા ભૂખ્યાં, અર્ધા હીજરાયલાં, મેણાં-ટુણાં ખાતા જીંદગી પૂરી કરે. એવા આ વર્ગને દોલુભાએ કામ આપ્યું.

પોતાની વિશાળ ઘર ખેડમાં-નીંદવા-પારવવાના દાડીઆ કરતી

વખતે, લાણીમાં કે ખળાટાણે વાવલવામાં તેઓ ઢેઢ–ભંગીને બોલાવતા, તેમને રોજી આપતા. તેમનું ભેગું કરેલું ખાતર ખરીદતા, તેમની કામ કરવાની શક્તિના પ્રમાણમાં અગાઉથી પૈસા ધીરતા.

ધીરે ધીરે આ વર્ગ સાથે દોલુભા એટલા બધા ટેવાઈ ગયા કે પછી તો હટાણાના ગામેથી ચીજ વસ્તુઓ લેવા લઈ જવા ઢેઢ–ભંગીનેજ મોકલતા. દોલુભા તરફ ઉપર ઉપરથી કુટુંબીક ભાવનો ડોળ રાખનારા, ને ગામનાં લોકો ધીરે ધીરે આ કારણે સુગ કેળવતા થયા.

તેમના કામમાં પડદા આડે રહીને વિઘ્નો નાખવા માંડયા. ને છતાં ઢેઢ–ભંગીઓને જે અપનાવ્યા તે કામમાં દોલુભા જરાય ઢીલા પડયા નહિ.

જનતાના ખ્યાલો લગભગ એવા હોય છે કે તે આળું ભાળે ત્યાં આંગળી મારે છે. ઉપડતી વાતને મોટું સ્વરૂપ આપી દે છે. ઘડીક ઉંચા થાય છે ને ઘડીક નીચા. એક કાનેથી બીજા કાને વા વેગે વાત લઈ જાય છે છતાં વખત જતાં એટલાજ નબળા બને છે. જે બાબતમાં તે સખ્ત વિરોધ કરે છે, તેને પાછળથી અપનાવી લ્યે છે.

દોલુભાની હરિજન તરફેણમાં આવુંજ બન્યું. તેમના દરેક વિરોધીઓ કયારેક દાડિયા ન મળવાના અભાવે, કયારેક .દાડીના ભાવ ચડી જવા વખતે, તો કયારેક પુષ્કળ વરસાદ પડી વાવેતરમાં વધારાના ખડ ઉગી આવી મોલાતનો કસ ચૂસતા ત્યારે તાબડતોબ ખડ નીંદવા માટે વધારાના દાડિયાની જરૂર પડે ત્યારે ઢેઢ-ભંગીનો ઉપયોગ કરવા લાગ્યા.

શરૂઆતમાં પોતાનો સ્વાર્થ સાધવા પૂરતી ટૂંકી દૃષ્ટિ કેળવી એક વખત તેમને બોલાવતા થયા, એટલે ધીરે ધીરે સુગ ઓછી થતી ગઈ. આજે વટપૂરનાં ઢેઢ–ભંગીઓ ખેતીના દરેક કામમાં પલોટાઈ

ગયા છે. તેમને કાયમ રોજી મળે છે. તેઓ પોતે ને ગામ આજે કહી રહ્યું છે : 'આ દોલુભાના પ્રતાપ.'

એવા આ દોલુભા તલાટીની નોકરીમાં કુનેહ બતાવી શક્યા તેથી સરકારે તેમની કદર કરી તજવીજદારના હોદ્દે નીયુક્ત કર્યા. બધા નોકરીઆતોમાં નથી હોતો એવો એક ખાસ ગુણ દોલુભાએ કેળવેલો. તેમણે તેમની નોકરીના વર્ષો દરમિયાન લાંચ લીધીજ નહિ. તેના નોકર ભાઈબંધો દોલુભાને આ એકજ કારણે વેદીઓ કહેતા.

પોતે લાંચ લેતા નહિ ને પોતાના હાથ નીચેના પટેલ-તલાટીઓ લાંચ-રૂશ્વત લેતા અટકે તેની સખ્ત તકેદારી રાખતા. તેથી ઉપલો વર્ગ તેમની અદેખાઈ કરતો, કયારેક તેમનાથી ડરતો તો કયારેક તેમને ઠેકાણે પાડી દેવાના રસ્તા શોધતો.

જૂના ગામમાં મુળો ઢેઢ–મુંબઈના વાંદરાની મ્યુનીસીપાલીટીના સફાઈના કોન્ટ્રાકટે સારૂ કમાઈ આવી પોતાના ગામે પાકુ મકાન બંધાવતો હતો. વચ્ચેથીજ પટેલે તેનું ચણતર કામ અટકાવ્યું. મુળાએ પટેલને લાંચ ન આપી એટલે એ પ્રકરણ ચકડોળે ચડયું.

દોલુભા આગળ વાત જતાં, પટેલને ઠબકો મળ્યો ને મુળુ મકાન ચણતો થયો. પણ પછી તો ઉપર સુબેદારને નનામી અરજી થઈ. મુળુ મકાન ચણતા સરકારી જમીન પચાવી પડયો છે. તેમ કરવામાં તજવીજદાર દોલુભાનો હાથ છે. મુળુએ દોલુભાને પાંચસો રૂપિયા આપ્યા છે. વગેરે વગેરે.

અમૃતવેલ પ્રાન્તના તે વખતના સુબેદાર ઠંડીએ સાહેબ જાતે તપાસ કરવા આવ્યા. ઉતારામાં દોલુભાને બોલાવી ધમકાવ્યા. દોલુભાએ ઘણું સમજાવ્યા, છતાં સાહેબ તો એકના બે થયા નહિ. ત્યારે સ્વમાની દોલુભાનો પીત્તો ઉછળ્યો. સાહેબ રહેવા દોને ! વરસોડા

ગામનાં ઢેઢ પરમાનાં દસ વેજાં તમારે ત્યાં પહોંચ્યા. ગીરના દરબાર અવારનવાર ઘીના ડબા મોકલે છે. દરછોડાના પટેલ દુજાણામાં ભેંશ મોકલે ને શીયાળામાં પાકના ડબા આપને ત્યાં પહોંચતા થાય તે શું બધાથી અજાણુ છે ?

સાહેબ તો ઠરી જ ગયા. અરજી અરજીને ઠેકાણે રહી. તે નીકાલે પડી, ને સાહેબ ઉપડી ગયા. મુળાનું મકાન ચણાઈ ગયું. પાછળથી મુળીએ દોલુભાને પાંચસો રૂપિયા આપવાને ખૂબ આગ્રહ કર્યો. દોલુભાએ તે લીધા તો નહિ જ પણ મુળીની વધારે પડતી મમતાએ તાજેતરમાં તળ વટાંદરની પ્રજા રેલસંકટથી પીડાતી હતી તેને રાહત આપવાના ફાળામાં એ પાંચસો રુપિયા દોલુભાએ મુળીના નામે ભરી દીધા.

મદનપરાનો લવો પટેલ સરકારી ફારમ ભરવામાં આડા-અવળા જવાબ આપતો. મુદતસર આપવામાં કસુર કરી બેસતો. તેની પાસેથી તાબડતોબ મહેસૂલ વસૂલ કરવાના સરકારી ફરમાન લઈ તળાટી આવ્યો.

લવાને ઉતારે બોલાવવામાં આવ્યો. ફારમ ભરી દેવાને કહ્યું. છતાં તેણે તો દાદજ દીધી નહિં. તલાટીએ તેને ખુરશી કરાવી, અંગુઠા પકડાવ્યા ને માથે પસાયતાને બેસાર્યો.

આ બનાવ બની રહેલો ત્યારેજ મદનપુરા પોતાના તાબાનું ગામ હોવાથી તજવીજદાર દોલુભા આવી લાગ્યા. આવું વર્તન ચલાવવા માટે તેમણે તલાટીને ઠબકો આપ્યો. લવા પટેલને ઊભા કરી બેસાર્યા.

ઘરેથી પટલાણીયે તો પટેલના ખિસ્સામાં પૈસા નાખીનેજ મોકલ્યા હતા. તેને ખબર પડી કે પટેલને તો ઉતારામાં અંગુઠા પકડાવ્યા છે. સાંભળી દોડતી આવી, ને પટેલને કહ્યું. ખિસ્સામાં પૈસા પડયા

છે ને શા માટે આ દુઃખ સહન કરો છો ? પટેલે જવાબ વાળ્યો, 'તલાટી સાહેબને તાવતો'તો. એ કેટલાકમાં છે તેનાં પારખ્યાં લેતો'તો.'

પટેલના પારખ્યાં લેવાની રીત જોઈ, સાંભળીને બધા હસ્યા. એમ તો રમજુમીંયા ફોજદારની રાડ પડતી. વાંકમાં આવેલા પાસેથી પૈસા પડાવવા એ કાંઈ તેમને મન બહુ નવાઈ ન હતી. પણ વગર વાંકે ગુન્હામાં સંડોવવાની રીત મીંયા સાહેબ સારી રીતે લડાવી જાણતા. એક પણ દિવસ એવો ન જતો જેમાં તેમણે ગુન્હેગાર ઉભો ન કર્યો હોય, ને ઉભો કરીને પૈસા ન પડાવ્યા હોય.

લાંપાળીઆના પસાયતાઓએ એક સારૂં બડદ તેમને ગોતી દીધેલ. લાંચનો બધો માલ હજમ કરી ગયા બદલ રમજૂમીંયા ઉપર પસાયતા એક તો રીસે ભરાણાજ હતા. તેમાં આજ દોલુભાનો મુકામ લાંપાળીયે હતો ને સાંજે ફોજદાર પણ આવ્યા.

દોલુભાને જે સગવડો પસાયતાઓએ કરી આપેલી તે ફોજદાર ને ન મળી જોતાં તેઓ તપી ગયા. ગાળો દેવા માંડયા ને ન બોલવાના વેણુ કાઢયાં.

આગળથી જ નક્કી કર્યું હોય તેમ દોલુભાની હુંફે પસાયતાઓ ફોજદાર સાહેબને ઉતારાના અંદરના ભાગમાં લઈ ગયા. સારી પેઠે મેથી પાક ને ગડદા પાટુ જમાડયા. ત્યાં રમજૂમીંયા સાહેબની મુછ નીચી થાય તેમ હતી. પણ વખત જતાં બીજા ભળતા જ બહાના નીચે એક ખટલામાં પસાયતાઓને સંડોવેલા ત્યારે દોલુભાએ પસાયતાઓનો પક્ષ લઈ તેમને છોડવવામાં સારી મદદ કરેલી.

સ્વભાવે જ કાંઇક કરી જવાની ભાવનાવાળા દોલુભાને ઘણી વખત લાગી આવતુંઃ આ સરકારી નોકરી શા માટે સ્વિકારી ? સંકુચીત કુંડાળમાં પડી આટલા ટુંકા પગારે આટલા વર્ષો કાઢયા ને

જીંદગી તેમાંજ વીતાવવી-પ્રજા ચળવળના જુવાળ ચડતા ત્યારે તેઓ અફસોસ ગુજારતા : હુંય શા માટે તેમાં ભાગ ન લઉં.

આવા દ્દોલુભા પરોક્ષ કે અપરોક્ષ રીતે બહારના કામોમાં ભાગ લેતા તેથી, તથા પોતાની આજુબાજુના અમલદારો પ્રજાને નાહકના કનરડે નહિં તેની ચોકી રાખતા તેથી, રાજ્યના મોટા અમલદારોની કરડી નજર તેમના ઉપર સદાય રહેતી. પણ દોલુભાનું કામ એવું તો ચોકખું રહેતું કે તેમને કયાંય પકડી શકાતા નહિ.

પીપળીના દરબાર ચંપુભા ઉપર સરકારે લખાણ મોકલ્યું 'તમે ધારો છો કે તમારું ગામ ડુંગરી છે. સરકારની માન્યતા છે કે તે એક આંકડીએ છે.'

આના ઉપર તકરાર ચાલી. ચંપુભા કહે મારૂં ગામ ડુંગરી હક્ક-વાળું. સરકાર ના પાડે. અમૃતવેલની નાની-મોટી બન્ને કોર્ટમાં ચંપુભાના વિરુદ્ધ ફેંસલા આવ્યા. હિંમત હારી ન જતાં દરબારે વટાંદરની વરીષ્ટ કોર્ટમાં ન્યાય માંગ્યો ત્યાંય હાર્યા. કાઉન્સીલમાં ગયા. તેણેય નનૈયો ભણ્યો. છેવટે હજૂર અપીલમાં ગયા.

વટાંદર રાજ્યે ગરાસીયાના ગીરાસનું એકીકરણ કર્યું ત્યારે તે બધા કયા પ્રકારના ગીરાસ ખાય છે તેનું ટીપ્પણ કરેલું. તે ટીપ્પણ છપાઇ તૈયાર થતાં થતામાં તો સરકારની દાનત ખોરા ટોપરાંની થઇ. આ હક્ક પત્રક પ્રગટ થશે તો તો ગીરાસીયાના ગીરાસ ગમેનકેન પ્રકા- રેણ પચાવી પાડવામાં આવે છે તે બની શકશે નહિ, એમ ધારી છાપેલા ટીપ્પણની એક એક નકલ દરેક કોર્ટ કચેરીયોમાં મોકલી દીધી. સાથે સાથે સખ્ત ફરમાન કાઢયું કે કોઇપણ સરકારી અમ-લદાર આ ટીપ્પણનો ગેર ઉપયોગ કરશે; એટલે ગીરાસીયાઓને વંચા-વશે કરશે, તો તેને સખ્ત નશીયત કરવામાં આવશે.

હજૂર અપીલમાં જીતવા માટે પીપળી દરબારે ખૂબ મહેનત લીધી. મોટરો દોડાવી. પ્રાન્તના સુબેદાર પોદ્દાર પંચોતેર હજાર રૂપિય. ખાઈ ગયા. છતાં તેમણે કાંઇ ધોળ્યું નહિં. એકંદર બે લાખ રૂપિયાનું ખર્ચ થતાંય ગામ સરકાર હસ્તક જશે એવી બીક પેસી ગઇ.

આ બધી વાત દોલુભાને મળી. તેમણે તાબડતોબ ચંપુભાને બોલાવી, પોતે જે મહાલમાં નોકરી કરતા ત્યાંની કચેરીમાંથી મજકુર ટીપ્પણુ ઉપાડી લઈ, વટાંદરની સરકારમાં પીપળીના ગીરાસના કેવા હક્ક હતા તે દરબારને બતાવી દીધા. ટીપ્પણમાં જોઇ લીધેલી કલમોનો આધાર વકીલ મારફત હજૂરમાં રજૂ થતાં પીપળીનો ગીરાસ ડુંગરી જાહેર થયો: સાથે સાથે જાહેર થયું કે આપણું ખાનગી ટીપ્પણુ આ માણસને હાથ તો આપણા કોઇક નોકરીઆતની ખૂટામણે જ ગયું હોય. તો તેની તપાસ કરો.

દરેક કોર્ટો ને કચેરીઓ તપાસતાં જ્યારે હકીકત મળી જ નહિ ત્યારે પીપળી દરબારના કોઈ સંબંધી કે નાતીલા સરકારી નોકરીમાં છે કે કેમ, તેની તપાસ થતાં, આ કામ દોલુભાનું જ હોય એમ મોટા અમલદારોને ગળે ઉતર્યું. કોઈ પણ જાતનાં દાર્શનિક પુરાવાના અભાવે દોલુભાને કોઈ કાંઈ કરી શકયું નહિ. પણ ત્યારથી તેમના ઉપર સરકારી લાલ ડોળો ફરતો જ રહ્યો.

વાત તો એમ હતી કે વટાંદરની સરકાર સમદર પેટી હતી. લગભગ બધા નોકરિયાતો એવા હતા કે ખરી સરકારમાં તે ચાલી જ શકે નહિ, છતાં તેમને નભાવવામાં આવતા. કંઈ કેટલાયને પોકડામાં કેટલું રૂ સમાય તેની ખબર જ ન હતી, તો કોઇક ખેડૂત તલસરા મસળતો કેમ નથી એવા બહાના કાઢી તેમને દંડતા. ખરી રીતે તો તલસરા ખંખેરાય, મસળાઈ નહિ.

ત્યારે એક વખત તો વહીવટદાર સાહેબ ભીંત જ ભૂલેલા. વટપુ-

રનો એક ખેડૂત ધોરણસર મહેસુલ ભરી શકેલો નહિ. તેનું ખળું અટકાવવાનો હુકમ કરી ગયા. દરમિયાન ખળું તૈયાર થયે ખેડૂત તો માલ ઉપાડી ગયો. વહીવટદારને મહાલે જાણ થતાં તાબડતોબ ગામે મુકામ કર્યો.

સાધારણ રીતે ગામડામાં માલ તૈયાર થાય છે ત્યારે એમ બોલાય છે કે, 'ખળું ઉપાડી લીધું' આ શબ્દ પકડીને વહીવટદાર ખેડૂતને ધમકાવવા મંડી ગયા. 'સાલા તારાથી સરકારી ખળું જ કેમ ઉપાડાય! ખળાનાં જેટલાં ઢેફાં ને પોપડા ઉપાડી ગયો હોય તેટલા ફરીથી ત્યાં ગોઠવી દે, આવું કૃત્ય અમારી પરવાનગી વગર કરવા બદલ તારો પચ્ચીસ રૂપિયા દંડ કરવામાં આવે છે.

પટેલ-તલાટીએ ઘણું ઘણું સમજાવ્યા છતાં વહીવટદાર એકના બે થયા જ નહિ ને ખેડૂત પાસેથી દંડ વસુલ કરતા ગયા. ખેડૂતે ઉપર અરજી કરી. તપાસ થતાં વહીવટદાર ભીંત ભૂલેલા લાગ્યા. ખેડૂતને દંડ પાછો મળ્યો. વહીવટદારને પાણીચું મળ્યું.

આવા તો કંઈ કેટલાય દાખલા આપી શકાય. આથી થોડીક જ બુદ્ધિ લડાવનાર કે કુનેહ વાપરનાર અમલદારને વટાંદર રાજ્યમાં સારો ચાન્સ મળતો. દોલુભાને પણ આ વર્ષે તેમની નિયમિત અને ધોરણસરની કામગીરી બદલ પ્રાન્તના સુબેદારના શીરસ્તેદાર બનાવ્યા.

પ્રકરણ દસમું

કરવું શું?

વૃટપુરમાંથી ઠરી ઠામ થયા પછી રામ જોઈ શક્યો હતો કે ચારે બાજુ અસંતોષ, અસહાયતા, ત્રાસ, કિન્નાખોરી ને જંગાલિયત એક વર્ગ તરફથી બીજા વર્ગ ઉપર ચાલતાં ને નભતાં. કોઈ કોઈનો ધણી ન હતું. કોઈની કોઈને પડી ન હતી. આ વિશાળ જગતમાં શું બની રહ્યું છે તે જાણવાને કોઈ ઈન્તેજાર ન હતું, કે પોતે જેનાથી ડરે છે તે તત્ત્વો તો પોતે જ પેદા કરે છે, પોતાની નબળાઈ જ આ આ બધું ચલાવી લ્યે છે, એવો ખ્યાલ ત્યારે લગભગ કોઈને જ હતો નહિ.

ગામડામાં ત્યારે તો ખુલ્લે ખુલ્લા ત્રણ પક્ષ પડી ચુકયા હતા. એક ચૂસનારો, બીજો ચૂસાનાર ને ત્રીજો એ બન્ને લેતીદેતીનો માર્ગ કરી આપનાર. આ સિવાયના કોઈ પક્ષને ત્યાં સ્થાન ન હતું. સ્થાન હોય તોયે તેનો કોઈ સ્વીકાર કરતું નહિ.

લગભગ ગુંગળાવી નાંખે એવું વાતાવરણ ત્યાં પ્રસરી રહેતું. એકની ગુન્હેગારીએ રાત્રે તપાસ કરવા આવનાર ફોજદારની ધાકે બધા ફફડી ઉઠતાં. આખું ગામ ગુન્હેગાર હોય, તેમ ગામ ઉપર ધારણ ફરી વળતું. બે ત્રણ કુતરાના અવાજ કે સીમાડાની ટાઢ સહન ન કરી

શકવાથી પરવાડાના ઓથે ભરાઇ બેઠેલી શિયાળોની લાળી સિવાય બધું સુમસામ બની રહેતું. સવાર પડયે કોઇ ન જોડતું સાંતી કે ન વળગતા કામધંધે. બીતા બીતા કમાડની ત્રડમાંથી સમાચાર પૂછી લેતા : 'કાં ફોજદાર સાબ્ય ગ્યા ?

પોલીસો નિરંકુશ રીતે ઘોડાઓ માટે રજકા–ચાહટિયાના ભારા ઉપરાવી શકતા. મોસમે ઉભડો પાસેથી ખડની ગાંસડીઓ માથે ઉપડાવી મહાલના ગામે પહોંચાડતા. મુલ્કી ને વસુલાતી અધિકારીઓ વેઠે ગાડા મંગાવતા. શીરસ્તા પ્રમાણે માઇલે જ આપવાનું તો કોરાણે રહ્યું, ગાડા ખેડુને વેઠ પત્યે ખાવા આપવાના ગાંઠીઆમાંથી યે જતા. ખોટા ભાડાભથ્થાં આકારતા, ને એ રીતે સરકારને ઠગતા.

ખેડૂતોને તગાવી લેવા ઉભા કરતા. તકતા ભરી આપી કરબામાંથી પચાસ રૂપિયા તગાવી લઇ ખેડુત દરવાજા બહાર નીકળતો, ત્યાં પચીસ જ રૂપિયા રહ્યા હોય. શીરસ્તેદાર ખાય, ચીટનીસ પાનસોપારી જમે ને તલાટીનો લાગો જાય, પછી એટલું જ રહે ને ?

ગામડામાં ચણતરની અરજી કરતી વખતે આપવું પડતું. ન આપતા તેનું ચણતર અદ્ધવચ્ચેથી જ અટકાવાતું. સરકારી જમીન ચણતર કરતા દબાવી છે. એવું પ્રકરણ ઊભું થતું તેમાંથી છૂટવા પટેલ ધરાય, તલાટીના ખીસ્સા તર થાય ને તાલુકે પ્રકરણને બીનું સંકેલવા ખર્ચ કરવું પડે તે જુદું.

વેચાણહક્કના મોબદલા ભરવામાં–વાંધા નખાય–ખેતર કે ઓરડાનું માપ જ મળતું જ નથી ને ! એવા બહાના નીચે નાણા ઓકાવાય. નાણાં મળે બધા વાંધા અદૃશ્ય થાય. પૈસા આગળ કાયદો વેચાય. પ્રજાના પૈસે રખાતા નોકરો પ્રજાને સંતાપે, તો રાજ્યને ઊંઠા ભણાવે.

ખેતરેથી વાડીયેથી સાંઠા ને શેરડી ઉપરાવાય, ખળાવાડેથી દાણા

જાય. દુઝાણાંમાં ભેંસો મળી રહે. નીરવાને ખડ–કડબ હાજર. આવતી લાંચરૂસ્વત ને પગાર ખિસ્સા તર કરે.

સીમાડાના બાણુ શેઢા તપાસાય. આપે તે ગુન્હામાં આવતો હોય તોયે જતો કરાય. ન આપે તેની 'શેઢો ભાંગ્યો છે, બાણુ ત્રાંસુ કર્યું છે, સરકારી પડતર આંતરી લીધી છે. વગેરે બહાના કાઢી ફેરીઅત થાય, ને તે રાજ દરબારે દંડાય.

ઢેઢ–ભંગીઓ છાણા ઉઘરાવે. ઉઘાડે પગે બપોરના સખત તાપમાં ગાવેક દૂર આવેલા સાહેબને બંગલે પહોંચાડે. કાયમને માટે એંઠવાડથી, ખાતર–કચરાથી, કે બેદરકારીથી બગડેલી–સડેલી કે ખાડાટેકરાવાળી બજારો સાહેબના મુકામની આગાઉ ઢેઢ–ભંગીઓ રાત–દીની મહેનત લઇ સાફ કરે, ને રોટલો ઘરે જઇ ખાય.

સત્તાવાળાઓની આ કનડગત અધૂરી હોયે તેમ વારતહેવારે જમાંતો આવે, ડંડા પછાડે, સીધા સામાન લ્યે, ખળાવાડમાં ઝુંડના ઝુંડ ઉભરાય. પછેડીઓ પાથરે. દાણા લેતા જાય, ને આશીર્વાદ આપતા જાય.

સીમમાં મોસમે ઉંદરોનો, કાગડાનો, વૈયાનો ને જનાવરોનો ત્રાસ. માલધારીઓ માલ છૂટો મૂકે. નવરા પાકતી મોસમે ચોરી કરી લણી જાય, તે બધામાંથી વધે તે ખેડૂત ખાય.

આટલા પરચક્રના ત્રાસ. આ પરચક્ર પેદા કરનાર આપણે. આ પરચક્રના ફરતાં ને ફેરવતા બધાં આપણે. આ ત્રાસ નભાવનારા આપણે ને આ ત્રાસ ઊભો કરનાર આપણે–આપણાજ પાપે આ બધું. ચાલે ને ચલાવાય.

ગામડામાં અજ્ઞાનવર્ગ પોતાની જ નબળાઇથી કેટલુંક વહોરી

લ્યે છે. અવળા રસ્તાની ભાગીદારી સ્વિકારે છે, તેમ અનુભવે રામ જોઈ શકયો.

પદમા પટેલને દાણા ખૂટયા. વરસ ઊતરી શકે એવી સ્થિતિ રહી નઈં. તગાવી લેવા ચાલ્યા. બળદ લેવાની તગાવી ભરી. બળદ તો લેવો ન હતો. એટલે આ ખોટું ધાંધલ કરવામાં તલાટીની મદદ લેવી પડી. તગાવી મંજૂર કરાવવા શીરસ્તેદારને સમજાવવો પડયો. તગાવી મળ્યે અર્ધોઅર્ધ પેલા પડાવી ગયા.

તગાવી લેનારે તગાવી બળદ લેવામાં જ વાપરી છે કે નહિ તેનો નીમતાણો લેવા વહીવટદાર આવ્યા. પદમા પટેલે ગામના બીજા ખેડૂતનો બળદ લાવી હાજર કર્યો. તે બળદ તગાવીના જ પૈસાથી પદમો પટેલ લાવ્યા છે એવી તલાટીએ સાક્ષી પૂરી. તગાવી દીધાની પ્રાથમીક વિધિ પૂરી થઈ.

ઝંડુર ભટે મકાન ચણુવા માંડયું. પડખેના એક ગરીબ ખેડૂતની પડતર જમીનને લીધે મકાનના પ્લાનમાં ખાંચો પડતો'તો. આખું મકાન એ ખાંચો પડે તો બદસૂરત લાગે તેમ હતું. તલાટીને સમજાવી ભટ મહારાજે એ પડતો ખાંચો કઢાવી નાખ્યો. કાઢેલી જમીન તલાટીએ ઝંડુર ભટની ઠરાવી દીધી. પંચાયતે મકાન ચણુતરની મંજૂરી આપી દીધી.

તખુભા, સીમમાં એક વાઘરી ડુંડા ચોરતો પકડાયો તેને પાટું મારી બેઠા. પાટું આફરામાં વાગ્યું ને વાઘરીના રામરમી ગયા. ગુન્હેગાર તખુભાએ બચુમીંયા ફોજદારને પાંચસો રૂપિયા આપ્યા ને હારા કરી છૂટયા.

ખીમચંદ મહેતાનો છોકરો માંદો પડયો, કેસ સીરયસ લાગ્યો. કિંમતી દવા ખરીદી શકે એટલા પૈસા ઘરમાં નહિ. દવાખાને ડોકટરને

મળી તેમની ખાનગીમાં પૈસા—સરભરા કરી દવા મેળવી શકયા, ને છોકરો સારો થયો.

આ બધા પાછળથી રામ આગળ ફરિયાદ કરતા કે પેલા સીર-સ્તેદાર, ને ફલાણા ફોજદારે, કે ઢીંકણા તલાટીએ કે અમલદારોએ અમારી પાસેથી લાંચ લીધી. સ્વાર્થ સાધવામાં લાંચ આપનારા આ બધા જ્યારે ચોકખા થવા આવતા ત્યારે રામને વિસ્મય થતું.

લાંચરૂસ્વતના પોણોસો કિસ્સામાં રામને માલુમ પડેલું કે પ્રજાએ સ્વાર્થ સાધવામાં, બેદરકારીથી કે અવળા રસ્તાની ભાગીદારી સ્વિકારી લાંચ આપેલી, પચીશ ટકામાં અમલદારોની જોહુકમીથી, ત્રાસથી કે બેહુંદાપણાથી લોકો લાંચના ભોગ થઈ પડેલા.

આ બધું જોતો, અનુભવતો ને રામ વિચાર કરતો કે ત્યારે હવે કરવું શું ? સરકાર—દરબારો તો સમજ્યા છેઃ ગામડામાં એવા વર્ગો પેદા કરો જે અંદરો અંદર લડે-ઝઘડે ને પાછા પડે. પછી સરકારે રાવજ કયાંથી લાવે.

પહેલું પગથિયું પટેલ. પળત મળે, હુકમ ચલાવે, સાચ ખોટનું પૂતણું. વધારેમાં વધારે મહેસૂલનું નામ પડાવવા આગ્રહ કરે. વર્ષો જતાં તેનું કુટુંબ વધે. એટલે પટેલ તો એક જ થાય. બીજા ભાઈઓ ગામના ખેડૂત જેવા થઈ રહે. પૂરૂં પળત લેવા જતાં પોતાના પેટનો ય વિચાર પટેલ ન કરે.

સામે પડનારની પટેલો ગંજીઓ બળાવે, મોલ ગુડાવે, ઢોરને ઝેર દેવરાવે. ન કરવાના કામો કરે, ને ત્રાસ આપે.

સરકાર એકાદ બે નજીવા ને નકામા હક્કો ગામને આપે. તેના ખાતર ગામ લડે. પંચાયતનો પ્રમુખ ને સભ્યો ગામ ચૂંટે. ઝઘડા થાય. ચૂંટણીમાં તડ પડે. પ્રમુખ થવામાં એકબીજાના મન કોચવાય,

ને મહિનાઓ સુધી ઈર્ષા, આગ ને અદેખાઈથી વાતાવરણ ધુંધળું બની રહે.

સુધરાઈ ને કેળવણીના બીનજવાબદાર કે બીન અમલી કામો સરકાર પ્રજાના હાથે કરાવે. તેમાંય હોદા, ને મોભાના કારણે લોકો અંદરો અંદર આખડે

ત્યારે ગામડામાં ખેડુતોના દુખોનું નીવારણ કરવાના પ્રયત્નો કરતાં કરતાં ય રામને તેમની ગેરરીતીઓ, સ્વાર્થ કે અક્કલપણાનો ખ્યાલ આવેલો.

પોતાનું ખેતર લણવા ઉધડું આપતી વખતે એ પચાસ વીઘા હોય તો ઉધડીઆને પીસ્તાળીશ વીઘા કહી પાંચ વીઘાની મજૂરી ઓછી આપે.

ઉધડીયા–દાડીયાને મજૂરીનાં દાણા આપતી વખતે, વાવલેલો ગોળાનો બાજરો–જુવાર કોઠીમાં ભરે ને પછાટ–કાંધાનો દાણો મજૂરોને આપે.

તેમાંથી કાંધુ વધે તો પારેવાની જારના ખરડામાં આપે. તેમાંથી વધે તે સવારે 'પ્રભુની દયા થઈ' કરતા 'સપટી'એ આવનાર બ્રાહ્મણને આપવા ખાતર દળી રાખે.

કાંકરા વાળો માલ વેપારીને આપતા દગો કરી બેસે. વેપારી લઈ એ ફુલાય: 'ઠોર્યો ને ઉતાર માલ.' પણ ભૂલે કે વેપારી તો ભાવ જ ઓછો આપી ગયો.

વાણંદ–હજામો હજામત કરે તેની વર્ષભરની આથ ભરે ત્યારે તકરાર કરે કે 'અઠવાડીએ હજામત કરવા આવવી જોઈએ તેને બદલે વીશ દિવસે કેમ આવે છે.' જ્યારે ખરી રીતે તો પોતે સારું પાકયુ હોય તેથી લણવામાં, ઉપાડવામાં કે દેખરેખ રાખ્યામાંથી નવરોજ ન થતો હોય. વાણંદ હજામત કરવા આવે ત્યારે કહે:

'આજે કામમાં છું, નવરાશે આવજે.' ને પાઘડીનો વળ છેડે ઊતરે. 'હળવું લોઈ હવાલદારનું' તેમ આથ ભરતા વખતે બહાનાં કઢાય.

દુષ્કાળ કે નબળા વર્ષે તો વસવાયાની કઠણાયજ. નવરા બેઠા હોય એટલે અવારનવાર હજામત કરવા બેસે. સારે વરસે તો કામના રોકાણે દાઢી તરફ બેદરકાર રહેનાર સ્વાભાવીક જ રીતે નબળા વરસની નવરાશે વધારે દાઢી મુંડાવે. વાણંદને બિચારાને બે અસ્તરા વધારે ઊતરે, છતાં આથ લેવા જાય ત્યારે કહે 'વરસ કયાં પાકયું છે તે તને આપીએ.' પાથરેલી પછેડી ઉપાડતોકને વીલે મોઢે વાણંદ ઘેર જાય.

કપાસમાં તોલ પૂરવા પાણી નાખે. શેઢાના ખેતરમાં ચોરી કરે. એક બીજાનામાં, બીજો ત્રીજાનામાં ને દરેક દરેકનામાં તેમ કરી સાટું વાળી લ્યે. કાંઈ બધા ખેડુતો આવા નથી. છતાંય છે તે છેજ.

આ બધાનું નિવારણ કરવાનો રસ્તો તો લીધેજ છૂટકો. કયાં સુધી આ અસમાનતા, અજ્ઞાનતા, અસહાયતા, ત્રાસ કે જંગાલિયત ચલાવ્યે રાખવાં. કોઈએ કાંઈક તો કરવું જ રહ્યું. આ બધા આઘાતે, અનુભવે ગામડામાં એક મંડળ જમાવી કામ શરૂ કરી દેવાનો મક્કમ વિચાર રામે કરી લીધો.

બની શકે તેટલું પ્રયત્નથી મીટાવવા. સમજાવીને પાંસરું કરવા, બીક, ભડક ઉડાડવા, ખોટું કરતા ડરવા, શીખવવા માટે તે પ્રયત્ન કરતો. કયારેક અથડામણમાં આવવું પડતું. કયારેક નમી જોખવું પડતું, કયારેક કાયદાને આધારે ચાલવું પડતું તો કયારેક જ્યારે વિરોધી બળો મચક ન આપતા ત્યારે છાપાનો આશરો લેવો પડતો.

વટપર, ને તેની આજુબાજુનો પ્રદેશ એટલો તો પછાત હતો કે આજ સુધી તે ટુંપાતો, ભીંસાતો કે દબાતો તેની રાવ કોઈએ સાંભળીજ નહતી. આ એક સાથે વિરોધનો વાવંટોળ ઊઠવાથી અમલદારો ચોંકી ઊઠ્યા. છાપામાં તેમના ખરાબ કૃત્યો ચીતરાતાં તેઓ ભડકયા.

અમૃતવેલના સૂબેદાર પોદાર તો પોતાના તંત્રની સામે આંગળી ઉંચકનારને ડારતા; કયારેક ધમકીથી કામ લેતા તો કયારેક ઢાઢા પાણીએ ખસ કાઢી શકતા, તો કયારેક અંદરોઅંદર લડાવી મારી બધું પતાવી લેતા.

એવા આ સત્તા શોખીન સૂબેદારને રામ, ને રામની મંડળીના પ્રજાપક્ષીય ખ્યાલો આકરા લાગ્યા, કંઈ કેટલાય વખતની તળીએ પડેલી વાતો છાપા દ્વારા જનતામાં પ્રસરવા લાગી, તે તેઓ કેમ સાંખી શકે !

અત્યાર સુધી દરેક તંત્રમાં લગભગ નીરંકુશ રીતે કામ લેતા પોદારને રામના કામથી, ને નામથી માથા ઉપર થપાટો પડવા લાગી. કાં તો રામને નમાવવાના કે ઠેકાણે પાડવાના, બધા પગલાં અજમાવી જોવાની શરૂઆત સૂબેદારે આદરી.

પ્રકરણ અગિયારમું

સૂબેદાર

વટાંદર રાજ્ય પોતાના પ્રદેશના વિભાગો પાડી રાજ્ય ચલાવતું. તેની રાજ્ય વ્યવસ્થા વખણાતી. બ્રિટિશ સરકારને ત્યાં અમલમાં ન હોય તેવા કાયદા અહીં હતા. વટાંદરના મહારાજાએ સૌ પહેલા હરિજનોને અપનાવેલા. પ્રજા સુધારણાનાં કાર્યમાં મહારાજા ઊંડો રસ ધરાવતા. તેમણે સારા કાયદા ઘડયા હતા, ને તે બરોબર પળાય છે કે નહીં તેની કાળજી રાખતા. છતાં લગભગ બધાય કીસ્સામાં અમલદારો આ કાયદાને નેવે મૂકતા. કાયદા કાગળ ઉપરજ રહેતા. અમલદારોજ કાયદો ને અમલદારોજ બધું. તેમના ગમા–અણગમા ઉપર લોકો નભતા ને રહેતા.

એવા આ વટાંદર રાજ્યમાં અમૃતવેલ એક વિભાગ હતો. રાજના બીજા વિભાગોથી તે અતિ ઘણો દૂર હતો. અને તે દૂર હોવાથી તેની વ્યવસ્થા કરવા દરેક વખતે ત્યાંના સૂબેદાર તરીકે માતબર વ્યક્તિઓ આવતી, ને જતી. તેઓ મુલ્કી ને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારો લઈને આવતા, ને ભોગવતા. નિરકુંશ રીતે અમલ ચલાવતા. એકનું કાર્ય બીજાનું બની રહેતું. એટલે એક જે ચીલો પાડયો ત્યાંજ બીજો ચાલતો. વટાંદર રાજ્યમાં અમૃતવેલ વિભાગની

વસ્તી 'ઓરમાયા બાળક' જેવી હોય એમ વસ્તીને કાયમ લાગ્યા કરતું. એમ લાગવાને સુબેદારોની જોહુકમી, અવળચંડાઈ, ને બેદરકારીપણાએ કારણ આપ્યું હતું.

લોકો ઉપર ફરિયાદ કરતા તો દૂર પાટનગરમાં પડેલા અમલદારો અહીંના વાતાવરણથી અજાણ હતા. એટલે પોતાનો બચાવ કરવામાં સ્થાનિક નોકરો ફાવતા. ઉપરાંત ધંધાભાઈઓને બચાવવાનું લગભગ બધા જ સત્તાવાળા શીખી ગયા હતા. એટલે લોકોનું દુ:ખ વધતું. એ વધતું એટલું કોઠે પડી ગયું હતું.

ક્યારેક કોઈ ત્રાસેલો હોહા કરતો તો પીઠબળના અભાવે પાછો પડતો. પડતા પર પાટું ખાતો, ને સપાટી પરથી અદૃષ્ય થતો.

આવા આ અમૃતવેલ વિભાગમાં અત્યારે સૂબેદાર તરીકે શ્રી. પોદાર હતા. ગરીબ માબાપને ઘરે જન્મી, મેણાં ટુણાં ખાઇ, નાનપણમાં પોદારે ખૂબ સહન કર્યું હતું ભાઈ ભાંડુ ખૂબ હતાં, એટલે તેમની જોઈએ તેટલી સંભાળ રાખી શકેલા નહિ. શેરીઓમાં રખડતાં, ગરીબાઈ ને લીધે બીજા છોકરાઓના હાથે માર ખાઈ બેસતા, ત્યારે પેદારને પોતાની અસહાયતા સાલતી.

વટાંદરના મહારાજા જાત ભાઈના ને કુટુંબના છોકરાઓને ઉત્તેજન આપવા શીષ્યવૃત્તીઓ આપતા. પોદાર પણ અભ્યાસમા હુશિયાર હતો. વટાંદરના કેળવણીખાતા તરફથી શીષ્યવૃત્તિ મેળવી શકેલો. આગળ જતાં, ભાગ્ય આડેથી પાંદડું ખસી જતાં, તે બી એ. થયો. એટલે મહારાજા સાહેબે તેને બેરીસ્ટર થવા વિલાયત મોકલ્યો.

બેરીસ્ટરી હાંસલ કર્યા પછી રાજ્યનાં જુદા જુદા ખાતામાં તેને પલોટવામાં આવ્યો. મોજણીદાર—મામલતદાર વગેરેના હોદા દીપાવી તેણે રાજ્યની વફાદારી બતાવવાથી પોદારને સીધા અમૃતવેલના સૂબેદાર તરીકે નીમી દીધો.

સૂબેદાર પોદાર હવે કાંઈ ગામડાંની શેરીઓમાં રખડતો ગરીબ માબાપનો છોકરો નહતો. તે વખતના બધાં દુખો તો લગભગ ભૂલી જ ગયેલો. પોતાના ઉપર નાનપણમાં પડેલા ત્રાસનો કીન્નો લેવાને જ આ સ્થાન તેને મળ્યું હોય તેમ તે માનતો. આથી થોડાકથી જ દુભાયલો પોદાર સત્તા મળ્યે આખા સમાજનો શત્રુ બનેલો.

ઉપરાંત અમૃતવેલની સૂબેદારગીરીનું વારસાતંત્ર જ કાંઈક એવા પ્રકારનું હતું તેમાં તેને ત્રાસનો ગુણ કેળવી લેવો પડતો. એ બીબામાં ગોઠવાનાર આવું જ કરી શકે એવો ખ્યાલ ત્યાં બેસનારને સૌ પહેલાં આવતો. તેઓ બધા બચાવ કરતા કે ' રાજ્યના હિતમાં રહેવું જોઈએ ને.' પણ પોતાનો સ્વાર્થ સાધવામાં આ બધા રાજ્યને ઉંઠા ભણાવતા, ત્યારે રાજ્યનું હીત સુકાઈ જતું.

જેમ વટાંદરના મહારાજા લોક સુધારણા અર્થે કાયદા કરતા, તેમ તે કાયદાને આધારે જ લોકોને ડારવાનો અમલદારો પ્રયત્ન કરતા. શ્રી. પોદારે પોતાની આસપાસ યોજેલું મંડળ એવું હતું, જે હરહંમેશ પોતે જ અળખામણું બની પોદારનું કામ પતાવે.

નીરંકુશ રીતે સત્તા ચલાવવામાં જો કોઈ આડે આવે તો આ મંડળ દ્વારાજ એવા કાંટા પોદાર કઢાવે. તેમાંય ન ફાવે તો પ્રજાનો પક્ષ લેનારા ઉપર નનામી અરજીઓ કરાવે. પછી પોતે જ એવી અરજીઓનો તપાસ કરે ને પેલા ઉપર કેસ કરાવે.

વખત બે વખત આવી નનામી અરજીઓ કરનાર કોઈ મળે નહિ તો જેના વિરૂદ્ધ કામ કરવું હોય તેને સંડોવતી નનામી અરજી પોતાના ડાબા હાથથી ઘડી પોદાર પોતે જ ટપાલમાં નખાવે. નીકાલ કરવાનું તો તેમને જ, એટલે ફાવે તેવું વર્તન ચલાવે.

ધારાસભાની ચૂંટણીઓ વખતે રાજ્યમાન્ય સભ્યોને ઊભા કરે. તેમના વિરૂદ્ધ ઊભા રહેનાર પ્રજાના માણસને હરાવવા હરએક પ્રયત્ન કરે. માન્ય સભ્યને જ મત આપે એવી ધમકીઓ મતદારોને અપાવે.

બધી ગેર રીતીઓ લીધાં છતાં શ્રી. પોદારને લાગે કે આપણો સભ્ય હારી જશે, તો મતની પેટીઓ જ ગુમ કરે, ફરીથી ચૂંટણી થતાં ય હારે તો મતદારોને ખોટી રીતે સંડોવી કેસ કરે. એટલે બીજી ચૂંટણીમાં થાકીને બીકથી કે કંટાળો ઉપજતા પ્રજા સ્વતંત્ર મત આપતા ડરે.

પ્રજા લડતો વખતે ખેડૂત કે વેપારીઓ એક ન થઈ જાય તેની શ્રી. પોદાર તકેદારી રાખે. એકના ભોગે બીજાનો પક્ષ લ્યે. એકને નબળો પાડી બીજાને પાટું મારે.

ગામડાંમાં ગુંડા તત્ત્વોને બહેલાવે. પ્રજાની સભામાં ધૂળની ધાબળીઓ ઉડાડે. પત્થર ફેંકાવે ને ન કરવાના કામાં કરાવે.

એકંદર અમૃતવેલ વિભાગના આઠ વર્ષો પોદારની સૂબેદારીનાં ગયા તેમાં પ્રજા ધાન ધાન થઇ ગઇ. ન કોઈ માથું ઊંચું કરી શક્યું, ન કોઇ ઉપર રાવે ગયું. ન કોઈ તણખલું ય હલાવી શક્યું.

આવા આ પોદારને પટેલીઆઓ મળી રહેતા. પોદાર તેમને મોટી મોટી તગાવીઓ ધીરતા. ને તે તગાવીનો પોણો ભાગ પોદાર જ પડાવી લેતા. પટેલો ભેંશો મોકલતા, ને શિયાળામાં પાકો-પકવાનો મોકલતા. ગોળના ભેલાં મોકલતા, ને ઘીના ડબા આવતા. પોદારને ઉજવવાના ઉત્સવો આ બધા આવતા ને પોતાનાજ પૈસે ઉજવી જતા.

કેટલાય નાલાયક થયેલા નોકરોને પોદાર પોષણુ આપતા. બીજા રાજ્યમાં તજાયલા અમલદારો અહીં આશરો પામતા. સારી નોકરીએ

ચડી જતા, ને પછી પોદાર તંત્રમાં ગોઠવાઈ જઈ પ્રજા પર ત્રુટી પડતા.

જાહેરમાં સખ્ત ગણાતા સૂબેદાર ઘર આંગણે નમાલા બની જતા. બાઈસાહેબ કહે તેટલું જ કરતા, ને આપે તેટલુંજ ખાતા–આના કારણમાં એમ બોલાતું કે બાઈસાહેબને પોદારની જનન શક્તિ સદાય અસંતોષ આપતી.

શારીરિક બળે પોદાર નબળા હતા. લગભગ બધું જ પુરૂષાતન પરવારી બેઠા હતા. તેમને પચાસ વર્ષ થવા આવ્યા હતાં છતાં એકેય સંતાન ન હતું. સંતાન ન થવામાં પત્નીનો કોઈ દોષ ન હતો. પોદારની નબળાઈએ જ આમ બનેલું.

ને આમ હોવાથી ઘરનું વાતાવરણ નીસ્તેજ બની રહેતું. ભર્યા ભર્યા ઘરમાં કાંઇક અધૂરું હોય એમ લાગતું. આનો સંતાપ બન્નેને રહેતો.

બધી ઇચ્છાઓમાં પુત્રેચ્છા એ વધારે ધક્કો મારે છે. સ્ત્રી ત્યારે ન કરવાના કામા કરી બેસે છે. સૂબેદાર પત્ની અત્યાર સુધી તો ધીરજ ધરી રહી. પણ પોદારથી કાંઈજ સંતતી ન થવાના ચિન્હો લાગતાં, ત્યારે આ અવળે રસ્તે મેળવેલી સંપતીનો વાપરનાર કોઈ નહિ જાણી, રહેલી ધીરજ જતી રહેતી.

ધીરે ધીરે પોદારનાં મંડળમાંથી કેટલાકની, તો કોઈક બીજાની, તો પત્ની તેડાવ્યા કેટલાકની, સૂબેદારને ત્યાં અવરજવર વધી. અમૃત વેલમાં જ્યાં સુધા શ્રી. પોદાર સૂબેદાર રહ્યા ત્યાં સુધી તેમના ઘરની, ને તેમના વહેવારની અસંખ્ય વાતો થતી. પ્રજા તેમાં મરચું મીઠું ભભરાવતી એટલું જ.

પાંચ વરસ સુધી ખોટે રસ્તે ચડવા છતાંય સૂબેદાર પત્ની પુત્ર પ્રાપ્તી કરી શક્યા નહિ. તેથી હવે આ ભવે તો એ બની શકવું

અશક્ય એમ મન મનાવી પ્રભુ ભક્તિમાં પડયાં. પણ ક્યારેક શ્રી. પોદારને પોતાની મીલકતનો વારસ કોણ? એવી ચીંતા સતાવતી ત્યારે વળી ફરીથી પ્રયત્નો કરવા તેઓ પત્નીને સમજાવી જોતા. નીત્ય નવાથી થાકી–કંટાળી ગયેલી પત્નીના નિશ્વાસ સિવાય સૂબેદારને કોઈ જવાબ મળતો નહિ.

દામાપૂર મહાલના મામલતદાર શ્રી. પોદારના ખાસ માણુસ હતા. પોદારના દરેક કામો તે ચીવટથી પતાવી દેતા. જ્યાં પોદાર અળખામણા બને એમ તેમને લાગે, ત્યાં તેઓ મામલતદારને આગળ ધરી દેતા.

મામલતદારનો રૂઢીગત વારસો તો પૂજાઅર્ચનાનો હતો. પણ તેમણે તે ધંધાને નવા વાઘા ચડાવેલા. નોકરીમાં હતા તેથી ગાયોના ખડના નામે, જીર્ણ મંદિરોને સુધારવામાં કે નવા બંધાવવાને નામે, પરબો બેસાડવા કે જળાશયો ખોદાવવાને નામે લોકોમાં ખરડા કરતા, શહેરોમાં ભટકતા, ને પૈસા મેળવતા.

આવા કારણે તે 'મહાત્મા' કહેવાતા. ઉઘરાવેલા નાણામાંથી કોઇક સાધુને ચંપલ તો કોઇકને કમંડળ, કોઇકને છત્રી તો કોઇને મૃગચર્મ આપતા તે આશીર્વાદ મેળવતા. વધેલા લગભગ બધાજ પૈસાનો કયારેય હિસાબ આપતા નહિ. ખાધે–પીધે રાંક હતા. કોઇને ઘેરથી જમણનું નોતરૂં આવવાની વાટ જોઇને બેસતા. આવ્યે રાજી થતા. ન આવ્યે તેમનો આખો દિવસ બગડી જતો.

જમવા જનારને ત્યાં કોઈ દિવસ પંગતે બેસી જમવાનું પસંદ કરતા જ નહિ. એક યા બીજા બહાને જમવા આવવાનું મોડું કરતા. મામલતદાર હોવાથી તેમનું આ વર્તન બધા ચલાવી લેતા ને નભાવતા. પંગત પરવાર્યે જમવા આવતા, ને કુંડુ એક જમતા

જમણની દરેક વાનીઓ ઉપર સારી એવી ત્રાપડ દેતા, ને પછી રાતભર કંટાતા.

મહેસૂલ ઉઘરાતના હપ્તા વખતે કે નવરાશના દિવસે ભથ્થું ભાડું ચડાવવા ફેરણીએ જતા, ત્યારે તેમના ખિસ્સામાં દાળીઆ, શેકેલ સીંગના ફોલેલા દાણાં, ચણાનાં ઓળા વગેરે પડ્યા જ હોય. વાતો કરતા જાય, ને ખાતા જાય.

આ ખાવધરા ટેવથી સદાય તેમને અજરો રહેતો. ને એ અજરો રહેતો તેથી દામાપુરના દવાખાનાની આખા વર્ષની દવાનો અર્ધો સ્ટોક તેઓ જ ખલાસ કરતા. દવાખાનાનાં ડોકટરોને 'મહાત્મા' મામલતદાર હોવાના એક જ કારણે તેમનું આ દબાણ સહન કરવું પડતું.

ગામડાંમાં મળવેરાના સામાન માટે સરકાર કન્ટીજન્ટનું ખર્ચ પાડતી. છતાં ઉતારાના સાધનો અધૂરાં જ રહેતા. ન મળે ચા કરવા તપેલી કે પીવાને વાટકા–રકાબી, સૂવાને પલંગ કે પાથરવાને જાજમ.

'મહાત્મા' મામલતદાર રહ્યા ત્યાંસુધી પટેલોએ ને તલાટીઓએ મળવેરાનું કન્ટીજન્ટ પચાવ્યે રાખ્યું, ને 'મહાત્મા'યે તે પચવા દીધું.

વટપુરના ઉતારામાં વર્ષોજૂનો એક પલંગ રહેતો. 'મહાત્મા' આવતા ત્યારે તે પાથરી દેવામાં આવતો. સુતી વખતે મામલતદારના બન્ને ટાંગા પલંગની બહાર જતા. એટલા મામલતદાર લાંબા હતા ને પલંગ એટલો ટૂંકો હતો. વ્યવસ્થિત થવા માટે પલંગની પાંગતે ખુરશી મુકવામાં આવતી. તેના ઉપર 'મહાત્મા' ટાંગા લંબાવતા ને રાતભર સૂતા. છતાં ય કયારે ય તેમણે પલંગના ટૂંકાપણા માટે, બેડોળપણા માટે કે ઉતારાના વ્યવસ્થાકારો સામે ફરિયાદ કરી ન

હતી. આજે અત્યારે ય એ પલંગ પડયો છે. ફક્ત મામલતદાર જ 'સરકારને તમારી નોકરીની જરૂર નથી' એવી સલાહથી નિવૃત્તિ વેતન ભોગવે છે.

આવા આ મામલતદારે કરેલા ને ઉઘરાવેલા ખરડાનો હિસાબ રામે માગ્યો. તે ન મળ્યો એટલે ચળવળ ચલાવી. મામલતદારને છાપે ચડાવ્યા. તેથી સૂબેદાર ને મામલતદારે સાથે મળી રામને નમાવવાના પ્રયત્નો કર્યા.

પ્રકરણ બારમું

ચીભડામાંથી વરાળ

રામના ગામ વટપુરમાં આજે ગરબા ગવાતા હતા. મંડપો બંધાતા. ગામની બજારો સાફ થતી હતી. કાગળોનાં ને મોતી ગૂંથ્યા તોરણો બજારમાં બંધાતા'તા. કંસો દુટતા કડિયા ને પહોળી ચોરણી પહેરી પટેલિયા મહાલતા હતા. બજારો હાંફતી'તી. એકંદર આખું ગામ હીલોળે ચડયું'તું.

રામ, ને તેની મંડળીના પ્રયાસોથી વટપુરમાં-દામાપુર તાલુકા પ્રજા પરિષદની પહેલી બેઠક મળતી'તી. પોતાને આંગણે મહેમાનો આવશે, તેને આવકારવાની આ ધમાલ હતી. પોતાનું ગામ લોકોના દુઃખ ભાંગશે તેનો આ ઉલ્લાસ હતો. પોતે પહેલું નામ ખાટશે તેની ભભક હતી. બધુંય હતું ને છતાં લોકોના મોઢાં ઉપર કાંઈ ન કળી શકાય એવી મૂંજવણ હતી. 'આપણે આ બાજુની પહેલ કરીએ છીએ? અમલદારોની આંખે તો નહિ ચડીએ ને? અત્યારે જુવાળમાં સાથ આપનારા બધા સરી તો નહિ જાય ને? ને ખસી જાય તો અમલદારો નીરાંતે આપણને ધમરોળશે નહિ ને?' તેની.

પ્રમુખ આવ્યા ત્યારે શરણાઈઓ વાગતી'તી. ઢોલ, ત્રાંસા ને નગારાં સૂર પૂરતાતાં. માથે ઝુલ્યું નાખેલા બળદોથી જોડેલા ગાડામાં

પ્રમુખને બેસારી સભાસ્થાને લાવ્યા ત્યારે હૈયેહૈયું દળાતું'તું. અથોક લોકમેદની જામી હતી.

પ્રમુખે તેમના ભાષણની શરૂઆતમાં પોતાને પ્રમુખ ચૂંટી કાઢવા બદલ ગામને ઉપકાર માન્યો. પોતાનાથી સારો પ્રમુખ મળી શકત કહી શીષ્ટાચાર બતાવ્યો. આવી સભા ભરવા માટે ગામને ધન્યવાદ આપ્યો. લોકો યે ડરવું ન જોઈએ. ગેર રસ્તે ચડવું ન જોઇએ, અમલદારોને લાંચરૂશ્વતીઓ થતા અટકાવવા જોઇએ. લોકોની જ નબળાઇયે નાના નોકરો પેધે છે તે થતું અટકાવવું જોઇએ. ગેર રીતીઓ ચાલવા ન દેવી જોઇએ. વગેરે જામતા ભાષણે કહ્યું. ને ભાષણ સમેટતાં–સંપીને રહેજો. એકનું દુઃખ એ બીજાનું ને બીજાનું તે પોતાનું ગણજો. ભાગલા ન પાડતા. વગેરે ઉપદેશ આપ્યો.

રામે પોતાના ભાષણમાં મહાલનો કયો નોકર કયાંથી કેવી રીતે લાંચ ખાય છે તે આંકડા બતાવી સાબિત કર્યું. લોકો કયાં પોતાની નબળાઈ બતાવે છે તે, ને આપણી નબળી કડી કયાં છે તે સમજાવ્યું.

આળું દેખે ત્યાં જ અમલદાર ઘા કરે, સબળાથી ડરે વગેરે બતાવ્યું. લોકોની ઊંઘ ઉડાડવા, ને તેમને પોતાના ડૂબતા હક્કો સાચવી રાખવા માટે સજાગ કરનારા સેવકોને, રાજા–મહારાજાઓ 'ચળવળીયા' ને 'પરદેશી' કહે તેની સામે રોષ ઠાલવ્યો :–

બેન-બેટીની આબરૂ લૂંટનાર, કે પ્રજાનાં લોહીના ટીપે પેદા થયેલ પૈસો નાચ–જલ્સા ને ખાણામાં વાપરી નાખનાર, કે ગોરા સાહેબોની મહેમાન ગતીમાં લખલૂટ ખર્ચ કરનાર, કે ઘર આંગણે ભુખ્યા રહેલાની સંભાળ ન કાઢનારા, ઈંગ્લાંડ કે સ્પેનનાં બીખારીઓમાં વાહવાહ કહેવરાવવા છૂટી કોથળીએ નાણાં વેરનાર કે ખોટે રસ્તે

ચડી પીસ્તાળીશ લાખના ચેકની કહાણી પેદા કરનાર, કે મોકાણુ મૂકનારા આ રાજા–મહારાજા ' ચળવળીઆ ' કે આ પ્રજાસેવકો !

ત્યાં પોતાનાં વતનમાં દીવાનગીરી કે કારભારૂં કરી શકે એવી હુશિયાર વ્યક્તિયો હોય છતાં ઝીણી-મોટી નોકરીઓમાં ગોરાઓને લાવનાર અને એ રીતે 'પરદેશી'ઓને પોષણુ આપનાર કે પછી પોતે જ બીજા દેશોમાંથી ઊતરી આવી અહીંનો કબજો ધરાવતા થયા છતાં ખરી રીતે પરદેશીઓજ છે તે ખરા 'પરદેશી' કે આ પ્રજા સેવકો ?'

રામના ભાષણે વાતાવરણ ગાજતું થયું. સભા પૂરી થયે આ સંદેશો ગામેગામ પહોંચતો થયો. આંદોલનમાં વીરશ્રી ભરી હતી. કાંઇક કરી નાખવાનાં, ને આ ત્રાસ, આ જંગાલિયત કે આ ગુલામી ફગાવી દેવાનાં, સહુને કોડ જાગ્યા. જ્યાં જાવ ને જુઓ ત્યાં એકજ વાત થતી. 'કરેંગે યા મરેંગે.'

વટપુરમાં થયેલી આ શુભ શરૂઆત પછી તો બધે થઇ. જુદા જુદા જુથ્થ મંડળો સ્થપાણાં. પ્રજા કનડગતના દાખલા આવતા, ને તેનો નિકાલ કરવા વ્યવસ્થિત ઓફિસો સ્થપાણી.

આજુબાજુના રાજ્યો અમૃતવેલના સુબેદાર શ્રી પોદાર ને દામાપુરના મામલતદાર 'મહાત્મા'ને ઠબકો મોકલતા કે આ વંટોળ તમારે ત્યાંથી જાગ્યો, તો તેને ડારવાનો પ્રયત્ન તમે જ કરો.

ઠેઠ વટાંદરથી ખરીતો આવેલો: ' તમારી નબળાઇયે ને કામ કરવાની બિનઆવડતે આ બધું બન્યું : વાંચીને પોદાર છેડાઇ ગયા. ' કાં રામ નહિ ને કાં હું નહિ. ' તાપમાં ને તાપમાં આવી આકરી પ્રતિજ્ઞા લઇ બેઠા.

વટપુરમાં તેમનો મુકામ થવાનો પેગામ આવી ગયો. કયારે ય

નહિ ને આજે ઉતારાનું સંડાસ સાફ થતું દેખ્યું. ગેટ આજુબાજુ ભંગીઓના સાવરણા ફરવા લાગ્યા. બજારમાં ખાડા પડતા'તા ત્યાં વેકુર નંખાવા માંડી. પટેલ પાસાબંધી કેડિયું પહેરી, આંટિયાળી પાઘડીમાં હોલ્ડર ખોસી, હતી તેનાથી વધારે પડતી હુશિયારી બતાવતા ઉતારાની જાજમ ખંખેરી રહ્યા હતા. ત્યાંતો પસાયતાઓ આવી હાજર થયા.

મોટું એવું ખેડૂતોનું મંડળ કુંડાળે વળ્યું હતું. સાહેબના આવવાની વાટ બધા કાગને ડોળે જોઈ રહ્યા હતા. એ આવ્યા, આ આવ્યા, કરતાકને સાહેબની મોટર આવી લાગી. સાથે મામલતદાર 'મહાત્મા' હતા.

બોલતી વખતે બહુ જ મહેનતે તે બોલી શકતા. જીભ એટલી બધી જાડી કે લગભગ મોઢાનો ગોખલો તેનાથી જ ભરાઇ રહેતો. માથે જૂનવાણી દક્ષિણી પાઘડી. પાટલુન નહિ સુરવાલમાં કે નહિ લેંઘામાં એવા આકારનું, ઘૂંટીથી છ તસુ ઊંચે પહેરેલું ને ખીસા તો કોરડથી હાંફતા. એવા મામલતદાર મોટરમાંથી ઊતરતા જ મોટરને ટેવાયલા નહિ એટલે કોટનો પાછળનો ભાગ બારણાની કડીમાં ભરાવી બેઠા. કોટ ફાટયો, ને સાહેબ નીચે ઉતર્યા.

ઉતારામાં બેઠક લીધા પછી શ્રી. પોદાર લોકોને મીઠો ઠબકો દેવા માંડયાં. તમે લોકો આ શું કરી બેઠા. જુઓને આ ધાંધલ તમને શોભે. રાજ્ય તરફ વફાદારી રાખવામાં વટપૂરતો સદાય પહેલું. તો પછી તમને આ ચાળે ચડાવ્યા કોણે ?

લોકો : પણ સાહેબ ચાળો કેવો ને વળી કેવું કાંઇ. આ અમારા હક્ક માંગીએ તેમાં વફાદારી કયાં ઘટી ?

પોદાર : એ તો બધું ઠીક, પણ તમે ચળવળીઆઓને ગામમાં

લાવો, અમારૂં કર્યું કારવ્યું ધૂળ મેળવો, ને વધારામાં છાપે ચડાવો એ નહિં પાલવે.

રામ : ત્યારે સાહેબ શું પાલવશે ?

પોદાર : તમે કોણુ છો વચ્ચે બોલનારા ? ઓળખતા છતાં ન ઓળખવાનો ડોળ કરીને સાહેબ તાડુકયા.

રામ : સાહેબ હુંય વટપૂરનો ગરાસિયો હોવા છતાં મોટો ખેડુત છું. ખેડૂતને પૂછયું ને ખેડૂત દરજ્જે રહી મેં જવાબ આપ્યો. શાન્તિથી કામ લેશો તો બધું ઠીક ઠીક થશે.

પોદાર : તમને ડહાપણુ કરવા અહીં કોણે તેડાવ્યા છે ?

રામ : સાહેબ અમે ખેડુતો તો સહકારથી કામ કરવા માગીએ છીએ, રાજ્ય એવો સહકાર આપે એવી અમારી માંગણી છે.

પોદાર : શું આ સહકારના ઢંગ છે, અમે તો ઘણે ઠેકાણે સહકારથી કામ કર્યું છે. તમારી વાત જ જુદી જાણી.

રામ : પણ સાહેબ ! કયાં કયાં આપે સહકાર સાધ્યો તે તો બતાવો ?

સૂબેદાર : તમે મને પૂછનાર કોણ ? છાપામાં લખવું છે ને પ્રજાને ઉશ્કેરવી છે. બીજો કાંઈ ધંધો કયાં છે તમારે.

રામ : છાપામાં હું લખતો હોઉં કે ગમે તે. એમાં આવતી હકીકતો સાચી છે. અને એ સાચી છે એટલે તમને તપવાનું કારણુ મળે છે. એ ખોટી હોત તો તમે કયારનાં છાપા ઉપર પગલા ન લીધાં હોત ! હા, કાં તો તમારી ને તમારી નીચેના નોકરોની ચાલ સુધારી એ અટકાવી શકો. અથવા તો તમારી વિરૂદ્ધ આવતી હકીકતો ઉપજાવી કાઢી હોય તો છાપા સામે કેસ કરીને તેને નશ્યત પહોંચાડી શકો.

તમારે તો એ બન્નેમાંથી એકેય ક્યાં કરવું છે ? નકામો રોષ કરવો છે એટલું જ.

જરા પણ તપ્યા વગર કે ઉતાવળ કર્યા વિના ઠંડે કલેજે રામ બોલ્યે જતો'તો. તેમ તેમ સૂબેદારના ચહેરાના રંગ ફરતા જતા'તા. ધગાવેલા ત્રાંબાનો રંગ જે સ્વરૂપ પકડે એવું મોઢું સૂબેદારનું થયું. વચ્ચેથી જ રામને બોલતો અટકાવી લગભગ ફાટી ગયેલા સાદે બોલ્યાઃ

મીસ્ટર તમે કોની સામે બોલો છો તેનો તમને ખ્યાલ છે ? તમારે સહન કરવું પડશે, સમજ્યા !

રામ : હા સાહેબ ! પ્રજાના પૈસાથીજ અમારા મહારાજાએ તમને નોકરીયે રાખ્યા. એવા તમે પ્રજાના સાચા સેવક બનવાને બદલે પ્રજાના ધરાર ધણી બન્યા. તેને કેમ ન ઓળખું !

પોદાર : અરે મામલતદાર ! જરા જુઓ જોઇએ આનો ગીરાસ કેટલો છે. સુધારા વરાડ કેટલો ભરે છે ? આપણે તેનો ગીરાસ ખાલસા કરવો પડશે.

રામ : વટાંદરના મહારાજાના રાજ્યમાં કોઈ અમલદાર ખોટી રીતે લોકોને કનરડી શકતો નથી. તો આપ સાહેબ મારો ગીરાસ શી રીતે ખાલસા કરી શકશો ? સત્તાવગરની વાતમાં તમે માથું મારો છો.

તે દરમિયાન મામલતદાર એકાદ બે ચોપડા ઉખેળી રામના ખાતે દર વર્ષે સરકારમાં સવાસાતસો રૂપિયા જમાં આવે છે એવો આંકડો લઈ આવ્યા. પોદારે તે વાંચી કરી આવડી મોટી સુધારા વરાડની રકમ ભરનાર ગીરાસદાર શા માટે અવળે રસ્તે ચડે છે ? એવી રામને શીખામણ આપી.

સુધારા વરાડને બદલે એ તો સરકારી મહેસૂલનો આંકડો હતો. આટલી રકમ સુધારા વરાડની ભરનાર તો ચોથા–પાંચમા ક્લાસનો અખત્યારી હોય. કાયમ મહેસૂલ વસુલ કરનાર અમલદારો આ સુધારા વરાડ છે કે મહેસૂલની રકમ છે તેય જાણે નહિ છતાં તેમને મોટી નોકરીઓ અપાય. તેમની અજ્ઞાનતા પોષાય.

ઉતારાના ચાર ખૂણા વચ્ચે બેઠેલા ખેડુતો રુબરૂ સાહેબ રામને ધમકી આપી ચૂકયા હતા. એ આપેલી ધમકીનો તત્કાલીક અમલ કરવાનો આગ્રહ કર્યો. રામના દરેક જવાબો સૂબેદારને તપાવેલી કોશના ડામ જેવા લાગ્યા.

એ ઊઠયા ત્યારે બોલતા ગ્યા: તમારો ગીરાસ તો ખાલસા થશે. સાથે સાથે તમને અમૃતવેલ વિભાગમાંથી હદપાર કરવામાં આવશે.

મોટર સ્ટાર્ટ થઈ ત્યારે રામ બોલતો તો: સાહેબ કાયદામાં રહી તમે બધું કરી શકશો. બીનકાયદેસર કાંઈ નહીં થઇ શકે. કાયદો ગીરાસ આંચકી લેવાની ના પાડે છે. કાયદો હદપારી ફરમાવે એટલી ફીતુરી સુધી હું ગયો નથી પછી આપની ધમકી ઝખ મારે છે.

મોટરના અવાજમાં રામના છેલ્લા શબ્દો સુબેદારે સાંભળ્યા કે નહીં તે તો કળી શકાયું નહીં. પણ તેમનો ચહેરો સખ્ત બન્યો હતો. કાંઈક કરી નાખવાની ધગશ તેમની ઉતાવળ બતાવતી હતી.

વાતાવરણ તંગ બન્યું હતું. ગામના લોકોમાં વાત ફેલાણી'તી: રામે છોકરવાદીપણું કર્યું. સાહેબને છંછેડવા ન હતા. મૂછ નીચી કરી નમી બતાવવું'તું.

અમૃતવેલ સુબેદાર કચેરીમાં આ વાત પહોંચી ત્યારે ઓફિસના મુખ્ય શીરસ્તેદાર દોલુભા પોતાના ભત્રીજાના ઉતાવળિયા સ્વભાવે

મુંઝાણા'તા. તેમનો મીઠો ઠબકો રામ ઉપર આવેલો.

લોકોમાં હવામાં ને વાતોમાં બીક પેઠીતી. શું નું શું થઇ જશે તેની ભડક હતી. ત્યારે એકલા રામનો આનંદ સમાતો નો'તો, પોતે પોતાની જાતને છેતરી નથી કે લોકોને દગો દીધો નથી, તે જાણીને.

પ્રકરણ તેરમું

આપઘાત

વાત એટલી બધી વધી ગઇ કે વધતા વંઠેલી. વાતાવરણમાં ભયનું મોજું ફરી વળ્યું હતું. એ ભય ક્યારે ને ક્યાંથી આવશે તે કોઇ કહી શકે તેમ નો'તું. છતાં એ આવશે એ તો લગભગ ચોક્કસ થઇ ગયું હતું. કેટલાક માનતા કે રામને હદપાર કરશે, કેટલાક કહેતા કે તેના ઉપર ખોટો કેસ ઊભો કરવામાં આવશે, તો એક માન્યતા એવી હતી કે તેને તાત્કાળીક જેલમાં પૂરવામાં આવશે.

વળી પાછા બધા હતા ત્યાં ને ત્યાં આવી ગયા. સભા વખતનો ઉત્સાહ ઓસરી ગયો. ભાષણોએ આપેલી ગરમી ઊડી ગઇ. 'સરકાર મા બાપને છંછેડવામાં સાર નહિ. એમ કહેતા થઈ ગયા. કોઈ 'આ રસ્તો લીધો એજ ભૂલ કરી' એમ બોલતા, તો કોઇક આ બધા ચડયા'તા તે પાંસર્યા થશે' કહી રાજી થતા. તો કોઇક વળી રામની દયા ખાતું.

એકંદર હંમેશાં બનતું આવ્યું છે તેમ ચાના ઉકળતા બુદબુદ વધારે તાપ લાગવાથી ઉભરાય છે ને ઉભરો પત્યે બેસી જાય તેમજ ક્ષણીક ઝલક બતાવી સૌ સૌને ધંધે વળગી ગયા. પ્રજા અને સરકાર વચ્ચે રોષ ઊભું કરવાનું કારણુ તો રીબાતાં–ટીપાતાં ને ત્રાસેલા ને

બચાવવાનું હતું. ત્યારે અત્યારે તો એ બનાવને, ને રામને જ સંબંધ છે એવું વાતાવરણ પણ ફેલાણું.

'આવી અજ્ઞાનતામાંથી, આવી વણમાપી શકિતનો વધારે પડતો ભરોંસો રાખવાથી, આપણે કંઇ કેટલી લડતો હાર્યા છીએ, ને એ હાર્યા છતાં આપણી નબળાઇ સ્વીકારી શકયા નથી, તેનો રામને અફસોસ થતો.

અમૃતવેલની શીરસ્તેદાર ઓફિસના કારકૂનોમાં આજે ચણભણ ચણભણ વાતો થઇ રહી હતી. મુખ્ય સીરસ્તેદાર દોલુભાને સૂબેદારે ઠબકો આપેલો તેની બધા કાનમાં મોઢું ખોચીને વાતો કરતા'તા.

"આખા ઉત્પાતનું કારણ તમારો ભત્રીજો છે. એ બેકાબુ બનતો જાય છે. સરકારમાં તમારી નોકરી, ને તેણે તો ઊલટો રસ્તો લીધો. પ્રજા ને ફટવી છે. મારી તમને સલાહ છે કે તેને ઠેકાણે લાવો. નહિ તો તમારે સહન કરવું પડશે. વટાંદરની સરકારના પ્રતિનિધિ દરજ્જે રહીને હું આ બધું નહિ ચલાવી લઉં. તમારા વિરૂદ્ધ અવળું કરી બેસીશ, પછી કાંઈ કહેવા ન આવતા. હવે તો બગડી બાજી સુધારી લેવી તમારે હાથ છે.' આવું આવું કાંઇક પોદારે દોલુભાને કહેલું તે કારકૂનોની વાત ઉપરથી જાણી શકાયું.

દોલુભાનો કાગળ રામ ઉપર આવ્યો : 'રામભાઈ બેટા ! તેં સ્વીકાર્યો એ રસ્તો હરકોઈ સ્વીકારે તેમાં મારો રાજીપો જ હોય. હું કુંડાળામાં સપડાઈ ગયો છું, તેમાંથી નીકળવાનો હવે કોઈ રસ્તો જ નથી. નોકરીમાં પડવાના સંજોગો પેદા ન થયા હોત તો જે તું અત્યારે કરી રહ્યો છે તે જ હું કરત. પણ હવે તો બીજો ઉપાય કયાં રહ્યો !

'તારા ઉપર ચડેલી રીસ પોદાર મારા ઉપર ઉતારે છે. તેની

ઑફિસનો મુખ્ય સીરસ્તેદાર હું રહ્યો. તેનું દરેક કામ સુધારવાની જવાબદારી મારી. તેમાં તારા પ્રજાપક્ષી કામે તેમનો જીવ ઊંચો-નીચો થઈ ગયો છે. મારા તરફ મારા કામની ત્વરાથી તથા સરકારની વફાદારી ભરેલી નોકરી બજાવવાની કાળજીથી તેઓ સદાય સંતુષ્ટ રહેતા પણ વટપુરની તેમની મુલાકાત પછી ને ત્યાં તારી સાથે થયેલી વાતોથી તેમની આંખ મારા તરફ લાલ થઈ છે.

'મારા દરેક તુમારને પોતાની દૃષ્ટિ તળેથી જ કાઢ્યા પછી પસાર થવા દે છે. અત્યાર સુધી તો આવું કાંઈ વલણ તેમનું ન હતું. મારા વિરૂદ્ધની ફરિયાદો ઊભી થાય તેવું ઇચ્છે છે. એકાદ કામમાં સંડોવી નોકરીમાંથી રૂખસદ આપવાના તેમનાં પ્રયત્નો છે.

'તારા રસ્તેથી પાછો વાળવો એ મારું કામ નથી. તું ખોટો છે એમ તો કેમ કહી શકાય? અને એમ નથી તો તને અટકાવીયે કેમ શકાય? પણ મારી તને વિનંતી છે: પેન્શન આડા હવે મારે બે વર્ષ બાકી રહ્યાં છે. મારી આડત્રીશ વર્ષની નોકરી ઉપર પાણી ફેરવવા પોદ્દાર તૈયાર થયા છે. આપણી આબરૂ ધૂળધાણી થાય એમ ઇચ્છે છે, મને નસ્યત કરી તારા ઉપર દાબ બેસાડવા માંગે છે.

'રામભાઈ બેટા! તારા સિદ્ધાન્તોના ભોગને ખાતર નહિ તો મારે ખાતર, થોડોક વખત તું ન થોભે! અલબત્ત આમ કરતાં કે અટકતાં તને દુઃખ થશે. તારાં જીવન સ્વપ્નાં અદૃશ્ય થશે. એ બધું થાય ને તે મારા ખાતર, તેનો મને અફસોસ રહેશે. ને છતાં મારા ખાતર થોડોક વખત તુ ન થોભી જા!'

દોલુભાનો આખો કાગળ દર્દથી ભરેલો હતો. એ વાંચતા કંઈ કેટલાય વિચારો, ને આકારો રામના મનઃચક્ષુ આગળથી પસાર થઈ ગયા. આંખના ખૂણામાં ધીરેક આંસુનું એકાદ ટીપું આવ્યું–

ન આવ્યું ને ખરી ગયું. અમલદારો પોતે જેને દર્દ માને છે તેને ડાંભવાને બદલે બીજાં દર્દ ઊભાં કરે છે. એકના વાંકે! અનેકને સંડોવે છે ને ન કરવાના કામો કરે છે.

અહીં અમૃતવેલમાં એક યા બીજું બહાનું ગોતી દોલુભાને હેરાન કરતા. એ કનડગત એટલી બધી વધી પડી કે છેવટ દોલુભાએ પોતાનું રાજીનામું રજૂ કર્યું ' તમારી નોકરીની શ્રી. સરકારને હજૂ જરૂરત છે. તમારા જેવા બાહોશ માણસને ગુમાવવા સરકાર માંગતી નથી.' એવો શેરો કરી પોદારે એ રાજીનામું મંજૂર કર્યું નહિ.

દોલુભા સારી સેલાયે તરી પાર થઈ જાય એવી સૂબેદારની ઈચ્છા ન હતી. તેમને તો સકંજામાં સપડાવી, પછી બચાવ કરવા આવે ત્યારે રામને પ્રજા પક્ષેથી લઈ લેવાનું વચન મેળવી લેવું હતું. અગર કાસળ કાઢી નાખવું હતું. પોદારને જોઈતું મળી જાય એવો બનાવ બની ગયો.

વટપુરથી સરપદડ વચ્ચેના છ માઈલના ગાળામાં સડક બાંધવાની હતી. સરકારી એસ્ટીમેટ પ્રમાણે એ કામના નકશા થઈ ચુકયા હતા. સડકમાં આવતી જમીનનું વળતર કોને કેટલું આપવું તેય અગાઉથી નક્કી થઈ ગયું હતું. સરકારી ફારમી જમીન સાથે ગીરાસિયાઓની મૂળ ગીરાસની જમીન પણ તેમાં કપાવવાની હતી.

ગીરાસિયાઓએ પોતાના ટૂંક ગીરાસમાંથી આટલી જમીન સડક નાખવામાં કપાઈ જાય તેની સામે વિરોધ નોંધાવેલો. જ્યાં સડક નીકળવાની હતી, ત્યાં કપાતી ખેડૂતોની જમીન, વાડિયો વાળી–કસ-દાર ને સારૂં ઉત્પન આપે એવા ઉચ્ચ ખવાસની હતી. તેથી ખેડુ-તોએ, જરાક વળાંક લઈને ધારોડ જમીનમાં સડક કાઢવા–લઈ જવાનો અમલદારોને આગ્રહ કર્યો હતો. વટપુરનાં લોકો કાંઈક જમાનો

ઓળખતાં થયા હતા, એટલે પોતાની જમીન બચાવવા માટે અમલદારોને લાંચ રૂશ્વત આપી શકયા નહિ તેથી, બન્ને વર્ગનાં વિરોધ છતાં વધારેમાં વધારે નુકશાની પહોંચાડી શકાય એવા સ્થળે સડક કાઢવામાં આવી.

કપાતી જમીનનું વળતર આપતી વખતે ખેડુતોને તો જે પ્રમાણ મળેલું તેની સામે કહેવાને કાંઈ કારણ ન હતું. પણ ગીરાસિયાઓને વળતર મળ્યું તે ઓછું લાગવાથી વધારે વળતર મેળવવાના પ્રયત્નો કરવા તેમણે આગ્રહ રાખ્યો.

ઘર આંગણે બહાદુરી કે ઉસ્તાદી બતાવનાર આ વર્ગ એકાદ કામ કોર્ટે ચડી કરવામાં ભય પામે છે. તેવું જ આ વર્ગને માટે બન્યું. ઘડીક ઓછું વળતર મળ્યું તેની સામે ઉંચાનીચા થયા. શાબ્દીક વિરોધ બતાવ્યો, ને બેસી ગયા.

પણ દોલુભાનું કુટુંબ તો જાજરમાન હતું. તેમની સૈયારી જમીન કપાણી હતી. તેનાં ઓછા વળતર સામે દાવો લઈ જવાના નિશ્ચય ઉપર બધા એકમત થયા. અગિયાર વીઘાના કપાણ ઉપર બસો અઠ્યા વીશ રૂપિયા વળતરનાં ઓછા ગણાય તેવા પ્રસ્તાવ ઉપર અમૃતવેલની કોર્ટમાં સરકાર સામે દાવો કર્યો.

દોલુભાના કાકા વીરસંગના નામે સરકારમાં ગીરાસ ચાલતો એટલે દાવો પણ તેમના નામે મંડાણો. અમૃતવેલ આજુબાજુના ગામોમાં સડકો બંધાણી ત્યારે ગીરાસિયાઓને વળતરમાં દર વીઘે ચાળીસ રૂપિયા સરકારે આપેલા તેના આંકડા રજૂ કરવાથી અમૃતવેલની કોર્ટે હકીકતનો ખ્યાલ બાંધી વીરસંગના દાવાની તરફેણમાં, સરકાર વધારે રકમ આપે એવું હુકમનામું કરી આપ્યું.

એ હુકમનામા સામે વટાંદરની કોર્ટમાં સરકારે અપીલ કરી. ગીરા-

સિયાઓની ગફલતથી ને તેના વકીલની બીન આવડતે તેઓ ત્યાં દાવામાં હારી ગયા. પહેલી વખતે તેમને જે રકમ મળવાની હતી તેજ આપવી એમ ઠર્યું.

હાઈકોર્ટમાં દાવો માંડવા માટે દોલુભા કુટુંબીઓને સમજાવી શકયા. તેથી તેમના વકીલે સામા સરકારી પક્ષને એ જાતની નોટીસ આપી દીધી. દરમિયાન અહીં બન્યું એવું કે વીરસંગ અફિણના બંધાણી હોવાથી જેમ જેમ તેમાં વધારે ફસાતા ગયા તેમ તેમ તેમનો સ્વભાવ ચીડિયો બનતો ગયો.

અવળા ખર્ચે ચડવાથી માથે કરજ થઈ ગયું. તે કરજ ચુકવવા તથા મોટા દીકરાના લગ્ન કરવા દોલુભાએ તેમને ઓછા વ્યાજે નાણાં ધીર્યાં, ધારેલા સમયે એ નાણાં પૂરા ન પાડી શકવાથી ને દોલુભાની તે બાબતની ઉઘરાણીઓ વધવાથી તેમના ને વીરસંગના સંબંધો બગડયા.

આથી જ્યારે સરકારની સામે હાઇકોર્ટમાં દાવો લઈ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે વીરસંગ ફરી ગયા. સરકાર જેટલું વળતર આપે તેટલું લઈ લેવામાં તે માનતા. પણ આતો પ્રતિષ્ઠાનો સવાલ ઊભો થયેલો. તેથી કુટુંબના બીજા માણસો દાવો માંડવા માટે વીરસંગને માંડ માંડ સમજાવી શકયા.

દાવો દાખલ કરવાની મુદત પાસે આવતી જતી હતી. જ્યારે તે દાખલ કરવાનો હતો તે દિવસે વીરસંગને ગોતવા છતાં તે કયાંયે જડયા નહિ. એટલે તેમના ભાઈ પથુભાને લઈ દોલુભા વટાંદર પહોંચ્યા. જયાં વીરસંગની સહીઓ કરવી જોઈએ ત્યાં વીરસંગની જ સહીઓ પથુભાને હાથે કરાવી મુદતસર દાવો દાખલ કરાવી દીધો.

બન્ને પક્ષોની જુબાની સાંભળી લીધા પછી હાઇકોર્ટને લાગ્યું કે ગીરાસિયાઓની દલીલો વ્યાજબી છે એટલે તેમને વળતરનાં રૂપિયા

૨૨૮ મળતા હતા તેનાં બદલે સરકારે ૭૭૦ રૂપિયા આપવા એવું હુકમનામું કરી આપ્યું.

આની સામે સરકારના પ્રતિનિધિ સૂબેદાર પોદારે, તેમને સરકારી વકીલની સાચી સલાહ મળવાથી અપીલ કરી નહિ, ગીરાસિયાઓને અમૃતવેલની કચેરીમાંથી રૂ. ૭૭૦ મળી ગયા.

પણ પોતે તો મુદતસર દાવો બાંધવા ગયા જ નથી ને આ રૂપિયા વધીને કયાંથી આવ્યા તે બાબતમાં વીરસંગને શંકા ગઈ. નક્કી મારા બદલે બીજાને લઈ જઈ મારા તરીકે તેને ઊભો રાખી તેના હાથે મારી જ સહીઓ કરાવી દોલુભા દાવો જીતવામાં સફળ થયા હશે એવું તેમને લાગ્યું.

અલબત ગેરરીતી ઊભી કરીને કુટુંબને વધારે રૂપિયા દોલુભાએ અપાવ્યા હતા. અને એ અપાવ્યા હતા તેની સામે સરકારને વાંધોય નો'તો. પણ દોલુભાની સાથેના વીરસંગના સંબંધો બગડયાની હકિકત આપણે ઉપર જોઈ ગયા છીએ, તેથી આ ગલતીનો લાભ લઈને દોલુભાને હલકા પાડવાનો વિચાર વીરસંગે કર્યો. આ કામમાં રામના લીધે દોલુભાના કટ્ટર વિરોધી બનેલા સુબેદાર પોદારનો ઉપયોગ કરવાનું તેઓ ન ભૂલ્યા.

સૂબેદારને તેમણે અરજ કરી કે વટાંદારની હાઈકોર્ટમાં સરકાર સામે હું અપીલ લઈ ગયો જ નથી. પછી આ વધારે વળતર આપવાનો ઠરાવ થઈ જ કેમ શકયો? મારે નામે ત્યાં કોઈકને ઊભો રાખી, મારી સહીઓ તેનાં હાથે કરાવવામાં દોલુભાનો હાથ હશે, તો સરકારે તપાસી જવું.

પોદારને જોતું હતું ને મળી રહ્યું. જો કે સરકાર સામે દાવો લઈ જનાર તો વટપુરનું આખું ગરાસિયા કુંટુંબ હતું છતાં તેને

લાભ અપાવવાની બધી મહેનત કરનાર ને દાવાના કામ અંગે દોડાદોડી કરનાર તો દોલુભા જ હતા એ સુબેદાર જાણતા હતા. એટલે આ કામ તાત્કાલિક હાથમાં લેવાના અમલી હુકમો કરી નાખ્યા.

દરમિયાન આવી અરજી વીરસંગ તરફથી સૂબેદાર ઉપર આવ્યાનાં સમાચાર પોતાના બંધુ કારકુન તરફથી શીરસ્તેદાર ઓફિસમાં દોલુભાને મળી ચુકયા હતા. તેમને લાગેલું કે આમાંથી સરકાર પોતાની વિરૂદ્ધ તો કાંઇ કરી શકશે નહિ પણ વીરસંગના બદલે દાવા અરજી વખતે વીરસંગ તરીકે જ હાજર રાખવામાં આવેલા અને વીરસંગની સહીઓ વીરસંગ તરીકે જ જેના હાથે કરાવી છે તે વીરસંગના બે ત્રણ પેઢીએ દુરના ભાઈ થતા પથુભાનું શું થશે ?

એ વિચારે દોલુભાને અજંપો થઇ આવ્યો. પથુભાને દરેક રસ્તે બચાવવા જોઈએ. એટલા માટે તેઓ અમૃતવેલથી ચાર દિવસની રજા લઇ વટાંદર પહોંચ્યા.

ગીરાસ વળતરનું કામ હાઈકોર્ટમાં પત્યા પછી તેના બધાં કાગળિયાં સરકારી વકીલનાં દફતરે પડયા હતાં. પોતાના કામ અને આબરૂને લીધે વટાંદરનાં દરેક અમલદારોની જેમ દોલુભાને સરકારી વકીલ પણ ઓળખતા હતા, એટલે દોલુભા સીદ્ધાજ વટાંદરમાં વકીલને ઘેર ઉતર્યા.

'દોલુભા જરા બેસો ને શાક લઇ આવું' એમ કહીને વકીલ સાહેબ હાથમાં જોળી પકડીને ચાલતા થયા ત્યારે તેમની ગેરહાજરીનો ઉપયોગ દોલુભાએ કર્યો. તેમનો પોર્ટફોલિયો શોધો, તેમાંથી વટપુરવાળા દાવાનાં કાગળિયા કાઢી જ્યાં જ્યાં વીરસંગના બદલે પથુભાના હાથે સહીઓ કરાવી હતી તે બધાં લઈ, તેને ફાડી માળની ઊંચી બારીએથી વટાંદરની ધમાલવાળી બજારમાં જોરથી ફેંકી દીધાં ત્યારે પવને પોતાનું કામ બરાબર બજાવેલું.

વકીલ શાકની ઝોળી ઉલાળતા આવ્યા ત્યારે દોલુભા કરવાનું કામ પતાવી વ્યવસ્થિત થઇ ગયા હતા. 'જરા જમવાનું મોડું થશે તો માફ કરશો' એમ કહેતા વકીલ જલદીથી રસોડું ચેતવી દેવાની સલાહ ઘરનાંને આપવા કુચ કરી ગયા, એટલે તેમને ય દોલુભાનાં કામ વિષે શંકા આવી નહિ.

દોલુભા ગયા તેનાં બીજાજ દિવસે સરકારી લીફાફો આવ્યો. 'વટપૂરનાં ગીરાસિયા વીરસંગે જાતે હાજર થઇ વટાંદરની હાઈકોર્ટમાં વધુ વળતર માટે રીવીજન અપીલ કરેલી, તે અપીલમાં હાઈકોર્ટે સરકાર વિરૂદ્ધમાં જઇ તેમને વધારે વળતર અપાવેલું. તે કામનાં કાગળીયાં લઈ જલ્દીથી અમૃતવેલ સુબેદાર શ્રી. પોદારની સમક્ષ હાજર થાવ.'

વટાંદરના સરકારી વકીલે ઝટઝટ પોતાનું પોર્ટફોલિયું તપાસી લીધું. એ તપાસતા ગયા તેમ તેમની મહેનત વધતી ગઇ. એક વખત, બે વખત ને ત્રીજીવખત બધા તુમારો જોઈ જતાં ય જ્યારે માંગેલું કામ ન જડયું ત્યારે વકીલને પોતાની આંખમાં અશ્રદ્ધા જાગી. બેઠા થઇ ને ચશ્માનું ઘરૂં ઉપાડયું. ચશ્મા ચડાવીને જોતાંય ન જડયું. આખા શરીરે શીત વળી ગયું. પરસેવે રેબઝેબ થઇ ગયા, ઉપરથી પત્નીની રાડેરાડો પડતી'તી. જલ્દીથી જમવા આવવાનો આગ્રહ થઈ રહ્યો હતો.

તે દિવસે વકીલ જમ્યાં પણ તેમનું ધ્યાન ન રહેલું કે કઇ વાનીઓ પીરસાણી'તી. જમણ ઊનું હતું કે ઠરી ગયેલું તેનું ય ભાન રહેલું નહિ. અલબત્ત વચ્ચે વચ્ચે પત્નીની ભોજન વિષેની ઉત્તમત્તાના ખ્યાલો આપતી સૂચના વખતે તેઓ માથું ઊંચું કરતા. બાકીનો વખત નીચે મોઢે ને ભરેલા વિચારે બેસી રહેલા.

વળી પાછી શોધા શોધના અન્તે વટપુર વાળી અપીલનું કામ ન

જડતા આગળ પાછળની કડીઓ મેળવવા મંડી પડયા. આ દાવાને ને દોલુભાને સંબંધ હતો. લગભગ દરેક તારીખે તેઓ હાજર રહેતા. દાવાની જીત વખતે તેઓ ખુશ ખુશહાલ હતા. ને કાલેજ તેઓ અહીં આવ્યા હતા, ને આવ્યા હતા તો કશું કામ તો ન હતું. ને કામ ન હતું તો શા માટે આવ્યા? વગેરે પ્રશ્નો વકીલ સહેબને થયા.

વખત જતાં વકીલને ઘડ બેસી ગઈ. અમૃતવેલ ઓફિસમાં તેમણે જવાબ લખી નાખ્યો. હું રૂબરૂ આવું છું. આવ્યા પછી બનેલી હકીકત જણાવું છું.

અમૃતવેલની શીરસ્તેદાર ઓફિસમાં અત્યારે એ જ વિષય ઉપર વાતો ચર્ચાતી'તી. દોઢ દિવસની મુસાફરી વેઠી સરકારી વકીલ આવ્યા ત્યારે તેમના મોઢા ઉપર થાકની સાથે ચીંતા દેખાતી'તી. સીધા જ તેઓ પોદારની ઓફિસમાં ગયા. કલાકેક વાતચીત થયા પછી પોદારે દોલુભાને બોલાવ્યા.

ઓફિસનું વાતાવરણ બગડી ચુકયું હતું તેનો ખ્યાલ દોલુભા પામી જ ગયા હતા. એટલે આવ્યા ભેગા જવાબની તૈયારી કરીને જ તેઓ આવેલા.

સત્તાશાળી અવાજે પોદાર ધમકાવવા માંડયા : 'મારે જોઈતું હતું તે મને મળી રહ્યું છે. તમારા કુટુંબને વધારે પૈસા અપાવવા જતા તમે સરકારને ઠગી છે. સરકારી નોકરનાં દરજ્જે રહી સરકાર સામે આવું કામ કરતા તમે બેવડો ગુન્હો કર્યો છે.'

જરાય વિસ્મય બતાવ્યા સિવાય દોલુભાએ જવાબ વાળ્યો. 'સાહેબ આપને મળેલી વાતમાં તથ્ય હશે એમ આપે માની લીધું. વકીલે જે તુમાર ગુમાવ્યો તેનો નાશ કરનાર હું છું એવું વકીલે જાણ્યું, તો એ જાણતાં જ શા માટે સત્તાવાળાને ન જણાવ્યું. તમારું લખાણ

ગયા પછી જ તેઓ આવું અનુમાન કરતા થયા એ તો દીવા જેવી વાત છે. અને એમ છે તો પછી આ બધું શા માટે?'

'પણ જુઓને દોલુભા, એ બધું ગમે તેમ હો, તમને આ કામમાં સંડોવવા કે નહિ એ તો બધું અમારી ભલાઈ—અવળાઈ ઉપર જ અવલંબે છે ને?'

'પણ સાહેબ! નથી અમને વળતરના વધારે પૈસા મળ્યા તેની સામે અમારો વાંધો, કે નથી સરકારને વાંધો. તો આ પ્રકરણ આ રીતે ઊભું કરવાનું કાંઈ કારણ?'

'હા! વીરસંગની જ અરજી છે, તેમાં તે જણાવે છે કે—અપીલ મેં કરી જ નથી, અને મેં કરી નથી તો આ બન્યું કયાંથી?'

દોલુભાએ જવાબ વાળ્યોઃ 'વીરસંગને આજ અરજી કરવાનું સૂઝ્યું. દોઢ મહિના પહેલાં આપ સાહેબની કચેરીમાં આવી હાઈ-કોર્ટે અપાવેલા નાણાં લેવા આવતી વખતે ને એ નાણાં પોતપોતાની વચ્ચે વહેંચી લેતા ને ઠેકાણે પડી ગયા ત્યાં સુધી આ ન સૂઝ્યું ને આજે કાં સૂઝ્યું? આની પાછળ તમારા હાથ છે. રામને પાછો વાળવામાં તમે મને સોગઠું બનાવવા માગો છો. હું સીધી રીતે માન્યો નહિ તે આવી અવળી ચાલ પકડી રહ્યા છો?'

'વાત ત્યાં જ છે ને! હજી કયાં વાત બગડી ગઈ છે. મોકો મળ્યો છે તો તો સાંચવી લ્યો. કાં તો રામને સમજાવી અમલદાર વિરૂદ્ધની હકીકતો ઉઘાડી પાડતા અટકાવો. પ્રજાને લાંચ રૂસ્વત ન આપવાનું કહેતા રોકો તો આ વાદળ વીખરાવાનું. ને નહિંતર જોઈ લ્યો. ઘડીના છઠ્ઠા ભાગમાં જેલ ભેગા થાવ છો તે.' સુબેદાર પોદારે પોતાની સત્તાનો નશો કયાં જઈ અટકે છે તે બતાવ્યું.

'એ તો સાહેબ એમ છે ને કે આજ સુધી મને લાગતું'તું કે

રામ અટકે તો ઠીક છે. મારે રસ્તે ચડે તો સારૂં. આજ મને સુઝ્યું છે કે મારી જેમ ગુલામી ન સ્વિકારતાં કે આપણા વર્ગની જેમ કાળા ધોળાં કરવાની ભાગીદારી ન સ્વીકારી તે જે કરી રહ્યો છે તે સાચું જ કરી રહ્યો છે. અને એ સાચને માર્ગે જ છે તો પછી તેને શું કામ અટકાવવો ? કરી કરીને ય તમે મારી આબરૂ ધૂળમાં મેળવશો એટલું ને !' દોલુભા બોલતા જતાતા તેમ તેમ એક એક સત્ય તરી આવતું.

પોદારનું અભીમાન ઘવાણું. દોલુભાના શબ્દો તેને તીર જેવા વાગ્યા. એક તો તેમનો રંગ ગૌર હતો જ. તેમાં રીસે ઉમેરો કરતા ધીંડલાની ઉપરની છાલ ઉતારી લેતાં અંદરનો ગર્ભ જેટલો રતુંબડો હોય તેવું હીંગળોકીયા રંગનું મોઢું સુબેદારનું થઇ ગયું. શું નું શું કરી નાખશે તે તો ઓફિસમાં ઊભા થઇને વાળેલી મૂઠીયો, ને કરડતા હોઠ તેઓ ઝડપથી ફરી રહ્યા હતા તે સુચવતું હતું.

'દોલુભા ! આમાંથી સાર નહિ નીકળે હો ? પછી પસ્તાવો થશે. સમજી જાવ તો સારૂં.'

'એ તો સાહેબ રામ પ્રજાના પંથે પડયો ત્યારથી જ હું જાણી શકેલો કે પોદાર જેવા સુબેદાર નીચે હું શીરસ્તેદારી નહિ કરી શકું. આજે એ ખરૂં પડતું લાગે છે. આજ કે કાલ એવી આશા મેં રાખી જ હતી. બાકી રામ જે રસ્તે જઈ રહ્યો છે તે બીરાદરીનો છે. અને એ બીરાદરીનો છે ત્યાંથી તેને ખસેડવા કરતાં તમારો ભોગ બનવું એ વધારે હીતાવહ છે.' આવેલા ભયને ઓળખી દોલુભા છેલ્લા શબ્દો બોલતાં વાતને ટુંકાવવા માગતા 'તા.

'એલા છે કોઇ !' કહેતાકને સાહેબની ટોકરી રણકાર કરી રહી. પોલીસ દફેદારને બોલાવતો. મેજીસ્ટ્રેટ સાહેબ ચેમ્બરમાં છે કે કેમ તે જોઈ લ્યો તો.' વગેરે ફરમાનો એક પછી એક છૂટતાં ગયા.

દોલુભા સુબેદારની ઓફીસ છોડી, પોતાની ઓફીસે જવાને બદલે સીધા જ અમૃતવેલમાં રાખેલા ભાડાનાં ઘરે પહોંચી ગયા. માર્ગમાંથી આવતા વચ્ચેથી જ ઘોડાગાડી બાંધતા આવેલા. સુબેદાર કાયદામાં રહીને કાંઈ કરે, એ કરવામાં એને પોલીસની મદદ લેવી પડે, મેજી-સ્ટ્રેટનું વોરંટ માગવું પડે, ને એવી વિધિ પતતાં વાર લાગે. તે વખતનો ઉપયોગ દોલુભાને કરી લેવાનો હતો.

ઘેર પહોંચતાજ કામ કરવાવાળી બાઈ વાસણ માંજતી હતી તેને બોલાવી, દૂધવાળીનો હિસાબ આપી દીધો. તેનાં હાથે જેટલાનાં નામાં ચુકવાતાં તે પૈસા પણ તેને આપ્યા. તેનો પગાર ચૂકતે કરી દીધો. ને કહ્યું કે કોઈ આવે તો કહેજો કે વટપૂરથી રામભાનો તેડાવ્યો હું ત્યાં જઈ રહ્યો છું.

ટપામાં બેસતાં ને બેઠાં પછી પાંચ–દસ મિનિટ લાગતાં ગાડી-વાળાયે પૂછ્યું. સાહેબ કઇ બાજુએ હાંકુ? કયાં જવું ને શું કરવું તેનો અત્યાર સુધી કશો નિર્ણય દોલુભા કરી શકયા ન હતા. ગાડી. વાળાના પ્રશ્ને તેઓ વિચારમાંથી સફાળા જાગી ઊઠયા. 'હાં જોને ભાઈ! જાલાળાની સડક છોડી દેજે ને તેની બાજુ આડ મારગ જાય છે ને, ત્યાં ગાડી હંકારે રાખજે. ઉતાવળનું કામ છે તો ઘોડાને જરા તેજી બતાવજે.'

ગાડી પૂરપાટ દોડી રહી હતી. ટપાવાળાને તો ઘોડાની ચાલ ધીમી ન પડે તેટલા ખાતર અવારનવાર ચાબુખનો ઉપયોગ કરવો પડતો. ડચકારતો જાય. 'મારા બાપલા' કહેતો જાય. વળી કયારેક રીંસ ચઢતા ચોપડતો જાય. કંઈ કેટલાય વિચારોમાં દોલુભાને આ કાંઈ જોવાનું ન હતું. તેમજ ગાડીવાળો પોતાના કામમાં એટલો બધો રોકાઈ ગયો હતો કે તેને પાછું વાળી જોવાની કે–દોલુભાના મોઢા ઉપર ઊઠતા અવનવા રંગો, કયારેક તંગ બની જતી રેખાઓ તો કયારેક

ઉદાસ બની જતો ચહેરો, તો કયારેક એમાંનું કાંઈ ન રહેતા એકલી ભયની લાગણી પ્રસરી રહેતી-તે તપાસવાની ફુરસદ જ કયાં હતી.

કયારેક કયારેક આડ માર્ગ ને ધોરી સડક બન્ને અકસ્માત ભેગાં થઈ જતાં. સડકના એકાદ ખાડામાં ગાડીનું પૈડું સલવાઈ જતું ત્યારે બન્ને પોતાનું ધ્યાન ચૂકતા. ઘડીભર વિચારો જુદા જ આકારો પકડતા. ઇજિનેર ખાતું સડકો સમારવા પાછળતો ધૂમ ખર્ચ કરે છે, ને બતાવે છે છતાં વાહનવાળાઓની આ જાતની ફરિયાદો તો કાયમ રહેતી જ. આ બધું સાથી બનતું હશે? ઇજનેરો, સુપરવાઇઝરો, ઓવરસીઅરોને આ કામનાં સંચારૂપ બધા, બજેટનો અર્ધોઅર્ધ ભાગ ઉડાવી જાય છે, એવી વાતો શીરસ્તેદાર ઓફિસમાં અવારનવાર આવતી. તે આજે નજરે જોવાથી દોલુભાને ગળે ઊતરી.

સડકની બન્ને બાજુનાં તાજાંજ વાવેલાં ઝાડો પાણી પાવાને અભાવે સુકાઇ રહ્યાં હતાં. ઝાડોને સાચવવા ફરતાં કરવામાં આવેલી જાળીઓ તૂટી ગઈ હતી. સંભળાતું કે ઝાડ પાવાનો કોન્ટ્રાકટ રાખનારા સાહેબોને રીઝવી લેતા. સાહેબો પછી તપાસણીએ આવતા જ નહિ. ને આવતા તો આંખ આડા કાન કરતા. મુખી પટેલીઆઓ આનો લાભ લઇ ઝાડો ફરતી લાકડાની જાળીઓનાં ભાંગેલા લાકડાં ઉપડાવી લેતા. ઉતારામાં કે ઘરે પછી તેનો બળતણ તરીકે ઉપયોગ થતો. એવી કેટલીય ફરિયાદો આવતી તે દોલુભાને આજે સાચી લાગી.

ટપ્પો વળી પાટીએ ચડી ગયો હતો. દોલુભા વિચારે ચડયા હતા. આજુબાજુનાં હરિયાળાં ખેતરો મોસમ પાકવાથી ડુંડાના ભારે લચી રહ્યાં હતાં. કાગડા, પારેવાને વૈયાંનાં ટોળાં આવી દાણા સાફ કરતા હતાં. ગોફણમાં પત્થર ચડાવી વૈયાં ઉડાડનારા હોકારા પડકારાં કરી રહ્યા હતા. આખું દૃષ્ય સુંદર બની રહેલું. પણ એ બધાની સામે

તો દોલુભા ઉદાસીનતાજ સેવતા. ગોફણમાંથી છૂટેલો ગોળો અચાનક આવી ઘોડાગાડીનાં પૈડામાં લાગ્યો ત્યારેજ ક્ષણીક ધ્યાન ભંગ થયેલા.

જાલાળા જતાં તેમને વિચાર થયો. સુબેદારનાં માણસો કે પોલીસખાતું પાછળતો નહિ પડયા હોય ને! ગાડીવાળાને ભાડું ચુકવી, જાલાળામાંથી એક ઊંટ ભાડે કરી લીધો. પાસેજ લગભગ ચાર ગાઉ દૂર આવેલા એક ગામમાં તેમના દૂરના સગા આપુભા નોકરી કરતા હતા ત્યાં સાંજે પહોંચ્યા.

વાળુ કર્યા પછી મોડી રાત સુધી જાગતા બેઠા. દોલુભાએ પોતાની બધી વાત કરી. સાથે એમ કહ્યું કે 'અત્યાર સુધી નોકરી કરવાના લોભે મેં રામને પ્રગતી કરતા રોકયો, અને એ રોકવા છતાં યે આ પરિણામ આવ્યું. એકનિષ્ઠાથી નોકરીને આખર સુધી નભાવવાના એક માત્ર ઉદ્દેશથી. છતાં ય નોકરી એતો છેવટ નોકરી જ.

'જુઓને મહારાજા સાહેબે મી. લીમીયેને હજારો રુપિયા ખાઈ જવાના આરોપસર ડ્રમી કર્યા. પોતાની જામેલી આબરૂમાં આ થતાં લીમીયેને જીવતર અકારૂં લાગ્યું, ને આપઘાત કરી બેઠા.

'નવાબજાદાય' પોતાના હોદ્દા ને મોભાનો દુરૂપયોગ કરી પ્રજાની બેન-બેટીઓને ફસાવી. વાત એટલી વધી પડી કે મહારાજાને કાને અથડાણી. લીમીયે જેવી સ્થિતિ થવા પહેલાં નવાબ ઉપડી ગયા, ને પછી ભૂંડે હાલે મૂવા.

'પોતાના પ્રદેશનાં આઝાદ કાર્યકરો કોઈ રીતે સકંજામાં સપડાતા નહિ તેથી ગેરરીતીઓ ઊભી કરવામાં પાવરધા થયેલા શ્રી ભાનુપ્રસાદે પોતાના જ માણસો ઊભા કર્યા. દરબારી ઉતારાને મકાનો બળાવ્યા. ખોટા સાક્ષીઓ ઉભા કર્યા. ને એ બાળવામાં ઉપલા કાર્યકર્તાઓનો

હાથ છે એમ પૂરવાર કરાવ્યું. વખત જતાં ખરી હકીકત બહાર આવીને તેમને ય જવું પડયું.

'આજે એક વાત છે. પોદાર મને કોઈ રીતે સપડાવી શકે એવું કોઈ કારાણુ તો નથી જ છતાં એ ભંયકર છે. ને એ ભયંકર છે તો પોતાનું ધાર્યું કરશે મને ફસાવવાના કંઈ કેટલા કારણો ઊભાં કરી દેશે.

વીરસંગનીય મતી બગડી છે, તે કુહાડાના હાથા બન્યા છે. અહીંથી દૂર જઈને ય હું કયાંક પડી રહીશ તોયે પથુભાને એ નીરાંતે કેમ રહેવા દેશે! ને પથુભાતો નિર્દોષ માણસ. વીરસંગની આડોડાઇએ તે હાજર ન રહ્યા. પથુભાને તેમનાં સ્થળે ઊભા રાખ્યા એમાં પથુભાનો શું દોષ? અને કશો દોષ નહિ તો એમને કાં ન બચાવવા?

બચાવવા તો કઈ રીતે બચાવવા! એ રસ્તો તો કાઢવોજ રહ્યો. દોલુભા વાત કર્યે જ જતા હતા. આજ તેમને આવ્યાનો થાક કળાતો નોતો. રાત સુમસામ કરતી પસાર થઈ રહી હતી. તારાઓ જગતા હતા. અંધારી રાતો કેટલાએ પ્રસંગોમાં વધુ બીહામણી બને છે. મૃગશીર્ષનાં તારા આથમણી બાજુએ નમતા હતા. ગામડામાં ઘંટીઓ ફરવી શરૂ થઇ ગઈ હતી. કૂતરાના અવાજો આવતા હતા. બાજુનાં જ મકાનમાં લુહારની કોઢ હતી. આખા દિવસનો થાકયો પાકયો તે ઘસઘસાટ ઊંઘતો હતો. બોલતા નસ્ખોરાના અવાજ, તમરાના અવાજને ઢાંકી દેતા. ને ત્યારે દોલુભાને આખી રાતનો ઉજાગરો હતો.

વધારે સલામત સ્થળે પહોંચવા ને અમૃતવેલ વિભાગની સીમા છોડી જવા તેઓ વહેલી પરોઢે ઊઠયા. ને ઉઠયા એવા રસ્તો પકડયો. પાંસેજ એજન્સી થાણું હતું ત્યાં પહોંચતા તો સવાર થઈ ગયું :

શું કરવું ને શું નહિ. તેનો વિચાર તો વચ્ચે દોલુભાએ કરી રાખ્યો હતો. સંતાતા ફરવું તેથી તો કયાંક માણસો હજારો અટકળ કરે. ને તેમ રહેવામાંય કયાંક આબરૂ સચવાય તો કયાંક માનહાનીએ થાય. સત્તાવાળાઓની શોધા શોધતો ચાલુજ હોય. પકડાયા તો ભવિષ્યે થાય તે ખરૂં પણ તુરતા તુરત તો હાથકડી નાખી કે અમૃત વેલની બજારમાં ભૂંડે હાલે ફેરવી આબરૂ પાડે. એવી અટકળે અત્યાર સુધી આબરૂભેર રહેલા દોલુભાનું સ્વમાન ઘવાણું.

આવી રીતે સ્વમાન ઘવાવા સુધી વાત આવે છે ત્યારે રસ્તો બતાવનારા, રાહબરી સ્વિકારનારા કે બીજાને મુશ્કેલીયોમાંથી બચાવનારા કંઈ કેટલાય, પોતાની મુશ્કેલીઓ નીવારી ન શકયાના અસંખ્ય દાખલા બન્યા છે.

એવી જાજરમાન વ્યક્તિઓના રસ્તે દોલુભા ગયા. પોર દી ચડયે, જંગલ જતાં વચ્ચે જ અમૃતવેલથી આવેલો અફીણનો ગાંગડો તેમણે પાણીના કળશામાં નાખી દીધો. જરા દૂરના વોંકળામાં બેસી, સારી પેઠે અફિણ ઘોળી પી જતાં તેમને વાર લાગી નહિ. ન કોઈએ રોકયા હા. ત્યારે પાસેજ પડેલા મરેલા બકરાને ચૂંથતા કાગડા ને ગીધ્રડાંઓ કળેળાટ કરતાં'તા.

જયાં તેઓ ઊતર્યા હતા તેમને તો દોલુભા જાડે ફરવા ગયા છે, એટલે બીજી કોઈ શંકા લેવાને કારણ હતું જ નહિ. અને એ કારણ નહતું તેથી વખતે દોલુભાને યારો આપી. ડોળા લાલઘૂમ થતાં સુધી તેઓ વોંકળામાંજ રહ્યા. લથડતે પગે આવતા છતાં તેમની હંમેશની ખુમારી કે દેદીપ્યમાન ચહેરો જરાય જંખવાણો નહિ.

ખબર પડતાં તો ઝેર પ્રસરી ચુકયું હતું. ઉપચારો કરનારે ઉપચાર કર્યા. રડનારે રડી લીધું. ડોકટરે ઇન્જેકશન દીધા. એજન્સી

થાણાના પોલીસ વડાએ મોઢામાં આંગળી ઘાલી શબ્દો ઉચ્ચાર્યા : 'આવા પુરૂષને આમ શા માટે કરવું પડયું !'

દોલુભાનો જીવનદીપ બુઝાતા થાણાના પંચે પંચકયાસ કર્યો. કોટના ડાબા ખિસ્સામાંથી એક ચબરખી જડી. તેમાં આટલુંજ લખ્યું હતું. 'મારા આપઘાતે પોદ્દાર ભલે રાજી થતા. પણ રામને તો તેની પ્રગતિમાંથી તેઓ નહીં અટકાવી શકેને? ને પથુભા, એક નિર્દોષ માનવી મારા મૃત્યુએ બચી ગયા, એટલો આત્મસંતોષ મારા માટે બસ નથી ?'

પ્રકરણ ચૌદમું

બહારવટિયો

ગમે એવા સખત પ્રસંગે જરાય નબળાઈ ન બતાવનારો રામ, જાહેરના હિતમાં પડતાં, આ મારું, આ તારું વગેરે સંબંધો ભૂલી જનાર, દરેક અન્યાયો સામે સખત હાથે કામ લેનાર કે કયારેય એવા કામમાં કુમાશ ન બતાવનાર રામ, દોલુભાનું શબ દેખતાં લગભગ બધીજ સ્થિતિસ્થાપકતા ગુમાવી બેઠો. એ જ્યાં ઊભો હતો ત્યાંજ ઢગલો થઈ ગયો. આંખમાં કયારેય આંસુ ન આવતું, ને આવતું તો તેને નબળાઈ ગણતો. છાતીએ આવેલો ઊભરો ને ડૂમો શાન્ત થઈ ગયા ત્યાં સુધી રડયો. ને પછી કયાંય સુધી શૂન્યમનસ્ક પડયો રહ્યો.

સામે જ ભાઈભાંડુ, સગા સંબંધી કકળી રહ્યાં હતાં. સામાન્ય પ્રસંગે તેમને આશ્વાસન આપનારો કે ધીરજ દેનારો આજે બધી હામ ખોઈ બેઠો.

દોલુભાનું શબ ત્રણ દિવસે ઘરે પહોંચ્યું છતાં તેને નો'તો આવ્યો સોજો, શરીરની કાન્તિ જરાય જંખવાયેલી નહિ. મોઢું કરડાએલું નહિ. દેદીપ્યમાન કાન્તિવાળા દોલુભા જીવતા હતા ત્યારે ને આજે કાં કાંઈ ફેરફાર નો'તો ? શું તેઓ મૃત્યુ નથી પામ્યા ? એવો ભ્રમ રામને થયો.

આખરે શબને અવલમંજલ પહોંચાડવાની બધી તૈયારી કરવી પડી. નાત રિવાજ પ્રમાણે સાચા રેજા લાવ્યા ત્યારે દરેક પ્રસંગે આવા ખોટા ખર્ચા સામે વિરોધ નોંધાવનાર આ વખતે બીલકુલ શાંત રહેલો. કાકાનું અકાળ મૃત્યુ તેને કઈ બાજુ ઢસડી જશે તેના વિચારો એક પછી એક તેના પર સવારી કરતા ને અદૃશ્ય થઈ જતાં. "આવું કદી કોઈના માટે બન્યું હશે? ને ન બન્યું હોય તો આવું હું શા માટે સહન કરું!" એવા કંઈ કેટલાય વિચારદોર તેના મગજમાં સર્પના ગૂંચળાં જેમ વીંટળાવા માંડયા.

ફળીમાં દોલુભાના શબને પોઢાડવા રંગત ઢોલિયો તૈયાર થઈ ગયો હતો. માથે સાચી તળાઈ નખાઈ ગઈ હતી. ખાપણ સીવાઈ તૈયાર થઇ ભગો મેરાઈ આવ્યો ત્યારે બધી તૈયારી પુરી થઈ ગઈ.

ભગાને મહેનતાણાનાં પાંચ રૂપિયા મળ્યા ને તે વિસ્મય થયો. બળબળતા બપોરે ઉઘાડે પગે ચાલતા કે શિયાળાની કડકડતી ઠંડીમાં આભડવા જતાં કેટલું દુઃખ વેઠવું પડેલું, છતાં કોઈ ચપટી લોટેય ખાપણ શીવરામણમાં ન આપે, ને આ રામભાએ પાંચ રૂપિયા કાઢી આપ્યા તે ભગો જોઈ જ રહ્યો.

વળી ક્યારેક બધા મરણના શોકમાં ડૂબ્યા હોય, મેરાઈને દાણાં દેવાનું કહી ભૂલી જાય, એવા ભૂલકણાની દયા ખાતો ભગો તેની જીંદગીના પચાસ વરસમાં લગભગ પાંચસો ઠેકાણે ખાપણ સીવવા ગયેલો. આ કારણે જતાં પછી આભડવા જવું પડે એટલે તે ક્રિયાય એટલો જ વખત પતાવેલી. ને છતાં આજે જેટલો એને ઉમળકો આવેલો એટલો કયારે ય નહિ આવ્યો હોય.

સ્મશાનમાં ચેહ બળતી હતી ત્યારે બધા એક યા બીજી વાતે વળગ્યા હતા. કોઈ દોલુભાના આપઘાતનાં કારણો શોધતા, તો કોઈ

તેમનું આવું અકાળ મૃત્યુ થયું તેની દયા ખાતા. તો કેટલાક ને, ખરલમાં કસૂંબો કઢાતો તેના રંગમાં બધું ભૂલી જઇ, કસૂંબામાં જ તેમની દુનિયાં સમાઇ જતી લાગતી.

ત્યારે અત્યાર સુધી નીર્બળ અસહાયતા અનુભવતા રામનો ચહેરો સખત બનતો જતો હતો. મોઢાના રંગો જુદા જુદા આકાર પકડતા. ક્યારેક સખતાઈ એટલી બધી વધી જતી કે તે હવામાં મુઠ્ઠીઓ વીંજતો, માથાના મોવાળા ખેંચતો.

આ બધાની પાછળ કેટલાક અનુમાનો દોરતા કે કાકાના મૃત્યુએ રામને ઘેલછા ઉપડી છે. તો કેટલાક વળી ધારતા કે આટલો મોટો વહેવાર માથે આવી પડયો છે તે છોકરો મુંઝાતો હશે.

જ્યારે ખરું. કારણ તો એકલો રામ જાણતો ને કલ્પતો. પોતાનાં જ કારણે દોલુભાને આ રસ્તો સ્વીકારવો પડયો હશે. પોદાર કેટલા કિન્નાખોર બન્યા હશે? એ કિન્નાખોરીનો ભોગ બનનાર દોલુભા કેટલા મુંઝાણા હશે. કોઈને સાજા સારા પોતાનો જીવ કાઢી નાખતા કેટલું દુઃખ થતું હશે? અને એ થતું હશે છતાં કડવો ઘૂંટડો ગળા હેઠળ ઉતારવો પડતો હશે ત્યારે શું થતું હશે?

આવા આવા બધા વિચારો સાથે 'ભલેને પોદારે એકકે બીજા બહાના નીચે દોલુભાને સકંજામાં લેવા પ્રયાસો કર્યા હશે. પણ બધા પ્રયાસો કરવાનું કારણ મૂળ તો હું જ હઇશ ને! મારો જનકલ્યાણનો રસ્તો સૂબેદારને ખૂંચ્યો. સીધા મારા ઉપર આવવાને બદલે કાકા મારફત મને સીધો કરવાનું પોદારે ધર્યું, તેઓ ક્રૂર બન્યા. ને તે ક્રૂરતાનો ભોગ દોલુભા બન્યા.' એવું રામને લાગ્યા કરતું.

દુનિયા ભલેને માને કે દોલુભાએ આપઘાત કર્યો. પણ નાના, રામ તો માનતો, 'પોદારે તેનું ખૂન કર્યું'. તેનું મગજ ભમી ગયું.

'મારવું' કે મારવું. એવું રટણુ સદાય રટતો થઈ ગયો. ઉપરાઉપરી ત્રણુ રાતના અજંપા થયા. આટલી વખત તો એકેય પ્રશ્ન ઉપર તેણે ઉજાગરો કરેલો નહિ. ને આજે એની વહાલી વસ્તુ ચોરાઈ જતાં તેને કંઈ નીરાંતે ઊંઘ આવે ?

બેસતા શિયાળાની ગુલાબી ઠંડી પ્રસરતી જતી હતી, ને છતાં પોતાનો સાથીદાર કાં આળસ કરતો હતો ? અમૃતવેલનાં સરકાર મઢયા કિલ્લામાં બાબકી પોદારનું ખૂન કરી ધરાઈ ને લોહી પીવાના રામને મનસૂબા જાગ્યા હતા. તે કામમાં તેનો સાથીદાર 'આજ નહિ કાલે જશું' એવા બહાના નીચે દિવસો વિતાવે એ તેને પાલવે તેમ હતું નહિ.

અને ખૂનની પ્યાસ જગાનાર માનવી સંસાર–માણુસાઈ ભૂલી જાય છે. આખી દુનિયા ત્યારે તેને દુશ્મન બનતી લાગે છે. ખામોશ પકડનાર જ ત્યારે સારો રસ્તો શોધી શકે. પણુ ખામોશીના ય પ્રકાર હોય ને !

અમૃતવેલ પહોંચ્યા ત્યારે રાત જામતી હતી. ઠંડીના ઝેરી પછેડા એક પછી એક પસાર થતા ને આવતા. સૂબેદારનો બંગલો શહેરથી પા ગાઉ દૂર હતો. આજુબાજુ વાડિયો લહેરાતી. એવી એકાદ વાડીની ખોખડધજ પીપરના થડની ઓથે રામ ને તેના સાથીદારે આશરો લીધો.

તેમની નેમ હતી સાંજના વખતે લંબાતી સડક ઉપર સૂબેદાર, પત્ની સાથે ફરવા જતાં, ત્યારે તેમને ઠેકાણે પાડી દેવાની.

આમ કરવા જતાં વટાંદરની સરકાર તેની વીરોધી બની જશે. બહારવટિયા તરીકે પોતાને જાહેર થવું પડશે, ને બહારવટાંના દુઃખો તે જાણુતો હતો. જૂના બહારવટિયાઓની લોકકથા તેણે સાંભળેલી.

ઘોડા ઉપર દિવસોના દિવસો વીતાવવા, કયાંક ખાવાનું મળ્યું, તો કયાંક ભૂખે શેકાવાનું. ટાઢ-તડકો સહન કરવાનાં, ઉપર આભ ને નીચે ધરતી, પથ્થરનું ઓશીકું કરી સૂઈ રહેવાનું.

ને છતાં આવાં બહારવટાં પેદા કરનાર કોણ ? સાચી શક્તિઓનું માપ ન કાઢનારા તેને વેડફી નાખે છે. એ શક્તિઓ, સમાજ ઉપર લદાતા અન્યાયો, કુટુંબ ઉપર ફેલાતા ત્રાસો સહન કરી શકતી નથી. અને એથી સત્તાવાળાની વીરોધી બની રહે છે.

સત્તાવાળાઓ તેને સમજાવવાને બદલે, કે તેનો ઉપયોગ કરવાના કરતાં તેને વધારે દમે છે. ને એકદા કમાન છટકે છે. એવી શકિતઓ પછી બહારવટિયા બને છે.

સતત બે દિવસની નજર ચોકી પછી ય ધાર્યું કામ ન સરતાં રામ મુંઝાણો, છતાં ય નિરધાર અફર રહ્યો. મોડી રાતે વાડીએ આવી સૂતા. બે દિવસનાં ભૂખ્યા હતાં છતાં કામના આવેગમાં ન ગણાતી ભૂખ કે ન જોવાતી તરસ.

લોકો બહારવટિયો કહેશે, ખૂની નામથી સંબોધશે. પછી તો અનેક કાળા કામો કરવા પડશે. એવું આજે રાતે સ્વપ્નામાંથી જાગી ઊઠતાં રામને લાગ્યું.

તારા ગણતાં તેણે ગણતરી બાંધી લીધી. સમાજને ઠગનારા વ્યાજખોરો ઉજળે લૂગડે ફરે. લડાઈમાં કાળા બજાર ચલાવનાર હુશિયાર ગણાય. ખરાબ બળો ને તત્ત્વો બહાર પડે ત્યારે તેને આશરો દેનારનું નામ સત્તાવાળા ન લ્યે.

અરે ખુદ પોલીસ ખાતું જે આવા બહારવટિયાને સંઘરે, તેણે લૂંટેલો માલ હજમ કરે. એકાદ બહારવટિયો પકડાય ત્યારે જેનાં તેનાં નામ લેવરાવી, તેને બચાવવાને મીશે નાણું ઓકાવે.

બહારવટિયો ગામ ભાંગતો હોય ત્યારે ખબર પડતાં એકના બીજે રસ્તે ચડી જાય. આખું વાતાવરણ સલામત થઈ જાય પછી જ ગામમાં દાખલ થાય.

પછી ત્રણ-ત્રણ ને ચાર ચાર દિવસનાં ધામાં પડે. સીધા સામાન મંગાવાય, ઘોડાને માટે પાવરા લેવાય. ગામ ત્યારે બોલે કે 'બહારવટિયા તો લૂંટી ગયા, આ તેરવટિયાને નહિ પુગાય.'

આવી બધી શરમકથાઓ ઊભી કરનારા ઊજળે મોઢે ફરે હરે, ને સત્તાવાળાથી કે સમાજથી ત્રસ્ત થયેલો કે જેને માટે જગતમાં ઊભા રહેવાને ઠરી ઠામ રહેવા ન દીધું હોય, તે ધાડપાડુ કે ડાકુ કહેવાય. આ ક્યાંનો ન્યાય? વિચાર કરતો જતો તેમ રામ હસતો. છેવટે તેનાથી એટલું ખડખડાટ હસી દેવાયું કે-તેનો સાથીદાર ભર ઊંઘમાં પડયો હતો, નરખોરાંની બઘડાટી બોલાવતો'તો, પડખેનાંને સ્વપ્ને ય ખ્યાલ ન આવે કે આ જાગશે-તે જાગી ગયો.

બન્ને સ્વસ્થ થતાં સાથીદારને રામ સમજાવતો ગયો: 'મા-બેન બેટીને લૂંટાય નહિ. વટેમાગુંને સતાવાય નહિ. જ્યાં ને ત્યાં બંદૂક લાંબી થાય નહિ. આશરા ધરમ પળાય. આશરાના ગામના આજુબાજુ બાર બાર ગાઉ સુધી ગામ ભંગાય નહિ, ને ભંગાય ત્યાં, શાહુકારી-ગળા ચૂસી ચૂસી માલદાર થયેલા ને છતાં સદરસ્તે કોડીય ન વાપરનારને લૂંટાય. તેમને લૂંટવા છતાં ય સાવ ખંખેરી તો નખાય નહિ. મરવું તો સામી છાતી યે. આ આપણું બીરુદ બની રહે. એને માટે પછી આપણે જીવી યે ને એને માટે જ મરી યે.'

બીજા દિવસનો સૂર્ય આથમણો નમતો હતો. ટાઢ વહેલેથી જ ઢળી ગઈ હતી. લાંબો ઓવરકોટ પહેરી પડખેનાં બેય બાજુનાં ખિસ્સામાં હાથ નાખી પોદાર, પત્ની સાથે વાતો કરતા ચાલ્યા

આવતા હતા. કાળી પાટની સડકે ક્યાંય સુધી તેમણે ફર્યા કર્યું; આખા વિભાગમાં દરેક પ્રજાકીય તત્ત્વો દાબી દીધાનો તાજો જ સંતોષ સૂબેદારની આંખો વધારે તેજસ્વી બનાવતો હતો.

વળાંક વળતી સડકના ખૂણે પથ્થરનો બાંકડો ઢાળેલો હતો. તેના ઉપર સૂબેદાર અને સૂબેદાર પત્ની ગોઠવાણાં. ગોઠવાણાં એવા વાતે ચડી ગયાં. અજુબાજુનું જન શૂન્ય વાતાવરણ તેમને વાતો કરવાની મોકળાશ આપતું'તું.

ત્રણ–ત્રણ દિવસથી મથતા રામ, ને તેનાં સાથીદારને આજે મોકો સાંપડયો હતો. બેઠકથી રાશવા છેટે આવેલી હાથલીયા થોરની વાડની આડશે તેઓ બેસી ગયા. ઠાંસોઠાંસ બંદૂકો ધરબાણી'તી. આજ તેમને રોકનારું કોઇ હતું નહિ. અને એ રોકનાર કોઇ નહોતું તેનો તેમને આનંદ હતો.

કાંટાળી થોરની વાડ આડશેથી બે નાળો નોંધાણી. નીરાંતે નીશાન લઈ શકાય એટલો વખત હતો. બંદૂકના ઘોડાનો એક ખાટકો ચડાવી, હવીંગ માથે કેપ મુકાણાં. એટલી ચુપકીદીથી, ને છતાં એટલી ચીવટથી કામ પતી જાય તેમ હતું. બીજે ખાટકે ઘોડા ચડતાં તેનાં સાધારણ અવાજથી વાડના માથેનાં ડીંડલે બેઠેલું હોલું ફફડાટ કરતું ઊડી ગયું. વળી જરાક વધારે વખત તેમને ખમવું પડયું.

અધીરાઈ વધતી જતી હતી. તેમ તેમ રામના મનમાં મંથન જાગ્યું'તું. સામે જ બેઠેલાં સૂબેદાર પતિ–પત્ની યે એવી રીતે બેઠક લીધેલી કે ગોળી છૂટતાં પહેલે ધડાકે બાઈ સાહેબ વીંધાઈ જાય. બીજી બાજુએ જઈ સાઈડ લેવા જતાં પોદારને વીણી લેવાત. પણ એમ કરતાં તો વખત જાય. ઉપરાંત ઓળખાઈ જવાય એ બીક હતી.

શંકા–કુશંકાના વંટોળ વચ્ચે, રામને લાગ લેતાં સૂબેદાર પત્ની

કામ આવે તો તો ભારે થાય. એવા વિચારે વધારે વિમાસણમાં મૂકયો. પાછળથી પસ્તાવાનો પાર ન રહે એવું કામ તો શે થાય ?

કૃષ થઈ ગયેલી, પુત્રેચ્છાની ઘેલછામાં પીંખાઇ ગયેલી, ને શેષ જીવન વ્યતીત કરવામાં સદ્‌માર્ગે વળેલી સૂબેદાર પત્ની, સૌ કોઇ કહેતા કે મરવા વાંકે જીવતી.

પોદારના પાપે, એના ઉપર હાથ ઉપાડતા રામ ડર્યો. અને એને વીંધે તોજ સૂબેદાર વીંધાય એવી રીતે તો બન્ને બેઠાતાં. રામના સાથીદારની ધીરજ ખૂટતી'તી. કોની સામે કામ લેવા આવ્યા હતા તે તે જાણતો હતો. સાંગોપાંગ કામ પતાવવું, તેમાં ય તે મક્કમ હતો. થોડીક બેકાળજી ને જીવતા પકડાવું, ને જીવતા પકડાંતા કંઇ કંઇ કેટલી યાતના સહન કરવી પડે તેય તે જાણતો તો.

આવા તો કેટલાય પ્રસંગ તે વટાવી ગયો હતો. એટલે વધારે વખત વીતાવતો રામ તેને વેવલો લાગ્યો. કયારેય આવું કામ રામનાં હાથે થયેલું નહિ એટલે તેનામાં તેને નબળાઈ ભાસી, ને તેણે તો નાળ લાંબી કરી.

ઘોડો ચંપાણો તો પોદાર ખલ્લાસ થાત. એક ગોળી ખાલી જાય તો બીજા યે તૈયાર રહેવું એવી નેમથી આવ્યા હતા. અત્યારે ગણત્રી બાંધવાનો વખત નો'તો. હુમંમ કરતીકને બંદૂક ધણેણત ત્યાં જ સાથીદારના લોખંડી પંજા ઉપર રામનો સુંવાળો હાથ ફરી વળ્યો.

" કાં કાં ? આ શું વેન ઉપડયું છે રામ !' સાથીદારે ડોળા કાઢયા. દોલુભા મામાના બૂરા હાલ કરનારને તું બચાવનારો કોણ ? રહેવા દે વચ્ચે આવવું. વળી કાલ પસ્તાવો થશે, સૂબેદાર જીવતો રહેશે તેનો ! "

"પણ એ જીવ્યે પસ્તાવો થશે કે મર્યે, તેની તો ગડભાંગ ઉપડી છે. આજે તો રહેવા દે. વળી એક વખત વિચારી જવા દે." કહેતોકને રામ ઊભો થઈ ગયો.

સદાય વીરતાના પ્રતીક સમો લાગતો રામ આજે તેનાં સાથી-દારને કાયર ભાસ્યો. તે બબડ્યો: "આવા વેવલાં નથી કાંઈ કરવાનાં કે નહિ કાંઈ કરવા દે."

સામેપાર અંધારું વધતું જતું હતું. સૂર્યાસ્ત પછીની આથ-મણી બાજુએ ઉપસી આવેલી •લાલી ધીરે ધીરે અદ્રશ્ય થતી જતી હતી. ટાઢે કબજો લેવાની શરૂઆત કરી હતી.

પસાર થતાં રામે કાંઈક અસ્પષ્ટ, કાંઈક દર્દભર્યું તો કાંઈક ન સમજાય એવું સંભાષણ સાંભળ્યું. સૂબેદાર થાકતે સાદે બોલતા'તા: 'રૂકીમણી; મને સ્વપ્ના આવે છે તેમાં ક્યારેય હું આટલો બીધો નથી. દોલુભાનાં મરણ પછી કોણ જાણે કેમ પણ તેમની નિર્દોષ મૂર્તિ મારી નજર સામે તર્યા કરે છે. હું ગુનેગાર ન હોઉં ! એવું લાગ્યા કરે છે.

"સ્વપ્નમાંય એ દ્રશ્ય નજરે તરતાં ઝબકી જાગી ઉઠું છું. આખે શરીરે શીત વળી જાય છે. પરસેવે રેબઝેબ થઈ જાઉં છું. મેં અસંખ્યને ખોટી રીતે સંડોવ્યા છે. કેટલાય ઉપર ખોટા કેસ ઊભા કરાવ્યા છે. એનું રંજ માત્ર દુઃખ નથી. મારા શાસનકર્તાનું રાજ્ય ચલાવવું, ને નભાવવું એ મારી નેમ હતી, ને છે. એ કરવામાં હરએક વિરોધી બળો સાફ થઈ જવાં જ જોઈએ, ને મેં કર્યાં છે. પણ કોણ જાણે કેમ દોલુભાનું મૃત્યુ મને સતાવે છે. ક્યારેક હું ગાંડો થઈ જઈશ એવું લાગે છે."

એક ઊંડો નિશ્વાસ હવામાં મળી જતો'તો. જાણે ઠંડુ થતું.

વાતાવરણ સતેજ ન બનાવતો હોય ! રામ આ સાંભળ્યે જતો'તો તેમ તેમ તેને લાગતુ'તું 'આજની મારી ખામોશી બરોબર છે. ઉતાવળ ન કરી તે ઠીક થયું."

ખૂબ મનોમંથને ને ઊંડા વિચારે રામને સમજાયું: "આખો સમાજ ઉપરથી તળિયા સુધી સડેલો છે, તેમજ આજની રાજ્યવ્યવસ્થાનું. જ્યાં જુઓ ત્યાં પોદારજ ઊભા થયા છે. અત્યારની નીરંકુશ સત્તાઓ પોદાર નથી તો બીજુ શું છે !

એક પોદારનો નાશ કર્યે આ બધાનો નાશ ક્યાં થવાનો હતો. ને નાશ થવાનો નથી તો એક પોદારને ખલ્લાસ કર્યે શું વળવાનું હતું ? આપણે ત્યાં અસંખ્ય પોદારો પડયા છે તેનું શું ?

એક દોલુભાનાં બળીદાને આપણે માગીએ છીએ તે ક્યાં મળવાનું હતું ? અસંખ્ય દોલુભાઓ વધેરાશે ત્યારે પોદારેય નહિ હોય, ને નહિ હોય આજની રાજવ્યવસ્થા.

બે ત્રણનાં માથા ફુટયે કે પાંચ–દસ પર લાકડીઓ પડયે ફુલાઇ જનારા આપણે ભૂલીયે છીયે કે આજની રાજવ્યવસ્થા આપણાંથી ક્યાંય રીઢી છે. એમ સત્તા છોડયે એને ક્યાં પાલવવાનું હતું ?

આપણા ખિસ્સામાંથી રૂપિયો ઝૂંટવનારની સામે આપણે લડીશું, ઝઘડીશું, બળ નહિ હોય તો બાખોડીઓં ભરીશું પણ રૂપિયો તો સાચવશું. કાં તો એ આપણને થકવીને લઈ જશે, ને કાંતો અસહાય કરીને.

ત્યારે આ તો પ્રબળ સત્તા છે. એવી સત્તાને રાજ્ય છોડી દેવું ગમે ખરું ? ન ગમે તો તેને સાચવવા તે દરેક રસ્તા લ્યે. કાળાએ કામાં કરે ને ધોળાય. આમ કરતાં પોતે પોતાને પ્રમાણિક ગણે. કારણ એ તો એની પાસે છે તે સાચવવાને કરેછે ને !

ત્યારે આપણે એક હુંબેલો મારીએ છીએ ને પાછા પછડાટ ખાઈએ છીએ. પછડાટ ખાધા પછી દસ વરસ બેસી રહીએ છીએ. એમ કાંઈ સ્વરાજ આવતાં હશે?

હજારો ને લાખો કપાશે, સત્ય ને અહિંસાથી લડતા માથાં ભંગાશે, શબનાં ઢગલાં થશે ત્યારે એ મળશે. ત્યારે એકાદ બેનાં મરણે આપણી વાતેડિયા પ્રવૃત્તિ વધી જાય છે, 'જુઓને ગાંધીએ તો ઘાણ કઢાવી નાખ્યો. સ્વરાજ મળવાનું હોય ત્યારે મળે પણ. જુઓ તો ખરા બચારો છગનભાઈ મરતાં તેનું કુટુંબ રઝળી પડયું.'

અરે આવા અસંખ્ય છગનભાઈ મરશે, ને લાખો કુટુંબ રઝળશે, ત્યારે ધાર્યું થશે. આપણે માગીએ છીએ તેની કિંમત ઓછી આંકીએ છીએ એ જ તો દુઃખ છે ને!'

આવાં આવાં મનોમંથને રામ મક્કમ બન્યો. અહિંસક સેનાના સેનાની બનવામાં, આજની આ સમાજ રચનાનું નવેસરથી ચણતર કરવામાં, રિબાતી–ટુંપાતી જનતાના ઉપર આવા ત્રાસો લાદનાર રાજવ્યવસ્થામાં પલટો લાવવામાં એક સાચો બહારવટિયો શા માટે ન બનવું?

ખંડ ત્રીજો

રેતીમાંથી તેલ

●

પ્રકરણ ચૌદમું

પતાવટ

જ્ઞાતિમાં વાતો ચાલતી હતી કે "દોલુભાનું બારમું રામ કરશે નહિ ને કરશે તો અફિણ પાશે 'નહિ. સરવડાનાં મુળરાજભાનું મરણ થયું ત્યારે તેના દિકરાને રામે ચડાવ્યો હતો. મેલા લખાણાં તેમાં છેડે લખાવ્યું કે મૂળુને બાપુનું કારજ તો સાટા જલેબીનું કરવું છે પણ અફિણ તો ઝેર છે. નાત નાહકની તેને વળગી પડી છે. માટે તે ખાવા પીવરાવવામાં આવશે નહિ.

"ભાળ્યો સાટા-જલેબીખવરાવવાવાળો. એલા તારા મિષ્ટાન જમવા આવીએ છીએ કે મૂળુભાની આબરૂ સાચવવા! બિચારો હરડા કરી કરીને મરી ગયો ને ગગો જાગ્યો તે લખ્યું કે—અફિણ નહિ પાવામાં આવે. વાહ આ તો સુધર્યા ખરા ને? એણે તો મોટા ખોરડાની આબરૂ કાંકરા કરવા માંડી છે. પણ નાના! આપણે તો જવું જોઇએ. મૂળુભાની બગડતી બાજી સુધારવી જોઇએ. બચાડા પાછળ અફિણ નહિ વટાય તો સ્વર્ગમાં ય તેને શે નિરાંત વળશે.' એમ નાત વડેરા વાતો કરતા ને કારજ સુધારવા જતા.

અફિણ વાટનાર તરીકેની મૂળરાજની ખ્યાતિ વિશેષ હતી. જૂના નવા બંધાણીઓનો ત્યાં અડો જામેલો જ હોય. વરસ દિવસના

મહેમાનો તેને ત્યાં નીકળતા. એવા મૂળુભાનાં કારજમાં અફિણ ન વટાય તે તો બને જ કેમ !

ઘરની આબરૂના પ્રમાણમાં બારમાના દિવસે માણસો તો સવિશેષ આવશે એવી ધારણા હતી તેથી મૂળુભાના દિકરાએ માલ પણ પ્રમાણમાં ખૂબ કરાવેલો.

ચોરામાં ડાયરો હડેડાટ જામ્યો'તો. આ ઘડિએ આવશે, અબઘડી અફિણ લાવશે એવી વાટું જોવાતી'તી છતાં ન આવી ખરલ કે ન આવ્યું વાટણું, કે ન આવ્યું અફિણ. ખાનગી વહટિયો ચાલી, ને છતાં મૂળુભાનો દિકરો એકનો બે ન થયો તે ન જ થયો.

વાત વંઠી, કોઈ કે ગાડું જોડયું, કોઈ કે ટારડું છોડયું ને કોઈકિ ચાલતા થયા. ભંગાણ પડયું ને ચોરો ઉજડ થયો. બધા જ લગભગ બોલતા જતા'તા. હોબાળો ઊઠયો હતો. "કર્યાં ભાયે કારજ. ડાંડિયા ડફ દાધે કાંઇ ચાલતા હશે. થ્યા સુધરેલનાં દીકરા તે અફિણ ના વાટયું. હવે ભલેને રખડે સાટા જલેબી !' કરતાં એક બીજા ચાલતાં થઈ ગયા.

અહીં ગોઠવણ રાખ્યા પ્રમાણે આખો ઢેઢવાડો ને બધા ભંગીઓને સામટા બોલાવવામાં આવ્યા. ઉભડને બોલાવ્યા ને મજૂરો આવ્યા. અપંગ આવ્યા. ને ગરીબો આવ્યા. પંગત બેઠી ને સાટા–જલેબી પીરસાણાં. બારમું પત્યું ને મિષ્ટાન ઠેકાણે પાડયું.

ત્યારે વાતો વંચાણી'તી' કે મૂળરાજના દિકરાને અવળે રસ્તે દોરનાર તો ઓલ્યો નારૂભાનો દિકરો રામ જ. એવો રામ, દોલુભાનું કારજ કરશે કે કેમ તેની બધાને શંકા હતી.

ત્યારે અહીં તો બીજી જ વાત હતી. દોલુભાનું મરણ એવા સંજોગોમાં થયું હતું કે તેમના બારમા બાબત જરાય નવીનતા

લાવવા જતાં દોલુભાના દીકરા મનુનું મન જરાય ડોચવવા 'રામ તૈયાર ન હતો. સાધારણ પ્રસંગોમાં બને તેમ દોલુભા ઘર આંગણે માંદગીનો ખાટલો સેવી, સેવા ચાકરી પામી ગુજરી ગયા હોત તો તો આટલો આઘાત લાગત નહિ.

એ આઘાતમાં વધારો કરવાનું રામ ઇચ્છતો નહિ. ઘરનાં બધા ને જ્ઞાતિલા રાજી રહે તો દોલુભા કાકાને ખાતર પોતે વાવેલા સંસ્કાર ને જ્ઞાતિના અવળા રિવાજ સામેનો પ્રચાર ઘડીભર વિસરી જવા માગતો'તો.

બધા એક દિવસ એકઠા થઈ શેર–અર્ધોશેર–અફિણ બગાડશે એટલું જ ને! ને 'સુધારક વૃત્તિનાં રામે દોલુભાનું બારમું કર્યું' એમ કહેનારાય નીકળશે. આમ કરતા તે પોતાની નબળાઈને વશ થયો એવું તેને લાગતું. છતાં એકલા દોલુભા કાકાને ખાતર કડવો ઘૂંટડો ગળી જવા તૈયાર થયો.

મેલા લખાણાં ને નાતીલા તેડાવ્યા. શંકા–કુશંકાના વાણાં–તાણાં વણી બેઠેલાને નવાઈ લાગી કે રામ દોલુભાનું કારજ કરે છે. બાર-માના દિવસ સુધી ય જ્ઞાતિને ભય હતો; રખેને રામ બધાને બોલાવી, અફિણ ન પાય ને ભૂંડા લગાડે.

પણ એવું તો કાંઈ બન્યું નહિ. ચોરામાં બેઠક કરવામાં આવી હતી. ગરણીમાંથી કસૂંબો ત્રપક–ત્રપક પડી રહ્યો હતો. દિવસ આખો આળસમાં કે ઝોકા ખાતા બંધાણીઓ ઢાળેલા પોપચે બેસી રહે છે તે આજે ગોઠણભર થઈને મારા ને તારા સમ દઈ રહ્યા હતા. કસુંબાની અંજલીઓ પાઈ રહ્યા હતા. સૂરજદાદાને, ને બંધાણ કરાવનારના નામ ઉપર રંગ દેવાઇ રહ્યા હતા. કંઇક કાળાંતરનો ઉભેલો ચોરો તેની પછીતોના અણું અણુંએ કસૂંબાની પ્રાછટ બોલેલી તેની

ગવાહી પૂરતો'તો. કંઈ કેટલા કારજો આવ્યાં ને ગયાં. અફિણો વટાણાં ને બંધાણીઓ ધરાણાં તેનો ઇતિહાસ તેણે સંઘરી રાખેલો.

અફિણ પાઈ રહે, અંજલીમાં નાખેલું પાણી બંધાણીઓ જાજમ ઉપર જ ઢોળતા સાવ કોરી કાઢેલી જાજમો બગડતી ને છતાં ય તેમણે, જાજમોઓ વિષે ક્યારેય ફરિયાદ કરી જાણી નથી. ને એ ફરિયાદ ન થતી તેથી તે ઉત્તરોત્તર બગડતી જ રહેતી.

બધાય એક ધ્યાનમાં હોય. કસૂંબો કાઢવામાં, કસૂંબો પીવામાં કે અંજલી સાફ કરવામાં પાણીની વારેવારે જરૂર પડતી. દોડીને એ પૂરૂં પાડનાર વાણુંદના છોકરાની પગઘોડ સામે જોવાની કોઇને ફુરસદ નો'તી.

કસૂંબો પીવા–પીવરાવવામાં વખત–બેવખતની તેમને પરવા ન હતી. ખાવાને માટે તૈયાર કરેલાં રાંધ્યા ધાન ધૂળ મળતા'તાં, તેની કોઇને પડી ન હતી. ત્યારે ચોરાનું વાતાવરણ કસૂંબામાં એકરસ થઈ ગયું હતું. કસૂંબો જ જીવન, કસૂંબો અમૃત ને કસૂંબો જ બધી દુનિયા એવું ત્યાં બેસનારાને લાગતું.

જમવા ઉઠયા ત્યારે કેટલાક 'વધારે અફિણ થઈ ગયું છે' કહી બેસી રહ્યા. કેટલાક 'વાયુ વધી ગયું છે'નું બહાનું કાઢી સૂતા. ઉઠયા એટલા પંગતે પહોંચ્યા. પીરસાણું–ન પીરસાણું ત્યાં તો એકે પાણી માગ્યું ને બીજાએ ચળુ કર્યું. ખાધું એનાથી બમણું બગાડયું. કાઠી–ગરાશિયા કોમમાં વરો કરનાર જાણે ગુનેગાર ન હોય ! એવો વર્તાવ તેના તરફ રખાય છે.

'વેવાર' કરવાનો આવ્યો. ધારો હતો કે–કારજે આવનાર દરેક વેવાર આઠ આના મૂકે–કોઈ કે વેવાર આપ્યો, તો કોઇકે ન યે આપ્યો. કેટલાકે એકઠા થઈ ગામ સમસ્તનાં બે રૂપિયા નોંધાવ્યા તો કેટલાકે ઉધાર નોંધાવી કાઢયું.

આ બધું જોઈ-દેખીને રામના માથામાં ચસકા આવતા. નાડીનો વેગ વધી જતો. ગરમીની પારાશીશી ક્યાંય ચડી ગઈ હતી. છતાં તેણે મનને માર્યું. એકજ બસ એક દિવસ સુધારી લેવાનું તેને મુનાસબ લાગ્યું.

તેણે દાંત કચકચાવ્યા. દોલુભાને ઠેકાણે બીજા કોઈનું બારમું હોત તો તે આવું બધું ચલાવા દેત? શું નું શું કરી બેસત તે તો તેય કળી શકયો નહિ.

જીંદગીનો સામાજિક વહેવાર માથે પડયાનો આ પહેલોજ પ્રસંગ હતો, અને એ પહેલાજ પ્રસંગે તેણે નબળાઈ બતાવી એ તેને સાલતું'તું. પણ દોલુભા કાકાને ખાતર આટલી નબળાઈ ભલે બતાવી એટલું એને આશ્વાસન હતું.

કાઠી-દરબારોમાં આવા કારજ પ્રસંગો જ્યાં જ્યાં થતા, ત્યાં આજુબાજુના ગામડાઓમાં પછીથી બાંગ ઊઠતી કે કોઈકનું ટારડું ચોરાઈ ગયું, કોઈકને ઘરે ચોરી થઈ તો કોઈકની વાડીએથી કોસ વરતાં ઉપડી ગયાં. વાતો કરનારા કહેતા કે બારમા માં આવેલો ડાયરો વીંખાતો ત્યારે તેમાંના ખરાબ તત્ત્વો આવી રીતે પ્રકાશી ઊઠતાં.

દોલુભાના મૃત્યુનો બારમો દિવસ મને કમને પતાવ્યા પછી, રામને ઘરની વ્યવસ્થા કરવાની હતી. એ પેઢીથી તેનું ખોરડું જામેલું હતું. ગામનાં ગરીબ-ગુરબાં મરણુ મૂડી વધારતાં તે દોલુભાને ત્યાં થાપણે મૂકતાં. કોઈના ઘરેણાં તો કોઈનું કાંઈક તો દોલુભાને ચોપડે જમા ન હોય એવું બને નહિ.

તે બધાને બોલાવી, થાપણુનો ચોપડો કાઢી, દરેકને પોતાની થાપણુ લઈ જવા રામે કહ્યું. 'અરે બાપ્યા તમારે ત્યાં હજાર વર્ષેય

ક્યાં ખોટા છે. અમને જરાય ગેર ભરોંસો નથી આવ્યો. નાહકનાં કાં ઉતાવળ કરો !' એવો દરેક જવાબ વાળ્યો.

'પણ જુઓ તો રતનશી શેઠને ત્યાં થાપણુ મૂકનારા ઘણા હતાં. શેઠનું સદાનું ગામતરૂં થયે છોકરાનો જીવ ઓળે ભરાણો. થાપણનો ચોપડોજ ગુમ થયો. આજે ગોતશું, કાલે ગોતશું કહેતા વરસ વીત્યા. છેવટે ચીંથરાં ફાડયાં' રામ બોલ્યો.

'તે રામભા તમે કહેવા શું માગો છો ? રતનશી શેઠના છોકરા ક્યાં ને તમે ક્યાં !'

'ના પણ એવું છે ને, કે આજ છે એવું કાલ નહિ. કોણ કેવી સ્થિતિમાં મુકાણું. હું તો સરકાર–દરબાર સામે લડનારો, કાલ ઊઠીને સત્તાવાળા મારૂં બધું હરરાજ કરે, ત્યારે તમારે મોઢે ન રહી શકું તો કાળું મોઢું થાય ને ?'

'નાના રામભા ! ઈ તો તમારા સુખે સુખિયા ને તમારા દુઃખે અમેય દુઃખિયા. એ તો તમારૂં જશે ત્યારે અમારૂં જશેને. ત્યારે જોયું જાશે.'

બધાનો આગ્રહ છતાં દરેકને સમજાવી–ફોસલાવી દરેકની થાપણુ આપી દઈ, થાપણનાં ચોપડાને દોરી બાંધી ત્યારે જ રામને નીરાંત વળી.

ઢેઢને બોલાવ્યા, ભંગીઓને તેડાવ્યા, વજેરામભાઇને બોલાવા માણસ મોકલ્યું. આ બધા સાથે દોલુભાને લેણદેણ હતી. ઢેઢ–ભંગીઓને ક્યારેય કોઈ ધીરનાર ન હતું ત્યારે દોલુભા અંગઉધાર આપતા. તેમની ઘરખેડમાં મજૂરી તરીકે તેમનો ઉપયોગ લઈ આપેલા નાણાં વાળી લેતા.

પણ છેલ્લા ચાર વરસથી વરસ કરક–ભરક આવતાં, કે ક્યારેક

દુષ્કાળ પડતા તેથી આ લોકો ખાતાંમાં પૈસા ભરી શકેલા નહિ. ઉપરાંત વરસ ઉતરવા દોલુભા પાસેથી દાણાં લઈ ગયેલા એટલે ખાતાંમાં વધારે પૈસા રહી ગયેલા. તેઓને બોલાવી દરેકના ખાતાં ભરપાઈ કરી દેવાની સમજણ કરી ત્યારે તો તેમનો આનન્દ માતો નો'તો.

વજેરામભાઈને બાપદાદાની ખેડ. વરસો નબળાં આવતા સાથીનો મઝારો અપાય એટલું ય ઉત્પન્ન આવે નહિ છતાં ખેડ નભાવ્યે રાખેલી. ખોટમાં ઉતરતા ગયા. કરજ વધતા દોલુભાને ચોપડે એક હજાર રૂપીઆ થઈ ગયા. બ્રાહ્મણનો દીકરો છે ને ! વળી એક વચની છે. મુશ્કેલીમાં કામ આવે એવો ય ખરો, ધારી રામે તેમની ઉઘરાણી જ બંધ કરી. મુદ્દત વીત્યે ખાતું આપોઆપ ભરપાઈ થઈ ગયું.

કરમશી પટેલને બોલાવ્યા, ને આબરૂ ઢાંકી બેઠેલા બધા, છતાં એક યા બીજા ધંધામાં કોઈક મંદીની ખોટમાં આવી ગયેલા, તો કોઈક ખેડમાં ટૂટી ગયેલા દોલુભા પાસેથી નાણાં લઈ જતા. તેઓ કોઈ રીતે નાણાં ભરી શકે એવી તેમની સ્થિતિ ન હતી, કે માંડી વાળવાની વાત કરતાં માને તેમ ન હતું.

તેમના બધાનાં આગલા વ્યાજ એક ટકાનાં હિસાબે ગણાંતા, તેમાં આઠ આનાની તેરીખ કરી નાખી, કેટલાકનાં કાંધા કરી વ્યાજ બંધ કર્યાં, તો કેટલાકના ફડચા કરી, આપે તે લઈ લીધું.

શરૂ શરૂના રામના વિચારો તો હતા કે વ્યાજ પદ્ધતિ જ નાશ પામવી જોઈએ. ધીરે ધીરે તેને સમજાયું કે ગામડામાં એવા વર્ગો પડયા છે જેમને પ્રસંગો વિતાવવા માટે પૈસાની જરૂર પડે. તેવે વખતે કોઈકને કોઈક આપનાર તો જોઈશે જ. એ આપનાર રાક્ષસી વ્યાજ લેતો ન હોય એવું થવું જોઈએ.

ચક્રવૃદ્ધી વ્યાજ ને તેનું વ્યાજ. ત્રણ વરસે એક મહિનો વધે તેનું વ્યાજ લેનારાની સામે વાંધો હોય. હા સદંતર વ્યાજ પદ્ધતિ તો ત્યારે જ બંધ થાય જ્યારે સમાજે લાદેલા વરા–કવરા જતા કરાય. એ બંધ કરવા પૂરતી તાકાત કેળવાય. ફુલણશીવેડા મૂકી દેવાય, મહેલ દેખી ઝૂંપડું ન બળાય, ત્યારે.

ગામડામાં બેસીને કામ કરવું, કોઈ નક્કર ભૂમિકા તૈયાર કરવી, એમ કહેનારા તો લગભગ બધા જ હતા. છતાં એ ખડતલ જીવન જીવવા હજુ કોઈ તૈયાર થતું નહીં, શહેરમાં બેઠેલા ગામડાની વાતો કરે, ને સવાલો ઉકેલે એ તે કાંઈ બનતું હશે !

કોંગ્રેસની બેઠકોમાં રામ જતો. પ્રજામંડળોને પરિષદો ગજવતા કાર્યકરો તેણે જોયા–સાંભળ્યા હતા. બધે તેને લાગ્યું હતું કે દરેક ઉપરથી કામ કરવા માંગે છે. તળીએ પડેલો કચરો કોઈને ય સાફ કરવો નથી છતાં કામયાબ થવું છે.

ત્યારે તે માનતોઃ ગામડાનાં સુખદુઃખનો મીટાવ કર્યા વગર, તેમની રગ પારખ્યા વિના જે કાંઈ કરવું તે નાખી દીધા જેવું છે. શહેરમાં તો વ્યાસપીઠો ઊભી થઈ શકશે. બોલનારની હરિફાઈ ચાલશે, ત્યારે ગામડામાં તો ઘડતર થશે. પાયામાંથી જ પત્થર ધરબાશે ત્યારે ધાર્યું થશે.

આવા આવા મનસુબા ઘડાતા, ને એકાદ ગામડું પકડી કાંઈક કરી લેવું જોઈએ, ભારેલી શક્તિનો ઉપયોગ કાં ન થાય ! એ વિચારે, વટપૂરને જ કાં પસંદ ન કરવું ?

અલબત્ત પોતાના જ ગામમાં કામ કરતાં માણસને મુશ્કેલી નડે છે. તેનાથી મોટેરા તો તેને ગગલો જ ધારે છે. 'હવે જોયો આજ-કાલનો છોકરો તે' એવા શબ્દો તો સંભળાવાના જ. છતાં વટપૂરમાં ચાણું નાખવું, ને કામની શરૂઆત કરવાનો રામે નિશ્ચય કરી લીધો.

પ્રકરણ સોળમું

વટપૂરમાં ઠરીઠામ

વટપૂર વખણાતું. નવા જમાનાની અસર લાગ્યા પહેલાં ત્યાંના બ્રાહ્મણો પ્રખ્યાત હતા. શાસ્ત્રાર્થમાં આખા કાઠિયાવાડમાં તેની બરોબરી કોઈ કરી શકે એમ ન હતું. ઘરમાં ને વહેવારે તેઓ સુખી ને સંતોષી હતા.

હરિરામ શાસ્ત્રી ઠેઠ કાશીના પંડીતો સુધી નામ પામ્યા હતા. વાકચાતુર્ય બતાવવાથી, ઘણાં સભાજીત થવાથી, તેમની વિદ્વાનો આંક બાંધી વડી સરકારે તેમને મહામહોપાધ્યાયની ડીગ્રી એનાયત કરી હતી.

હરિરામ શાસ્ત્રી એ ડીગ્રી મેળવીને અમદાવાદથી વટપૂર આવ્યા ત્યારે લોકોયે સામૈયું કરેલું. શંખ–નગારા વગાડેલાં, ચોરામાં બેસારી ઝાલરો વગાડેલી, ગરબીઓ ગાઈ, ગોળ ધાણું વેચેલા.

એવા આ હરિરામશાસ્ત્રી અમદાવાદના એક શેઠિયાને રીઝવી ધર્માદા કરવા પાંત્રીશ હજાર રૂપિયા લાવેલા. ધર્માદા કઈ ને કેવી રીતે કરવો તે બાબતમાં તકરાર પડી. ઘણા ને થોડાના વિરોધ સામે જ્ઞાતિના પટેલીઆઓએ ઠરાવ કરી નાખ્યો કે મોટો 'જમન' કરવો, તે નાતને જમાડવી.

હરિરામશાસ્ત્રી મહામહોપાધ્યાય થયાં છતાં હાડોહાડ રુઢિચુસ્ત હતા. તેમની પાસે દરખાસ્તો આવેલી કે—આ પૈસામાંથી જ્ઞાતિની બોર્ડીંગ બાંધી શકાય, વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી શકાય, ગરીબોમાં અન્ન-વસ્ત્ર વહેંચી દેવાય. પણ શાસ્ત્રીજી એકના બે ન થયા. વટપૂરને પાદર યજ્ઞ મંડાણો.

સાત તડનાં નાતીલા તેડવામાં આવ્યા. ગામના દરેક ઘરે ઉતારા અપાણાં. બીછાનો બનાવવામાં આવ્યા. રસોઈ માટે ને પીરસવાનાં દરેક સાધનો નવાં વસાવ્યાં. સાંણુસી-કડસીઓ, તપેલાં, મોટા ટોપ, કમંડળો ને બધું આવ્યું.

કીસન લાઈટો ને પાથરવાને માટે શેતરંજીઓ આવી. ફાનસો આવ્યાં. મંડપો કરવા વાંસ ને વળીઓ લીધી. શણનાં ત્રાપડાં આવ્યાં. પંગતે બેસારવા વેજાં વસાવ્યાં.

સાત દિવસ સુધી ધમધોકાર ભોજન ચાલ્યું. બધાં ગયાં ત્યારે સૌ સૌના ઉતારે આપવામાં આવેલા ચાનાં પ્યાલા રકાબી બગલમાં મારતા ગયાં. થાળીઓને તપેલાં ઊપડી ગયાં. ફાનસો ગયાં ને બુજારાં ગયા. રહ્યા ફક્ત અફસોસ કરતા હરિરામશાસ્ત્રી. રાત્રે જવાનો સૌ કોઇએ લાભ લીધો. પાંચ હજારના વાસણ કુસણ ઉપડી ગયાં.

કામ પત્યું ને વાતો રહી કે ઘી તો ખરાબ હતું. લાડવા ભાંગતા ગોગડા રહેલા. પીરસવામાં તરફા તરફી થતી. શાસ્ત્રીનાં સગાને સારું ખાવાનું ને બીજા દવલાં. પંગતમાં ક્યારેક હાથ સુધીની મારા-મારીએ આવતા, તો ક્યારેક કજીયો વધી પડતાં ઊભા થઈ ચાલતા થતા. એવો આ યજ્ઞ વટપૂરને પાદર થયેલો, ને તેના નામે હજુય દૂર દૂર સુધી ગામ વખણાતું.

વજેશંકર ભાઈનું વેદું એટલે હાથ ધોઈ નાખ્યા. ઠેઠ નાગપૂર

સુધી તેમને તેડાં આવતાં. વટપૂરનો ચોથા ભાગનો મજૂર વૈદરાજને ત્યાં રોજી મેળવતો. દવાઓ વાટવી ને ખાંડવી, મુળીયાઓ ખોદી લાવવાં, વનસ્પતીઓ મેળવવી વગેરેમાં તેમનો ઉપયોગ થતો.

સૂવર્ણ માક્ષીકથી માંડી ચંદ્રોદય સુધીની ભસ્મો થતી. બૃહદ્‌લોક-નાથથી માંડી જયમંગળ સુધીનાં રસો થતા. કવાથો બનતા ને આસવો ટપકતા. ચૂર્ણોને અનુપાનોનાં શીસા ભર્યા રહેતા.

વજેશંકર નાડ પારખુ હતા, ને દવાઓ દેતા. થાકેલો દર્દી વજુભાઈ પાસે આવતો ને ઊભો થતો. ખ્યાતી એટલી બધી વધી કે આગળ જતાં પહેલાનાં વજેશંકર આજ રહ્યા ન હતા.

દર્દીઓની અવર–જવર વૈદને ત્યાં વિશેષ રહેતી. તેનો લાભ વખત જતાં વૈદરાજે અવળો લીધો, ગામમાં વાતો તો થતી કે વજેશંકર કાછડી છુટા છે. પણ તેમની આબરૂ ને ખર્ચના હિસાબે એ વાતો આગળ આવતી નહિં.

પણ વૈદનું તે બાજુનું ઉધાર પાસું વધતું જ રહ્યું. ભાઇબંધો–મિત્રોએ સમજાવી જોયા. છતાં વજેશંકરે પાછું વાળી જોયું નહિ. એક પછી એક બધા તેમને છોડી ગયા. વિરોધ વધતો જ ચાલ્યો.

પાંચેક ગાઉ દૂરના દર્દીને તપાસવા તાત્કાળીક આવો એવી ચિઠ્ઠી લઇને એક અજાણ્યો આવ્યો. અજવાળી રાતે પીરમાંમદનો એક્કો જોડાવી વૈદરાજ ઉપડયા. ત્રીભેટે ત્રણ જણાં મળ્યા. વજેશંકર-ભાઈને પકડી તેમનું નાક વાઢયું.

ત્યારથી ઉતરતા પાણી થયાં. વૈદરાજના નાનાભાઈ નોકરી કરતા. તેમણે નાક કપાવવામાં વટપૂરના સારા સારા માણસોનો શક લીધો. પણ કાંઈ વળ્યું નહિ.

જ્યાં માણુસોના કીલ્લોળ હતા, ચાના રંધેડા ચડતા, ચોપાટ ને સોગઠાંની બહબહાટી બોલતી, કંટાળેલો દર્દી હાશ કહી આશીર્વાદ આપતો ત્યાં આજે ખૂંટિયા બેસે છે. ખોરડાં ખંડેર થયાં છે. વજેશંકરનું કુટુંબ પાયમાલ થયું છે ને છતાં 'વૈદરાજવાળું વટપૂર!' એમ આજેય એ ગામના મહેમાનને માણુસો પૂછે છે.

જેઠીમલને ત્યાં પેઢી દર પેઢીથી વાળી ઘોડા રાખવામાં આવતા. ઠેઠ વઢવાણુ આજુબાજુની ઘોડીઓ, બાબરીયાવાડ ને મહુવા પંથક, જૂનાગઢને હલારમાંથી ઘોડીઓ આવતી. ને તે પંથકની ઓલાદ સુધરતી.

વાંગળીઓ વેચ્યો ત્યારે જેઠીમલને તો અઢારસો ઉપજ્યા. પણુ એ ઘોડાની ખરીદી કરનાર દરબારે નેપાળ સરકારને એ ભેટ ધર્યો ત્યારે વીશ હજાર રૂપિયા મળેલા. એવા જીણું બાબ એનાં હતા.

માણુકીઓ ને રોજો, કેસર ને ફૂલમાળ એવા ઘણાં ઘોડાં બદલાણાં ને વખણાવ્યા. આજે ય વાળી ઘોડાને માટે ને સુધરતી ઓલાદને લીધે આખા ઉત્તર પંથકમાં વટપૂર પ્રખ્યાત છે.

વખત જતાં વટપૂરમાં કેળવણી આવી. ભણુનારા એટલા બધા વધ્યા કે પાંચ રૂપિયાથી માંડી ચારસો રૂપિયા સુધી પગાર લાવનારા નીકળ્યા. માસ્તરગીરી, મુલકગીરી પોલીસખાતું કે વનચરાઈમાં એકેય જગ્યા એવી નહિ હોય જ્યાં વટપૂરવાસી ન હોય.

વટાંદરની સરકારે અમૃતવેલ વિભાગના ગામોમાંથી 'સંસ્કારી, આગળ વધેલું ને સારૂં ગણાતું હોય એવા એક ગામની ખેતી વિષયક ને આર્થીક સ્થિતિ બતાવતો રીપોર્ટ લેવાનું કામ હાથ ધર્યું ત્યારે વટપૂરની પસંદગી કરેલી.

વટપૂરમાંથી સરકારને વાર્ષિક મહેસૂલ સાડા સાત હજાર મળતું. ત્યારે નોકરિયાતો વાર્ષિક પગાર બાવીશ હજાર રૂપિયા લાવતા. વતનનો લાભ મેળવવા દરેક નોકરિયાતો પડાપડી કરતા, છતાં છેલ્લા ચાલીસ વરસમાં હજુ એક અષ્ટમાઉંસ ભાગને જ માંડમાંડ વતનનો લાભ મળ્યો છે. એટલા વટપૂર વાસીઓ નોકરીએ છે.

આટલો મોટો પગાર લાવનાર ગામ સ્થિતિએ સદ્ધર હોવું જોઇએ પણ એવું કાંઈ હતું નહિ. મેયા ભંગીથી માંડી ઝંડુર ભટ સુધીનાં દરેક ચા પીતા ને એકલા ચાની પાછળ રુપિયા તેર હજાર ખર્ચાતા.

લલ્લુ માસ્તર તો એવા હતા જે સવારથી સાંજ સુધી નવ–દસ વખત ચા પીતા. બત્રીસ રૂપિયા પગાર આવતો તેનો પોણો ભાગ આમાં જ ખર્ચી નાખતા. તેમને હરસનું દર્દ હતું તેથી કદાચ આમ કરતા હોય તો ના નહિ. પણ એવા તો કેટલાય હતા જે ચાના ' ડાળુ ' કહેવાય.

એકનું જોઇને બીજો, બીજાનું જોઇને ત્રીજો ને લગભગ કમાણી વાળા દરેક ખર્ચા કરતા. પ્રભુભાએ સુધારેલો વરો, મકનજીભાઈ ને ત્યાં થતા વરાથી ભૂલાઈ જતો ને મકનજીભાઇથી નનકુભાઈ કયાંય ચડી જતા. કવરામાં, આણામાં કે સમુરતા વખતે એક એકને ટપી જાય એવી વસ્તુ ખરીદાતી. કલ્યાણભાઇથી ઢીંકણોભાઈ કોઇ રીતે ઊતરે તેમ ન હતું.

આથી ગામ ઘસાતું ચાલ્યું. કરજમાં ડૂબી ગયા. બ્યાજે ધીરનાર કે નાણું લેનાર જ્યાં કોઈ નહતું, ત્યાં ચોપડા વસ્યા'તા, ને ખાતાં પડતાં.

હજાર–હજાર રૂપિયાની ગોઢલાની જોડયો ને ઠેકાણે 'ગાવડીયા' કે માયકાંગલા બળદો રહ્યા હતા. ઊંડે સુધી ખોદી કાઢેલી પ્રો ફરી

પાછી ખેતરોમાં ઊગતી થઇ હતી. બોરડીનાં ઝાળાંનો પાર ન હતો. ખેડૂતો વહેલા મળસ્કે સાંતી જોડતા તેના ઠેકાણે ભરવાડવાડામાં કળશા કરતા. બકરા દોવાય કે ચૂલે ચા ચડતા'તા. ચા પીધે પોર દી ચડતો ને ત્યારે સાંતી જૂતતાં. એવી નબળાઈ આવી કે ન પૂછો વાત.

બજારમાં ખાડા પડયા હતા. બળદગાડી કે સાંતીડું આવ્યે સલવાતા'તા. તેને સમારવાની ન તો પડી સરકારને કે નતો પડી ગામને. કુઇયોના કાંઠે બદબો ઊઠતી. પાણી ઢોળાતાં ને કાદવ કીચડ જામતા. મચ્છરો ઊડતાં ને તંદુરસ્તી બગડતી. ઉકરડાનાં ઠેકાણાં નહિ. જયાં ને ત્યાં કચરો ફેંકાતો, ને દુર્ગંધ વધતી. ત્યારે વટપૂરની સ્થિતિ આવી હતી. ને લગભગ દરેક ગામડાં કાંઇ તેનાંથી સારાં ન હતાં.

આ બધું ન ભાવ્યે તો કેમ ચાલે? વેઠનો ત્રાસ, પોલીસોની જોહુકમી, મુલકી ને વસુલાતી ખાતાનાં નોકરોની લાંચરૂસ્વત કે જીણી-જીણી અસંખ્ય કનડગતોમાં ગામડાંની પ્રજા ઘેરાણી હતી, ત્યારે ભાષણો કરનારા ભાષણો કર્યે જતા હતા, લખનારા લખ્યે જતા હતા ને છતાં ઉપલામાં કશો ફેર પડતો નહિ.

રામની મૂંઝવણ વધી હતી. તેને તો એકડે એકથી કામ કરવાનું હતું. શુભ શરૂઆત કરવી જ જોઇએ એવું તેને લાગ્યા કરતું હતું. ગામડામાં જ કામ કરીને થોડુંક પણ વગદાર મંડળ જમાવીને આ બધાનો મીટાવ કરવાને તે તૈયાર થયો.

પ્રકરણ ૧૭

કાર્યક્રમ

પગમાં કુહાડો માર્યા સિવાય કાંઇ બનતું નથી તે તે જાણતો હતો. શરૂઆત પોતાને ત્યાંથી જ થવી જોઇએ, એમ એ માનતો હતો.

સાંજે થાકયા પાકયા દાડીયાઓ ઘર તરફ વળતા તેને રામ જોઇ રહેતો. કોઇના મોઢા ઉપર નૂર ન હતું. આજ કામ કરવાને ટેવાયેલા હોય, એના માટેજ જન્મ્યા હોય, આટલાથી જ સંતોષ માનવો રહ્યો, એવી તે બધાની ગણત્રી હતી.

એટલે તેમને મળતી રોજીમાં ફેરફાર કરવાનો તેમણે પ્રયત્ન કરેલો જ નહિ. તેઓ જેને ત્યાં કામે જતા તે મોટા ખેડૂતો યે તેમને વધારે આપવાની કયારેય ઉદારતા બતાવી નહિ. બાવા આદમના વખતમાં દાડીના ભાવો ચુકવાતા તે આજેય અપાતા. કાળ-દુકાળે જે રોજી મળતી તેમાં ભર્યા ભાદરવેય ફેર ન પડતો. બેસતા ભાવે રોજના દર હતા તે, લડાઇનાં કે એવા સંજોગો યે માલના ભાવો વધતા છતાં આ બિચારાના મહેનતાણામાં ફદરડી નોય વધારો નહોતો થયો.

કેમ ન થવો જોઇએ? રામને એ સાલતું, તે દિવસે બધાજ દાડીઆઓને બોલાવી, તેણે સમજણ આપી: તમને દાડીનાં જે ત્રણ

આનાં મળે છે. તે નીભાવને માટે ક્યાય ઓછા ગણાવા જોઈયે. પાંચ આનાના દર મોસમ સિવાયનાં દિવસે રાખવા. મોસમમાં આઠ આના આપવા. મારી ઘર ખેડમાં આજથી એ દર ચાલુ થાય છે. દરેક મજૂરને એ રોજી મળશે. પણ આથી વધારે રોજી મેળવવા તમારે પ્રયત્નો ન કરવા. ખેડૂત પણ તમારી જેમ જ બીજા અસંખ્યનો દેવાદાર છે એ ખ્યાલમાં રાખવું. ખેડૂતો યે આથી ઓછું દેવાનો વિચાર માંડી વાળવો.

આખા ગામમાં વાત ફેલાણી કે રામે દાડીનાં ભાવ વધાર્યા. પોણું ગામ રાજી થયું; કારણ તેમાંના લગભગ બધા મજૂરી કરતા. બાકીનાં ઘર મેળેજ પોતાની લાણી, નીંદવું–પારવવું કરી લેતા એટલે દાડીનાં ભાવ વધે તેની તેમને બહુ ચિંતા હતી જ નહિ.

બાકી રહ્યા પદમો પટેલ, દેવશી કુળાની, હીરો રાદડીયો ને ધરમશી નાકરાણીઃ તરભો મારાજ ને લંધો ખાંટ, ભૂદરો આયર ને કાળુખાં પઠાણ. જેમને ઘરે પાંચ–પાંચ ને દસ–દસ સાંતીની ખેડ હતી. આવડી મોટી ખેડમાં ઘરના માણસ પૂરા પડતા નહિ. મજૂરોને રળાવવા પડતા. વરસ સારાં પાકતા ગયાં તેમ ઘરના માણસો સુંવાળા થતાં ગયાં. કેસર ડોશીયે વાસીદું મૂક્યું તો અંજવાળી વહુયે 'ભાત' જવાનું બંધ કર્યું. અમરત વહુ રોટલા ઘડતા બંધ થયા. ને આ બધુ બંધ થયું તેથી જોઈતા હતા તેનાથી વધારે મજૂરોની જરૂર પડી.

તેમાં બાંગ ઊઠી કે રામે તો દાડીનાં ભાવ વધાર્યા. આ લોકોને તેમ કર્યું પાલવે તેમ નહતું. એમ કરે એવાય એ ક્યાં હતા. ચાલેલો પાણીનો રેલો નીચે ન આવે તેનીય કાળજી રાખતા. એકદી–બે દિવસ વિરોધ કરી રાખ્યો. 'આવાં તે કાંઈ પાલવતા હશે.' એમ બોલ્યે રાખ્યું.

ઉનાળામાં તો બહુ દાડિયાની જરૂર પડે નહિ, એટલે તેમનું ધાર્યું થયું. પણ બેસતું વરસ જબરું આવ્યું. વાવ્યા પછી વરસાદ જ બંધ થાય નહિ. વણુમાં નીંદામણુ વધવા માંડયા. જેમણે ભાવ વધારા ને વધાર્યો તેમના ખેતર તો નીંદાઇ સાફ થયાં. ઉપલા ખેડૂતો રહી ગયા, 'રોજી વધારે આપવી જ નથી ને' કહી ઘરની ડોશી, ઘરની બાયડી, ઘરની બહેન–દીકરી સૌને કામે લગાડયાં, પણુ વરસોથી 'સારા ઘરનાં' કહેવરાવવા બેસી રહેલએ લોકથી કામ થયું નહિં. ને થયું તેમાં 'બમણુ ખેપો.'

આ બધા રામ તરફ ગુસ્સાની નજર કેળવતા શિખ્યાં, 'આ સાલ તે કયાંથી ગામમાં પેઠું!' એવી વાતો કરતાં, ને છતાં જ્યારે તેમનું ચાલ્યું જ નહિ ને મજૂરો વધારે રોજી મેળવવામાં મક્કમ રહ્યા ત્યારે ન છૂટકે પોતાનું બગડી જતું અટકાવવા વધારેલી રોજી આપતા થયા.

ગામની બજારો વાળી, ભંગીઓ ખૂણે ખાંચરે કૂચો એકઠો કરતા, ગામની ગાયો, ભેંસો, બળદો રખડતા પોદળા કરે તે આમાં આવતા. એ ખાતર વગર પૈસે પદમોપટેલ ને દેવશી મુળાણી લઈ લેતા. કોળી મજૂરો, ઉભડ વગેરેને એકાદ બે ઢોર હોય, તેનું ખાતર એકઠું થતું તેય તેઓ નજીવી કીંમતે લઈ લેતા. ગામનાં ભરવાડો રબારીઓ ઘેટાં બકરાં કે મોટો માલ સીમમાં ચારવા જતા તેમને એક યા બીજા બહાના નીચે સાંકડમાં લઈ માલ ડબે પૂરવા લઈ આવતા, પેલા કરગરતા ત્યારે અગાઉથી નક્કી કરી રાખ્યા પ્રમાણે પાંચ–દસ ગાડાં ખાતર લઈ છોડી મુકતા.

લગભગ પરિસ્થિતિ જ એવી હતી કે ગામનું બધું જ ખાતર ઉપલા બે ત્રણુ–કળો જેમ ફાવે તેમ લઈ લેતા, ને કોઈ વધારે કિંમત આપવા તૈયાર થતું તેને ડાગતા.

રામે ગામમાં સાદ પડાવ્યો કે ગળતીયું ખાતર એક રૂપીયે, ને કુચાવાળું બાર આને ગાડી રાખવામાં આવેશે. પોતાનું ખાતર મફત ઉપડી જતું જોઈ રહેનારાને નવાઈ લાગી, જ્યાં રામની ગાડી ફરી ત્યાં પૈસા અપાતા તેમણે જોયા.

પદમા પટેલ ને દેવશી મુળજી આ વર્ષે આઠમાં ભાગનું ખાતર પામી શકયા નહિં. પછી તો ખાતર વેચનારાનેય લાભ સુઝ્યો એટલે એ નજીવી કિંમતે વેચતા અટકયા પદમોભાઇ ને દેવશી, રામના વીરોધી તો બનતા જ જતા હતા તેમાં તેનાં આ કામે બળતામાં ઘી હોમ્યું.

પોતાના અંગત ને સુવાંગ કરી બેઠેલા હકકો તેમને ડુબતા લાગ્યા. કોઈ, કોઈ દિવસ તેમના કામની આડે આવ્યું નહતું. કોઈ આડે આવી શકેજ નહિં, એવી એમની ધારણાં હતી. આજે એ ગણત્રી ઉંધી વળતી હતી. તેઓ ભોગવતા હતા તે ગામની ગાયકવાડી તેમનાં હાથમાંથી ખુંચવાઈ જતી લાગતી.

એ ખૂંચવી લેનાર વ્યક્તિ વધારે પગલાં ભરે તેમની સાથે તેમને વાંધો હતો. ત્યારે રામને તો ધીરે ધીરે પગ જમાવવાનો હતો. ગામડામાંથીજ શરૂઆત કરી તેણે કામને દીપાવવાનું હતું.

નવા ગામઠામ વસ્યાં ત્યારે ધરારદાસો પાડેલા ગાળા સત્તાવાળા સાથેની લાગવગે નજીવી કિંમતે લઈ લેતા. મોટા મોટા વંડા વાળીને તેઓ પડયા હતા. રહેવાના કે ખેતી ઉપયોગી કામમાં તે મકાનો આવતા નહિ. ત્યારે ગામનો લગભગ અર્ધો ભાગ સંકડાશમાં રહેતો. તેને મોકળાશજ મળતી નહિં.

આ વખતે ગાળા હરરાજ થતી વખતે રામે ગરીબો, ઉભડો, મજૂરો ને નાના ખેડુતો પાસે અરજીઓ અપાવી. મામલતદાર આવ્યા ત્યારે પદમા પટેલ–દેવશીભાઈ કાળુખાં પઠાણ વગેરેએ

વિરોધ કર્યો કે મોટા ખેડુતોને રહેવા, ને બળદ બાંધવા વધારે જમીન જોઈએ. તેમને પહેલાં આપી પછી બીજાનો વિચાર કરવો. ઉપરાંત ખેડુતો મહેસૂલ ભરે છે તેની સગવડ રાજ્યે પહેલાં સાચવવી.

નવા ગાળા લેનારના પક્ષે રામે બચાવ કર્યો કે પહેલાં બે વખત થયેલ હરરાજીનાં ગાળા હજુ સુધી વસ્યાજ નથી, ને વસ્યા છે તો તેનો ઉપયોગ થતો નથી. નકામી જમીન પડી છે. ત્યાં બીજી જમીન સુંવાંગ કરવા તરફ ઇચ્છા રાખનારા તો આ બધાના ભોગે એવો વિચાર કરે એ વ્યાજબી નથી. તેમ તે સગવડ પૂરતી છે. અપૂરતા સાધનો વાળાને રહેવાને જગ્યા કાઢી આપવી જોઈએ. મોટા માણસો સરકારને ઉપયોગી છે ને નાના નહિં એ અહીં ચાલે તેમ નથી. પદમો પટેલ કે દેવશીભાઈ નવા ગાળા રાખે, તો તેનો વેરો ભરે, તો આ બધા ક્યાં ભરે તેમ નથી.

તટસ્થ બુદ્ધિના મામલતદારને રામની દલીલ વ્યાજબી લાગી. એ પ્રમાણે કરતા સરકારને કાંઈ ગુમાવવાનું હતું નહિ. મજૂરો, ગરીબો, ઊભડો ને, રામની જહેમતે સસ્તી કિંમતે રહેણાક કરવા જમીનના ગાળા મળી ગયા.

વટાંદર રાજ્યમાં મફત વેઠ ન કરાવવી એવો કાયદો હતો. કરાવવી તે ખેડુતની સગવડતા અગવડતાનો ખ્યાલ બાંધી વેઠ લેવી એવું ધોરણ હતું. વેઠનો વારો આવતો હોય તે ખેડુત વાવણીમાં કે લાણીમાં કે બીજા એવા અગત્યનાં કામે રોકાણો હોય તો તેના બદલે બીજાનો વારો લેવો એવો નિયમ હતો.

પણ આ બધા કાયદા, ને આ બધા નિયમોને અમલદારો ઘોળીને પી ગયા હતા. તેમની મુન્સફી એજ કાયદો. લગભગ કોઈ કિસ્સામાં વેઠનું વળતર અપાતુંજ નહિ. એક ગામથી બીજે ગામ ટાણે–કટાણે

ગાડા વેઠે લઈ જવામાં આવતા. મોસમનો કે ખેડૂતની જવાબદારીનો કોઈ ખ્યાલ સરખો બાંધતું નહિ. એ બાબત અમલદારોને મન એવી નજીવી લાગતી કે આવા ખ્યાલ બાંધવાની તેમને ફુરસદ ન હતી.

વટપૂરમાંથી રામે શરૂઆત કરી. બે ખેડૂતને ઊભા કરી તેમનો વેઠે જવાનો વારો આવે ત્યારે પૈસા માંગવાની વેતરણ કરી રાખી. મોજડીદાર ને સીરસ્તેદારની વરધીમાં ગાડા માંગ્યા ત્યારે આ બે ખેડૂતો ગયા. કામ પત્યે વેઠનું કાયદેસર થતું મહેનતાણું માગ્યું. અમલદારો ઘડીક ઊંચા થયા ને નીચા થયા. પણ જ્યારે તેમને લાગ્યું કે વાત આટલેથી નહિ પતે ને વગોવાશું ત્યારે કચવાતે મને પૈસા કાઢી આપ્યા.

ધીરે ધીરે ગામ ટેવાતું ગયું. પછી તો દરેક વારાદાર વેઠના પૈસા લેવાનું ચૂકતો નહિ. આનો ચેપ આખા પરગણામાં લાગ્યો. ખોટા કારણો ઊભા કરી લાંચ રૂશ્વત લેનારા ને તેને પોષણ આપનારાને કંઈ કેટલીય દલીલો કરી તેમની નબળાઈ રામે સમજાવી. લાંચ લેવાની કાયદો મનાઈ કરે છે. છતાં દેનારા કાં નીકળે? કામ થતું ગયું તેમ તેમ બધાને ખબર પડતી ગઈ ને ખબર પડતી ગઈ તેમ તેમ ઊંઘ ઊડતી ગઈ.

આ બાજુ ગામડાના સ્વાર્થી બળો ને સત્તાવાળાઓ રામના વિરોધી બનતા જતા હતા. ત્યારે બીજી બાજુ વર્ષોથી હીજરાયલા માર્ગદર્શન મેળવતા હતા. ભડક ઊડતી જતી હતી. મજૂરોમાંથી, ઉભડો ને દાડિયાઓમાંથી ને સમજણા વર્ગોમાંથી કામ કરનારા બહાર પડયે જતા હતાં. નાનું એવું મંડળ રામની આજુબાજુ રચાણું હતું.

પ્રકરણ ૧૯ મું

જુવાળ

ગામમાં વાતો થતી કે પદમાં **પટેલને** છેડવામાં રામભા સાર કાઢશે નહિ. પટેલને આજ સુધી કોઈ પોગ્યું નથી, તે વળી રામનું તો ગજું શું? ત્યારે રામ કહેતો કે પણ આમાં પદમાભાઈનું બગડે છે ય શું? ગરીબ માણસો રળતા થાય એ કાંઈ થોડુંક જ નકામું કામ છે. ને છતાં કોઈ ને કાંઈ લાગે તો કેમ કરીએ!

વાતો થતી કે દેવશી મુલ્લાણી ને પદમા પટેલની આડે આવનાર હેરાન થઈ જતું. ઊભી મોલાતમાં ઢોર મુકાતાં. રાત્રે પટેલનાં માણસો બાજરાના ડુંડા લણી જતાં. વાઢમાંથી શેરડી કાપી જતા. ચણાના પાથરા ઉપાડી જતા. એમ કરતાંય વિરોધ કરનારો ઠેકાણે ન આવતો તો તેને ત્યાં ઘરફોડ ચોરીઓ થતી. સીમમાં કે વાડામાં આવેલી ગંજીઓ બાળી દેવામાં આવતી.

આખું ગામ ભયથી ધ્રુજતું. પદમા પટેલને મનાવવામાં આવે ત્યારેજ વાતાવરણ સ્વચ્છ થતું. ઠરી ઠામ થયા પછી રામને લાગ્યું કે અહીં તો બે ભય સામે કામ કરવાનું છે. અમલદારી ત્રાસમાંથી પ્રજાને છોડાવવી, ને સ્વાર્થી હીતોના કાવા દાવા ઉઘાડા પાડી તેમનાથી થરથરતાં લોકોને તેમની નબળાઈ જણાવવી.

ચોરામાં બેસી નવરાશના વખતે કે મોસમ ઉકલી જતાં તે છાપાં વાંચતો, ત્યારે શરૂઆતમાં તો રડયા ખડયાં એકાદ બે તે સાંભળવા ચડી આવતા. રખેને થાણામાં પટેલ રીપોર્ટ કરે એવી બીકે સાંભળ્યું ન સાંભળ્યું કરી ચાલ્યા જતા.

પણ ધીરે ધીરે રામ દરેકને સમજણ પાડતો જતો કે, છાપાં વાંચતા સાંભળવા એ કાંઈ ગુનો નથી. જુઓને હું છાપું મંગાવું છું તેમાં તેનાં વિરોધનાં લખાણો આવે છે. તોય સરકાર ક્યાં અટકાવે છે. મારી પાસેથી છાપું કોઈ આંચકવાય કયાં આવે છે. મને વાંચતો અટકાવવાય કોઈ કયાં પ્રયત્ન કરે છે. ને છતાં તમે અહીં આવતા કાં ભડકો છો ?

વખત જતાં બધા આવવાને ટેવાઈ ગયા. આવતા તેની સામે કોઈને વાંધો લેવા જેવું હતું નહિ, તે જાણ્યું એટલે વધારે શક્તિ કેળવતા થયા.

બ્રિટીશ હિન્દમાં મહેસૂલ વધારા સામે ખેડૂતોયે કરેલા વિરોધની વિગતો, કરવેરા સામે લોકોએ ઉપાડેલી લડતો, ઓછા પગાર સામે ને વધારે કલાકો કામ કરવા બદલની મુશ્કેલી જણાવતા મજૂરો શહેરોમાં લડતા, એકઠા થતા ને વ્યાજબી માગણીઓ સ્વિકારાવતા વગેરે લખાણો છાપામાં આવતા તેની પહેલી પસંદગી કરી રામ ચોરામાં વાંચતો.

લોકો ટેવાતા ગયા તેમ તેમ તેમની તે બાજુની ભૂખ ઉઘડતી ગઈ. દરરોજના કાર્યક્રમમાં એકાદ માગણી અરજ રૂપે સત્તાવાળાઓ આગળ જતી. કાયદો કહેતો કે બજારો ખાડાખડીયાવાળી ન રહેવી જોઇએ. ગામમાં ખૂણે ખાંચરે કચરો પડી ન રહેવો જોઇયે. લોક તંદુરસ્તી જાળવવા વરસમાં બે વખત જાહેર જળાશયો ઉલેચાવા

જોઈયે. તેમાં પૂરા પડતા અટકાવવા દવા નાખવી પડે. કૂવાઓ આજુબાજુ પાણી ઢોળાવાથી જામેલા કાદવ–કીચડ કાઢવા જોઇએ.

આ પ્રશ્નો લઇ રામ કોર્ટ–કચેરીએ જતો. માથાકુટ કરતો. વાત આગળ જતી અટકાવવા ને કયારેકેય કાયદો પાળી યોગ્ય કરીએ છીએ એવું જણાવવા આવા માથાકુટિયા માણસને અમલદારો દાદ દેતા. ખાડા બુરાઈ જતાં. જળાશયો સાફ થતાં. ને તે થતાં ત્યારે લોકો જોતા કે કયારેય ન બની શકે એવું આપણે માનતાં તે તો થઇ શકે છે, જાણી આગળ આવતા. મક્કમ બનતો, ને રામનો પક્ષ વધ્યે જતો.

તેમને રામ સમજાવતો કે દરેક રાજયો ઉપરી સત્તાને રીઝવવા, બજેટ કરતી વખતે ગામ સુધારણાં માટે રકમો ફાજલ પાડતા. એ રકમ કામોમાં ખર્ચવાને બદલે અદ્ધરથી જ ઊડી જતી. રાજ્યને લાગે કે બધું ઠીક ઠીક થઈ રહે છે, ત્યારે રાજ્યને જ અવળા પાટા બાંધનાર આવા અમલદારોથી ને પદમાં પટેલોથી ભડકવું શા માટે?

રામ માનતો કે શરૂઆતમાં સીધાજ રાજ્ય પાસેથી લેવાના હક્કોની માગણીમાં વર્ષોથી પછાત રહેલા ગામડીઆઓ કદી સાથ આપશે નહિ અમલદારો ને ગામડાનો સ્વાર્થીવર્ગ જે તેમને ચુસે છે તેમની સામે બચાવ કરતા તેમને પહેલાં શીખવાય, એ રીતે બળ કેળવાય, ને જામેલું બળતૂટી ન જાય ત્યારે બધા હક્કોનો સવાલ ઉપાડી શકાય.

આ બધી સાદી વાતોમાંથી ઊંડા રાજકારણમાં ઉતરીયે તો ત્યારે ૧૯૩૫નો શાસનધારો ધડાતો હતો. ગોળમેજીમાંથી ગાંધીજી ખાલી હાથે પાછા ફર્યા હતા. હિન્દુસ્તાનને સમવાયતંત્રની ભેટ મળી ચૂકી હતી. ડાબી જમણી પાંખો, ઉદામો ને મવાલો, લીગને લીગેતર દરેકે તેને તીરસ્કાર્યો હતો.

દૂર દૂર પડેલા રાજસ્થાની ગામડાનો આતશ ત્યારે જલતો ને ઓલવાતો. કોંગ્રેસના ઠરાવો ને રાજસ્થાનો પ્રત્યેના વર્તાવમાં કેટલાકને 'ઓરમાયા'ની ગંધ આવતી. તો કેટલાક કહેતા કે રાજસ્થાની હિન્દ પોતાના પગ ઉપર જ ઊભું થતાં શીખે એટલા ખાતર તેના પ્રશ્નોમાં કોંગ્રેસ માથું મારતી નહિં. તો વળી કેટલાકનો પ્રમાણિક મત એવો હતો કે જુદા જુદા રાજસ્થાનોના સવાલો ઉકેલવામાં કોંગ્રેસ પડે તો ક્યાંક કોંગ્રેસજ સલવાઈ જાય. તેનું મુખ્ય ધ્યેય માર્યું જાય. એ બધું ગમે તેમ હો રાજસ્થાની કાર્યકરો ઘણી વખત કોંગ્રેસના વડેરાઓ ઉપર રોષ ઠાલવતા.

સમવાયતંત્રના ધારાએ કોંગ્રેસની આંખ ઊઘડી. પ્રાન્તોમાં પ્રધાન-પદો સ્વિકારનાર કોંગ્રેસ માહેલો એક વર્ગ ભવિષ્યમાં મધ્યસ્થમાં જશે એવી અટકળો થતી, ને મધ્યસ્થમાં સત્તા સાચવવા જતી વખતે ફેડરેશનના બંધારણ પ્રમાણે એટલા બધા જુદા જુદા બળોના પ્રતિ-નિધિત્વનો ત્યાં શંભુ મેળો થવાનો હતો જેનાથી કોંગ્રેસ ભડકતી.

આવા કારણોથી કદાચ રાજસ્થાની હિન્દના પ્રશ્નો, અત્યાર સુધી તેની પ્રજાના જ બની રહેતા, તેમાં દરમિયાનગીરી કર્યા સિવાય કોંગ્રેસને ચાલે તેમ ન હતું. રાજાઓના સીધા પ્રતિનિધિઓ ફેડરલ ધારાસભામાં બેસે એ મહાસભાને કે કોઈને પાલવે તેમ ન હતું. એ ન પાલવે તો તેણે દેશી રજવાડાની પ્રજાના પ્રશ્નમાં રસ લીધા સિવાય છૂટકોય ક્યાં હતો ?

આ બધાના પરિપાક રૂપે રાજગઢ સત્યાગ્રહનો ફાલ ઉતર્યો. ગામડાં ગાજતાં થયાં. સામસામા બે પક્ષો રચાઈ ગયા. બન્નેને પોતાનું બળ અજમાવવાનું હતું. એ અજમાવવાની રીતો જ જુદી જુદી હતી.

પ્રજામંડળો, પરિષદો ને સંસ્થાઓ તરફથી ટુકડીયો ઊતરતી ને રાજગઢનાં ગામડાં ગજવતી. અમૃતવેલ વિભાગે પણ પાંચ–સાત ટુકડીયો મોકલેલી. આવી એક ટુકડી વટપૂરમાંથીજ ઊભી કરી રામ રાજગઢ પહોંચેલો.

તે બધા ગયા ત્યારે વાંચતા કે સભાઓ થતી, લાઠીયો વીંઝાતી, માથાં ફૂટતાં ને છતાં પ્રજા અણનમ હતી. અલબત આ બધુંજ હતું તે છતાં છાપાંવાળાં કાંઇક વધારે પડતી અતિષ્યોક્તિ તેમાં ઉમેરતા એવું રામને લાગેલું.

તે પહોંચ્યા ત્યારે પીઢ પીઢ કાર્યકર્તાઓ તો જેલમાં હડસેલાઇ ગયા હતા. ને હતા તેઓ તો ઓફિસોનો કબજો જમાવી બેઠા હતા. નવા આવ્યા હતા તેમનું ને લગભગ દરેક સ્વયંસેવકનું કાર્ય તો રસોડું સંભાળવાનું થઇ પડયું હતું. ગામડાઓમાંથી કયારેક કુચો આવતી ને સભાઓ ગોઠવાતી, પણ તેમને વ્યવસ્થા કરનાર કે દોરનાર કોઇ હતાજ નહિ, ને હતા તેઓ ધ્યાન આપતા નહિ.

રાજગઢના મધ્ય ચોકમાં પંદરેક હજાર માણસોની સભા ભરાણી હતી, એક તાજો જ જુવાન ભાષણ કરતો હતો. ત્યાં એલી એલી કરતું પોલીસોનું ટોળું આવ્યું. હશે તો દસ–બાર લાઠી ધારીઓ, પણ બધાજ તેનાંથી ત્રાસતા હોય એવું વાતાવરણ ફેલાઇ ગયું.

સભા વીખેરવા પોલીસે એક ખૂણેથી લાઠીચાર્જ શરૂ કર્યો, ને લગભગ બધા ખૂણેથી લોકો એક સામટા ઊભા થઇ ગયાં. દરેકને ભાગવું હતું પણ ભાગવાનો રસ્તો મળતો નહિ. સામેજ વિશાળ હોટેલ હતી. હજારેક માણસો સમાઇ શકે એવી એ હોટેલ હતી.

ધસારો થયો ને લાઠીમાંથી બચવા મેદનીયે હોટેલ ઉપર ધસારો કર્યો. હજારને ઠેકાણે સાડા ત્રણ હજાર સમાઇ ગયા, ને છતાં ધસારો

તો ચાલુજ હતો. એકની ઉપર બીજો ને બીજાની ઉપર ત્રીજો એમ ખડકાણાં. હોટેલ માલિકની બૂમો તો માણસોના ગોકીરામાં કયાંય સમાઈ જતી.

હોટેલના શોરૂમનાં કાચના કબાટો તુટયા, ને પ્યાલા રકાબી ફુટયાં, ખુરશીઓ ભંગાણી, ને હોટેલ ચુંથાણી, ને છતાં બચવા ખાતર ધસારો તો ચાલુજ હતો. કેટલાક કુતુહલ વૃત્તિથી, તો કેટલાક લોકબળ માપવા, તો કેટલાક પ્રત્યાઘાતી કહેવાવા આવી સભામાં આવતા. તેઓ બોલતા કે 'લીધા જવાબદાર રાજતંત્ર એ લેનાર કાંઈ આવો હતો હશે. એના મોઢા લાલ હોય.'

આ બધું રામ સાંભળતો, ને શરમીંદો બનતો. શરમીંદા બનવાનું કારણે ય લોકોએ નાહકની નાસભાગ કરીને તેમાં નો'તું આપ્યું ?

કોંગ્રેસને ૩૧–૩૨ માં ગેરકાયદે સર સંસ્થા જાહેર કરી હતી. ત્યારે દીલ્હીમાં રણછોડભાઇ શેઠના પ્રમુખપદે મહાસભાની બેઠક ભરવાનો પ્રયત્ન થયેલો. કાઠિયાવાડમાંથી ગયેલા માનો એક રામ પણ તેમાં હાજર હતો. ગેરકાયદેસર સંસ્થાની બેઠકને તોડી પાડવા સરકારે ત્યાં સારી એવી પોલીસ વધારી હતી.

ધારેલા સમયે ચાંદની ચોકમાં સરઘસ આવ્યું. આવ્યું એવું બેસી ગયું. માલવિયજીને વચ્ચેથી જ પકડી લીધેલા, સરોજીની યે પ્રમુખસ્થાન લીધું ન લીધું ને ઝડપી લીધા, એક પછી બીજો ને બીજા પછી ત્રીજો પ્રમુખ જાહેર થતો ગયો, તેમ તેમ આવતો ગયો.

સભા વિખેરવા ઝનૂની જાનવર પ્રમાણે પોલીસ ઊતરી પડી. લાઠીઓ ને સંગીનોની ઝડી વરસી, ને છતાં કશુંજ ન બનતું હોય તેમ પ્રજા શાન્ત ને શીસ્તબદ્ધ બેઠી રહી. વાંસામાં લાકડી પડતી તો પીઠ ફેરવી છાતી ધરતા, છાતીયેથી લોહીની ધાર થતી તો માથું ધરતા,

માથું ફૂટતું તો તેને સ્થાને બીજા આવતા. પોલીસ મારતાં મારતાં ધરાણી, ને છતાં માર ખાતા મેદની ન થાકી, આ વીરલ દશ્ય રામ જોતો હતો ને કંઈ કેટલા ઉમળકા તેનામાં ઊઠતા.

કયાં એ લોહી નીંગળતો લાઠીમાર, ને કયાં અહીંની ચાના બુદ બુદ માફકની જનમેદની, ઘડીકમાં ઊભરાતી તો ઘડીકમાં કયાંય સમાઈ જતી. વર્ષો સુધી તે પલોટાય, ત્યારેજ તે ધાર્યું કરે એમ લાગતું.

ધગશવાળા સ્વયંસેવકો જેલમાં પૂરાઈ ગયા હતા ને બહાર હતા તે રાજગઢનાં ગામડાઓમાં કામ કરવા ચાલ્યા ગયા હતા, અહીં હતા તે તો છાવણીઓ સાચવતા. શેરીઓમાં લટાર મારતા રામ જોઈ શકયો કે એકાદ બે સ્વયંસેવકો પોલીસના માણસો પાસેથી માગીને બીડીઓ પીતા ને એકાદ બે હોટેલોમાં ચા પીતા. બધાની પોલીસ મશ્કરી કરતી, કામ કરનારા ને લડનારા બધા આવાજ હશે એવો ખ્યાલ બાંધતી ને મલકાતી. આવા થોડાક જ જાહેરનું કામ કેટલું બધું બગાડે છે, એવા થોડાના જ પાપે કેટલા કાર્યકરોનું કામ એળે જાય છે?

રામને તો ગામડામાં કામ કરવું હતું. એટલે પોતાની ટુકડી લઇ તે ટીંડોરામાં થાણું નાખી પડેલાં સાથીદારોની ભેગો ભળી ગયો. શરૂઆતમાં ગામલોકો એટલા બધા ભડકતાં કે સત્યાગ્રહીઓને રાત્રે ઝાંપો બંધ થઈ જતાં બહાર સુઈ રહેવું પડતું.

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ ને પંદર દિવસના દુઃખભારે લોકોને લાગ્યું કે આ તો આપણાં દુઃખમાં ભાગ લેવા આવ્યા છે. આ નહોય ગુંડા કે ડાકુ. સત્તાવાળા યે ફેલવ્યું હતું કે તમારે ત્યાં કામ કરવાને નામે આવનારા તો લુંટારા છે. ને તેનાંથી લોક ડરતાં. પણ સેવકોના વર્તાવે એ બધું ભુલાઇ ગયું. ટીંડોરા ગામમાં સેવકોનું થાણું બેસી ગયું.

કામ કરતા, ગામ લોકો સાથે વાતો થતાં માલુમ પડયું કે રાજગઢનાં ગત દરબારના વખતમાં રાજ્યની આવક ચાર લાખ રૂપિયા હતી. નવા રાજાના વખતમાં ઇજારા વધ્યા હતા, વીઘોટી ચડી હતી, ભાગબટાઇ વાળા ગામોમાં સાંતી વેરો પડયો હતો. રીંગણી–મરચી ને શેરડીના વાવેતર ઉપર પંદર પંદર રૂપિયા વીઘોટી થઇ હતી, કુંવર પાંભડી વેરો, ને જન્મ–મરણ વેરો, ને સુખડી વેરો ને એવા કેટલાય નામ આપી શકાય એટલા વેરા વધ્યા હતા. ચાર લાખ ઉપરથી બાર લાખ ઉપર ઉત્પન્ન ગયું હતું.

આ બધું દીવાન વરજાંગજીને આભારી હતું. રાજા ઉપર તેમની ધારી અસર પડતી. ને રાજાને તો નાચવાને નાયકાઓ જોઇએ. જલ્સામાં પાસવાનો જોઇએ. ફરવાને ગાડીઓ જોઇએ ને પીવાને દારૂ જોઇએ, તે મળી રહેતું. પછી રાજતંત્ર કોણ કેવું ચલાવે છે તેની તેને પડી ન હતી. પ્રજા પાટવે દેવાતી, તેની સામે જોવાની તેને ફુરસદ કયાં હતી? દિવસ ને રાત, ને રાત ને દિવસ કરી બેઠેલા રાજાને મન તો એ બધા જલ્સા, આ બધી નાચનારીઓ ને આ દારૂની પ્યાલીઓમાં દુનિયા સમાઇ જતી.

કારભાર બધો વરજાંગજીના હાથમાં હતો, ને હતો તેટલો કથળ્યો હતો. એક રાજ્યમાંથી એક કારણે ને બીજા રાજ્યમાંથી બીજા કારણે માથે રાત લઇને ભાગવું પડયું'તું, ને ચોવીસ કલાકમાં દીવાનગીરી છાંડવી પડી હતી. છતાં એક ઉલ્લુ જતાં તેમને બીજો મળી રહેતો ને વરજાંગજી વળી પાછા દીવાન બની બેસતા.

સત્યાગ્રહ થતાં રાજગઢનાં દરેક મહાલમાં ઝીણું–મોટું દમન શરૂ થઇ ગયું હતું. સ્વયંસેવકોને ફટકારવામાં આવતા. ખટારા ભરી ભરી દૂર દૂર સુધી નાખી આવતા. ત્યાં તેમને રાતભર કડકડતી ઠંડીમાં ઠુંઠવાતા પડી રહેવું પડતું. સત્તાવાળાઓ વ્યવસ્થા શક્તિના અભાવે

કે અનાજ પુરવઠાની બીકે સેવકોની જેલ ભરતી કરતા જ નહિ. એટલે બન્ને પક્ષે કામગીરી વધતી.

બધાનાં કરતા ટીંડોરા મહાલમાં વધારે પડતું દમન હતું. ત્યાંના ફોજદાર જીવણજી હતા તો બ્રાહ્મણ, પણ 'બ્રાહ્મણ વટલ્યો તરકમાંથી ય જાય.' એ કહેવત તેમણે બરોબર ભજવી બતાવી હતી. ત્રાસ આપવાની તેમની કળા રોજ રોજ ખીલતી. કંઇક નવાનુસખા તેઓ અજમાવતા.

ટીંડોરામાં બેઠેલા સેવકો ઉપર તેણે વીતાવેલાં વીતકો તો ઇતિહાસ રચી જાય છે. કોણી ને ઘૂંટણ ઉપર કે પગની ઘૂંટીઓ ઉપર લાકડીથી પ્રહાર કરવા એ તેમને સહજ થઇ પડયું હતું. ટીંડોરાનો ચોરો સાત ફુટ ઊંચો હતો. એવડા ઉભારા પરથી સ્વયંસેવકોને ટીંગાટોળી કરી હીંચોળવામાં આવતા, ને જયારે ફગાવતા ત્યારે ભસડાક કરતોકને સેવક બજારમાં અફળાતો ત્યારે આજુ-બાજુનું વાતાવરણ ગંભીર બની જતું. એકલા જીવણજી ફોજદારનો હાસ્ય પડઘો દીવાલોમાં અથડાતો.

આવા દમનથી યે સેવકો તો થાકતા જ નહિ. તેઓ તો ગામડામાંથી આવ્યા હતા. દુઃખો સહન કરીને રીઢા થઇ ગયા હતા. પણ રોજ રાતે આવી ત્રાસ ફેલાવનાર જીવણજીને, રાજગઢથી ડેઠ ટીંડોરા સુધીના અઢાર માઇલ લાંબા થવું પડતું તે પાલવ્યું નહિ. એટલે તેમને આળસ થતી ત્યારે એક કોઢિયું નક્કી કરી રાખવામાં આવ્યું હતું, તેમાં સેવકોને રાતભર પૂરી રાખતા.

આગળ ઉપર આ કોઢિયામાં બળદો બાંધવામાં આવતા. છાણનાં ને કૂચાના, ખાતર વધારવા ત્યાં દાબા નાખવામાં આવતા. તેથી તેમાં એટલા બધા જૂવાં, ઇંતાળ ને કથારીઓ રહેતી કે ભોંય તળિયું ને ભીંતો તેનાંથી ઉભરાતી.

આ કોઠીયામાં સેવકોને પૂરવા મૂળધણી પાસેથી ખાલી કરાવવામાં આવ્યું હતું. બળદોને બદલે હવે ત્યાં માણસોને ઠાંસતા. બળદોના છાણ–પેશાબ પડે તે ઉસરડતા ખાડા પડી ગયા હતા. એવા આ કોઢિયામાં રામ, ને તેની ટુકડીને ઠાંસવામાં આવી. ઉપરથી તાળું લગાવી પોલીસો નીરાંતે સુખરાત કરવા ઉતારામાં ગયા.

રાત્રે પોલીસો ને જીવણજી ફોજદારને બદલે, આખી ટુકડીનો કબજો જૂવાં, મચ્છરો, ઈતાળ ને કથીરીઓએ લીધો. કયારેક કહ્યા ન જાય કે સહ્યા ય ન જાય એવા દુઃખમાં માણુસ સપડાય છે, એવો આ પ્રકાર હતો. ન સુવાય કે ન બેસાય, ચારે બાજુથી માર્શલો શરૂ થયો. સ્વયંસેવકો તો ઢસડવાને કામે લાગી ગયા હતા. શા કારણે તેઓ અહીં આવ્યા, શું કામ તેમને અહીં ઠાંસ્યા, આજુબાજુ શું બની રહ્યું છે તેનું ત્યારે તેમને ભાન રહ્યું નહિ. ન પોગાય એવા શત્રુનો ત્યારે તેઓ સક્રીય સામનો કરી રહ્યા હતા.

અહિંસાની વાતો ગળે ઉતારતો રામ વિચારે ચડી ગયો હતો કે કયાં સુધી તે પળશે. નથી આપણે કોઇને મારવા, નથી હેરાન કરવા ને છતાં હેરાન થતા આપણે શા માટે ન છૂટીએ? રામની ટુકડીની સાથે તે રાત્રે તાજાજ આવેલા વરસોડાનાં પીઢ કાર્યકર, પરધુભાઇ પણ કોઢિયાનો સ્વાદ ચાખી રહ્યા હતા. તેમને રામે પૂછ્યું કે પરધુભાઈ આ દુઃખ કયાં સુધી સહન થશે? પોલીસો મારે તેની સામે તો ન બોલાય એ ખરી વાત, એક ગાલે તમાચો મારે તો બીજો ધરવો એય બરોબર, જરાય ન તપવું એય ગળે ઉતાર્યું, પણ આ ત્રાસ સહન ન કરીએ ને કમાડ ખેડવી ચોરા ભેગા થઇ જઇએ તો ય શું ખોટું?'

પરધુભાઈ ચુસ્ત અહિંસાવાદી હતા. એ આદર્શને તેમણે એટલો બધો અપનાવ્યો હતો કે કયારેક તેઓ તે બાબતમાં વધારે પડતા

વેદીઓ થઇ જતા. રામના પ્રશ્ને જરાય ઉશ્કેરાયા વગર તેમણે જવાબ દીધો: આપણને પોલીસે અહિં ઠાંસ્યા છે. ઠાંસ્યા વખતે આપણે દુ:ખી થઇએ એવા ખ્યાલથીજ અહીં તેમણે આપણને પૂર્યા છે. એટલે આપણે દુ:ખી થઈએ ને તેમાં તેઓ રાજી થાય એટલુંજ આપણાં માટે બસ છે. આપણે તો સહન કરતા શીખવું જોઇએ. ત્યાંજ તો આપણી કસોટી છે.'

બોલતા'તા ત્યાં પરશુભાઇને પગે જૂવો ચોંટી પડેલો. વાત અધૂરીજ રહી, ને તેઓ ખંજવાળવા મંડી પડયા. રામને તો આ બધી વાતો અત્યારે અસ્થાને લાગતી હતી. કમાડ ખેડવી, આ અણ-નોતર્યા ત્રાસમાંથી છુટી ચોરા ભેગું થવું તેમાં કયાં અહિંસાનો ભંગ થતો હતો એ તેને સુજ્યું નહિ. પરશુભાઈ તેને વેદિયા લાગ્યા. પણ તેનેય આગળ વધવું હતું. વધારે સહન કરતા શીખવું હતું. એટલે સર્વમાન્ય માન્યતાને ગળે ઉતારવાનો તે પ્રયત્ન કરતો.

સવાર પડયું ત્યારે બધાનાં શરીર ઉપસી આવ્યાં હતા. ઉજા-ગરાથી આંખો સુજી ગઇ હતી. હજાર વીંછીની વેદના ઉપડી હતી, ને છતાં આવતી રાતના કોઇક નવાજ દમન પ્રકારના અહિંસક સામનાની તૈયારી સેવકો કરી રહ્યા હતા. ત્યારે ય આળસમાં રહી ગયેલા જીવણ ફોજદાર આવી શકેલા નહિ. એટલે પોલીસોએ જૂવાવાળી કોઢમાં સેવકોને ઠાંસી પોતાની ફરજ બજાવી.

ઠેઠ પાંચમે દિવસે બપોરે ફોજદાર આવ્યા. એ આટલા વહેલા આવ્યા તેમની સૌને ચિંતા હતી. કાંઇક નવોજ પ્રકાર એમના ફળદ્રુપ ભેજામાંથી આજે નીકળવાનો એમ દરેકને લાગતું. આવતા વેંત ટીંડોરા ગામને પાદર આવેલા ઊંચા અવેડાને માથા સુધી ભરવાનો તેણે હુકમ આપ્યો. અવેડો ભરાઈ રહ્યા પછી તેમાં ઢોરને પાવા આવવાની મનાઇ કરી.

' શિયાળો ઓગળ્યો હતો. ટાઢ સુસવાટા કરતી જતી ને આવતી. સવારે હીમ પડશે એમ દરેકને લાગતું. સમી સાંજમાં જ સોપો પડયો હતો. કૂતરું સુદ્ધાં ભસતું નહિ. સૌ ટાઢમાંથી બચવા ઠરી ઠામ થઇ ગયા હતાં.

ત્યારે જીવણજી ફોજદાર ને પોલીસ પાર્ટી ચોરે આવી. દરેકે ગળાથી ઘુંટી સુધી લંબાય એવા ગરમ ઓવરકોટ ચડાવ્યા હતા. ને ગળે ને માથે મફલર વીંટાળ્યા હતા. સેવકોને ચોરેથી ઉઠાડી ગામ બહાર લાવવામાં આવ્યા. હિન્દુ સંસારમાં કહેવત છે: 'બાયડી ને ગાવડી જ્યાં દોરે ત્યાં જાય' એવીજ સ્થિતિમાં આ અહિંસા ધારીઓ મુકાયા હતા.

માથા સુધી ભરેલા પાણીના કોઠાની પાળ ઉપર પરધુભાઇ, રામ, ને સાત સ્વયંસેવકોને રાખવામાં આવ્યા. જીવણજીએ ને પોલીસોએ દરેકને ધકા મારી કોઠામાં હડસેલ્યા. બહાર નીકળે કે પાછા હડસેલે, ને આ શરમ કથા એક કલાક ચાલી. આવી ઠંડીમાં, આટલા પાણીમાં, કલાક સુધી તો, આ બધા ગામડામાંથી આવ્યા હતા તે રહી શકે. શહેરના સેવકો આટલું દુઃખ ભાગ્યેજ સહન કરી શકત. ત્યારે તેમની અહિંસા જળવાઇ રહેત કે કેમ તે તો કેમ કહી શકાય ?

હજુય જીવણજી ધરાણા ન હતા. ધ્રુજથી સેવકોના મોઢે ડાકલી વાગવી શરૂ થઈ હતી. ગાત્રો શીથીલ થઈ ગયાં હતાં. ખુદ પોલીસોએ ના પાડી કે ફોજદાર સાબ્ય આજ તો હદ થઈ છે. બચાડાને છોડો તો સારૂં. નાહકનો કોક ચડી જશે.

' ચડી જાય તો જાય જાહનમમાં ' કહી જીવણજી તાડુકયા. ત્યારે તે સાર માણુસાઈ ભૂલ્યા હતા. શીળીનાં ડાઘથી ઘોબાઘંટી

વાળો તેમનો ચહેરો ક્યાંય ભયંકર બન્યો હતો. ગમે તેવું દમન કરી પોતાના મહાલમાં એક પણ સેવક રહેવા દેવો નહિ એ તેમની નેમ હતી. તે પાર પાડવા આ બધા કાળા કામાં તેઓ કરતા. પણ આજે તો પોલીસોની આંખ ફરી હતી, તેમાં હુકમનો અનાદર વંચાતો'તો, બાજી સંકેલ્યા સિવાય બીજો કોઈ રસ્તો નહતો. 'ઠીક છે, વધારાનું કાલે પતાવશું' કહી જીવણજી ઉતારામાં જતા રહ્યા.

ટાઢે ઠુંઠવાઈ રહેલા સેવકોને બહાર કાઢ્યા. કોણ જાણે શા કારણે પોલીસોની આંખમાં આજે કરૂણા ભરી હતી. અરર ! આપણે હાથે આ પાપ ! એવા વિચારોએ એટ્ઠી સાથે બધાને જગાડ્યા. પાસે જ કડબનો ઓઘો આવેલો હતો. એક પોલીસ દોડી જઈ બે ત્રણ કડબના પૂળા લઈ આવ્યો. તાપ કર્યો ને મરવા વાંકે જીવી રહેલાને તપાડ્યા. ક્યાંય સુધી તપાડ્યા. જીવણજી ફોજદાર શું કહેશે ને શું કરશે તેની ત્યારે પોલીસોને પરવા નહતી. સેવકોને તપાડીને ઠંડી ઉડાડયાનો તેમને પહેલો કહો કે છેલ્લો આત્મસંતોષ હતો.

તે દિવસે ચારમાંથી એકેય પોલીસને ખાવું ભાવ્યું નહિ. લડત વખતે બંદોબસ્ત રાખવા રોજનાં ઘોડા, એક ઠેકાણે ફંગોળાઈ બીજે કામગીરી ઉપર ચડવું. રોજના ઉજાગરા, ક્યારેક ખાવાનું મળે તો ક્યારેક ન મળે, ક્યારેક ગાંઠીયા કે ડાળીયા ભર રહેતા તો ક્યારેક નીરાંતે ત્રાપડ દેવાની તૈયારી કરી ભાણા ઉપર બેઠા હોય ત્યાં હુકમ છુટતા ને બ્યુગલો ફુંકાતાં કે અમૂક ઠેકાણે વિરોધ સભા ભરાય છે, પોલીસ બંદોબસ્ત રાખો. ખાધું ન ખાધું કરી, હાથ વીંછળી દોડવું પડતું. આ બધા ત્રાસથી કંટાળી તો ગયા જ હતા, તેમાં આજના બનાવે તેમની આંખ ઊઘડી ગઈ.

સવારમાં જીવણજી ફોજદાર તો નવી સલાહ સુચના લેવા વડા હેડકવાર્ટરે ગયા હતા. પરઘુભાઈ શરદીનો ભોગ બન્યા હતા. ચોરાની

ઉતરાદિ દિવાલના ઓથે તેમની પથારી કરી દઈ, બાકીનાં પડખે જ તૈયાર કરેલી સગડીએ તાપતા હતા. ગઈ રાતનો બનાવ બધાના મગજમાં સરખી અસર પહોંચાડી રહ્યો હતો. રોજરોજ આવું બને તો કેટલા દિવસ ધીરજ રહે ને ન રહે તો શું થાય! તેની દહેશત પણ બધાને હતી.

સામી બાજુ દરબારી ઉતારામાં ચારેય પોલીસો કાનમાં મોઢાં રાખીને કશીક વાતચીત કરી રહ્યાં હતા. તેમના હાથે ઘણાં જ ખરાબ કૃત્યો થયા હતાં. જેમનો તેઓ પગાર ખાતા તેમના ખાતર આવા કામો કરતા તેમણે કયારેય થરકાટ અનુભવ્યો ન હતો. છતાં કોણ જાણે કેમ આજે તો તેઓ, અનાજથી ભરેલા ઠાંસોઠાંસ કોથળાને છોડી મૂકવામાં આવે ને અનાજ વેરાઈ જતાં જે સ્થિતિ કોથળાની થાય, એવા કોથળા જેવા થઈ ગયા હતા.

તેમનું બધું ખુન્નસ, બધો જુસ્સો કોણ જાણે કયાંય ઓગળી ગયો હતો. ગઈ કાલની ત્રાસ–ભાગીદારી તેમને સતાવતી હતી. માણસના હાથે માણસ આટલું દુઃખ પામતો હશે? એવો આજે જ પહેલ્લ વહેલો તેમને પ્રશ્ન થયો હતો.

આજનો એક જ દિવસ અહીં તેમની કામગીરી હતી. કાલે બીજા મહાલમાં તેમની ફેરબદલી થવાની હતી. આજનો દિવસ જાળવી લેશે, કાલે પોલીસ વડાના પગ આગળ પટા મુકી દેવા, એવો નિશ્ચય ચારે યે કરી લીધો.

અહીં ચોરામાં પરંધુભાઇ ટાંગા ટુંકાવી સૂઈ રહ્યા હતા. સામે જ સગડીના તાપે ગરમી અનુભવતા સેવકો, ને રામ કંઈક વાતો કરી રહ્યા હતા. વાતોને અન્તે કાંઈક નીર્ણય તેમણે કરી લીધો હતો. પરંધુભાઈ ને તેની ખબર ન હતી. ને એ ખબર ન હતી એટલો રામને સંતોષ હતો.

દરરોજના નિયમ પ્રમાણે જીવણજી આવ્યા. કાલનો કાર્યક્રમ આજનો બની રહ્યો. દરેકને અવેડા તરફ દોર્યા. પોલીસો શીથીલ હાથે કામ લેતા હતા. ઉધાડા ઊડી શકે એટલી શક્તિ તેમણે હજુ કેળવી લીધી નહિ હોય. પરધુભાઇને પણ લથડતે પગે ઉપાડયા ત્યારે તો અવધી થઇ. જીવણજીને સમજાવતા, સમજાવતા રામની જીભના લોચા વળ્યા, ને છતાં પરધુભાઈ ને આજે કોઠામાં ઝબોળતા બાકાત રાખવાની રામની દરખાસ્ત તેમણે માનીજ નહિ.

બધાજ કોઠાની પાળી ઉપર ગોઠવાઇ ગયા. રામને ધક્કો મારવા જીવણજી પાળી ઉપર ચડયા. સવારે તાપણી આગળ કરી રાખેલા સંકેત પ્રમાણે જેવો જીવણ ધક્કો મારે છે તેવોજ રામે તેમનો હાથ પકડયો. જીવણજીને રોકે તેમ ત્યાં કોઈ હતું નહિ. જીવણજી નોંધારા કોઠાની પાળે આધાર લઇ શકે એવુંય કાંઇ ત્યાં હતું નહિ. રામની સાથે તેઓય અવેડાના કોઠામાં જઈ પડયા.

તેઓ બહાર નીકળ્યા કે બીજો તેમની માથે પડયો, ને પડયો એવો તળીએ લઇ ગયો. વારાફરતી બહાર સાતે જણાએ જીવણજીને આવતા રોકયા. વારાફરતી બહાર નીકળતા જાય ને બહાર નીકળવાનો પ્રયત્ન કરતા જીવણજી ઉપર ત્રાટકતા જાય.

ચારે પોલીસો તો મૂંગા મૂંગા આ બધું જોઇ રહ્યા હતા. તેમની નોકરી દરમિયાન હજાર વખત તેમને ફોજદાર સાબ્યની ગાળો ખાવી પડી હતી. સો એક સોટીઓ ખમવી પડી હતી. ટાણે-કટાણે જીવણજી સાથે હંગામામાં પાટીએ ચડવું પડયું હતું ને ત્યારે કયારેય જીવણજીએ તેમની દરકાર રાખી ન હતી. ઉતારામાં એકલા જીવણજી દૂધપાક-પૂરી ઝાપટતા ત્યારે આ બીચારા એકાદ પટેલને ત્યાં રાબ-છાશ ખાઇ લેતા. આ બધાથી કંટાળેલા ઉપર, ગઈ કાલનાં બનાવે

જોર કંટાળો વધી ગયો હતો. આજે તેમણે જોયું કે જીવણજીની ‘ ટાઢે પાણીએ ખસ નીકળતી હોય ’ તો શા માટે ન કાઢવી.

પરશુભાઈ પણ અસહાય જેવા પાળ ઉપર ઊભા રહી આ બધું દૃષ્ય નીહાળી રહ્યા હતા. જીવણજીને ડુબાડી રહેલા રામ સહીતના બીજા સેવકો સાથે એ હરીફાઈમાં ઉતરતા તેમને અહિંસા રોકતી હતી. ઉપરાંત કાલની ટાઢ ખમી અર્ધા થઈ ગયેલા એટલે કોહામાં ગોથું ખવાઈ જવાય તો દમ નીકળી જાય એવી યે બીક હતી.

અહીં ગળકા ખાતા સુધી ને પાણીના પાંચ–પંદર કોગળા મોઢામાં જતા સુધી જીવણજીની કોઇએ દયા ખાધીજ નહિ. વચમાં કયારેકય શ્વાસ ખાવા જેટલો વખત મળી જતો ત્યારે ફોજદાર બોલી ઉઠતા. અરે એય આજ તમારી અહિંસા કે? રામ ત્યારે જવાબ દેતો. સાહેબ અમારે જે ખમવાનું છે તે તો અમે ખમીજ રહ્યા છીએ. ફકત એ સહન કરવું કેટલું કપરૂં છે તેનો ખ્યાલ આપ સાહેબ કયારેય મેળવી શકત નહિ તે આજે આપને આપી રહ્યા છીએ.

પરશુભાઇ હજુ સુધી ફોજદાર સાહેબને ન ડુબાવવાની દરમિયાનગીરી કરતાજ ન હતા. અને તે ન કરતા એટલુંજ રામને માટે બસ હતું. પરશુભાઇ જેવો ચુસ્ત અહિંસાવાદી આજે આટલી ખામોશી પકડી કાં બેઠો? ને તે ચુપ રહ્યા છે તો અમે કરીએ છીએ તે વ્યાજબી કરતા હશું એવુંય રામને લાગતું.

અંતે ગઈ કાલે તે બધાની જે સ્થિતિ થઇ હતી તે આજે જીવણજીની થઈ ત્યારે તેમને બહાર કાઢવામાં તેમની મદદે તો કોઇ આવે તેમ હતું નહિ. પોલીસો તો તેમના કૃત્યોથી પરતાતા હતા એટલે છેટે જ ઉભા રહ્યા હતા. ગામલોકો તો સૂર્ય જાય ત્યાર પછી જ સ્વયંસેવકો ઉપર સીતમ ગુજારવામાં આવતો. આથી તેમાંના કોઇ રડયાખડયા વફાદાર રહ્યા હોય તેય મદદે આવી શકે એમ હતું નહિ.

ગઈ રાતે પોલીસોએ આ બધાને તપાડયા હતા. 'તેમજ આજે આ બધાએ જીવણજીને તપાડયા. સદાય રોફ મારવાને ટેવાયલા ને જરા જેટલું સહન કરવાનું ભાગે આવેલ નહિ તેથી આજના એક સામટા ધસારાયે જીવણજીનો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયેલો. એક માણસને સાધારણ રીતે ટાઢ ઉડાડતા જેટલો વખત લાગે તેનાથી કયાંય વધારે વખત આમના માટે લાગ્યો. છતાં પોલીસોએ તો એકેય આશ્વાસન સૂચક શબ્દ ઉચાર્યો નહિ.

રામને પરધુભાઈની બીક લાગી હતી કે તેઓ આ આખા બનાવને અહિંસાની દૃષ્ટિએ ચકાસશે. મુખ્ય ઓફિસે રીપોર્ટ કરશે. ત્યાં બેસનારા ચીકણાં છે. 'શિસ્તભંગ થયો છે' એવું કહી રામને ને તેની ટુકડીને રજા દેશે. એવી રામને ઊંડે ઊંડે દેહશત હતી.

પણ પરધુભાઈએ એવું કાંઈ કર્યું જ નહિ. કાયમના કાર્યક્રમ પ્રમાણે તેઓ તો ખેતરોમાં, વાડીઓમાં, ખળામાં રામની સાથે ફરતા ને લોકોને સમજાવતા કે આ જાલીમ સત્તા છે. આ કનડગત, આ ત્રાસ, આ હેવાનિયતને તમારે ફગાવવી જોઈએ. ત્યારે શું વિરોધ ન કરનારા પરધુભાઈ એને મળતા થયા ? એવો પ્રશ્ન પણ રામને થતો.

જીવણજી ફોજદારે તો પોતાની આબરૂ સાચવવા ક્યાંય આ વાત કરેલી નહિ. ને એ વાત અણઉકલી રહી એટલે પરધુભાઈ, જીવણજી ફોજદાર, રામ ને તેના સાથીદાર ને પેલા ચાર પોલીસો વચ્ચે જ એ વાત દટાઈ રહી.

બેસતા મહિનાની પહેલી તારીખે પોલીસખાતાનાં પગાર થઈ ગયા હતા. ને ત્યારે રાજગઢના ચોસઠેય ગામોમાં વાતો વંચાણી હતી કે ટીંડોરાવાળા ચાર પોલીસોએ રાજીનામા આપ્યા. ન સ્વીકારવા ખાતાએ ઘણું કર્યું, છતાં પેલા કામ ઉપર ચડયા જ નહિ.

પ્રકરણ ૧૭ મું

પછડાટ

જીવણજી ફોજદારનું સ્થાન રાજગઢનાં રાજાજી આગળ સારું હતું. એક રાજ્યમાંથી કમી થવા છતાં તેમને અહીં નોકરી મળી ગઈ હતી. બીજા રાજ્યોના નાલાયક ગણાતા કે કમી થતા દરેક ઇસમો રાજગઢમાં આશરો પામતા. જીવણજી ફોજદાર પણ એવાજ એક હતા. વરજાંગજીની દીવાનગીરી આવા માણસોને જ માગતી.

જીવણજીનું કુટુંબ સુખી હતું. તેમના કુટુંબ સાથે રાજાજીને વિચિત્ર પ્રકારનો મેળ હતો એવી કંઇક વાતો રાજગઢની પ્રજામાં થતી. વાતોના ગપારા તો એટલી હદ સુધી ઊડતા કે આવી વાતો વચ્ચે જીવણજી જ 'એ માથાનો ધણી' તે રહી શકે. બીજાના ભાર નહિ.

એક તો ફોજદાર જંગલી હતો જ. ત્રાસ ફેલાવવો, દમન ચલાવવું એ તેને મન સહજ વાત હતી. તેમાં પ્રજા તેના કુટુંબ સાથે રાજાજીનો સંબંધ બાંધી ગમે તેવી વાતો કરે તે તેને પાલવે તેમ હતું નહિ. તેમાં પ્રજા ઉપર દાઝ વાળવાની જીવણજીને વરજાંગજીએ તક આપી. તે તક આવી એવી જ ફોજદારે ઝડપી લીધી. સત્યાગ્રહમાં તેણે જેટલા માણસોને ઝુડયાં હશે એટલા બીજા કોઇના ભાગે આવ્યા નહિ હોય.

છેલ્લા બનાવે તેમનો પીતો ઊછળી ગયેલો. પરશુભાઇને તો તેઓ ઓળખતા હતા. અવેડા પ્રકરણ ઊભું કરવામાં તેમનો હાથ ન જ હોય એમ તેઓ માનતા હતા. રામનું જ આ કારસ્તાન હોવું જોઇએ એમ તેમને લાગતું. પણ અત્યારે તો તેમનાં સાંધા એટલા બધા ઢીલા થઇ ગયો હતા કે જીવણજીને આવતો બધો ગુસ્સો અત્યારે તેમના જ શરીરને અસર કરતો. નબળાઇ વધતી જતી. પથારીમાં પડીને આરામ લીધા વગર તેમને છુટકો ન હતો. 'તબિયત સુધરવી રામની વાત છે!' એટલું જ આશ્વાસન પરાણે લઈ બેસી રહ્યા વગર તેમને છૂટકો ન હતો.

દીવાન વરજાંગજીને ય ઊંડે ઊંડે શંકા બેઠી હતી કે–'રાજગઢ સામે લડત ઉપાડનારામાં આ રામભા કયાંથી આવી ચડયો. અમારામાં તો આવું કામ કરે કે સત્યાગ્રહ તરફ વળે એવો તો કોઈ નથી. તો પછી આ કયાંથી આવ્યો!'

વરજાંગજી અને તેમના કુટુંબીઓ વચ્ચે એક બીન વારસી જાગીર મેળવવા ઝઘડો જામ્યો હતો. તેમની લાગવગે રેસીડેન્સીએ તે જાગીર વરજાંગજીને સુપ્રત કરી દીધી હતી. સામા વાળા દરબાર વાજદેભાયે અપીલ કરી હતી.

આ વાજદેભા તથા રામે જ્ઞાતિ સુધારણા અર્થે કામ કરેલું. તે વખતના તેમના સંબંધને સાંધી દઈ વરજાંગજીને દહેશત પેઠી હતી કે રાજગઢમાં મારા મૂળિયાં ઊંડા પેઠા છે તે ઉખેડવા સત્યાગ્રહની તરફેણ વાજદેભાયે કરી. ઉપરાંત રામને પોતાના તરફથી પ્રચાર કરવા કાં ન મોકલ્યો હોય! વાજદેભાની દાઝે રામનું કાસળ કાઢી નાખવાનો વરજાંગજીયે વિચાર કરી લીધો.

જીવણજી ફોજદારની ન કળી શકાય એવી માંદગીના સમાચાર

દીવાનજી કાઢવા આવતા ત્યારે ફોજદાર પણ તેમને રામની વિરુદ્ધ ઉશ્કેરતા, એટલે વરજાંગજીયે બાંધેલો રામ વિષેનો મત વધારે પ્રબળ થતો ગયો.

રાજગઢનો સત્યાગ્રહ ફુલ્યો–ફાલ્યો હતો. ચારે બાજુથી સ્વયં-સેવકો ખડકાયે જતા હતા. લઈ જવા જોગાને જેલમાં લઈ ગયા હતા. બાકીના ગામડાઓમાં બેઠા હતા. રાત્રે ખટારા આવતા કોઈને જંગલમાં, કોઈને ઝાડીઓમાં, કોઈને વેરાનમાં દૂર દૂર સુધી મુકી આવતા. સવારે પાછા પંથ કાપતા બધા સૌ સૌ ને ઠેકાણે પહોંચી જતા. વળી પાછા સાંજની એની એ ધમાચકડી. બંને પક્ષો જોરમાં હતા. બન્ને પક્ષોની હાર જીતમાં હિન્દના રાજસ્થાનોની હારજીત હતી. કોઈ મચક મૂકે તેમ હતું નહિ. એક બાજુ વિરાટ જાગ્યો હતો. સામી બાજુ એ જુલમની ઝડીઓ વરસતી.

રાજગઢ સત્યાગ્રહના મૂળમાં ધનેશ્વર મારાજનો હાથ છે એવો વરજાંગજીને વહેમ રહેતો. રાજગઢની રાષ્ટ્રીય શાળાનું ઘડતર ધનેશ્વરે કર્યું હતું. રાજગઢનાં ઘડાયલા બધા જ નાનામોટા કાર્યકરો ધનેશ્વરના હાથે જ ઘડાયા હતા. છેલ્લા વખતમાં સિદ્ધાન્તિક વાંધા પડવાથી ધનેશ્વર રાષ્ટ્રીય શાળા છોડી ગયા હતા. ત્યારથી તૈયાર મામલા ઉપર કરસનદાસ બેસી ગયા હતા.

રાષ્ટ્રીય શાળામાં નાના શિશુઓને પ્રેરણા પાનાર ધનેશ્વર શાળા છોડયે કાંઈ નવરા બેસી રહ્યા ન હતા. આખા રાજગઢમાં તેમણે કામ કર્યું, ને કર્યું એટલું નક્કર કામ. વરજાંગજીએ ઈજારા સત્યાગ્રહ વખતે તેમને વિનવી જોયેલા. રાજ્યમાં સારી નોકરી અપાવવાનું કહેણ મોકલેલું, જાહેર જીવનમાંથી ધનેશ્વર ખસી જાય તો રૂપિયા દસ હજાર આપવાનું કહેવરાવ્યું.

પણ ધનેશ્વર તો ફાટેલ પ્યાલાના હતા, રાષ્ટ્રની ગુલામી એમને

ખટકતી. એમણે બધી જ લાલચો હડસેલી ત્યારે વરજાંગજીએ કહેવરાવ્યું. 'ક્ષત્રીય બચ્ચો છું હો કે ધનેશ્વર! ગોળીએ દઈશ.' સામેથી ધનેશ્વરે જવાબ વાળેલો: 'વરજાંગજી! તમે ક્ષત્રીય છો તો હું પરશુરામનો વંશજ છું તે જાણો છો ને!'

આવા આ ધનેશ્વર અને એવા એ વરજાંગજી પોતપોતાનાં વિરૂદ્ધ બળો લઈને લડતા હતા, એક પક્ષે નર્યો ન્યાય હતો, બીજે પક્ષે એટલો જ અન્યાય. બન્ને બન્નેની રીતમાં શ્રદ્ધા રાખતા. બન્નેએ પોતપોતાની રીતો છેડા સુધી જઇને અજમાવી હતી. કોઈ ક્યાં ય જરાયે નમતું જોખે એમ ક્યાં હતું!

હા, એક વખત જ્યારે વરજાંગજી અને રેસીડેન્ટ વિરૂદ્ધ, ચાલતા સત્યાગ્રહે વડીસરકારે ગોરો દીવાન રાજગઢ માથે ઝીકયો ત્યારે સમાધાનને નામે કાર્યકરોનાય કાર્યકર વરજૂલાને બોલાવ્યા હતા. ગોરાદીવાનને વરજૂલાને હાથે શીશામાં ઊતરાવ્યા હતા. ને પછી વરજાંગજી એવી રમત રમી ગયા કે સમાધાન તો સમાધાનને ઠેકાણે રહ્યું, ને ત્યારે લાગ્યું'તું કે વરજૂલાજ શીશામાં ઊતરી ગયા.

આવી કંઇક મેલી રમતો ખેલાતી ને તેમાં ફસાયલાની આંખો ઊઘડતી. જીવણજી ફોજદાર તાજામાજા થઇ ફરજ બજાવવા હાજર થયા તે વખતે સત્યાગ્રહ પુરજોશમાં ચાલતો હતો. તેમને તો પ્રથમ પહેલો પરચો રામને બતાવવો હતો.

સાંજના ટીંડોરામાં સભા ભરાતી. આખું ગામ હીલોળે ચડતું. એવી એક સભામાંથી રામને પકડવામાં આવ્યો. પકડતી વખતે વોરંટ માંગવામાં આવ્યું. પણ 'નવો ઓર્ડીનન્સ નીકળ્યો છે, તેના આધારે તમને પકડવામાં આવે છે.' એમ કહેવામાં આવ્યું. રાજગઢ સત્યાગ્રહ વખતે કોથળામાંથી બીલાડાં નીકળતાં. ઓર્ડીનન્સ ઉપર

ઓર્ડીનન્સ, એટલે આ જાતનો ઓર્ડીનન્સ નીકળ્યો હોય તો ના નહિ, માની રામે બોલવું બંધ કર્યું, સભા છોડી.

પંદર દિવસના તેનાં કામે લોકોમાં મમતા વધી હતી. ઘરનાં જ ભાંડુ જેવો તે ટીંડોરામાં થઈ ગયો હતો. સજળ નેણે બધા તેને જતો જોઈ રહ્યા. વગર વોરંટે જવાને રામે આનાકાની કરી ત્યારે પરશુભાઈ બોલેલા કે, આપણે વળી વોરંટ શા! પોલીસને જરાયે કષ્ટ, માનસિક કે શારીરિક ન પડે તે આપણે જોવું જોઈએ. એટલે એ બાબુમાં વિશેષ કાંઈ પણ દલીલો કર્યા વગર રામ પોલીસવાનમાં ચડી બેઠો.

અગાઉથી કરી રાખેલા સંકેત પ્રમાણે મોટર વરજાંગજીના બંગલે લાવવામાં આવી. રાજગઢના ઠાકોર સાહેબે એક લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાવેલો આ બંગલો દીવાનજીને ભેટ કરેલો. ભગંદરના દર્દથી પીડાતા વરજાંગજી તકિયાને અઢેલીને પડયા હતા, રાજગઢ સત્યાગ્રહ તેમને જે દુઃખ દેતો તેનાંથી ક્યાંય વધારે પીડા ભગંદરમાં ઉખળી આવેલી જીવાંત અત્યારે તેમને કરી રહી હતી. પાસેજ કુક્કરના માંસથી ભરેલું બકડીયું પડયું હતું. ઘઉંના લોટનો મેંદો વાળી રાખવામાં આવ્યો હતો, પાઠામાં ખૂબ બળતરા ઉપડતી ત્યારે પડખે બેઠેલો નોકર માંસ ને લોટના પીંડા વાળી વાંસામાં પડેલ બખોલમાં ભરાવી દેતો. જીવાંત કકડાટી બોલાવતી, કત્રીમ ખોરાક ખાઈ લેતી એટલે વળી વરજાંગજીનાં લોહી માસ ચૂસવા વળગતી.

આવું તો લગભગ છ મહિનાથી ચાલતું. બહાર નીકળતી વખતે વરજાંગજી ચાલણુ ગાડીમાં જતા, ને છતાં અવિરત દમન ચલાવવામાં જરાય પાછા ન પડતા. રામને તેમની પાસે ખડો કરવામાં આવ્યો ત્યારે હુકાની લાંબી નળી મોઢામાં મૂકી ઘૂંટ ઉપર ઘૂંટ તાણી રહ્યા

હતા. બળતરા સમાવવાના સાધન તરીકે અત્યારે હોદ્દો તેમને ' પંગુની લાકડી ' થઈ પડ્યો હતો.

પહેલોજ પ્રશ્ન રામને વરજાંગજીયે આમ કર્યો; 'મેં તમારું નામ તો સાંભળ્યું હતું. પણ તમે આમ કરશો એ જાણ્યું ન હતું.

'ત્યારે તમેય આમ કરશો એમ મેંય ક્યાં જાણ્યું હતું.' રામે જવાબ દીધો.

વરજાંગજી જરા સતેજ બન્યા. તેમના મોઢા ઉપરના ખીલ જરા વધારે ઉપસી આવ્યા: 'હું કરું છું તે કાંઈ ખોટું કરતો નથી. જેનું અનાજ ખાધું તેને લુણહરામ બનતો નથી, મારા રાજાને ને તેનાં રાજ્યને બચાવવા એ મારૂં કામ છે અને એ હું કરી રહ્યો છું.'

'રાજ્યને બચાવવાના આ કાંઈ પગરણ નથી. ઉપરી સત્તાને રાજી રાખવા, રાજગઢને તમે નાહકનું મેદાન બનાવ્યું. તમે સમજ્યા હોત તો આટલું એ ન ધમરોળાત. સત્યાગ્રહીયો સહન કરે છે તો રાજ્યને ક્યાં સહન નથી કરવાનું. મોટરો દોડાવો, પેટ્રોલ બગાડો, પગારદારો વધારો, કોઈકનાં ખિસ્સાં ભરવા પડે એ બધું શું તમે રાજ્યના હીતમાં કરી રહ્યા છો ?'

'એ બધી લાંબી પહોળી વાતો મારે સાંભળવી નથી. તમારે જવું હોય ને આ રસ્તો છોડવો હોય તો તમને ગમે ત્યાં મોટર મૂકી જશે' વરજાગજી રામને સલાહ આપતા હતા.

'પણ તમને તમારો માર્ગ ઉત્તમ લાગ્યો છે તો અમને અમારો રાહ ખોટો હોય એવું લાગવાનું કાંઈ કારણ? રામે જવાબ વાળ્યો.

'એલા લઈ જાવ આને, માળું ભારે આતો ઠાવકું. કઈછિ તે માનતું નથી. ભલે સહન કરે. કરવા દયો' કહીને વરજાંગજી કણુસતા કણુસતા તકિયાની બીજી બાજુ મોઢું ફેરવી ગયા.

જતા જતા રામ બોલતો જતો હતો. ધ્રાંગધ્રાવાળા માનસિંહ-જીની વફાદારીની કદર રાજ્યે કેવીક કરી તે તો જાણો છો ને? જૂનાગઢના નવાબ સાહેબ દરેક પ્રસંગે જવાબ વાળતા 'મેરા મંમદુ જાણે.' એ મંમદુની મુંબઈમાં કેવી વલે થઈ એય તમારાથી ક્યાં અજાણી છે?' રામ જાણતો'તો કે આ બોલવાના ફળ કાંઈ બહુ સારા નહિ આવે, છતાં બોલવું જ જોઈએ તે, તે બોલી ગયો હતો.

મોટર ઉપડી ન ઉપડી એવી સ્થાનીક જેલમાં આવી. એક કોટડીમાં રામને પૂરવામાં આવ્યો. પોતાના કંઈક સાથીદારોને અહીં મળવાનું થશે. બહારનો ઓગળેલો થાક અહીં ખતમ થશે. હજારો વાતો અહીં જાણવાને મળશે. એવો સંતોષ પહેલી જ રાતની એ એકાંતીક કોટડીમાં રામને થયો.

સવારમાં હારબંધ દાતણ કરતા બધા સાથીદારોની વચ્ચે રામ ભળી ગયો. બપોરે જમતાં જાણવા મળ્યું કે બહાર જેટલી અવ્યવસ્થા હતી એટલી જ અંદર રાજ્ય તરફથી સુવ્યવસ્થા હતી. શિયાળાની ઠંડીમાંથી બચવા ગરમ ધુંસા મળ્યા હતા. રસોઈ કરવા ચાર રસોયા આપ્યા હતા. લોટ, દાળ, શાક ને ચોખા સત્યાગ્રહીઓ જ મંગાવી લેતા. રાજા સાહેબ દારૂની અસરથી દૂર હોય ત્યારે સંસ્કારી વ્યક્તિ હતા. વરજાંગજી રાજગઢની પ્રજા ઉપર ત્રાસ ફેલાવી રહ્યા છે એવું જાણતા ત્યારે અફસોસ ગુજારતા. એવી એવી કંઈક વાતો તેમને વિષે થતી. તે છતાં એ વાતો લંબાતી કે વરજાંગજીની મેલી અસર નીચે રાજાજી રહેતા હોવાથી કાંઈ કરી શકતા નથી.

બહાર ધરતીને માથે સૂતા કે પથ્થરનું ઓસીકું કરતા સત્યાગ્રહીઓ અહીં ગાદલામાં સૂતા કે ઘરેથી પથારી મંગાવતા. મિત્રો તરફથી ફળોની ભેટો આવતી ને તેને તેઓ સ્વીકારતા. કેટલુંક તો એવું બનતું કે જે અજુગતું લાગતું.

બહારની તકરારો અહીં શમી હશે એમ રામ માનતો ત્યારે અહીં તો ગરમ–નરમ દળો, ડાબી–જમણી પાંખો બે પક્ષમાં વહેંચાઈ ગઈ હતી. બહાર બધા જ લડતા હતા ત્યારે અહીં બધા સિદ્ધાન્તોને ચૂંથતા હતાં. વાદવીવાદ એટલો બધો વધતો કે પછી કોઈક એક બહાને તો બીજે બીજે બહાને નાકનું ટેરવું ચડાવતા. દીવસો સુધી એક બીજાને મળતા નહિ, ને મળતા તો મોઢું ચડાવી ચાલ્યા જતા. આવું બધું વાતાવરણ જોઈ રામને દુઃખ થતું.

ચોવીસ કલાકની પોલીસ કસ્ટડી પછી કેસ ચાલશે ને સજા મળશે એમ તે માની બેઠો હતો. પણ બીજા દિવસની રાતે એક મોટર આવી. 'તમને ઇન્સપેક્ટર સાહેબ પાસે લઈ જવા છે' કહી રામને ઉપાડી ગઈ.

ઠંડીના પછેડા આવવા શરૂ થઈ ગયા હતા. પોષ મહિનાની ટાઢ વાતાવરણનો કબજો લઇ રહી હતી. સમી સાંજમાં ય કોઇ કયાંય ફરકતું નહિ. સડક ઉપર પુરપાટ મોટર દોડી રહી હતી. કયાંક કયાંક સીમમાં રહેનારા કે રખોપે આવનારા તાપણાં કરી ટાઢ ઉડાડતા હતા. તેનો પ્રકાશ લાંબે સુધી રેલાતો ને બંધ થઈ જતો હતો. ટાઢથી ઠુંઠવાતા શિયાળો વાડીઓનાં ઓથે ભરાઇ લાંબી લાંબી લાળીઓ કરી વાતાવરણને વધારે ભયંકર બનાવતા હતા.

કલાકનાં ચાળીશ માઇલની ઝડપે મોટર દોડી રહી હતી. આવતાં ને જતાં દશ્યો રામને માટે અજાણ હતા. અહીંનો તે ભોમીયો ન હતો, કયાં ને કઇ બાજુ તેને લઇ જઇ રહ્યા છે તે કળવું આ ટાણે કઠણ હતું, જીવણજી ફોજદારનો ચહેરો તંગ હતો. પંથ કપાતો જતો તેમ તે વધારે સખ્ત બનતો જતો હતો, કાંઇક ભયંકર બનશે એની એ ચહેરો આગાહી આપતો.

આવી એકલવાઇ ધરતીમાં આવા વખતે, આવા ભયંકર માણુસોના હાથમાં બીજો કોઇ સ્વયંસેવક જઇ પડયો હોત તો તેની શી વલે થાત તેના વિચારો એક પછી એક રામના મનઃચક્ષુ આગળથી પસાર થતા. તે ય બીધો ન હતો એવું કાંઇ હતું નહિ, •છાતીને કઠણ કરીને બેઠો હતો એટલું જ. બાકી તો ભયનો શેરડો પગથી તે માથા સુધી તેને ય પસાર થઇ ગયેલો. જીવણજી ફોજદાર સાથે તેડી લાવેલા પઠાણોની આંખો તમતમતી ત્યારે એકાદ જંગલી પ્રાણીના વિફરાટનો ખ્યાલ આપતી.

રાજગઢથી દૂર દૂર આવેલા છત્રીશ માઇલ ઉપરના તાડ વનમાં મોટર આવીને થંભી. ત્યાં તેને ઉતારવામાં આવ્યો. કૃતીકા નક્ષત્ર ઊંચે જોતાં માથા ઉપર આવ્યું હતું. ખજૂરીના ઊંચા ઊંચા ઝાડો આકાશને અડતાં. પાંદડામાંથી ગળાઇને સુસવાટા કરતો પવન વાતો, ખરતાં પાંદડા નીર્જનતાનો ખ્યાલ આપતાં. પડખામાં ઠોંસો લગાવી રામને નીચે ઉતાર્યો. 'લ્યો રામ રામ' કહેતી આવી હતી એટલી ઝડપથી મોટર પાછી ફરી ગઇ.

વધુ વખત વિચારવાનો મોકો મળે તે પહેલાં, ઝાડીમાંથી તાજાજ આવેલા બે માણસો યે રામનો કબજો લીધો. જાળાથી ગૂંથા બુકાની દાઢીએ બાંધી હતી. બાર નંબરના જોટાની નાળો ખંભાની પાછળથી નીકળી દેખા દેતી હતી. કારતુસનાં હારડા જનોઇ આકારે છાતી ઉપર ઝૂલતા હતા.

'તમને ઠેકાણે પાડવા આવ્યા છીએ' એ શબ્દો બોલાણાં ત્યારે ભલભલાની છાતી બેસી જાય એમ બોલાણાં. આંહીં એકાંત છે. અહીં બનશે તે કોણ જાણશે? તે શું આટલામાં જ જીંદગી ખતમ થશે! એવા કંઇક આકારો રામ આગળથી પસાર થઇ ગયા.

'પણ ભલા તમારે આવો કાળો કામો શું કામ કરવો જોઇએ?' બગડેલી બાજી રામ સુધારતો'તો.

'વરજાંગજીનું અમે અનાજ ખાધું છે, એ આજ હલાલ કરવા આવ્યા છીએ.'

'ખાધેલું અનાજ આવી રીતે હલાલ કરનારા તમારી જેવા બહાદુરો તો આજ જોયા. પેટ ચોળીને શળ પેદા કરે વરજાંગજી, ને બેસારે તમારે હાથે, એવી આ તો વાત થઈ.'

'એવું અમે કાંઈ ન જાણીએ. અમારે તો કામથી કામ. કેટલા-યનાં નાક કાપવાના, કેટલાયનાં કાન ફાડવાનાં અખતરા કરવાનાં વરજાંગજીના વિચાર હતા. ઓલ્યો નેલ્સન તેમની આડે આવે છે. નહિં તો આજે કેટલાય કાયમની નીશાની લઇ ફરતા હોત ને સત્યા-ગ્રહનું નામે ય લેત નહિ!' આવનારા માણસોએ એક અણુકલ્પી ને વણજાણી વાત કરી નાખી.

રકઝક વધતી જતી હતી તેમ તેમ ઘોંઘાટ વધતો જતો હતો. શિયાળાનો ઠંડો પવન દૂરદૂર સુધી અવાજના પડઘા પાડતો. એક ભડાકો ને કામ ખતમ થાય એમ હતું. ને છતાં આવનારા કાં થોથરાતા હતા! એક નિર્દોષ માણસનું ખૂન રેલાવતા તેમની છાતી થડકતી હતી? વરજાંગજીયે પંસદ કરેલા કાચા–પોચા હતા? એ તો ગમે તેમ હોય વખત પસાર થયે જતો હતો.

રાજગઢના સત્યાગ્રહીઓને સરહદના રાજ્યનાં સીમાડામાં મૂકી આવવા સામે બાજુના રાજ્યોએ વાંધો ઉઠાવેલો. કોઈકને મારી નાખીને પોતાના સીમાડામાં નાખી જાય તેની જવાબદારી કોની? એની દરેકને દહેશત હતી. એટલે સીમાડા સાચવવા સરહદ વાળા-

ઓએ ચોકીઓ ગોઠવી દીધી હતી. ચોકીદારો સજાગ રહીને સૂતા ને બેસતા.

પડખે જ રાજગઢ ને ત્રાંસાનેરનો સંચારો સરહદી ડાક બંગલો હતો. ખજૂરીનાં ઝાડોની અટવીમાં એ બંગલો આટલો નજીક હશે એવી ધારણા તો ઉતાવળમાં જીવણજી ફોજદારને રહેલી નહિ. બુકાનીદારોતો એકાંતીક સ્થળનો લાભ લેવા માંગતા હતા. આજુબાજુ કોઈ નથી એવા ખ્યાલે લગભગ ત્રાડથી બોલ્યે જતા હતા. તે સાંભળી ત્રાંસાનેરનાં ચોકીદારો દોડી આવ્યા.

રામને છોડાવતા તેમને બહુવાર લાગી નહિ. કબજો લઈ બેડેલાની છાતી જ બેસી ગઈ. એક તો તેમને છૂપી રીતે કામ પતાવવાનું હતું. બીજું કરવાનું હતું તે તેમને પરાણે કરવાનું હોય એવું અત્યાર સુધીનાં તેમનાં વર્તને લાગતું હતું. તેઓ ચાલતા થયા ત્યારે રામને તો ‘ ઉલમાંથી ચૂલમાં પડ્યા ’ જેવું લાગેલું. ‘ સર્પનો બીકણ સીંધરીથી ત્રાસે ’ એવું કાંઈક ત્યારે તેના મનમાં ઊગેલું.

ચોકીદારોએ તેને પોતાનાં ડાક ઘરે સૂઈ રહેવાને કહ્યું. ‘ જવું હોય તો પાસે જ ગામ છે ત્યાં જાઓ.’ એમ પણ કહ્યું. રામને અત્યારે એકે ય બાબતમાં વિશ્વાસ બેસે એમ નહતું. છેલ્લા દિવસના તેના ઉપર રખાયલા વર્તનથી ચારે પાસ ‘ભોરીંગો’ જ ભર્યા હોય એવું તેને લાગ્યા કરતું.

ચોકીદારો પાસેથી છૂટયો એવો ગોફણમાંથી ગોળો છૂટે એમ ઉપડયો, કયાં જવું એ તો નક્કી હતું જ નહિ. કયે સ્થળે તે હતો તેય અજાણ હતું. ઓઢવાને એક હલકા ધુંસા સિવાય તેની પાસે કાંઈ હતું નહિ. પાછલી રાતની ઠંડી વધતી જતી હતી. ભીમના

પછેડા આવવા શરૂ થઈ ગયા હતા, હાથ–પગનાં આંગળાં ઠુંઠવાઈ ગયા હતાં.

આડે રસ્તે જતાં સડક આવી. ધોરી માર્ગ હોવો જોઇએ ધારી ત્યાંજ તે બેસી ગયો, આખી રાતનો થાકેલો, પડખાભર થતાંજ ઉંઘી ગયો, ઉઠયો ત્યારે પોરેક દીવસ ચડી ગયેલો, તંદુરસ્ત કારણો ના ઊપરાઉપરી હુમલા યે ઠરી ગયેલા ધુંસાના અણુ યે અણુ ઉપર મારો શરૂ કરેલો. તેની હુંફે તે કયાંય સુધી પડી રહેલો, પણ છેટેથી ખટારાનાં ધરધરાટનો અવાજ આવતા જાગી ગયો. ખટારો પાસે આવ્યો ને પૂછતાં તે રાજગઢ સર્વીસનું વાહન હતું. એમ નક્કી થતાં ચડી બેઠો. ભલા ડ્રાઇવરે 'રાજગઢ જઈ ટીકીટનાં પૈસા લઈ લઇશ' કહેતા વાત થાળે પડેલી.

અહિ રાજગઢ સત્યાગ્રહનાં પાણીમાં ઘુમરીયો વળી'તી. ઉંડા રાજકારણમાંથી શ્વાસ લઈ ગાંધીજી અહિં દોડી આવ્યા હતા. આવતા વેંતજ વરજાંગજીને તેમણે ઉધડા લીધેલા, જાહેર નિવેદન કરી અત્યાર સુધીની વરજાંગજીની ગેરરીતીયો ખુલ્લી પાડી. કોઈયે કલ્પ્યું ન હતું ત્યાં ઉપવાસ આવ્યા. આખી લડત થંભી ગઈ.

ગાંધીજીના ઉપવાસને જૂદા જૂદા પ્રવાહો જૂદા જૂદા દૃષ્ટિકોણથી જોતા ને વિચારતા. એક પક્ષ કહેતો કે વધુ લંબાતા, સત્યાગ્રહ પડી ભાંગશે, તે નામોશીથી બચાવવા ગાંધીજીએ આ રસ્તો સ્વિકાર્યો છે. બીજો પક્ષ બોલતો કે–ત્રીપુરીમાં સુભાષ બાબુની બોલબાલા બોલે છે તેને ઝાંખી પાડવા ને સમસ્ત રાષ્ટ્રનું ધ્યાન ઉપવાસમાં કેન્દ્રીત કરવા ગાંધીજીયે આ પગલું ભર્યું છે. તો કેટલાક વળી આ ઉપવાસને ત્રાગાનાં સ્વરૂપમાં લઈ જતા.

ત્યારે ખૂદ વરજાંગજી આને રાજગઢની આવક વધારવાના સાધન

તરીકે લેખાવતા. તેઓ બોલેલા કે ગાંધીજી અપવાસ કરતા અહીં અવલ-મંજલ પહોંચી જાય તો તો જનતા રાજગઢમાં તેમનું કીર્તિ-મંદિર કરે. મંદિરના જાત્રાળુઓ ઊપર વેરો નાખી રાજગઢ કાયમી આવક મેળવી શકે.

એવું તો કાંઈ બન્યું નહીં. વડી સરકારની દરમિયાનગીરીએ ફેડરલ કોર્ટનો ચુકાદો સ્વીકારવાની શરતે ગાંધીજીએ અપવાસ છોડયા. ચૂકાદો પ્રજાનાં લાભમાં આવ્યો તે છતાં ગાંધીજીએ તેને શા માટે તરછોડયો ? અમદાવાદના સ્ટેશને નિવેદન લખતાં મહાદેવભાઈએ વાર્યા છતાં વરજાંગજીની માફી માંગતું ને જનતામાં ખળભળાટ મચાવતું નિવેદન ગાંધીજીએ શા માટે કર્યું ? એ બધી વાતો હજુ સુધી અકળ કોયડા સમી રહી છે.

પછડાટ ખાઈ ચૂકેલી પ્રજા બીજા દસ વરસ સુધી નહીં ઊભી થઈ શકે એવા કાળબોલ બોલાઈ ચૂકયા. રાજગઢ સત્યાગ્રહે તો રાજસ્થાની પ્રજા કોઈ વિરાટ સ્વરૂપે જાગેલી એક એક ગામડું ગાજતું થઈ ગયું હતું ! હા, તેમાં ય ગલતી તો હતી જ. એકલા રાજગઢને દૃષ્ટિકોણ બનાવવાને બદલે કે પ્રજાનું સમસ્ત બળ ત્યાં ઠાલવવાને બદલે કેટલાક ઉતાવળ કરી જૂઠે રસ્તે ને જૂદે સ્થળે પ્રજાને ઉશ્કેરવામાં રોકાઇ ગયેલા સૌ લોલમાં લોલ કરીને ઉપડયા. ન માપ્યું પ્રજાનું બળ. ચાના બુદબુદ માફક આતે ક્ષણીક ઊભરો હતો કે કાયમ નભી શકે એવી શકિત હતી ? તેનાં કોઇએ પારખાં કર્યાં જ નહિ

સૌને સૌ પૂરતું મેળવી લેવું હતું. તે છતાં મેળવવામાં જેટલી તાકાત જોઇએ, કાયમ માટે ટકી શકે એવું ખમીર જોઇએ એ તો એકલા રાજગઢ સિવાય કયાંય હતું જ નહિ. બિલાડીનાં ટોપની માફક માંગણીઓ લઈને દરેક ગામડાં ઝૂકી જ પડયાં.

ભાષણ કરનારા નીકળી પડયા હતા. એક ગામથી બીજે ગામ ઝપાટાબંધ જતા ને ભાષણો કરતા. કયાં ય કોઈ નો પગ ટકતો નહિ. એમને તો આ તકનો લાભ લેવો હતો. ને તેમણે તકને ઝડપી લીધી હતી. ગામડાઓને ઉશ્કેરતા તેઓ આગળ વધ્યા. એ ઉશ્કેરાટ કઈ તરફ વળશે ને કયાં સમાશે તેની તેમને પડી નહતી.

એક સામટો હોબાળો ઉઠયો હોય તેમ લોકો જાગ્યા હતા. સૌ પોતપોતાની માગણીઓ સત્તાવાળા આગળ ધરતા ને જોર કરતા. એક બીજાને, બીજો ત્રીજાને ઉંટાંકે ત્યાં રાજગઢ સત્યાગ્રહનાં પાણી ઓસર્યાં. તેના પછડાટે બધાય પછડાટ અનુભવી રહ્યા. એકની હુંફે બીજો નભી રહેતો તે ગયું. સમય વર્તે સાવધાન કરી બેઠેલા દરેક રાજયો જુવાળ વખતે દબાઈ ગયેલાં લાગતાં તે વિફર્યાં. લોકદમન શરૂ થઈ ગયું. કંઈકના દંડ કર્યા, કંઈકને ઘેર જપ્તીઓ કરી, ને કેટલાકને હદપાર કર્યાં. ખેડુતો રખડી પડયા. એક રાજ્યનાં તજાયલાને બીજા રાજ્યે આશરો જ આપ્યો નહિ, ને ત્યારે ભાષણ કરનારા ગોત્યાય જડતા નહિ. જવાબદાર રાજતંત્ર અપાવનારા, ઓચીંતા આવી પડેલ દુઃખ વખતે કયાંય ઓગળી ગયા.

તેઓ બચાવ કરવા લાગ્યા, પ્રજા નબળી ત્યાં અમે શું કરીએ? તેને જોઈતું જ નથી એને કેમ અપાવીએ?—અરે ભલા માણસ! પ્રજા નબળી જ હતી તો તેને ઉશ્કેરી કાં! તેને જોઈતું હતું તે તમારી પાસે માગવા જ કયાં આવી હતી. તમે જ તેને ઉઠાડી, તમે જ આ અપાવીશું ને તે અપાવશું એવા ઉંઠા ભણાવ્યાં.

પ્રજાઓ કયારે ય નબળી થતી ભાળી છે? નબળા તો આપણે. આપણી નબળાઈ પ્રજા માથે ઓઢાડી છૂટા થનારાય આપણે. પ્રજાને ગરમી આપનારા રાજસ્થાની છેલ્લા સત્યાગ્રહે ભૂલ્યા'તા કે પ્રજામાં

ઘડતર કરવું એ રાંડીરાંડનાં ખેલ નથી. ઉશ્કેરણી એ જુદી વસ્તુ છે ને ધીરેધીરેનું ઘડતર એય બીજી વાત છે.

એકલું રાજગઢ જે કરવાને તૈયાર થયું તેને બળ મળ્યું હોત તો તે ઇતિહાસ રચી જાત. ત્યારે તો બધાએ બધે ઠેકાણે ઉંબાડીયા મૂકયાં. ને મૂકનારા એક ઠેકાણે મૂકી બીજે ગયા. પોતે મૂકેલ શક્તિ કેટલી ટકશે તેનું માપ કાઢયું નહિ ને છેવટ વિખરાયલી શક્તિ બોદી નીકળી. પછડાટ ખાઈ બેઠેલી પ્રજા કેટલા વર્ષ પાછી પડી તે તો વખત માપ કાઢશે. બાકી જ્યાં સુધી પાયામાંથી જ પથ્થરનું ચણતર નહિ થાય ત્યાં સુધી બધું નકામું. નગારાં તો વાગે, જ્યાં સુધી તેના ઉપર સુંવાળા હાથ ફરતા હોય. રામને લાગતું કે જ્યાં સુધી સેવકો એકેએક ગામ પોતાનું નહિ કરી બેસે, અફાટ ભરી પડેલી લોકશક્તિને નહિ પીછાને ને પીછાન્યા પછી સદ્દરસ્તે નહિ વાળે ત્યાં સુધી બધું ઝાંઝવાના જળ સમું.

પ્રકરણ ૧૯ મું

કોયડો ઉકેલ્યો

વટપૂર ગામનો ગોંદરો ભર્યો ભર્યો લાગતો. છાણુ લેવા આવનારીઓ ક્યારેક તકરાર કરી મૂકતી ત્યારે વાતાવરણ બગડી જતું એટલું જ કે ક્યારેક સામે આવેલા અવેડામાં પાણી પીવા જતાં, એકાદ નાનું પાડરૂં, ડોક લંબાવવા છતાં પાણીએ પહોંચી શકતું નહિ, ને તરછ છીપાવવા ઉલાળો લેતાં અવેડાના પાણીમાં સરી પડતું ત્યારે તેને કાઢતી વખતે કોલાહલ મચી રહેતો. અવેડીઓ નિયમીત અવેડો ભરતો નથી. એવી ફરીઆદો લાંબા ટુંકા હાથ કરતા ગોવાળો કરી જતા ત્યારે કાનસોરોય આપ્યા વગર પટેલ ચાલી નીકળતા.

ગોંદરાની બાજુમાં જ આવેલો લીંબડો કંઈ કેટલાયના આશીર્વાદ લેતો હજુ ત્યાં ઊભો હતો. ઉનાળામાં થાકતો મુસાફર તેનાં છાંયડે બેસી ભાતું છોડતો ને ઢેબરાં ખાતો, કે સીમાડાની મજલ કરી થાકયાં પાકયાં ટુંટિયાં વાળી ઢોરો ઓગાળતાં ત્યારનો તેમનો સંતોષ એ એની કમાણી હતી. ભાવનગરના વકીલ રેવાશંકરભાઈની ઓફીસ ને આથમણે છેડે આવેલા વડલાના પાન પર, પડખેથી ઉડેલી ધૂળનાં થર બાજતા તે અહીં ન હતું. અહિં તો આવતો સીધો પવન પાંદડાને ઝાપટતો ને કૂણા રાખતો.

ભાદરવીનું વ્રત લેનારીઓ ને પૂર્વજને પીપળે ચડયા હેઠે ઉતારવા

પાણી પાવાની સગવડ માટે પડખે જ પીપળાનું ઝાડ આવેલું હતું. તેઓ આવતી, જતી કે ગેલ કરતી. પ્રદક્ષીણા ફરતી જાય, નાગલા ચડાવતી જાય ને થડ પર પાણી રેડતી જાય. સહસ્ત્ર હાથે સીંચાયલું પાણી ધૂળમાં રસળાતું, કાદવ જામતો. આથમતે ટાણે ગામ તરફ વળેલા સાંતીડાના કદામો એમાં ખૂંચતા ત્યારે આખા દિવસની સતત મહેનત કરી થાકયો પાકયો ને ભૂખ્યો ડાંસ થયેલો ખેડુત પાણી ઢોળનારીઓને બે પાંચ ચોપડાવી દેતો.

એવા એ ગોંદરે આજે ઢોલ, નગારાં–ત્રાંસા ને શરણાઇઓ વાગી રહ્યા હતા. આખું ગામ હીલોળે ચડયું હતું. સમુદ્રમાં ભરતી વખતે મોજાનો લોઢ ચડે એવો ખ્યાલ આપતું. ગીતો ગવાઇ રહ્યાં હતાં. ગરબીઓની ત્રમઝટ બોલતી'તી. રાજગઢ સત્યાગ્રહમાંથી પાછા વળેલા રામ ને તેની ટુકડીનું સ્વાગત કરવા આ જનમેદની જામી'તી.

'ધન્ય મારી ભારત ભૂમિ' એ ગરબી ઉપડી હતી. કંઈક પવની ઝાપટે બજારની ધૂળ ઊડી રહી હતી. જુવાનડીઓના મોઢા મરકતાં ભાળી જુવાનો ઓર ખીલી ઊઠયા હતા. કડનાં કટકા કરી નાખતા હતા. 'ગાંધીડો ગુજરાત રે' એ ચરણ આવતાં ને તબલાની થાપટે ચરણ મીલાવતા જુવાનો મા ભોમને નમન કરી રહ્યા. ચોરો આવતા આવતા નાળિયેર વધેરાણાં. ટોળીનાં દરેક જણ ને રામનાં ઓવારણા લેવાણાં વખતે રામની શરમ વધી ગઈ. એણે તો ઘણી ના પાડી હતી. 'આવા સામૈયા અમારાં ન હોય. એવી કઈ કમાણી કરીને અમે આવ્યા છીએ.' પણ ગામ લોકોનો ઉત્સાહ માતો નો'તો. તેની આગળ તેને નમતું જોખવું પડેલું.

કામ કરનારા બધા રાજગઢ સત્યાગ્રહમાં રોકાણા હતા ત્યારે અહીં વટપુરમાં નવું જ ધતીંગ જાગ્યું હતું. ઠાકરશી પટેલની

જુવાન દીકરી સાસરે જતી નહતી. ઘરનાને સમજાવવા છતાં મા બાપો કહેતા કે દીકરીને દુઃખ છે. સાસરા પક્ષનાં દલીલ કરતાં કે અમારૂં ગરીબનું ખોરડું ઠાકરશી પટેલની દીકરીને માફક આવતું નથી. વાત તો ગમે તેમ હોય, ગામના મોટેરાઓએ સમજાવવા છતાં ઠાકરશી પટેલ છોડીને મોકલતો નહિ.

ડોશી-ડગરામાં વાત થતી કે ઠાકરશીની પીટયાની બુદ્ધી બગડી છે. ઘરડે ઘડપણ દીકરીને ગુજરાતમાં વેચી રૂપિયા કમાવાની દાનત થઈ છે. આથી સામાવાળા જાસા મોકલતા. અમારૂં સવેલું મોકલી દેશો, નહિતર ગામને ભારે પડશે. હરખા પટેલની વાડીએ આવેલ ખડનું કુંદવું બળી ગયું. દામોદર ભટની પચાસ ભરોટાની ગંજી સળગી ગઈ. ગોંદરાના કૂવામાં એક રાતે ગ્યાસલેટનો ડબો ઠલવાણો, ત્રણે ઠેકાણેથી ચીઠ્ઠીઓ નીકળેલી. ઠાકરશી પટેલને ગામ નહિ સમજાવે ત્યાં સુધી આવું તો બનવાનું. છેવટ આખા ગામની કડબ બાળી દેશું.

રામ વીચારતો તો : શું સામાવાળા છડેચોક પોતાનું નામ આપી. આવી રીતે બાળી શકે ખરા ? અને તેઓનું આ કૃત્ય નહિં તો કોનું ! અત્યાર સુધી નુકશાન થયેલામાં પદમા પટેલનું એકેય કળ કાં નહિ ? શું પદમા પટેલ ગામને કાબૂમાં લેવા પોતાના જ માણસો દ્વારા આ બધું તો નહિં કરાવી રહ્યા હોય ને ! શંકા દ્રઢ થતી ગઇ તેમ તેમ તેનો બંદોબસ્ત કરવા તરફ મન વળતું ગયું.

રાત્રે ચોરે ગામ લોકોને એકઠા કર્યા. ગંજીયો ઠાકરશી પટેલના વેવાઈવાળા બાળતા હોય કે તેને નામે બીજાય દાઝ કાઢતા હોય એ કાંઈ કહી શકાય નહિં. ગંજીયો બળે છે એ નક્કી વાત એને અટકાવવું એ બીજી વાત. ઠાકરશી પટેલને સમજાવવા એ ત્રીજી વાત ને ન સમજે તો સલામત રસ્તો કાઢવો એ ચોથી વાત.

ઠાકરશી પટેલ તો એકેય વાતે સમજતા નહિં. આખરે ગામ લોકોએ ચોકીયો ગોઠવી. દરરોજ રાતે સોળ માણુસો ગામ ફરતા રોન મારે, બીજા આઠ માણુસો ને પસાયતા સીમનું રખોપું રાખે ચોકી સતત બેસી ગઈ. આપેલા વાયદાના દીવસે કોઇ કાંઈ બાળી શક્યું નહિં. ગામ લોકોની આથી ચોકી કરવામાં શ્રદ્ધા વધી.

ચોકી કવા જતાં રામ બધાંની સાથે ફરતો ને ઉત્સાહ વધારતો. રાત્રે થાક્યા પાછા ફરતા ત્યારે ચોકિયાતો ઉંઘિયાં કરી જયાફત ઉડાવતા, તો કયારેક ઘઉંના પોકનું જાદરિયું કરી ખાતા. પદમો પટેલ સામા પક્ષે હતો છતાં તેનો ઉછરતો નવલોહીયો છોકરો બેચર નવા પંથમાં ભળ્યો હતો. પદમા પટેલનાં સતત ચોકી પહેરા વચ્ચેથી ય તે આવતો ને રામ સાથે કામ કરવામાં મજા માણુતો. તે તેના વાઢેથી કયારેક શેરડી ભાંગી લાવતો તો સાથે બેસી બધા ખાતા ને ચોકી કરતા.

અંધારી મેઘલી રાતે ફરવામાં સાથિયોની ધીરજ ખૂટતી. લગભગ બધાને કંટાળો આવતો. મોલાત બીજાની, કડબને ખડની ગંજીયો ત્રાહીતની ને ચોકી આપણે કરવી ? આવા પ્રશ્નો દરેકને થતા ને સમાતા. રામ તેમને સમજાવતોઃ આપણે તો કામ કરવું છે. એ આપણું હોય કે બીજાનું એની સાથે આપણે નિસ્બત નહિં. એવી વાતોથી સરી જતા ઉત્સાહને તે વધારતો.

એક દીવસ રાતે સીમમાંથી લટાર મારતા બધા ચાલ્યા આવતા હતા. અધરાત ભાંગી ગઈ'તી. ગામના ભરવાડવાડામાંથી ડાકલાં વાગી રહ્યાં હતાં. મહા શુદી આઠમનાં તેમને નિવેદ હતાં. ગામ–પરગામથી ભૂવા આવેલા.

સીમમાંથી આવતા એક સાથીદારને પગે પરડકે ભરડો લીધો.

કરડતાં પહેલાં બીજાએ સિફતથી તેને અધમુવું બનાવ્યું. ઘડીક વળ ખાતાંય તે બચી શક્યું નહિ. રામે તેને ઉપાડી લીધું. સાથીદારોએ ફેંકી દેવા ઘણું ય કહ્યું. પણ તેણે તો લાકડીનાં છેડા સાથે તેને બાંધી રાખ્યું.

પાદરમાં આવતા ડાકલાંની બહબહાટી બોલતી સાંભળી બધા તે તરફ વળયા. લાંબા ટુંકા હાથ કરી ભૂવા ધૂંણી રહ્યા હતા. આગળ પાછળ મરી ગયેલા તો હોય તો ખરા જ ને! એટલે ભૂવાએ મરેલાંએ રામરામ કહેવરાવ્યા છે એમ બોલતા ત્યારે ભરવાડો પછેડીઓ પાથરતા ને ભરવાડણો ખોળા પાથરી નમી પડતી.

કોઇક ભૂવાનાં શરીરમાં ચામુંડ આવી. તો કોઇકનો શીકોતરે કબજો લીધો હતો. ખોડીઆર, ભેરવ. વૈતાળ કે સુંવાણ—એવા કંઇક દેવ—દેવીઓ ભૂવાનાં શરીરમાં પેસતા ને નીકળતા. ડાકલાવાળા 'હાવળો ને અણીયો' બોલતા, ખમા! ખમા! કરતા ભૂવા ગેંઠણભર થઇ જતાં ડાકલિયાને પડકાર દેતા ને મોઢાને હોઠ પોળા પાડતા જાય ને નવીન જાતના અવાજો ને ડચકારા બોલાવતા જાય.

'લ્યો આ વધાવો' કહીને દાણાનો ધ્રા કરે, એકી દાણા પડે તો વધાવો ને બેકીયે વાચા. કયારેક સાચું પડે તો કયારેક ખોટું ને એ વિધી ચાલતી જ હોય. કોઇનું છોકરૂં માંદુ પડયું હોય, કોઇનો ગાડર—બકરામાં રોગ પેઠા હોય. કોઇકને આધેડ વય થવા છતાં શેર માટીની ખોટ હોય. તે બધાં માંગણીયો લઇ માતા પાસે આવતા ને માતા ભૂવાના શરિરમાં પ્રવેશ કરી તેમનાં 'દખ' ભાંગતા!

રામ ને તેના ચોકિયાત સાથીદારો ફળીમાં આવ્યા ત્યારે સારૂં એવું છોકરાનું ટોળું ત્યાં જામ્યું હતું. કુતુહલ દૃષ્ટિથી એ બધા વિચીત્ર પ્રકારનાં દશ્યો જોઇ રહ્યું હતું. ભૂવાઓ તો આજે ઓર

ખિલ્યા હતા. જેમ માણસોનો વધારે જૂવાળ તેમ હોકારા–પડકારા કરવા તેમને વધારે ફાવતા.

આવા ખ્યાલો રામને ઊંધા લાગતા. કેટલું સાચું ને કેટલું ખોટું તેની પરીક્ષા તો કયારેય થઈ શકી ન હતી. આજે તેનો ટીખળી સ્વભાવ પ્રકાશી ઉઠયો. લાઠીને છેડે બાંધેલું પરડકું તેણે જ્યાં ભૂવા ધૂણી રહ્યા હતા ત્યાંજ બરોબર નિશાન તાકીને ફેંકયું. 'એલા એરુ' કહેતાને એક ભૂવો માતાજીના ગોંખલામાં ગોઠવાઈ ગયો બીજો કમાડ આડો સંતાઇ ગયો. ત્રીજો માણસનાં ટોળામાં સમાઇ ગયો. એવું તો ભંગાણ પડયું કે–જેનાં શરીરમાં દેવીઓ આવતી તેઓ ઠરીજ ગયા. ધૂંણવું ધૂંણવાને ઠેકાણે રહ્યું. સૌ સૌની સંભાળમાં પડયાં.

આ બધું ધતીંગ આમ ઉઘાડું પડતા રામને કોયડો જડી ગયો. ત્યારે શું આ બધા ધુંણનારા ખોટા, આ બધાને આવું કરવાનું કારણ શું? જીવતા કે મુવેલા પડકાને ન ઓળખનારા ભૂવા આ બધું ધતીંગ ચલાવે! આ બધો અજ્ઞાન વર્ગ તે ચાલવા દે! અને ભૂવા કેવા! ન દિવસો સુધી ના'ય. ન કળશે જઈ પાણી લ્યે. એવાના અંગમાં દેવીઓ આવે ખરી! ને આવે તો એ દેવીઓ કહેવાય?

સીમનું ચોકિયાત દળ આમ ભૂવાનાં ટીખળમાં રોકાણું હતું તેનો લાભ લેનારાએ લઈ લીધો. સામે જ આવેલા કુરજી પટેલના વાડામાં કાંઇક તાપણા જેવું લાગ્યું. રામે સાથીદારોને ચેતવ્યા. સહુ ઉતાવળા તે તરફ વળ્યા. સામેથી મેપલો કોળી દોડતો આવતો હતો. તેના કોઠામાં શ્વાસ માય નહિ. હાંફળો ફાંફળો થઈ ગયેલો. રામ ને તેની સાથે ચોકી કરવા આવેલા ગામના જુવાનિયાઓમાં આજે તે પણ આવ્યો હતો. વર્ષોથી પસાયતું કરતો. અને પદમા પટેલનાં ઘરન

માણસ જેવો થઇ ગયો હતો. ગામમાં વાતો થતી કે પદમો પટેલ કાળા કામાં કરાવે છે તે આ મેપલાને હાથે.

વિરોધીઓનાં બળદ–ભેંસોને રોટલામાં ઝેર નાંખી ખવરાવવાં, ગંજીયો બળાવવી, ઘરફોડ ચોરીઓ કરાવવી કે સીમની નાની મોટી ચોરીઓ એ બધું મેપલાને હાથે પદમો પટેલ કરાવતા, ને વિરોધીઓને એ રીતે નમાવતા.

શંકા તો હતી જ. તેમાં જોગાનજોગ થઇ ગયો. દરેક પ્રસંગે બીઆડિયું મૂકતા, અગાઉથી તૈયાર કરેલ દારૂ પાયેલી કળી ને દિવા-સળીનો ઉપયોગ મેપલો કરતો, એમ કરતાં કળી જગતાં જગતાં ગંજીયે પહોંચે ને ગંજીમાં ભડકો થતાં વાર લાગે ને એ દરમી-યાન મેપલો દુર દુર નીકળી જાય એટલે કોઇને વહેમ ન પડે.

આજે ઉતાવળમાં કામ પતાવવા જતાં તેણે સીધી બાકસ સાથે દીવાસળી ઘસી ગંજીમાં દાગેલી, આગ તુરત જ લાગી. તે ભાગી શકયો જ નહિ. નાસતા સપડાયો. ગંજી તો સળગી ઉઠી. તેને ઠારવાના પ્રયત્નો કરવા નકામા હતા. રામ ને તેના સાથીદારો તો મેપલા ઉપર જ ઉતરી પડયા. મૂંઢમાર માર્યો. આ બધું શા ખાતર કરે છે કહી માની જવા કહ્યું. છતાં મેપલો એકનો બે ન થયો ત્યારે જગતી ગંજીમાં ફગાવી દેવા તેને ટીંગા–ટોળી કરી ચાલ્યા. 'આ લોકો નક્કી અગ્નીમાં જલાવી દેશે ને ભડથું થઇ જઇશ પછી કોણ ભાવ પૂછવાનું હતું.' એ જાણતાં મેપલો કરગર્યો–'એય મૂકી દયોને ભાઇસા'બ, પદમો પટેલ શીખવાડે છે ને હું કરું છું, હાંઉ ? હવે તો છોડો !' રામને તો એ જ જોતું હતું. આવા તો અસંખ્ય મેપલાઓ, અસંખ્ય પદમા પટેલના હાથા બનતા તેણે જોયા–જાણ્યા હતા.

આપણને આપણાં જ પાપો નડે છે ત્યારે એ કહ્યાં જાય એવા હોતાં નથી. પ્રજાના એક વર્ગને તેનો બીજો ભાગ હેરાન કરે, નુકશાન પહોંચાડે, દરેક ક્ષેત્રમાં આ બીના બની જ રહી છે. કોઇ કોઇને નડતર રૂપ ન બનતા આડે ખૂણે પડી રહેનારા, બીજા ને હાથે વગર વાંકે દંડાય. ગામડામાં સત્તા સાચવી રાખવાના ખરાબ ખ્યાલો બહુ આળવીતરા હોય છે. પદમા પટેલ જેવા એ બાજુનાં પ્રતિકો ગામડે ગામડે ભર્યાં છે.

મેપલો પકડાતાં આખા ગામમાં વાત વંચાણી. અરર ! આ પદમો પટલ ! કોણ એનું કુળ, ને અત્યારે કેવા એનાં કામા ? ચોરે ને ચૌટે કાનમાં મોઢાં ઘાલી લોક વાતે વળગ્યું'તું. 'એલા કરોને ફરિયાદ તે બેટાને ખબયુઁ પડે.' એવો ય એક મત પડતો હતો પણ રામતો જાણતો'તો ફરિયાદ થયે મેપલો મરી જાય. કાયદો ક્યાં પદમા પટેલને ગુન્હેગાર ગણવાનો હતો ? કદાચ મેપલો કહે કે–પદમા પટેલનો શીખવ્યો હું આ કરતો–તોય કોર્ટ તો શંકાનો લાભ પદમા પટેલને ક્યાં નથા આપતી ? એટલે એણે તો સમજ્યા ત્યાંથી સવાર ગણી વાતને આગળ વધતી અટકાવી. હા, એટલું થયું, પદમા પટેલની રહી–સહી પ્રતિષ્ઠા આ બનાવે ઊખડી ગઈ.

આંહી ઠાકરશી પટેલને ત્યાં ગાજરનાં બીના માન વધ્યાં હતાં. થઈ શકે એટલી ગરમ દવાઓ કરી. છતાં સાસરે ન જતી છોડીને હમેલ રહ્યાં. બાયડીઓ વાત લાવતી ને ફેલાવતી. રોયાને ફદડી જોતી'તી તે આ કરી કમાણી–ઠાકરશી મોઢું સંતાડતો ફરતો હતો. એક રાતે પોલીસ દાદાથી ડરતા–ફફડતા ઠાકરશી પટેલ છોકરીને લઈ ને જાત્રાએ ઉપડી ગયા હતા.

પ્રકરણ ૧૮ મું

દુષ્કાળ

આવતા વર્ષનાં ચિન્હો કાંઈ બહુ સારાં ગયાં નહિં. ચોમાસું કેવું બેસશે તેની સૌને ચિન્તા હતી. શિયાળામાં થવા જોઈએ તેવા વાદળ કસોટા આકાશે ઉઘડયા નહિ. મહા મહિનાનાં આગલા–પાછલા અઠવાડિયાં બીલકુલ ટાઢ વગરનાં પસાર થઈ ગયાં. દિવસભર ઉનાળા જેવો ઘોમ ધખતો. હુતાશણી પ્રગટતાં તેની ઝાળ ગામ તરફ વળી. અખાત્રીજ–ગણેશ ચોથના પવન સૂરનાં વાવાને બદલે કર્કનાં બેઠેલા.

આ બધાં દુષ્કાળનાં ચિન્હો જોઈ–જાણી બધા મુંઝાતા. હવે તો એકજ આશા રહી હતી. વર્ષા ટાણે બાપૈયો બોલે. ભોંમાં ભંડારાઈ ગયેલા દેડકીના અવાજો આવે. કૂવા કાંઠેના કાદવમાં ઘર કરી રહેલી બાઘડ ચીસ પાડી ઊઠે કે ઘરની વંડીનાં છાજાની ધુડે ચકલાં નાય. તો આગલાં બધા અમંગળ ધોવાય ને વરસાદ થાય.

જેઠ ઊતરવા આવ્યો છતાં કોઈ ખબર લાવતું નહિ કે ઉપલામાંથી કોઈ શુકન મેં દીઠું. સૌની નજર આષાઢી પાંચમ ઉપર મંડાણી. ઈશાની વીજળીના દર્શને માનવમેદની હલકી. સૌને ચિંતા હતી, હૈયા હાથ રહ્યાં નહતાં. વાવણી પાછતરી પડતી હતી. ને છતાં બધાને હૈયે હામ હતી : પ્રભુ લાજ રાખશે.

કંઈક ઝાડ ઉપર ચડયા. કંઈક ટેકરીઓના ઓથ લઈ બેઠા. કોક

રાતે સીમમાં જ સૂવા ગયા. હજાર–હજાર આંખો ઈશાનમાં મંડાણી. વરસાદ ન આવ્યાની વેદના ખેડૂતને કેટલી થતી હશે? પ્રસુતીની વેદનામાં સ્ત્રી શું અનુભવતી હશે! કાળની છાયાં શુંનુ શું કહી જતી હશે! તે તો અનુભવીઓજ જાણે ને?

અર્ધરાત વીતી હતી. આશાનું એકેય કીરણ દેખાયું નહિ. આંખો ફાડી ફાડીને ઉજાગરો વેઠી રહેલા જોલે ગયા ને છતાં તેમની વીજળીને ક્યાં પડી હતી! સવારે સૌ સૌને પૂછતું'તું. કાં ક્યાંય ભાળી! ઝોકનો આશરો લઈ બકરાં વચ્ચે સુતેલા એકાદ ભરવાડે કહેલું કે હા–વા વીજ જેવું કાંઈક થયેલું ખરું પછી તો આંખનો દોષ છે હો! પરધુશેઠની વાડીએ રાતે બેદોરા કોસ હાંકનારે તેમાં ટાપસી પૂરી ત્યારે ગામને ટાઢક વળી. ખોવાઈ ગયેલી મા છોકરાને મળે એવી ટાઢક.

તોય આડદ્રા–મૃગશીરની જેમ પૂનર્વસુ ને પૂષ્ય નક્ષત્ર પણ વગર વરસ્યાં કોરાં ધાકોર ગયાં. 'ગયું વરસ પૂર્ભાવાળે'–ઉપર આશ્વાસન લઈ સૌ ઊંચે શ્વાસે દિવસો વીતાવતા. શ્રાવણ બેસતા ઉતરનો પવન વળ્યો. દૂર દૂર ક્ષીતીજની પેલે પાર ક્યારેક વાદળી કળાતી ને ઓગળી જતી. ત્યાં ખડાઓ દેખાણી. પવનના સુસવાટા વધતા ચાલ્યા. એકજ આંચકે હડુડાટ ને ગડુડાટ, એ આવ્યો, આ આવ્યો કરતાં એક ઝાપટું પડયું ન પડયું ને ઊડી ગયું. કરક–ભરક વાવણી થઈ. લમણે હાથ દઈ બેઠેલા ખેડૂતોએ વાવણીયાં જોડયા. ગોળ ધાણાં વેચાણાં ને સારા શુકન જોઈ બળેવીઆ બાજરા વાવવા સૌ ઉપડયા.

કપાસ વાવવાની રત તો ગઈ હતી. વરસ અર્ધું તો થઈ ગયું. હજુય બધાને બી બગડવાની બીક હતી. ધરડતે દાંતે વાવણી પતી. વાવવા વખતે જે તરે હતો તે વાવણી પત્યે આકર્ષો ગયો. બાજરા ઉગ્યા ને પરવાણાં એવા સુકાવા લાગ્યા. મા ભોમને ધાવી મૂળિયાં ફાટગી રહ્યાં.

સદાય બનતું આવ્યું છે તેમ રાજ્યોની મહેસૂલ ખરી કરવા કટાણાંનો વરસાદ આવ્યો, વર્ષ ભરના પાકને જેટલું પાણી જોઇએ એટલું ઊતરામાં પડી ગયું. અમલદારોએ ઇંચિ માપ યંત્રના વરસાદના આંકડા ઊપર મોકલી દીધા. મહેસૂલ આકારણી અમલદારોને સોળ આની મહેસુલનું નામ પાડવામાં એ ઉપયોગી લાગ્યા.

આવતું દુખ અતી કષ્ટકર છે. એ કબજો લઈ લ્યે છે ત્યારે કોઠે પડે છે. દુષ્કાળનાં ચિન્હો રૈયતને દુખ કર હતાં, એ આવ્યો એટલે કોઠે પડયાં. સૌ સૌને રસ્તે તેને નીવારવા મંડયા. માંડ ચાર મહિના ચાલે એટલો ચારો ને ધાન પાકયાં. ઢોરા ગર ભેગાં થયાં. એ સદાય કાઠિયાવાડનું ધન રહી છે, દુષ્કાળની બેલી.

રામની મંડળી ગામડામાં ફરી રહી હતી. ઉત્પનના આંકડા એકઠા કરવા, કયાં કેટલું અનાજ પુરૂં પાડવું ને પાડવું તો કયાંથી ને કેવી રીતે મેળવવું. ખરેખર અનાજ આપવાને લાયક કટલાં ને એ કેટલાંને બરોબર પહોંચી શકે કે કેમ? એ બધાનો તોડ તેમને કાઢવાનો હતો.

સરકારી દરબારી મહેસુલમાં માફી મેળવવાના પ્રયત્નો ય સાથે સાથે કાં ન કરવા? ઉપરાંત એકલા અમૃતવેલ વિભાગની સીતેર ટકા જમીન શાહુકારોના હાથમાં હતી. વકીલો, મોટા અમલદારો ને જાહેરમાં કામ કરનારા વગદાર સેવકો તેનાં ધારણ કરનારા હતા. સરકારી મહેસુલ ઉપરાંત ખેડુનો પાસેથી તેઓ સાંથ લેતા. તેમને સમજાવી તેઓ ખેડૂતોના મદદગાર બને એવું ન કરી શકાય? એવા બધા રસ્તા તેમણે લેવા ન જોઇએ એવો નીર્ધાર આ મંડળીએ કર્યો. ને કર્યો એવો અમલમાં મૂકયો.

ગામે ગામના પાકના આંકડા નક્કી કરી લોકો પાસે મહેસુલ માફી માટે અરજીઓ કરાવી. શકય એટલાં દરેક પગલાં બંધારણીય

રસ્તે લીધાં. હમણાં જ પ્રજાનો પરચો પામી ચુકેલી સત્તાઓ તેને છંછેડવા માંગતી નહિ. તેને રાજી રાખવાના દરેક પગલા લેવાનો સત્તાવાળાઓ ડોળ કરતા, હુકમો કરતા પણ કામ કાગળ ઉપર રહેતું.

વટાંદરની સરકાર લગભગ દરેક બાબતમાં ઉદારતાનો દેખાવ કરી જાણતી. જાગતા લોક વિરોધને ડાંભવાની કળા તેણે સાધ્ય કરી લીધી હતી. બટકું ફેંકયે પ્રજા સંતોષાતી હોય તો ફેંકવામાં તેને વાંધો હતો નહિ. ઘણી વખત લોકેચ્છાઓ એવી હોય છે કે થોડુંક મળ્યે મન વાળી લ્યે છે. 'મોતને વળગીએ તો તાવ આવે' એ પ્રમાણે લાંબી માગણીમાંથી જૂજ તો મળે છે એવી ભાવના લોક માનસમાં ઘણી વખત ઘર કરી બેસે છે. એવું બન્યું ય કયાં નથી ?

રાજગઢ સત્યાગ્રહના તણખા હજુ ય વેરાયલા પડયા હતા. ભઠ્ઠી જલતી'તી, ધમણમાં વા ભરનાર જ ઠંડા પડયા હતા. વળી કોઈક ધમણને હાથ કરી બેસે ને ભારેલો આતશ જલી ઉઠે તેની બીક સત્તાવાળાઓને હતી. અત્યારે કોઈ સુત્ર લઈ પ્રજાને જાગ્રત રાખી શકાય તેમ ન હોય તોય દુષ્કાળના નામે તેમાં ઉંબાડીયું મૂકનારા જાગશે એવી ય ઊંડે ઊંડે રાજ્યોને દહેશત હતી.

વટાંદરની સરકારે તો પાણી પહેલા પાળ બાંધી લીધી. બીજા ગમે તે કરે તેણે તો વર્ષભરની મહેસુલમાં પાંચ આની માફી, છ આની તહકુબી અને પાંચ આની બે હપ્તે વસુલ કરવી, એવું નામ પાડી દીધું. કયારે ય આવડી રાહત જોઇ જાણી ન હતી તેથી લોક તો રાજી રાજી થઈ ગયા.

વટાંદરની સરકારને આ કરવું પાલવે તેમ હતું. તેના મહારાજા વિષે અનેક વાતો પ્રજામાં ચર્ચાતી. જીંદગીનો પોણો ભાગ યુરોપમાં ગાળનાર આ રાજવીને એક વખત તેનાં

એક સુજ્ઞ પ્રજાજને ટકોર કરેલી કે મહારાજા સાહેબ હવે તો ઘડપણ સુધારો. ત્યારે રાજવીએ જવાબ વાળેલો–મારૂ મૃત્યું સર્વ કાંઈ કહી રહેશે. અને સાચો સાચ યુરોપથી પાછા ફરતા તેઓ વચ્ચે જ મૃત્યુ પામ્યા. મૃત્યુ પછી બોલતું હતું–મારી ખાનગી મીલ્કતના પચ્ચીશ કરોડ રૂપીયા પ્રજાહીતાર્થે વાપરવાના. યુરોપમાં જબ્બર વેપાર કરી રાજવી આ કમાણા હતા. તેમની એ મરણમૂડી પ્રજાને કામ આવી.

રાજસત્તાએ તો માફ કરવા જેવું લાગ્યું તે કર્યું. પ્રજાએ તે સ્વિકારી લીધું. હવે શાહુકારો સાંથમાં કેટલી બાંધછોડ કરે છે તેનો હીસાબ પતાવવો રહ્યો. અમૃતવેલ વીભાગનાં વધારેમાં વધારે જમીન ધારણ કરનારા વધારેમાં વધારે સાંથ લેતા ને છતાં દરેક પોતાને પ્રજાનાં માણસ કહેવરાવતા.

વટાંદરની પ્રજા–પરિષદમાં તેઓ વગદાર સ્થાન ભોગવતા. તેનાં તેઓ લગભગ સ્થંભ રૂપ હતા. ત્યાં જઈ તેઓ મહેસૂલ ઘટાડાને નામે સરકાર સામે લડતા. આવા આ બધા, સરકારી મહેસૂલ ધોરણને આકરૂં કહેનારા, આ દુષ્કાળમાં અવશ્ય પોતાની સાંથ માફ કરી ખેડૂતોને રાજી કરશે એવો રામને વિશ્વાસ હતો.

કોઇની પાસે પાંચસો વીઘા તો કોઈની પાસે હજાર–બે હજાર વીઘા જમીન હતી. આટલી બધી જમીનમાં ઘરખેડ થઈ શકે નહિ. વળી બધા સુધરેલા એટલે એવી મહેનત કરવી પાલવે નહિ. તેથી ખેડૂતોને સરકારી મહેસૂલ ઉપરાંત વધારાની ઉધડ સાંથ લઈ જમીન વાવવા આપી દેતા. સરકારી જમીનના માલિકને વરસ દહાડે જે મહેસૂલ ભરવું પડતું તેનાથી ત્રણ ગણું ને કેટલાક કિસ્સાઓમાં ચાર ગણુ મહેસૂલ આવી સાંથે જમીન ખેડનાર ખેડૂતને ભરવું પડતું.

પ્રજા–પરિષદોમાં રહી સરકારી મહેસૂલ પદ્ધતિ સામે લડનારા ને દરેક જાહેર સભાઓમાં તેનો વિરોધ કરનારા આ સરકારી મહેસૂલ પદ્ધતિને આકરી કહે–તેનાંથી ત્રણ કે ચાર ગણી મહેસૂલ સાંથને નામે પડાવે ત્યારે આપણાં જ મિત્રો, આપણાં દુશ્મનો નથી બનતા! ને એવા સરકાર–દરબાર સામે બોલતાય કયે મોઢે હશે! ને બોલતા હશે તો આજની કુશાગ્ર સરકાર–દરબારી સત્તા ઉપર તેમની શેહ પડતી હશે ખરી ?

'વટાંદરે વરસ નબળું જાણી માફી આપી તો તમેય વિચારી જુઓ ને!' રામે આ લોકો પાસે ટેલ નાખી. એકની પાસે ગયો; તેમ અનેકને મળ્યો. તેઓએ જવાબ આપ્યો તેમાં બહુ લાંબો ફરક ન હતો. જુઓને અમારેય આ બધું નભાવવું છે. આવે–જાય તેનું સ્વાગત કરવું. અમારો તો પનોય પહોળો. મોં સંતાડયે કાંઈ પાલવે? બધાયને મોઢે રહેવું જોઈએ. એ બધું ચલાવીએ તો આ સાંથના પરતાપેજ ને! એમાં માફ કરવું કેમ પરવડે! અને અમે ન ગણીએ દિવસ–કે ન ગણીયે રાત, ઘરનાં છોકરાંની સંભાળેય પૂરી ન લઈ શકીએ ને લોકોના કામ કર્યા કરીએ. ને તેમાં વળી તમે આ માફી માંગવા આવ્યા.'

છેલ્લા વાકયે રામનો પીત્તો ઊછળી આવ્યો. પણ અહીં તો તે લોક માંગણી લઈને આવ્યો હતો. ને માંગણી કરનારને રીસ કરી પાલવે કેમ? ઘણી વખત અકારણને કારણ માની કે અપાત્રને પાત્ર સમજી કડવા ઘૂંટડા ઉતારવા પડે છે.

ભૂદરજી વકીલ, પરમાણંદ શેઠ ને કાનજીભાઈ પટેલ, કોઈ કરતાં કોઈ માન્યું નહિ. ખેડૂતો કરગર્યા. તમે તો રંકનો માળવો. કહી તેમણે બધાને ઉપકાર કરવા વિનવ્યા, છતાં તેઓ એકના બે ન થયા તે ન જ થયા.

બીજે દિવસે જાહેરનામાં ચોડાયાં: 'જે ખેડૂતને તેની સાંથમા માફી ન મળતી હોય તેઓ વટપૂરમાં 'ખેડૂત સભા'ની ઓફીસે આવી વીગતો નોંધાવી જાય.' રામ ને તેની મંડળીએ તાત્કાલીક પૂરતી ખેડૂત સભા ઊભી કરી દીધી હતી. શરૂઆતનો તેનો કાર્યક્રમ–જમીન ધારણુ કરનારા પાસેથી આવા નબળા વર્ષમાં ખેડનારાઓને સાંથ પાછી અપાવવાનો હતો. ધસારાબંધ અરજીઓ આવવા લાગી.

વટાંદર રાજ્યમાં એક કાયદો હતો: જ્યારે રાજ્ય મહેસુલમાં માફી કે તહકુબી આપે ત્યારે ખાનગી મીલ્કત ધરાવનાર કે વધારે મહેસુલ લેનાર દરેક જમીન ધારણુ કરનારે ખેડૂતોને સરકારી મહેસુલ અને વધારાની સાંથ બન્ને ઉપર માફી–તહકુબી આપવી; એ કાયદાનો આશરો લેવાનો ખેડૂત સભાએ નિર્ણય કર્યો.

અમલદારો તો વાટ જોઇજ રહ્યા હતા. પ્રજાનો એક વર્ગ બીજાની સાથે લડે–ઝઘડે કે ભાગલા પડે એવું એ ઇચ્છતા. ઉપલા રાજકારણમાં તો બધા કોમી વૈમનસ્યની વાતો કરતા. આવું કશું ગામડામાં હતું નહિ, આવું બનતું હશે એવો ખ્યાલ સરખોયે હજુ ત્યાં આવતો નહિ. ગાંગો તેલી હજુ ય ઘાણી ફેરવતો ને લોકો ખપ પૂરતું તેલ તેને ત્યાંથી મેળવી લેતાં. નુરૂ પીંજારાની તાંત દરેક હિન્દુ ઘરમાં ફરતી ને રૂ પિંજામણની મહેનતની કીંમત આંકી લોકો નુરાને બપોરે ખાવામાં ચુરમું આપતા. દૂરનાં સ્ટેશને જવામાં કે હટાણાના ગામેથી માલ લાવવામાં હજુ ય વલીમામદનો એક્કો કામ આવતો, આ બધા ગામલોકોની સાથે એવા તો એકરૂપ થઇ ગયા હતા કે ક્યારે ય કોઈને ય જુદાપણાંનો ખ્યાલ ને'તો આવ્યો.

પણ અહીં તો મનદુઃખ ઊભા કરવાની જુદી જ રીતો ને તરકીબો સત્તાવાળા શોધતા ને પાસા ફેંકતા. પટેલોની આખી સંખ્યા એ કામ કરી રહી હતી, બે પાંચ મોટેરાઓને બહુમાન આપી અમ-

લદારો ચડાવ્યે રાખતા ને એ શીંગડીખાંઓ, લોકોના મર્મસ્થાનો, આળા ભાગો, કે નબળાઇઓ ગોત્યા કરતા. એક કે બીજે બહાને તેને ઉતારી પાડવાના પ્રયત્નો કરતા, સત્તાવાળાઓને એ રીતે ખુશી કરવાનો તેમનો ધંધો થઇ પડતો. આના બદલામાં તેઓ વિશેષ કાંઈ મેળવી શકતા નહિ. હા, સદાના સખ્ત રહેતા અમલદારો તેના તરફ માયાળુ વર્તન રાખતા. બેસવાને ખુરશી આપતા. બેસતા વર્ષની સભામાં, રાજવી જન્મોત્સવમાં તેમને આમંત્રણ આપતા. આટલાથી પેલા પાણી પાણી થઇ જતા. કડવાશ ઉભી કરી, અમલદારોને જે પતાવવાનું હોય તે આ લોકો, પ્રજાનો બધો જ ધિક્કાર વહોરી લઇ કરી છૂટતા.

આવા વાતાવરણમાં સાંથના પૈસા પાછા મેળવવા જતા અંદરો અંદર મનદુઃખ ઊભા થશે જાણી રામને ચિંતા થતી. આપણાં જ ભાઈઓ કે આપણા કહી શકાય એવા રાહત આપવામાં ચીકાશ કરે ને આ પ્રસંગ લાવે એ વિચારે ય એને ઊંડું દર્દ થતું, ઘરમાં ત્રણ—ચાર મહિનાનાં દાણા છે, સાંથ વધારો પાછો મળે તો બીજા બે ત્રણ મહિના સખે-દખે નીકળી જાય એય નક્કર હકીકત હતી. તો પછી આ પ્રકરણ ઊભું કરવામાં જોખમ કયાં હતું. એનો ખ્યાલ રામને આવતો જ નહિ.

તેણે તો સીદ્ધા કોર્ટમાં જઈ ત્રણ ખેડુતની દાવા અરજીઓ દાખલ કરી દીધી. સામાવાળા એવા હતા જેમને કોર્ટમાં આવતા, કે જેમની સામે તેમને સદાય કહેવાનું રહેતું, એવા આગળ જવાબ આપવા જતા શરમ થતી. વીનવવા જતા જે ન થઈ શક્યું તે થોડીક જ શરમ છોડવાથી થઇ શકયું. રામ ને પેલા ખેડૂતોને ઘરે બોલાવી ધોરણસરની ગણોત માફી તેમણે આપી દીધી. સાથે શીખામણના બે બોલ કહી દીધા. આ તમારૂં કામ નહિ. સરકારને જે

જોઈતું હોય તે આપણે પૂરું પાડીએ. આપણે અંદરો અંદર ઝઘડીએ છીએ એવું સામાવાળાને ભાન થાય, આપણામાં ભાગલા પડે તેવું ન કરવું જોઈએ. સમજ્યાને?

કપરા સંજોગોમાં, રાજ્યેય કબૂલ કરે ત્યારે આપણાં જ માણસો પાસે સાંથ–ગણોતનું વળતર માંગવા જતાં ભાગલા કયે ઠેકાણે પડતા હશે તેની સમજણ રામને પડી જ નહિ.

ત્રણ મોટા ખાતેદારોએ કોર્ટમાં કેસ ચાલ્યા પેહેલાં સાથ આપવાની સમજણ કરી લીધી. તેઓ અંદરો અંદર સમજેલા કે-રહી સહી પ્રતિષ્ઠાને ન ગુમાવવી હોય તો, ને બેય બાજુ પગ રાખવો હોય તો સાથનું વળતર આપવામાં જ માલ છે. બીજાઓ ઉપર આની ધારી અસર થઈ. 'અમને વધારાનું વળતર મળી ગયું છે' એવા સમાચાર દરેક ગામેથી આવવા લાગ્યા.

કામ કામને ઓળાંડે, તેમ આ મંડળનો ઉત્સાહ વધતો. ને વધતા ઉત્સાહ સાથે લોકોનો વિશ્વાસ કેળવાતો. ગરીબો ને આપવા લૂગડાં તથા વહેંચવાને અનાજની વેતરણ થઈ ગઈ હતી. સત્યાગ્રહમાં વખણાયલા સૌ શહેરમાં જઈ પોતાનાં નામ વટાવી નાણું લાવ્યા હતા.

ગામડામાં મફત અનાજ લેવાનું લગભગ બધાજ નાપસંદ કરતા. પહેલાની શરમ હજુ એના એ સ્વરૂપમાં ત્યાં હતી તે તો હતી જ. ભૂખે મરતા, પણ 'ધર્માદાનું કોણ ખાય !' એ કહેવત લોકોમાં રૂઢ થઈ ગઈ હતી. જાહેરમાં સહાય લેતા અચકાનારને ઘેર જઈ, છાને ખૂણે તેમને સમજાવી, રામ ને તેના સાથીદારો તેમને અનાજ આપતા. ક્યારેય ક્યાંય વાત બહાર ન આવે એવી શરતે લેનારા લેતા.

ગરીબાઈ એતો જનતાનું દુખ છે, તેને છુપાવવી એ એથીય

વિશેષ દુ:ખ. આવા કપરા સંજોગોમાં કેટલાક એવા કુટુંબો હતા જેમણે 'તાવડી ટેકો લઈ જવા' છતાં, ખાવાનાં ટંક છાંડી જવા છતાં, લાંબો હાથ ન કર્યો તે ન જ કર્યો. ત્યારે શહેરોમાં ભિખારીઓના ટોળાં વધ્યાં હતા. લેનારા પાસેથી તેઓ અતીગણો ત્રાસ પેદા કરી લેતા.

અને ગામડાની વસ્તી લૂગડાંને થીગડાં ઉપર થીગડાં દઈ બેસી રહેતી. શહેરના લોકોને નીરાંતે ખાવા વારો આવતો નહિ. ભૂખ્યાઓનાં ધસારાની તેમને બીક લાગતી. છાને ખૂણે તેઓ એકલપેટે ખાઈ લેતા—ખાઈ લીધા પછીનો તેમના મોઢા ઉપરનો સંતોષ વેચાતો ન લીધો હોય, એવો લાગતો. ત્યારે અહિં ન ખાવા માટે કોઈએ દોડધામ કરી, ભૂખ્યે પેટે પડી રહેતાં, પણ તેઓ કયારેય કોઈની ચિંતાનો વિષય બન્યા જ નહિ ને ! દુખને હજમ કરી જનારા ગામડામાં મળશે તેવાં બીજે ગોત્યાય નહિ જડે.

પ્રકરણ ૨૦ મું

ચૂંટણીનો માર

દુકાળનો ઓછાયો, કેટલો ભયંકર ! અતીશ્રમથી, અનેક વિચારથી કે ચિન્તાના ભારથી માણસનું મગજ હલકું પડી જાય છે. રાત્રે સુતા કોઇ જબ્બર ધસારો શરીર ઉપર થાય છે, જેની કલ્પના આવી શકતી નથી. ત્યારે માણસ મુંઝાઈ જાય છે. આંખો તાણી શકાય એટલી તાણવા છતાં ઉઘડતી નથી. હાથ લાંબા ટુંકા કર્યે જાય છે, છતાં આવતા ધસારાને ખાળવા તેનાંથી કાંઇ બનતું નથી. હજાર મથામણ છતાં છાતી ઉપર શું ચડી બેઠું છે તેનો નીર્ણય અણ-ઉકલ્યો જ રહે છે. મગજની નબળાઈનો એ હુમલો વીત્યે માનવી તેનું વર્ણન કરી શકતો નથી. દરેક માણસને કયારેક તો આવો અનુભવ થયો જ હશે. આવું જ દુષ્કાળનું ન સહેવાય કે ન કહેવાય એવું એ ભારણ છે.

શેરડીનો સોતો સીંચોડામાંથી નીકળે એ તો જોયું છે ને ! રસ-કસ વગરનો ને નીર્જીવ. ચોમાસાની મુસાફરી વખતે લપસતાં, પગ મરડાઈ જતાં, ભાંગેલ સાંઢિયાને ત્યાંને ત્યાં છોડી જતા નીષ્ઠુર સાથીદારો, ને પછી દિવસો સુધી જીવતા દેહને સુકવી નાખતા કયારેય ઉંટને જોયો છે ? પરમાનું દર્દ થયું હોય, પેશાબ ઊતરતો નહોય, ને ઊતરે ત્યારે બળતરાનાં પાર નહિ. એવા એ દર્દીના અણકથ્યા દુઃખની કલ્પના આવે છે ? આંખો દુખી પેપચાં થઈ ગઇ હોય કે બગલમાં બાંબલાઈ ઉપસી આવી હોય એનો ખ્યાલ કયારે ય બાંધ્યો

છે? આવાં બધાં કષ્ટો તરફ ઉપેક્ષા સેવાય છે, ને છતાં એ દુઃખો કહ્યાં જાય એવાં નથી. દુષ્કાળનું પણ આવું જ કાંઈક.

લોક બધું ચાલ્યું ગયું ત્યારે એકાદ બે ખોડી ગાયો ગામને પાદર બેસી રહેલી. આજુબાજુનાં કાગડાઓ ઉડી તેનાં ડુબામાં ચાંચો ભરાવતા, માંસના લોચા કાઢતા ને ઊડી જતા. આંખોના ગોખલાનો કબજો માખીઓએ લીધો હતો. તેમને ઉડાડવા કે માથું હલાવવાં સુદ્ધાની તેમની ત્રેવડ જતી રહી હતી. દિવસો જતાં તેનો હવાલો ગીધોએ લીધો. આ પક્ષીઓનો કકળાટ અને પાંખોનો અવાજ નીર્જનતાને ભયંકર બનાવતો.

દૂરથી એકાવાળાઓ આવતા. આગલા વખતોમાં તેઓ ક્યાંય નજરે પડતા નહિ. દુકાળને વખતે મરતાં ઢોરોના હાડકાં લઈ જવા તેઓ આવતા. હાડકાનો ય ઉપયોગ થતો હશે જોઈ-જાણી લોકો કુતુહલ દૃષ્ટિથી જોતા. એકાવાળાઓ કહેતા કે ગોળમાંથી થતી મોરસનો ભૂખરો રંગ ઉડાડવા આ હાડકાં કામમાં લેવાય છે.

શહેરમાંથી વાતો આવતી: 'ભૂખ્યા મજૂરોનાં ટોળાંએ વખારો લૂંટી. શેઠીયાઓનાં આંગણે એંઠા માટે ત્રાપડ પડતી. રોટલાના બટકા માટે છોકરી વેચાણી'. ત્યારે અહીં ગામડામાં હજૂ ય લાજ—શરમ હતાં. પાસેનાં તળાવમાં ખોદાણ કામ ઉપડયું, ત્યાં લોકો રોજીયે જતાં. પંચાયતવાળાએ સડક સમારકામ હાથમાં લીધેલું, ત્યાં કેટલાક ગોઠવાણાં. હા, પહેલાં જે નીરાંત કરી તેઓ ખાતાં ને સુખનાં ઓડકાર લેતા તેટલું આજે મળતું નહિ, પણ મળતું તેટલાથી સંતોષ માનતા. એ સંતોષ ન માને તો કરે ય શું! તેમને માટે તો ઉપર આભ ને નીચે ધરતી હતી.

એવો એ દુકાળ આવ્યો, તે મહા મુશ્કેલીએ ગયો. બેસતું વરસ

અનોધું પાક્યું. ખંપાળીએ ઢરડે એવા કપાસ થયા. ખેતરો જાણે ધોળાં સાંખ. ગયા દુકાળની કળ ઉતારવા કુદરતે મેર કરી. દુબળાં પાતળાં ઢોર બચ્યાં તે તો અત્યારે ખેડૂતોની મુડી થઈ પડયાં. બળદો ટાંચા રહ્યા હતા એટલે વાવેતર થોડું થઈ શકેલું. કેટલાકે પોતે ધોંસરે જોતરાઈ વાવણી પતાવેલી. :બધા જ વીઘામાં અનાજ વવાણું હોત તો ઘરમાં સમાત નહિ, છતાં વવાણું એ જ લોકનો આનંદ હતો.

લોકોને નામે બોલનારા ને મનફાવતી વાતો કરનારા, દુષ્કાળના સમયે કયાંય ગોત્યાય જડતા નહિ. તેઓ વરસ સારૂં પાકયું જાણી દેખાતા થયા હતા. સૌ એ સૌનો જૂનો ધંધો હાથ કરી લીધો હતો. 'ખરે ટાણે કામ ન આવ્યા' એવી શરમ મોઢા ઉપર લઈ કેટલાક ફરતા. વચન આપી વહી જનારા કે બેવફા નીવડનારા વળી પાછા જુજ પ્રયત્ને જન ચાહના મેળવે છે. લોકોએ જ એવું ભોળપણુ કેળવ્યું છે કે તેમની પીઠમાં ખંજર ભોંકનારા સામે ચાલી સલામ કરે તો આગલી-પાછલી બધી ભૂલી જાય છે.

આજ અરસામાં વટાંદરની સરકારે ધારાસભામાં ચૂંટણીનું તત્વ સ્વિકાર્યું. ધારાસભાને વિસ્તૃત કરી મતદાર મંડળના હાથમાં કુલ સત્તા સોંપવાનો આ રાજ્યનો પ્રમાણિક ડોળ હતો. તેને કાંઈ પ્રજા સુધારણાની બહુ પડી ન હતી. પણ આયે એક વા વાયો હતો, ધારાસભાઓ સ્થાપવાનો.

રાજ્યે પ્રતિનિધિત્વજ એવી રીતે ગોઠવ્યું હતું કે તેમાં એક બીજા લડે-ઝઘડે એક વર્ગની સામે બીજા હરીફ બને એકની સામે બીજો જોખમો ઊભા કરે. બધા જ આવા ઝઘડામાં પડતાં ગુંચ ઉકેલી શકે જ નહિ. અને એથી રાજ્ય તો નીરાંતે આ બધી તકરારો જોયા જ કરે.

વટાંદરની પ્રજા–પરિષદ અત્યારસુધી બંધારણની ઉપેક્ષા કરતી આવતી. તે ધારાસભાને એક ફારસ રૂપ ગણતી. તેના મોવડીયો માનતા કે આવી સભામાં જઈ નાહકનું રોકાઈ રહેવું પડે. ત્યાં બેસીને ન તો કાંઈ ઉકાળી શકીએ કે ન તો બહાર રહીને પ્રજાના સુખ દુખનાં ભાગીદાર બનીએ. એટલે અત્યાર સુધીની ધારાસભાની બધી જ ચૂંટણીઓ બીલકુલ ધમાલ વગર પતી જતી. લગભગ પ્રજાના મોટા ભાગને આજ કારણે આવું કોઈ બંધારણીય તત્ત્વ છે કે નહિ તેની કશી ખબર પડતી નહિ.

ધારાસભાના વિસ્તૃતપણાનો ખ્યાલ બાંધીને પરિષદના મોવડીઓએ તેની આગલી નીતિ તપાસી જોઈ. ધારાસભાને ચકાશી જોવા અને રાજ્ય હર વખતે પરિષદને બંડખોર ઉપનામથી સંબોધતું, તેથી પોતાનામાં રહેલાં કુણપના અંશને રાજ્ય ઓળખતું થાય એટલા ખાતર પણ ધારાસભામાં જવું જોઇએ એવા નિર્ણય ઉપર તે આવી.

અલબત્ત પરિષદના ઉદ્દામ બળોએ આનો વિરોધ તો કરેલો જ. ચૂંટણીથી માંડીને ધારાસભાની પોકળતા સમજાય તેટલા વખત સુધી આપણાં સારા સારા કાર્યકરો તેમાં રોકાઈ રહે તે દરમિયાન જનતામાં કામ નહિ થઈ શકે, એ તેમની મુખ્ય દલીલ હતી.

છતાં દલીલો દલીલને ઠેકાણે રહી. પરિષદે ચૂંટણી માટે એક બોર્ડની સ્થાપના કરી દીધી. તે નક્કી કરે તે સભ્યે જ સત્તાવાર રીતે ધારાસભામાં ઉમેદવાર તરીકે ઊભા રહેવું એમ નક્કી કરી નાખ્યું.

સભ્યોની નામાવલી બહાર પડતાં જ ફલાણા ભાઈ આવવા જોઇએ તે રહી ગયા ને ઢીંકણાભાઇમા માલ નથી તે તેને શા માટે બોર્ડે પસંદ કર્યા હશે ! એવી ચર્ચા શરૂ થઈ ગઈ. વાતોએ એવું તો ઘટ્ટ સ્વરૂપ પકડયું કે પરિષદની બોર્ડને ફરીથી મળવું પડયું. તેમનો

છેવટનો નિર્ણય અફર રહ્યો. ચૂંટણીમાં પ્રજાએ તેમને જ મતો આપવા તેમ બોર્ડે જાહેર પણ કરી દીધું.

એ મારામારી શરૂ થઈ. જેમને ધારાસભાનો ખરી રીતે મોહ જ હતો તેઓ રહી જતા, ને બોર્ડ સુધી તકરાર લઈ જતાં પણ ઉમેદવારીમાં સફળ થયા નહિ તેઓ શિસ્તની બીકે ખુલ્લી રીતે તો નહિ પણ ખાનગીમાં પરિષદના વિરોધી બની ગયા. પોતાના જ સાથ અને સહકારથી પરિષદ ચાલે છે એવું બતાવવા તેમણે અવળી રાહ સ્વિકારવાની વેતરણ કરી લીધી.

સામે પક્ષે રાજ્યે પણ કાંઈ બહુ સારી રીત અખત્યાર કરી નહિ. પ્રજામાં પરિષદની પ્રતિષ્ઠા જામી ગઈ હતી, એનો લાભ લઈ બધી બેઠકો પરિષદ જીતી જશે એવી રાજ્યને ઊંડી ઊંડી બીક હતી. ધારાસભામાં પરિષદની બહુમતી થાય એમ રાજ્ય ઇચ્છતું નહિ. તેથી તેણે શરૂઆતથી જ ચૂંટણીમાં કોમી તત્વ દાખલ કરી દીધું હતું. પ્રજા સીધી રીતે પોતાના પ્રતિનિધિયો ચૂંટી ન લ્યે તેની બારી રાખી હતી. અત્યારસુધી મરવા વાંકે જીવી રહેલા મંડળોને મહત્વ આપી તેમને પરિષદ સામે લડવા ખડા કરી દીધાં હતાં.

આટ આટલાં આવરણો નાખવા છતાં ય પ્રજાબળ જીતી તો નહિ જાયને? એવી ભડકથી રાજ્યે બીજા નુસ્ખા, ને કારસા સીધા પ્રતિનિધિઓને હરાવવાના કરેલા. મતદારોના લીસ્ટ કરતી વખતે જેઓ તેને લાયક હતા તેમનાં કેટલાક નામો આવવા દીધાં નહિ. અને દાખલ કર્યા તેઓ રાજ્યમાન્ય સભ્યને મત આપે એવા હતાં.

મતદાર પત્રકો સુધારી શકાય કે રહી ગયા હોય તેમની તકરારો લઈ તેમના નામો દાખલ કરી લેવાય એટલો વખતે ય રાજ્યે રહેવા દીધેલો નહિ. એટલે એ વિરોધ તો ભવિષ્ય ઉપર રહેવા દઈને

પરિષદે ઝૂઝવાનું હતું. ચૂંટણી જેમ પાસે આવતી ગઈ તેમ તેમ રાજ્યના અમલદારોની મોટરો ઘૂમતી, અમલદારોને ભેગા કરી શીખામણ આપતા કે ચળવળીઆઓને મત આપતા નહિ. ચાલતું ત્યાં તેઓ સમજણથી કે કળથી કામ લેતા. ન ચાલતું ત્યાં ધમકીનો ઉપયોગ કરવાનું ચુકતા નહિ.

આવા બગડેલાં વાતાવરણમાં પરિષદને કામ કરવું હતું, ને કરવાનું હતું તેટલું મુશ્કેલ હતું. અમૃતવેલ વિભાગની ચાર બેઠકોને માટે ફતેહમંદ થવા પરિષદે ચૂંટણીના બધા પ્રચારની જવાબદારી રામ અને તેના સાથીદારો ઉપર નાખી હતી.

પ્રચાર કરતા બન્ને પક્ષો બોલતા કે અમે પ્રજાને આટલી સગવડો અપાવશું ને બધી અગવડો ટાળશું. રાજ્ય કે ધારાસભા આ સગવડો સાચવવા કે અગવડોનો ખ્યાલ બાંધવા કયાં સુધી બંધાણા હતા તે તો બોલનારા ને સાંભળનારામાંનું લગભગ કોઈ જ જાણતું ન હતું. ને છતાં બધા હાંકયે રાખતા.

બન્ને પક્ષના ઉમેદવારો અનુક્રમવાર પોતપોતાના ગુણગાન ગાઈ જતા. તેમનામાં જે નહોય તે પ્રજામાં ઠસાવવાનો તેઓ પ્રયત્ન કરતા. લોકોનું કામ તેમણે ભૂતકાળમાં ને આજની ઘડી સુધી કેટલુ કર્યું તે તેઓ ગણાવતા હતા, ને છતાં તેમને અને લોકોને શંકા તો રહેતી જ કે તેમણે કયારે ને કેટલું કામ કર્યું.

લોકો લગભગ સાંભળી–સાંભળીને, ને ઉમેદવારો બોલી-બોલીને કંટાળ્યા ત્યાં સુધી આ કામ ચાલ્યું, ને છતાં દરેકને દરેકનો પ્રચાર અધૂરો–અધૂરો હોય એમ લાગ્યા કરતું.

પ્રજા–પરિષદના હરિફ ઉમેદવારોને જેટલી દોડધામ કરવી પડી એટલી કાંઈ લોક–પક્ષને મુશ્કેલી નડી નહિ. પેલાને તો બિચારાને

પગઘોડ સાથે ખર્ચનો આંકડો વધતો જતો. મતદારોને લઈ જવા–લાવવા તેમણે ખટારાની વ્યવસ્થા કરેલી. ચૂંટણીના મથકે મિષ્ટાન, ને રસોડાની સગવડ થયેલી.

જ્યારે રામની મંડળીએ તો મતદારોની કુચો ગોઠવેલી. તેઓ હારબંધ આવતા, ને મતો આપતા. હરિફ પક્ષના ઉમેદવારના રસોડે ભરાવો રહેતો ને રસોઈ જમનારા વધી પડતા ત્યારે તેમને ગળે રસના ઘૂંટડા ઉતરતા. પણ ખાનારા ખાઇને પછી મત લોક–પક્ષે આપતા ત્યારે વળી પેલાના મોઢા પીધેલ એરંડીઆ જેવાં થતાં.

રાજ્યના દેમાર પ્રચાર છતાં લોકપક્ષ ત્રણ ભાગની બેઠકોનો કબજો મેળવી ગયો તે રાજ્યને ખૂંચ્યું. ખાસ કરીને અમૃતવેલના સ્વમાની ને જાજરમાન સૂબેદાર પોદારનું માનસ ઘવાણું. 'બીજા પ્રાન્તોના કરતાં ચુંટણી જીતવા તમે ઓછી મહેનત કરી,' એવો તેમના ઉપર રાજ્યે આક્ષેપ કરતાં, તેમનો પીતો ઉછળી આવ્યો. નબળો ધણી ઘરમાં શૂરો તેમ પોદારે ચૂંટણીની બધી રીસ લોકો ઉપર ઠાલવવા કમર કસી.

-આંહી ધીરે ધીરે ગળાઇને વાતો નીકળી હતીં કે–જેઓ લોકપક્ષે પ્રતિનિધિત્વમાં ઉમેદવારી માટે પસંદગી પામ્યા ન હતા અને તે વખતે પરોક્ષ કે અપરોક્ષ રીતે વીરોધ કરી બેઠા હતા, તેઓએ ચૂંટણી વખતે પરિષદના માણસો હારે એવા પ્રયત્નો કરેલા. જો હારે તો પોતાને પસંદ ન કરવામાં પક્ષ ભૂલ ખાઈ ગયો હતો એવું. એમને કહેવરાવવું હતું.

પણ લોકો તો એકલી પરિષદને જ ઓળખતા હતા તેની સામે અમલદારો કહેનારા હોય કે ખૂદ પરિષદના જ માણસો તેની વિરૂદ્ધ પડયા હોય તે બન્ને પ્રજાને મન સરખું હતું. એટલે તેમણે તો પરિ-

ષદના ઉમેદવારોને જ મત આપ્યા. પોતાની ગણત્રી ઉંધી વળવાથી ધારાસભામાં જવા પરીષદે જેમને લીધા નહિ તેવાઓને આથી પોતાનો તેજો વધ થતો લાગ્યો.

જ્યારે ત્રીજી બાજૂ પરિષદ સામે ઉભા કરેલા રાજ માન્ય ઉમેદવારોને જીત અપાવવાનું બીડું ઝડપી બેઠેલા અમૃતવેલ પ્રદેશનાં કેટલાક સ્વાર્થ પટુઓ, ચોંદશીયાઓ અને હાજી હા કરનારાઓ પગઘોડ કર્યા પછીએ પાછા પડયા તેઓ પણ પ્રજાવિરોધી બની ગયા. આ બધા અસંતોષી વર્ગની પ્રજાને કનડવામાં ઉપયોગ કરવા પોદારે નક્કી કર્યું, લોક નબળાઇના ધારાં આવાઓને હાથે ગોતી, એ આળા ભાગ ઉપર ઘોદા મારવા સુબેદાર તૈયાર થઇ ગયા. આમ કરી તેમને તો લોકોને બતાવવું હતું કે રાજ્ય વિરૂદ્ધનાને મત આપી કાઢો ફાયદો. તેઓ તો તમને આપેલા વચનો પાળે ત્યારે ખરા, બાકી અમારી કારવઇનો સ્વાદ કેવોક છે, તે ચાખી લ્યો.

વ્યવસ્થા જાળવવા કાયદા થયા હતા, પણ લાંચ લઇ અમલદારો આવા કાયદાને આજ સુધી અભરાઇએ ચડાવતા આવેલા, તેનોજ આશરો લઇ શહેરમાંના વેપારીઓ પોતાની વખારમાં દસ ઉપર ગ્યાતેલના ડબા રાખી ન શકે, તેને બદલે વધારે ડબા રાખવાનો ગુન્હો ઉભો કરી તેમને દંડયા. કાયદો થયો ત્યારથી હજૂ સુધી ઘણી વખત અમલદારો આવી વખારોની વીઝીટ લઇ ગયા હતા. તેમને વધારે ડબા માલુમ પડયા હતા, ને છતાં શેરો કરી ગયા હતા કે માલધણી એ કાયદાનું ઉલ્લંઘન કર્યું નથી. એજ અમલદારોએ એનાં એજ વેપારીઓને ચૂંટણી પછીની મૂલાકાતે ગુન્હેગાર ગણી કાઢયા.

અત્યાર સુધી જકાતી માલની હેરફેર વેપારીઓ રાજ્યને જકાત ભર્યા વગર કરી શકતા, સત્તાવાળાઓ આમાંથી પોતાનું ઘર સાજૂં

કરી લેતા, ને રાજ્યને ઠગતા. તેઓ આજે જકાતી માલને નામે વેપારીઓ ઉપર કેસ કરી, કોર્ટ–કચેરીએ તેમને ઢસડી જતા.

વેપારીની દુકાનો આગળ–દુકાનોમાં ન સમાતો માલ વેપારીઓ ખડકતા. એ વધારાનો જે માલ બહાર પડી રહેતો તે રાજ્યની હદ હતી. આજ સુધી તેની સામે કોઇએ જોયું સુદ્ધા ન હતું. ત્યાં ફેરીવતો કરવામાં આવી.

ગામડામાં ખેડૂત વસ્તીની સ્થિતિ પણ કાંઇ બહુ સારી રહેવા દીધી ન હતી. મોજડીદારો ને માપણી કરનારા ઉતરી પડ્યા હતા. બાણું બરાબર ન કર્યાના દંડ ફટકાર્યા. એક ખેડુતે બીજાનો બીજાએ ત્રીજાની જમીનનો શેઢો ભાંગ્યો, એવા બહાના નીચે કસુરમાં લીધા.

કોઇકે વરસાદનું પાણી આવી પોતાના ખેતરને ઘેરતું ને વહેણ પાડતું તે અટકાવવા પાળા બાંધેલા, તેમને ધમકાવવામાં આવ્યા કે તમારા ખેતરનું રક્ષણ કરવા જતા, આવતું પાણી બીજાના ખેતરમાં તમે વાળ્યું, ને તેને નુકશાન કરી બેઠા. એ નુકશાનનો બદલો રાજ્યને ભરી દયો. એકની સામે બીજાનું રક્ષણ કરવું એ રાજ્યની ફરજ છે.

જ્યારે જેને નુકશાન થતું તેણે તો રાજ્યનું રક્ષણ માંગ્યું જ ન હતું. કે આજ સુધી આવું રક્ષણ રાજ્યે કયારેય કર્યું સાંભળ્યું ન હતું. આ તો બધું બનતું'તું ચૂંટણીમાં પ્રજાને હાથે થયેલી માન-હાનીથી. ખુણે ને ખાંચરેથી કે અભરાઇયેથી કાયદાના થોથાં ગોતી તેના આધારે, જેને જેમ સપડાવી શકાય તેમ સપડાવ્યા.

એકંદર ભયનું સામ્રાજ્ય ચારે બાજુ પ્રવર્તાવી દીધું. બીતો ધરાવનારા તો હડફેટે ચડી ગયા, પણ સામાન્યોય કાંઇ રહી ગયા નહિ. સુબેદારની આ કીન્નાખોરીમાં કોઇ એમ કહી શકે એમ ન હતું કે મને નુકશાન નથી થયું. એકલો જ આત્મસંતોષ મોઢા ઉપર લઇને

સૂબેદાર ફરતા હતા ત્યારે તેમનો મુખ્ય ભાવ વ્યક્ત થયો કે રાજ્ય વિરોધીઓને મત આપી શું કાંદો કાઢયો. એટલું કહી શકવાની હદે તેઓ જઇ શકયા ત્યારે.

જેમને માટે આ બધા લુંટાતા હતા. એકલો મત આપવાની આટલી આકરી શીક્ષા અંકાણી હતી, તે મત લેનારા, દેનારાની આટલી ને આવડી ભૂંડી વલે થઇ તેની તપાસ કરવાય ફરકયા નહિ. તો પછી શું તેમને ખુરશીઓનો મોહ હતો ! એ કામ પત્યું, એટલે ગરજે ગોથાં ખાતા ને વારંવાર મત લેવા આવવા મોટરો દોડાવતા તે બધું ભૂલી ગયા ! અમે તમને આમ નવાજી દેશું, ને તેમ કરી દેશું. એવાં ચૂંટણી વખતના વચનો તો વીલાઇ ગયાં પણ તેમને જ ખાતર લોક પીંખાણું ત્યારે તેઓ તો સેકન્ડ કલાસના ડબામાં મુસાફરી કરતા હતા. મોટા મોટા ભાડા–થથ્થા આકારતા કે રાજ્યના ગેસ્ટ હાઉસમાં ઉનાળાના ગરમાવાને શાન્ત પમાડવાના પીણા ઉપર હાથ દઇ રહ્યા હતા.

વરસ દિવસને અન્તે પરિષદને લાગ્યું કે ધારાસભા મારફત તો આપણે પ્રજાને કાંઇ જ લાભ અપાવી શકીશું નહિ. રાજ્ય આપણને સદાય બંડખોર કહેતું આવતું, તેની સામે સહકારથી પણ અમને કામ કરતા આવડે છે એટલી એક શુભ નેમથી જ આપણે ધારાસભામાં જોડાણા હતા. પણ સહકારને નામે વાતો કરનારી સરકારે જ્યારે સહકાર કરવા ગયા ત્યારે ય કાંઇ નવાજ્યા તો નહિ, એટલે આપણા માટે તો આપણું અસલ ધ્યેય પ્રજા જાગૃતીનું, તેની વચ્ચે રહી તેના સુખદુઃખમાં ભાગીદાર થવાનું, છે તે જ ખરૂં છે. તો ધારાસભામાંથી આપણા પ્રતિનિધિઓને ખેંચી લેવા. અત્યાર સુધી તેઓએ ત્યાં બેસી વખત ગુમાવ્યો છે. એટલું પ્રજા ઘડતરનું કામ ઓછું થયું છે. તો તાત્કાળીક તેમણે ધારસભાના સભ્યપદનું રાજીનામું આપવું. આવા પ્રકારનો ઠરાવ પરિષદે કરી નાખ્યો.

ત્યાં જ પોત પ્રકાશ્યું. કેટલાક સભ્યો, સભ્યપદની લાગવગે મોટાં અમલદારોની ઓળખાણુ મેળવી શકેલા. તેમની લાગવગે પોતાનો વેપાર અને ઉદ્યોગ ખીલવી શકેલા. કેટલાક રાજ્યના મોટા મોટા કોન્ટ્રાકટો મેળવી માલદાર બની ગયેલા. કેટલાકો તો કંપનીઓ કાઢી તેમાં રાજ્યના મોટા શેરો ભરાવી રળતા થઈ ગયેલા. આ બધાને સભ્યપદ છોડવું આકરું લાગ્યું. કોઈએ એક તો બીજાએ અનેક બહાના નીચે ધારાસભામાં તો રહેવું જ જોઈએ એવી હિમાયત કરી.

ત્યારે જ પરિષદને ખબર પડી કે બંધરણીય રસ્તો સ્વીકારીને તો આપણે આપણા સાચા કાર્યકરો ગુમાવ્યા. અલબત એ કેટલા સાચા હતા તેની અત્યાર સુધી કસોટી થઈ ન હતી. ધારાસભાએ બધાને કસોટીએ ચડાવી દીધા. ફટકીઆ મોતી હતા તે તરી આવ્યા. જૂજ કાર્યકરો ઉપર જ પરિષદને નભવાનું રહ્યું. ચૂંટણીને ખાતર પ્રજા ધમરોળાઈ ગઈ તેનો બોધ પાઠ આ રીતે બધાને મળી ગયો.

વસ્તીને દમી લીધા પછી કામ કરનારાનો વારો પડવાનો હતો એવી વાતો થઈ રહી હતી. સુબેદાર કોઈને જ મૂકે એવા ક્યાં હતા. પણ પોદાર કઈ બાજુથી કેવો ધસારો કરશે તેની બધા વાટ જોઈ રહ્યા હતા.

પ્રકરણ ૨૧ મું

આપણાં પાપે

મોટા ઘરનાં છોકરાનાં ફુલેકાં ચડતાં ત્યારે દારૂખાનું ફૂટતું. એ ચેપ ગામડા સુધી પહોંચી ગયો હતો. એકલા ભંભોટીઆની હારો બંધાઈ જતી ને તેમાંથી ઊડતા તણખા ગામલોકોના આનંદનો વિષય બનતા. વરરાજા જે ટારડાં ઉપર ચડતો તેનાં ચાળા છોકરાએ કરતા. પડખામાં સોટીએ મારતા ટારડું ટીટોડ નાખતું તે વખતની વરરાજાની મુંઝવણે સૌ હસતા.

દારૂખાનાનાં ખાલી થતા ભંભોટીઆ છોકરાએ ઝડપી લેતા ત્યારે કોઈને ખ્યાલ રહેતો નહિ કે આનો ઉપયોગ તેએ બળદની બંગાએ પકડી–તેને ભરવામાં કરશે. તેએ ભંભોટીઆમાં ઠાંસોઠાંસ બગાએ ભરી, કુંભારના ફળિયે જતા. ધીરેક રહીને ભંભોટીઆ ઉપરનો લૂગડાનો ડાટો ખસેડી લેતા ને બંગાએ ગધેડાઓનો કબજો લેતી.

ગધેડાઓને ને બંગાઓને કાળજૂનું વેર હોય તેમ કે બંગાને બળદો કે ઘોડા જેટલી સંઘરી રાખે છે તેટલી ગધેડાએ આવકારતા નહિ હોય કે પછી બંગાના ઝેરીલા ચટકા સહન કરવા જેટલા ગધેડાં સુંવાળા નહિ હોય, હોય તો ગમે તેમ પણ અંગે બંગા ચડતા

ગધેડું પાટીએ ચડી જાય છે. દોડવા જ મંડી જાય, અવિરામ થાકયા સુધી એ દોડયા જ કરે. રાખમાં આળોટે ને બંગાને થકવી ભગાડે નહિ ત્યાં સુધી તેને નીરાંત નહિ.

આવા એ વટપૂરના છોકરાં ઘણી વખત બંગાઓથી ભંભોટીઆ ભરતા, કુંભારના ગધેડાઓ ઉપર તેને છોડતા, ગધેડાઓ ભૂંકતા ને શાન્તપણે પડી રહેલા ગામના વાતાવરણને ડોળી મારતા. બંગાના ચટકાથી નાસતા ગધેડાને કયારેય જોયું છે? આખી દુનિયાનું દુઃખ ને ભાર તેના ઉપર ઠલવાઇ ગયાં હોય એટલું એ ઓશીયાળું ત્યારે બની જાય છે.

ગામડાંનાં છોકરાઓની ગાંડાઇનું માપ હુતાસણીના દિવસોમાં જેટલું નીકળે છે તેટલું કયારેય થઇ શકતું નહિ હોય. ડીકસનેરીમાં ન સમાઇ શકે એટલી ને એવડી ગાળો તે વખત દરમિયાન તેમની મોપાટ બની રહે છે. ખાતાએ ગાળો કાઢે ને બેસતાય. તેમને આગળ પાછળ જેમના ઉપર દાઝ હોય તેમનાય નામો બોલતા જાય ને ચોપડતા જાય.

હુતાસણીના દિવસે છાણાં ઉઘરાવવા નીકળે. આગળ પાછળનો તેમનો ગાળોનો પરતાપ ફરી વળ્યો હોય એટલે લોકો તેમાંથી બચવા ઘર આંગણે છાણાના સુંડલા ઠલવી જાય. રાત્રે વાડાઓ ફાડે ને વાડયો ફાડી છાણાં લ્યે. એક ગામના કરતાં બીજાની ને તેનાથી પોતાની હુતાસણી મોટી થાય તેની હરીફાઇ ચાલે.

પડવાને દિવસે પચરકીયાં ઉચકાય. ગામનો અવાડો, મેલાં ને ગંદા ખાબોચીયાંનો ત્યારે ઉપયોગ થાય. અંદરોઅંદર ત્રમજૂટ બોલે ને આવતું જતું રોળાય. તે દિવસે મુસાફરો ગામતરૂં મુલત્વી રાખે ને જાય તો છોકરાઓને આપવાની ગોઠનો વેંત કરીને જ જાય.

૧૬

હુતાસણી આગળ પાછળના ત્રણ દિવસ ગામડાંમાં છોકરાઓનું રાજ્ય સ્થપાય. મોટો શ્રીમંત ભલેને દીકરોય ત્યાં રોળાય ને ગોઠ આપી ચાલતો થાય. આવી એક હુતાસણીના એક દિવસે વીરપુરના પાદરમાં અમૃતવેલના સૂબેદાર પોદ્દારની મોટર ઘેરૈયાઓએ ઘેરેલી પણ એ તો સૂબેદારની મોટર. એને અત્યાર સુધી તોફાનને નામે કોઇ અટકી શકેલું નહિ. કોઇ અડપલું કરવા આવે તે તેમને પાલવે તેમ ન હતું. તેમના રક્ષણને માટે પોલીસો તૈયાર રહેતા.

પણ અહીં તો ઘેરૈયા હતા. સૂબેદાર તો શું, ખુદ રાજનીય તેમને ક્યાં પરવા હતી. પચરકીયાં લાંબા થયા ને કાદવના લોંદા ઉડયા. મોટ ના કાચ ફુટયા ને સૂબેદાર રગદોટાણા. પોલીસો પીંખાણા ને છેવટ ગોઠય તો લેવાણી તે લેવાણી. ઝાઝા કાગડે ધુડ ઘેર્યા જેવી સ્થિતિ ત્યારે પોદ્દારની થઇ.

સાહેબ ઉતારામાં ગોઠવાણા. પટેલ, પસાયતા, પાટીએ ચડી ગયા. સામાન્ય દીવસોમાં ગામની ગાયકવાડી ભોગવનાર પટેલ આવા મુકામો વખતે ગરીબ ગાય જેવા બની જાય છે. નિર્ભેળ કાકલુદીજ તેમના ચહેરા ઉપર તરવરતી હોય છે. ખેતરમાં કામની દીલદગડાઇ કરતા ખીમલાને ધમકાવતા કે ભામને માટે મેપા દેઢને ડારા ડફારા દેતા પટેલનો વિકરાળ ચહેરો અત્યારે કયાંય અદૃષ્ય થઇ જતો.

સીધાં–સામાન આવવા માંડ્યા. રસોઇની ધમાલમાં પટેલ પડી ગયા. માંડમાંડ ગોતીને પશા મહારાજને હાથ કર્યા. સામેજ સુકાઇ ગયેલ લીંમડાની ડાળ પાડી બળતણનો વેંત કરી લીધો. આવા કામમાં પટેલ પાવરધા થઇ ગયા હોય છે. સીધું–સામાન આપનાર વેપારી મહિનાઓ સુધી ઉઘરાણી કર્યા કરે તેને પટેલ પછી તો દાદજ આપતા નહિ.

અહીં સાહેબ લોબીની પરસાળમાં આંટા મારતા હતા. કયારેક હાથની મૂઠીઓ વાળી હવામાં વીંજતા, તો કયારેક હોઠને આખાને આખા કરડી બેસતા. એવી એમની રીસ હતી. અને એ તો એમ છે ને કે બીજાની ઉપર રીસ ઊતારવાનો મોકો ન મળે તો એ પોતાનો જ કબજો લઈ લે છે.

સૂબેદારને વટપુર સદાય લાલ બત્તી લાગતું. ત્યાં થાણું નાખી બેઠેલા સેવકો તેને ખૂંચતા. અમલદારી વિરોધનો વંટોળ અહીંથી જ ફેલાતો એવી પોદારની દૃઢ માન્યતા થઈ ગઈ હતી. એટલે જાહેરના દરેક સારા-માઠા પ્રસંગે તેમની દૃષ્ટિ વટપૂર માથે ચોંટેલી રહેતી. ચૂંટણી પછીના દિવસોએ આ તેમની અહીંની પહેલ-વહેલી મુલાકાત હતી ને એ મુલાકાત કાંઈનું કાંઈ કરી નાખશે એવા એના પગરણ હતા.

બપોરના બે વાગે મંડળી જમી પરવારી ઓડકારતી હતી ત્યારે દોડાદોડી કરનાર પસાયતા અને પાણીની બધી જ સગવડ પૂરી પાડનાર કુંભારને ભાગે તો જમનારાના એઠા ઠામ-વાસણ ઊટકવાના આવ્યાં હતાં. આ બધા સાહેબો મિષ્ટાન્ન ઉડાવે તેની સામે આ બિચારાઓને કાંઈ ફરિયાદ નહતી. પણ રસોઈ કરવાના સાધનો લાવવા લઈ જવામાં તૂટી જવા પછીએ તેમને મિષ્ટાનની નરદમ સોડમ જ આ રોગવાની રહે અને પેલા બધા જમી પરવારે ત્યારે નકરો ઉજાજડ ચોકો-પાટલો કરી ખાવા માટે ઘર ભણી લંબાવવું જોઇએ તેની સામે વાંધો રહેતો.

અહીં સૂબેદાર સાહેબ પાસે પદમા પટેલ ને દેવશી મુળાણી, કાળુભા પઠાણ ને તરભા મારાજની અવર-જવર વધી ગઈ હતી. તેઓ બે ત્રણ વખત આવ્યા અને ગયા. કાંઈક ખાનગી ગુસપૂસ તેમની અને સાહેબની વચ્ચે ચાલી. કાન સુધી મોઢાં લઈને તેઓ

વાતો કરતા. આનું પરિણામ કાંઈ બહુ સારૂં નહીં આવે એમ લાગતું. વા વાત લઈ જાય તેમ ગામમાં ચણભણ, ચણભણ વાત ચાલી હતી કે–સૂબેદાર સાહેબ તો એક નનામી અરજી લઈને તેનો તપાસ કરવા જાતે આવ્યા છે. નક્કી કંઈકના મોત બગડશે એવી લોકોને દેહશત લાગી.

સોપો પડી ગયા પછીની મોડી રાતે પસાયતા એક પછી એકને દોરીને ઉતારા ભણી લઈ જતા હતા. હરજી સંધાને બોલાવ્યા ને ઝંકુર ભટ્ટને તેડાવ્યા. બાવચંદ શેઠ આવ્યા ને હરિસંગ ઠાકોર આવ્યા. ઉતારામાં સૌને હારબંધ ઊભા રાખ્યા. આટલી મોડી રાતે શામાટે બોલાવ્યા હશે જાણી તેમના ચહેરા ઉપર ભયની ધ્રુજારી ફરી વળી. તેઓ ખાનદાન હતા. પેઢી દર પેઢીથી એ વારસાને સાચવતા આવેલા. કોઈને કાંઈપણ કારણ મળે એવું કયારેય તેમણે વર્તન કર્યું ન હતું. ને એમ હતું તો આ કટાણે તેમને બોલાવ્યા શા માટે એ કળી શકાતું નહીં.

સામે જ સૂબેદાર ખુરશી ઉપર ગોઠવાયા હતા. 'લાવો તો કામનું દફતર.' એમ કહી તેમણે કારકુનને બોલાવ્યો ત્યારે તેમની આંખો વિશેષ મારકણી બની હતી તે રાતના અંધારામાં ય કળી શકાતું. 'જૂઓ તમને એટલા માટે તેડાવ્યા છે કે, તમારા ઘર વિરુદ્ધ એક નનામી અરજી આવી છે, આ સુધારાવાળા અહીં કામ કરે છે તેમનાથી તમારી બેન–દીકરીઓને ગર્ભ રહ્યા છે એવો એનો મજકૂર છે.' સૂબેદાર બોલ્યા.

ચારેએ કાનમાં આંગળી ઘાલી. આવું હડહડતું જૂઠાણું ઊભું કરનાર કોણ! આપણી આબરૂના કાંકરા કરાવનાર આ કોણ જાગ્યા! ચારેય આબરુદારોની આંખમાં અંધારા આવ્યા. કડડ ભૂસ કરતા

લોથ થઈને નીચે જ બેસી ગયા. પડખે પછીતનો આશરો ન હોત તો એકાદ બે મૂર્છા જ ખાઈ બેસત.

સામે જ પદમો પટેલ ને દેવશીભાઈ દાંત કાઢતા હતા. ને ખીખલીયું ખુંદતા'તાં. આવા તો કંઇક કાળાં ધોળાં તેમણે કર્યાં હતાં. રામ ને તેના સાથીદારોએ આવી ગામને કાયા પલટો આપવા માંડયો તેમાં આ લોકોના ઘણાંજ સ્વાર્થ રજળેલાં એટલે સેવકો તેમને કાંટાની માફક ખૂંચતા. 'ટાઢે પાણીએ ખસ કાઢવા' તેમણે આ ઉત્પાત માંડેલો. સૂબેદારની દાઢ આ સેવકો ઉપર હતીજ. તેમના ઉપર ઉપલા મજકુરની અરજી કરી 'મેમાન ને હાથે વીંછી પકડાવવાની' આ ચાલબાજી હતી.

આઘાત કાંઈક ઓછો થતાં ઝંડુર ભટ આગળ આવ્યા. બોલ્યા, 'અરે સાહેબ! અમારી આબરૂ કોણ ને અમે કોણ! પ્રજાના દુઃખે-દુઃખી થનારાં સેવકો તો અમારા હાથ પગ. એ કાંઈ આવા કામા કરે. અમારી ગભરૂ જેવી બેન–દીકરીઓને સડોવનાર આ વળી કોણ જાગ્યો?'

'એ અમે કાંઈ ન જાણીએ.' પોદાર બોલ્યા. અમારી તો ફરજ રહી પ્રજાનું રક્ષણ કરવાની. તમને કોઈ ડરાવતું હોય, દબાવતું હોય તેમાંથી બચાવવાની. અમારી ઉપર અરજી આવે તેની તો તપાસ કરવીજ જોઈએ ને! તમારી બેનો–દીકરીઓને બોલાવો, એનેય અમારે પૂછવું પડશે.

છેલ્લા શબ્દો સાંભળતા તો ચારેયના ચહેરા ધોયેલ પૂણી જેવા થઈ ગયા. કાંઈ કરતા કાંઈ નથી ને આ શી આબરૂ જવા બેઠી! છતાંય સૂબેદાર સાહેબને તો પુરી તપાસ કરવી હતી. એ અધૂરી કાંઈ ચાલે!

છોકરીઓને બોલાવવામાં આવી ત્યારે પ્રથમ નજરેજ જોઈ શકાતું કે હજુ તેમના મોઢામાંથી ધાવણની વાસ ઊડી ન હતી. જુવાનીનું એકેય ચિન્હ હજુ તેમના અંગ ઉપર કળાતું નહિ. પછી એ બદચાલે ચડી ગઈ હોય એવું દુશ્મનના ગળેય કયાંથી ઉતરે. તો પણ સૂબેદારે તેમને પ્રશ્ન પૂછયો : તમારા ગામમાં પડી રહેતા પેલા મંડળવાળાનું કાંઇ દબાણ છે ?

આખી વાત સમજી જતાં છોકરીઓને કાંઇ બહુ વાર લાગી નહિ. ઘણી વખત એવું બને છે કે પોતે નિર્દોષ હોવા છતાં પુરૂષો સત્તાવાળાઓ આગળ નિર્માલ્ય બની જાય છે કે ગેંગેં ફેંફેં કરી બેસે છે એવાજ સંજોગોમાં સ્ત્રી માત્ર તડ ને ફડ કરી નાખે છે.

એવુંજ અહીં બન્યું. છોકરીઓએ સૂબેદારને એક સામટો જવાબ વાળી દીધો : આ અરજી કરનારાને ને તમારે બેનો દીકરીઓ તો હશેજ સા'બ્ય ! અરજીમાં તેમનાં નામ ભર્યાં હોત ને પછી તેમના મોઢે સેવકો વિરૂદ્ધ બોલાવવું હોત તો તેઓ બોલત. ને આમ કરી તમારે સેવકોનાં મોત બગાડવા હતાં તે બગડત. તેમની આબરૂ ધૂળ-ધાણી કરી શકત કે તેમના ઉપર કેસોય કરી શકત. આતો સાહેબ તમે અવળે પાટે ચડી ગયા.

છોકરીઓ બોલતી જતી હતી તેમ તેમ સાહેબનો ચહેરો નુર વિહોણો થઈ જતો. કાપો તો લોઈ નીકળે નહિ. ધરતીમાં સમાઇ જવાનું તેમને મન થયું. આહીં કયાં સલવાઈ ગયા. એવુંય તેમને લાગ્યું. તેમની ધારણા બર આવી નહિ. ગામના ખટપટી માણસો દ્વારા ઊભું કરેલ આ કાવત્રું તેમને મન એક કાગડે બેપક્ષી મારવા જેવું લાગેલું. એક તો લોકો કામ કરનારાને સાથ આપે છે તેમને આવી અવળી રીતે સંડોવવામાં આવે તો તેઓ બીતા રહે, ને

સેવકોને બદનામ કરી તેમને ઘાટ ઘડી શકાય. પણ આહીં તો બધું અવળું વેતરાઈ ગયું. બગડી બાજી સુધારવા સુબેદારે રામને બોલાવવા પસાયતાને મોકલ્યો.

પસાયતો આવ્યો ત્યારે વહેલી સવારમાં બહાર ગામથી કોઇક નાનાં ગલૂડીયાંનો કોથળો ભરી વટપુરના પાદરમાં ઠાલવી ગયો હતો તે ગલુડિયાંઓને ખવરાવવામાં, ને પાણી પાવામાં ને પંપાળવા, રામ ને તેના સાથીદારો રોકાઈ ગયાં હતા. મૂકી જનારાને આ ગલુડીયાઓએ અવશ્ય ત્રાસ આપ્યો હશે, પણ તેમને અંતરીયાળ મૂકી જઈ પેલાએ જે વટક વાળી તે તો કયાંય વધી જતી હતી. એ અસહાય પ્રાણી અહીં તો ઠીક છે કે આ બધાને હાથ પડી ગયાં, નહિતર આવાં કેટલાય ગલુડીયાં જન્મે છે ને અકાળે મરે છે.

પસાયતો બોલાવા આવ્યો ત્યાંથી તે ઉતારે જવા સુધીમાં રાતે બનેલી બધી જ હકીકત રામે જાણી લીધી. તેને ઉંડે ઉંડે દુઃખ તો ઘણું જ થયું. છતાં જાહેરના કામ કરનારે ચારે બાજુના આક્ષેપો માટે તૈયારી કરી રાખવી જોઇએ. એ બાજુની દરેક કુણપો તેણે જતી કરવી જોઈએ. આળા માનસને રીઢું કરવાનું રહ્યું, તેમાંનું તે બધું જાણતો હતો. એટલે સાંભળેલી વાતોથી તેને આવેલી રીસને ગળી જવામાં તેણે માલ માન્યો.

સાહેબે તો જ્યારે તમારી વિરૂદ્ધ એક ભયંકર અરજી થઈ હતી. તેમાં નરાતાળ જુઠા આક્ષેપો તમારા ઉપર કરવામાં આવ્યા હતા. પણ અમારી પ્રાથમિક તપાસમાં તમે નીર્દોષ જાહેર થયા છો એમ કહી તેમણે કેળવેલી ઠંડી ક્રૂરતાનું પ્રદર્શન કર્યું ત્યારે તેમને થોડીક તો કડવી વાતો કહી દેવાનું રામને મન થઈ આવ્યું.

પણ સાહેબ ! નનામી અરજીઓને તો તપાસ્યા વગર નીકાલે

નાખવી. એવી નકામી અરજીઓને બહુ મહત્વ આપવાથી ખરાબ તત્વોને પોષણ મળે છે ને સામાન્યો હેરાન થાય છે. તો તેના તરફ દુર્લક્ષ રાખી નનામી અરજીઓ કચરાની ટોપલીને હવાલે કરવી એવો રાજ્યનો આદેશ છે તે તો આપ સાહેબને ખબર છે ને?

ને છતાં તમે તો આવી અરજીઓ ઉપસ્થિત થાય તેનાં હિમાયતી છો. અત્યાર સુધીનું તમારું વલણ તેને પોષણ આપનારૂં રહ્યું છે. એક હાથે રાજ્ય કાયદો કરે છે ને બીજા હાથે તમે તેનો ભંગ કરો છો. આ રીતે તો તમે ને તમ્મારામાંના બધા પહેલાં નંબરનાં ગુન્હેગાર છો. તમને યોગ્ય લાગે ત્યારે કાયદાને માન આપો છો ને તમને લાગે ત્યારે તેને ઠોકરે મારો છો. અમારે તો એક નહિ, તમારા જેવા અનેક રાજાઓના માન સાચવવા પડે છે, એ સાચવવામાં અમારી જેટલી કમીના તેટલી અમારી કઠણાઈ.

તમારે માન-મરતબો મોભો ને પ્રતિષ્ઠા બધું કાં? ને અમે તો ચીભડાં-મૂળા, જેમ સમારાય તેમ સમારો, જેવાં ઘાટ આપવા હોય તેમ આપો. પણ અમારે તે ધોખો કરવો નથી!

ઉપરથી તળે ને તળેથી ઉપર જોઈ લીધું. ત્યાં બધે અમને દમનારા અમારા જ ભાઈઓ છે. અમારી સામે પેટ ચોળીને શૂળ પેદા કરનાર અમે જ છીએ. અમને ટાઢા ડામ દેનારા અમારા જ છે. ને એ અમારા છે ત્યાંસુધી તમે કાંઈ કરો કારવો તેમાં તમને દોષ દેવાય શા કામનો?

વ્યાજખોરીનો ભયંકર ધંધો લઇ એક બીજાનું ગળું લુંછે છે. ત્યાંય અમે જ અમારાને નીચોવીયે છીયે ને!

એકનું પાપ છુપાવવા અનેક પાપો ઉભા કરી ભાઇ-ભાઇના ગળાં કાપનારા અમે કે બીજા !

એકને જેલમાં પૂરવા નરાતાળ જૂઠું બોલનાર ને કામ પત્યે કાખ-લીયું કુટનાર અમે જ. એકની પાસેથી સતત ને સખત મજૂરી કરાવી બીજો સુખે ફરનારો, એકના પરસેવા ઉપર બીજો રળનારો, એકના મોત ઉપર.બીજો નભનારો એ તો અમે ને અમે જ.

એક લાંચ રૂશ્વત લેનારો, તો એક દેનારો. એક કાયદો ચલાવે તો બીજો તેનો ભોગ થઇ પડે. એકનું પાપ બીજો ભોગવે એ એક ને બીજો અમારામાંના જ ને !

અમે જ અમારા બીજા અંગને હેરાન કરીએ. એકની જોહુકમીને અમારામાંનો બીજો પોષણ આપે, ને અનેકને હેરાન કરે, એ અમેજ. અમારા પાપે અમારા ભાંડુના ગળાં કાપીએ, ત્યાં તમારાથી અમારે દુઃખ લગાડવું ય શું !

માથાને ફોલી ખાનારો તો માથાનો મેલ છે. એ મેલમાંથી અસંખ્ય લીખું જન્મે ને કકડાટી બોલાવે. લીખુંમાંથી ટોલા થાય ને લોહી પીવે. એ લીખું ને એ ટોલા અમારામાંથી જ ઊભા થાય ને અમને દમે, પછી તમારો તો વાંક જ ક્યાં રહ્યો ?

જ્યાં સુધી અમે અમારા મેલની, અમારી લીખુંની કે અમારા ટોલાની માવજત કર્યે જશું ત્યાં સુધી તમે ને તમારી જેવા રહેવાના. જે દિવસે અમે તેને ઓળખશું ને તેને ફગવી દઇશું તે દિવસે તમારો કોઈ ભાવ પૂછતું નહિ હોય ને ત્યારે તમારે હાથે આવાં કાળાં-ધોળાં થતાં નહિ હોય. એ કરાવનારાની હસ્તી છે ત્યાં સુધી જ તમારી હસ્તી. એમના નાશની સાથે તમારો તો વગર મહેનતે નાશ છે.

મોટા ચક્રનાં દાંતા ફરે છે ત્યારે વાગે, ને વાગનાર તો એ દાંતા-નેજ દોષ દે છે. ત્યાંજ હકીકત દોષ રહેલો છે. દાંતાને તો કરડવાનો સ્વભાવ પડી ગયો છે તે કરડે, પણ આખું ચક્ર ફેરવનાર તો કોઇક જ હોય છે. એ ફેરવનાર જ ન હોય તો દાંતા બિચારા નિર્જીવ પડી રહેવાના.

તેમજ તમને પોષણ આપનારા ને નભાવનારા તો અમારા માયલા જ છે. એ નહિ હોય ત્યારે તમારો કોઇજ ભાવ પૂછતું જ નહિ હોય. અમારાં પાપોને અમે ઓળખશું ને તેને ડાંભશું પછી તમારી સામે અમારે કોઈ ફરિયાદજ નહિ હોય.